BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## બી. કોમ. સેમેસ્ટર - 3

## IKS301-BC

# ભારતીય સાંસ્કૃતિક પરંપરા



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# બી.કોમ. સેમેસ્ટર - ૩
# IKS301-BC
# ભારતીય સાંસ્કૃતિક પરંપરા


| એકમ | એકમનું નામ | પાના નં. |
|---|---|---|
| એકમ-1 | ભારતીય સંસ્કૃતિ - પરિચય | 4 - 23 |
| એકમ-2 | ભારતીય સંસ્કૃતિની જાળવણી | 24 - 37 |
| એકમ-3 | આપણાં રીત-રિવાજો | 38 - 56 |
| એકમ-4 | આપણાં તહેવારો | 57 - 71 |
| એકમ-5 | વર્ણવ્યવસ્થા અને આશ્રમવ્યવસ્થા | 72 - 86 |
| એકમ-6 | યુવાનો અને ભારતીય સંસ્કૃતિ | 87- 96 |

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## ભારતીય સાંસ્કૃતિક પરંપરા (IKS)


| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. રાહુલકુમાર બોરીસાગર : | મદદનીશ પ્રાધ્યાપક – સંસ્કૃત, સરકારી વિનયન કોલેજ - જામ કલ્યાણપુર, દેવભૂમિ દ્વારકા. |
| | ડૉ. પાયલ ચાવડા : | આસિસ્ટન્ટ પ્રોફેસર- સંસ્કૃત, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | વિવેક ગોપાલ સાખી : | આસિસ્ટન્ટ પ્રોફેસર- IKS, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | જૈમિન દવે : | આસિસ્ટન્ટ પ્રોફેસર-IKS, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| વિષય પરામર્શન : | ડૉ. યોગિની વ્યાસ | નિવૃત સંસ્કૃત પ્રાધ્યાપિકા, ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર. |
| ભાષા પરામર્શન | પ્રિ. ઘનશ્યામભાઈ ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| સંયોજક | પ્રો. (ડૉ.)મનોજશાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઑફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રથમ આવૃત્તિ : | વર્ષ 2026 | |
| ISBN: | 978-93-5598-921-5 | |


978-93-5598-921-5


**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ - 1
# ભારતીય સંસ્કૃતિ - પરિચય

**૧.૧ ઉદ્દેશ્યો**

**૧.૨ પ્રસ્તાવના**

**૧.૩ ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ**

**૧.૪ ભારતીય સંસ્કારોની પરંપરા**

**૧.૪.૧ 'સંસ્કાર' શબ્દનો અર્થ**

**૧.૪.૨ સંસ્કારમય જીવન : આધ્યાત્મિક સાધનાનો મજબૂત આધાર**

**૧.૪.૩ સંસ્કાર : માનસિક અને સામાજિક ઉન્નતિના આધારસ્તંભ**

**૧.૪.૪ સમાજમાં સંસ્કારોનું યોગદાન**

**૧.૪.૫ પૂર્વજન્મના સંસ્કારોનું મહત્ત્વ**

**૧.૫ સંસ્કૃતિ શું છે ?**

**૧.૬ સમાજનું એક આદર્શ ઉદાહરણ : રામરાજ્ય**

**૧.૭ સાધુ - સંતો અને મહાપુરુષોનો સમાજ પર પ્રભાવ**

**૧.૮ ઉપસંહાર**

- **સ્વાધ્યાય**
- **તમારી પ્રગતિ ચકાસો**
- **બહુવૈકલ્પિક પ્રશ્નો (MCQs)**

## ૧.૧ ઉદ્દેશ્યો :

- ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ જાણવા મળશે.
- ભારતીય સંસ્કારો વિશે માહિતી પ્રાપ્ત થશે.
- સંસ્કારોનું જીવન પર પ્રભાવ કેવો હોય છે, તે જાણવા મળશે.
- એક આદર્શ સમાજ કેવો હતો, તે શાસ્ત્રીય પ્રમાણો સાથે જાણવા મળશે.
- સાધુ સંતો અને મહાપુરુષોનો સમાજ પર શું પ્રભાવ હોય, તે જાણવા મળશે.

## ૧.૨ પ્રસ્તાવના :

સંસ્કૃત ભાષામાં 'સંસ્કૃતિ' શબ્દ 'સમ' ઉપસર્ગ પૂર્વક 'કૃ' ધાતુમાં 'ક્તિન્' પ્રત્યય લાગવાથી નિષ્પન્ન થયો છે. તેનો મૂળ અર્થ થાય છે - સંવારવું, શોભિત કરવું, પરિષ્કૃત કરવું, અલંકૃત કરવું, શુદ્ધ અથવા પરિમાર્જિત કરવું. વિશિષ્ટ સંદર્ભમાં આ શબ્દના અન્ય અર્થો પણ

થાય છે, જેમ કે-મંત્રોચ્ચારણ દ્વારા પરિમાર્જિત, પ્રબોધિત અથવા શિક્ષિત કરવું; સંચિત અથવા એકત્રિત કરવું; તેમજ સુન્દર અને સમ્પૂર્ણ સૃજન કરવું. સંસ્કૃતિને કોઈ એક નિશ્ચિત વ્યાખ્યામાં બાંધવી શક્ય નથી. તેની અનુભૂતિ કૃતિ, પ્રદર્શન તથા ઉદાહરણો દ્વારા થાય છે. કોઈ વિશિષ્ટ ભૂ-ભાગ, જનસમૂહ, લાંબી નિવાસકાલાવધિ તથા વિશિષ્ટ જીવનમૂલ્યો પ્રત્યે તે પ્રદેશના નાગરિકોની આસ્થા અને માન્યતાઓ-આ બધાં સંસ્કૃતિના મહત્ત્વપૂર્ણ ઘટકો છે. આ ઉપરાંત તેમાં તત્ત્વચિંતનનું વિશિષ્ટ અને પરિપક્વ સ્વરૂપ પણ સમાવેશ પામે છે.

અંગ્રેજીના 'Culture' શબ્દની વ્યુત્પત્તિ લેટિન ભાષાના 'Cultura' શબ્દથી થઈ હોવાનું માનવામાં આવે છે, જેનો અર્થ 'કર્ષણ' અથવા કૃષિકર્મ કરવો (to cultivate) થાય છે. આ જ મૂળમાંથી Agriculture (કૃષિકર્મ), Fishiculture (મત્સ્યકર્મ), Horticulture (બાગાયતી) જેવા શબ્દોનું નિર્માણ થયું છે. Webster શબ્દકોશ અનુસાર Culture શબ્દનો અર્થ છે-જોતવાની ક્રિયા અથવા અભ્યાસ, ઉન્નતિ અથવા વિકાસ માટે શ્રમ કે સાધનોનો ઉપયોગ, સંસ્કારોથી પરિપૂર્ણ થવાની અવસ્થા, સંસ્કારોનું પરિણામ, શારીરિક સુધારણા, માનસિક પ્રયત્ન દ્વારા પ્રાપ્ત થયેલું પ્રકાશ; પરિષ્કાર અથવા અનુશાસન.

ઉપરોક્ત અર્થોના વિશ્લેષણથી એક વાત સ્પષ્ટ થાય છે કે પરિમાર્જન માનવીનો પોતાનો પ્રયત્ન છે-એક આંતરિક પ્રયાસ, જે આપણને પ્રકૃતિ દ્વારા સહજ રીતે પ્રાપ્ત થયો નથી. વાસ્તવમાં, આ તમામ અર્થો માનવજીવનમાં સૌષ્ઠવ અને સંસ્કારના દ્યોતક છે. સંસ્કૃતિ માનવજીવનના તે તમામ તત્ત્વોની સમષ્ટિ છે, જે ધર્મ અને દર્શનમાંથી ઉદ્ભવીને કલા-કૌશલ્ય, સમાજ અને વ્યવહારમાં પરિણતિ પામે છે. કે. એમ. મુન્શીએ જણાવ્યું છે કે-"અમારા રહેણાંક અને જીવનશૈલીના પીછેહઠે રહેલી માનસિક અવસ્થા, જેના દ્વારા જીવનને પરિષ્કૃત, શુદ્ધ અને પવિત્ર બનાવવાનો તથા પોતાના લક્ષ્યની પ્રાપ્તિ કરવાનો ઉદ્દેશ રહેલો છે, તે જ સંસ્કૃતિ છે. સંસ્કૃતિ જીવન પ્રત્યેનો આપણો દૃષ્ટિકોણ છે." મેથ્યુ આર્નોલ્ડના મત મુજબ-"કોઈ સમાજ અને રાષ્ટ્રની શ્રેષ્ઠતમ ઉપલબ્ધિઓ જ તેની સંસ્કૃતિ હોય છે, જેના દ્વારા સમાજ અને રાષ્ટ્ર પોતાની ઓળખ સ્થાપે છે." માનસિક અને આત્મિક શક્તિઓનો વિકાસ કરવો એ સંસ્કૃતિનું મુખ્ય ઉદ્દેશ છે. આ ઉદ્દેશની સિદ્ધિમાં જે સંસ્કૃતિ જેટલું વધુ યોગદાન આપે છે, તે સંસ્કૃતિ એટલી જ ઉત્તમ અને શ્રેષ્ઠ ગણાય છે. માનવી આ પ્રકારનો ઉત્કર્ષ બુદ્ધિ, શિક્ષણ અને સંસ્કારોના સંયુક્ત સહયોગથી પ્રાપ્ત કરે છે. તેથી સંસ્કૃતિનો સીધો સંબંધ માનવ બુદ્ધિ, સ્વભાવ અને તેની માનસિક વૃત્તિઓ સાથે જોડાયેલો છે. આ વિશેષતાઓ ક્યારેક સ્વયં મહાન હોય છે અને ક્યારેક મહત્તાને જન્મ આપનાર બને છે. આથી સંસ્કૃતિને સાધ્ય અને સાધન-બન્ને સ્વરૂપોમાં ઓળખી શકાય છે. જ્યારે સંસ્કૃતિ વ્યક્તિ સુધી મર્યાદિત રહે છે, ત્યારે તે વ્યક્તિત્વનું નિર્માણ કરે છે; પરંતુ એ જ સંસ્કૃતિ જ્યારે સમષ્ટિ પર વ્યાપી જાય છે, ત્યારે રાષ્ટ્રીય ચેતનાનો વિકાસ કરે છે. આ રાષ્ટ્રીય ચેતનાના આધારે સાહિત્ય, ધર્મ અને દર્શનનો વિકાસ થાય છે. વધુમાં, સંસ્કૃતિ આત્માના અભ્યુત્થાનની પ્રદર્શિકા હોવાથી તેનો સંબંધ ધાર્મિક વિશ્વાસ સાથે પણ ગાઢ રીતે જોડાયેલો છે.

## ૧.૩ ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ

અનેક સંસ્કૃત મનીષીઓએ ભારતીય સંસ્કૃતિ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. ડૉ. રામજી ઉપાધ્યાયે ભારતીય સંસ્કૃતિમાં જાહેરભાવ, સર્વાંગીણતા, દેવપરાયણતા, ધર્મપરતા, આશ્રમ-વ્યવસ્થા, આધ્યાત્મિકતા, કર્મફળ સિદ્ધાંત, સર્વે સુખિનઃ સંતુ, નિઃસીમતા, સનાતનતા, સમૃદ્ધિશાલિતા, શ્રેષ્ઠોના આદર્શ અને તપઃપ્રધાનતા જેવી તેર વિશેષતાઓ નિર્દેશી છે. આ વિશેષતાઓમાં ભારતીય સંસ્કારો તથા વર્ણવ્યવસ્થા જેવા મુખ્ય તત્ત્વો પર વિશેષ ધ્યાન આપ્યા વિના ધર્મપરાયણતા, તપઃપ્રધાનતા અને દેવપરાયણતા જેવી વિશેષતાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિના એક જ પાસાની પુનરુક્તિ થતી જોવા મળે છે.

'ભારતીય સંસ્કૃતિ' નામના પોતાના ગ્રંથમાં ડૉ. બલદેવ પ્રસાદ મિશ્રે ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ દર્શાવતા જણાવ્યું છે કે ભારતીય સંસ્કૃતિ કોઈ એક વ્યક્તિ કે કોઈ એક ગ્રંથ પર આધારિત ન રહી, પરંતુ ચિરંતન વિકાસનું પરિણામ છે. જગત પરિવર્તનશીલ હોવાથી સમાજમાં દરેક યુગમાં એકસરખી મર્યાદાઓ ચાલી શકે નહીં; તેથી દરેક યુગની ભારતીય સંસ્કૃતિમાં પરિવર્તન નિશ્ચિત છે. સંસ્કૃતિમાં થતા આ પરિવર્તનોનું મૂળ કારણ વિવિધ કાળખંડોમાં માનવીય બુદ્ધિચિંતનની રીતોમાં આવેલો ફેરફાર છે. ડૉ.મિશ્રે ભારતીય સંસ્કૃતિમાં આધ્યાત્મિકતાને મુખ્ય સ્થાન આપ્યું છે. તેમના મત અનુસાર-"આરંભથી જ ભારતીયોની દૃષ્ટિ પ્રકૃતિથિ પરની સત્તાઓની શોધ તરફ કેન્દ્રિત રહી છે. આત્મા અને પરમાત્મા, મૃત્યુ અને અમરત્વ, બંધન અને મોક્ષના રહસ્યોને સમજવાની દિશામાં તેમણે વિશેષ રસ દાખવ્યો છે. વ્યાવહારિક માનવજીવનમાં ધર્મ, અર્થ અને કામ સાથે આધ્યાત્મિકતાથી અનુમોદિત મોક્ષ તત્ત્વને જોડીને સર્વાંગીણ પુરુષાર્થની કલ્પના કરવામાં આવી અને આ ચારેય પુરુષાર્થોની સમ્યક પ્રાપ્તિ પર ભાર મૂકવામાં આવ્યો છે." વાસ્તવમાં, આ ભારતીય સંસ્કૃતિની કર્તવ્યબોધ પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે, જ્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિ અધિકારના સંઘર્ષ આધારિત વિચારસરણી પર નિર્મિત છે.

ભારતીય સંસ્કૃતિમાં આધ્યાત્મિકતાની કેન્દ્રિય ભૂમિકા ડૉ. સત્યકેતુ વિદ્યાલંકાર પણ સ્વીકારે છે. તેમના મત મુજબ ભારતીય સંસ્કૃતિ ભૌતિકવાદી નહીં પરંતુ આધ્યાત્મિક આધાર ધરાવતી છે. ધર્મનું અનુસરણ કરીને અર્થની પ્રાપ્તિ કરવી, ધર્માનુસાર કામનું સેવન કરવું અને મોક્ષને અંતિમ લક્ષ્ય બનાવીને જ માનવી પોતાની સર્વાંગીણ ઉન્નતિ પ્રાપ્ત કરી શકે છે. આ સર્વાંગીણ ઉન્નતિનો આધાર વર્ણાશ્રમ-વ્યવસ્થા છે. બાહ્ય અને આંતરિક તત્ત્વોના સંમિશ્રણથી ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ નિર્માણ પામ્યું છે, જેમાં દ્રવિડ, ગ્રીક, શક, હૂણ, અફગાન, મુગલ વગેરે અનેક વિવિધ જાતિઓના વિચારો, વિશ્વાસો અને પરંપરાઓનું સંમિશ્રણ જોવા મળે છે. આ સંમિશ્રણ ભારતીય સંસ્કૃતિની અક્ષુણ્ણ સહિષ્ણુતાનું પ્રતીક છે. તેમાં જૈન, બૌદ્ધ અને પૌરાણિક વિચારોની સમાનાંતર ધારા પણ વહેતી રહી છે.

વિશ્વવંદ્ય અને સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિની આ વિશેષતાઓ વચ્ચે જો ભારતીય સંસ્કૃતિ પર દૃષ્ટિ કરીએ, તો તે પણ ન્યૂનાધિક પરિવર્તનો છતાં પોતાના મૂળ સ્વરૂપમાં અવિરત રીતે વિદ્યમાન રહી છે. વેદમંત્રો, ઉપનિષદો અને ગીતા-દર્શન વગેરે ભારતીય સંપ્રદાયના જીવન-દર્શનનો આધાર છે. તેમાં પ્રતિપાદિત સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્યના ઉપદેશ આજેય ભારતીય સમાજને કર્ણપ્રિય અને માર્ગદર્શક લાગે છે. ભારતીય સંસ્કૃતિ રાગ-

દ્વેષ તથા કામ-ક્રોધથી ભરેલા સંસારથી પર રહી આધ્યાત્મિકતાની દિશામાં અભિમુખ છે. તમામ ષડ્દર્શનો આ આધ્યાત્મિક તત્ત્વ પર જ ભાર મૂકે છે. ભારતીયોના દરેક કર્મમાં આત્મા અને પરમાત્માની ઉપસ્થિઈત સ્પષ્ટ રીતે અનુભૂતિગમ્ય થાય છે-

यतो वा इमानि भूतानि जायन्ते ।। येन जातानि जीवन्ति ।। यत् प्रयन्त्यभि संविशन्ति ।

तद्विजिज्ञासस्व ।। तद् ब्रह्मेति ।।

(तैत्तिरीय उपनिषद्)

આત્માને અજર, અમર, શાસ્વત અને અવિનાશી ગણાવી માનવને આશાવાન બનાવવામાં આવ્યો છે.

न जायते म्रियते वा कदाचित्

नायं भूत्वा भविता वा न भूयः ।।

अजो नित्यः शाश्वतोडयं पुराणो

न हन्यते हन्यमाने शरीरे ।।

ભારતીય સંસ્કૃતિ આસ્તિક છે. ભારતીયોની માન્યતા મુજબ સર્વત્ર ઈશ્વર વ્યાપેલો છે અને ઈશ્વરમાં સર્વનું અસ્તિત્વ સમાયેલું છે. ઈશ્વરની સત્તાને સ્વીકારવાથી માનવીનો એકાંતભાવ નષ્ટ થાય છે -

न तत्र सूर्यो भाति न चन्द्रतारकम् ।।

नेमा विद्युतो भान्ति कुतोड्यम् अग्निः ।।

तमेव भान्तम् अनुभाति ह्यार्वम् तस्य भाह्याा ह्यार्वमिदं विभाति ।।

ઈશ્વર પ્રત્યેની આસ્થા ભારતીયોને ધર્મપરાયણ બનાવે છે. પુરુષાર્થ-ચતુષ્ટયમાં મોક્ષ ઉપરાંત ધર્મને પણ વિશેષ અને મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત છે -

'यतोडभ्युदयनिःश्रेयससिद्धिं स धर्मः ।।'

પૂજનીય જન પ્રત્યે આદરભાવ, વિદ્યાધ્યયન, સંસ્કારોનું પાલન, પ્રજાપાલન વગેરે ભારતીયો માટે ધર્મના અંતર્ગત માનવામાં આવતાં. કર્તવ્યપાલનને જ ધર્મ તરીકે સમજવામાં આવતો. ધર્મમાં દેવસ્તુતિઓનું પણ વિશેષ સ્થાન હતું. વૈદિક યુગમાં દેવતાઓનું સ્વરૂપ અમૂર્ત માનવામાં આવતું અને પ્રકૃતિની શક્તિઓની સ્તુતિ થતી - જેમ કે ઇન્દ્ર, અગ્નિ, વાયુ, વરુણ, સૂર્ય વગેરે. પરંતુ સમય જતાં આ પ્રાકૃતિક શક્તિઓનું માનવીકરણ થયું અને પૌરાણિક યુગમાં આ દિવ્ય શક્તિઓએ મૂર્ત સ્વરૂપ ધારણ કર્યું. માત્ર માનવીકરણ જ નહીં, પરંતુ ધર્મની સ્થાપના અને અત્યાચારના નાશ માટે અવતારોની કલ્પના પણ કરવામાં આવી -

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।।

अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।। (श्रीमद्भगवद्गीता - ૪/૭)

ભારતીય સંસ્કૃતિની બીજી એક મહત્ત્વપૂર્ણ વિશેષતા પુનર્જન્મની અવધારણા છે, જે માનવીને સત્કર્મો તરફ પ્રેરિત કરે છે. શુભ અને અશુભ કર્મોના ફળ મનુષ્યને પુનર્જન્મ પ્રાપ્ત થયા પછી ભોગવવા પડે છે. કર્મફળને ભાગ્યવાદ સાથે સંકળીને જોવામાં આવે છે. પુનર્જન્મની આ કલ્પનાએ ભારતીયોને પ્રેયના સ્થાને શ્રેય તરફ અભિમુખ કર્યા છે.

પ્રાચીન ઋષિઓ માટે યજ્ઞોને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું અને તેમને લૌકિક જીવન સાથે પણ જોડવામાં આવ્યા હતા. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને અતિથિયજ્ઞ - આ પાંચ યજ્ઞો ગૃહસ્થો માટે નિશ્ચિત કરવામાં આવ્યા હતા, જે લૌકિક તથા પારલૌકિક કલ્યાણની ભાવનાથી કરવામાં આવતાં. યજ્ઞોનું સંપાદન ઇષ્ટસાધના માટે કરવામાં આવતું હતું.

માનવના વ્યક્તિગત ઉત્કર્ષ માટે ચાર પુરુષાર્થોની કલ્પના કરવામાં આવી હતી. આ ચાર પુરુષાર્થો હતા - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ, અર્થ અને કામ - આ ત્રણ પુરુષાર્થો માનવીને મોક્ષમાર્ગ તરફ ઉન્મુખ બનાવે છે. સમાજને સુવ્યવસ્થિત બનાવવા માટે તેને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર - આ ચાર વર્ણોમાં વિભાજિત કરવામાં આવ્યો હતો -

ब्राह्मणोऽस्य मुखमासीत् बाहूः राजन्यः कृतः,
ऊरुतदस्य यद् वैश्यः पदभ्यां शूद्रो अजायत ।। (ऋ० १०.९०.१२)

## ૧.૪ ભારતીય સંસ્કારોની પરંપરા

બ્રાહ્મણનું કાર્ય શિક્ષણ સંબંધિત હતું, ક્ષત્રિયને સમાજની રક્ષા અને વ્યવસ્થાનો ભાર સોંપવામાં આવ્યો હતો, વૈશ્યો વેપાર અને આર્થિક પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહી સર્વનો પાલન-પોષણ કરતા હતા, જ્યારે શૂદ્રોનું કાર્ય સર્વની સેવા કરવું અથવા પરિશ્રમસાધ્ય કાર્યો નિભાવવાનું હતું. ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારોની પરંપરા 'સંસ્કાર' શબ્દનો વધુ યોગ્ય સમાનાર્થી અંગ્રેજીનો શબ્દ "Sacrament" (સેક્રામેન્ટ) છે. તેનો અર્થ થાય છે - "ધાર્મિક વિધિ કે ક્રિયા, જે આંતરિક અને આત્મિક સૌંદર્યનું બાહ્ય અને દશ્ય પ્રતીક છે." આ શબ્દનો ઉપયોગ પૂર્વીય (પ્રાચ્ય) તથા પ્રાચીન પશ્ચિમી (રોમન કેથોલિક) પરંપરામાં નીચે દર્શાવેલ સાત પવિત્ર વિધિઓ માટે કરવામાં આવતો હતો :

૧. બાપ્તિસ્મા (Baptism) - દીક્ષા અથવા શુદ્ધિકરણ.

૨. સંપુષ્ટિ (Confirmation) - આધ્યાત્મિક સ્વીકૃતિ.

૩. યુખારિસ્ટ (Eucharist) - પ્રાર્થનાપૂર્વક ભોજન.

૪. વ્રત (Penance) - પાપપ્રાયશ્ચિત.

૫. અભ્યંજન (Extreme Unction) - અંતિમ આશીર્વાદરૂપ તેલ અભિષેક.

૬. આદેશ (Ordination) - ધાર્મિક નિમણૂક અથવા સંસ્કારદાન.

૭. વિવાહ (Marriage) - જીવનસંબંધની પવિત્ર વિધિ.

'સેક્રામેન્ટ' શબ્દનો અર્થ એ પણ છે - કોઈ વચન અથવા પ્રતિજ્ઞાની પુષ્ટિ, કોઈ રહસ્યપૂર્ણ, પવિત્ર મહત્તાવાળી વસ્તુ, અથવા પવિત્ર પ્રભાવ અને પ્રતીકનું પ્રતિનિધિત્વ. આ રીતે "સેક્રામેન્ટ"નો અર્થ ક્ષેત્ર વિસ્તૃત છે - તે માત્ર વિધિ સુધી મર્યાદિત નહીં રહી, પરંતુ અનેક ધાર્મિક અને આત્મશોધક ક્ષેત્રોને આવરી લે છે, જે સંસ્કૃત સાહિત્યમાં "શુદ્ધિ, પ્રાયશ્ચિત, વ્રત" વગેરે શબ્દોના અંતર્ગત આવે છે.

### ❖ ૧.૪.૧ 'સંસ્કાર' શબ્દનો અર્થ :

'સંસ્કાર' શબ્દનો ઉપયોગ અનેક અર્થોમાં થાય છે. મીમાંસક (પૂર્વમીમાંસા દાર્શનિક) લોકો આ શબ્દનો અર્થ યજ્ઞમાં ઉપયોગ થતી પુરોડાશ (ભોજન અર્પણ સામગ્રી) વગેરેની વિધિવત શુદ્ધિથી લગાડે છે - એટલે કે, યજ્ઞાંગભૂત વસ્તુઓની શુદ્ધિ જ સંસ્કાર છે.અદ્વૈત વેદાંતીઓ માટે 'સંસ્કાર'નો અર્થ છે -જીવ પર લાગેલા શારીરિક ક્રિયાઓના અસત્ય (મિથ્યા) આરોપ, એટલે કે, આત્માની મૂળ શુદ્ધ અવસ્થાને ઢાંકી દેતી દેહભાવની

કલ્પનાઓ. નૈયાયિકો (ન્યાયદર્શનના આચાર્યો) 'સંસ્કાર'ને આત્માની એવી વ્યંજક શક્તિ તરીકે માને છે, જે ભાવોને વ્યક્ત કરે છે. આ શક્તિને વૈશેષિક દર્શનમાં ચોવીસ ગુણોમાંની એક તરીકે ગણવામાં આવી છે.

### ❖ ૧.૪.૨ સંસ્કારમય જીવન : આધ્યાત્મિક સાધનાનો મજબૂત આધાર

સંસ્કારમય જીવન આધ્યાત્મિક સાધનાની દૃઢ પાયાની ભૂમિકા છે. સંસ્કારોના માધ્યમે આધ્યાત્મિક જીવનનો ક્રમશઃ વિકાસ થતો રહે છે. સંસ્કારિત મનુષ્ય એ તેના શારીરિક અને માનસિક પરિપક્વતાના પ્રતીક છે. સંસ્કારોના કારણે માનવને યોગ્ય પ્રતિષ્ઠા અને સન્માન પ્રાપ્ત થાય છે. સંસ્કાર વ્યક્તિના સંપૂર્ણ વ્યક્તિત્વનું પરિષ્કારણ કરીને તેને શુદ્ધ અને પૂર્ણ બનાવે છે. સંસ્કાર એ એવા તત્ત્વો છે, જે જીવનને ગતિશીલતા અને તેજ આપે છે. મહર્ષિ આશ્વલાયન અનુસાર -

संस्काररहिता ये तु तेषां जन्म निरर्थकम् ॥

(અર્થાત્ - જેને સંસ્કાર પ્રાપ્ત નથી થયા, તેનું જન્મ લેવું નિરર્થક છે.)

### ❖ ૧.૪.૩ સંસ્કાર : માનસિક અને સામાજિક ઉન્નતિના આધારસ્તંભ

સંસ્કાર એ માનવના મનમાં સ્થાપિત એવા આદર્શો છે, જે જીવનના વર્તન અને વ્યવહારના નિયામક તથા પ્રેરક બને છે. સંસ્કાર મનનું ઉન્નતિકરણ (ઉદાત્તીકરણ) કરે છે - જેમાં કર્મો, ભાવો અને વિચારોની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. સંસ્કારોનો એક મહત્ત્વપૂર્ણ સ્રોત આનુવંશિકતા (વંશપરંપરા) છે;

બીજો સ્રોત બાળકની માતા, અને ત્રીજો સ્રોત બાળકનું કુદરતી તથા સામાજિક પર્યાવરણ છે - જેમાં બાળક જન્મ લે છે, ઉછરે છે અને વિકસે છે. કુદરતી પર્યાવરણ બાળકના આહાર, વર્તન અને શરીરના સ્વરૂપને ઘડતું હોય છે, જ્યારે સામાજિક પર્યાવરણ - જેમ કે પરિવાર, પડોશ, ગામ, શાળા, મિત્રમંડળ અને શિક્ષકો - બાળકના આચાર અને સ્વભાવ પર અસર કરે છે. બાળક સમાજમાં જેમના સંપર્કમાં આવે છે અને જે વર્તન જુએ છે, તે જ પ્રમાણેના સંસ્કાર તેના મનમાં ગાઢપણે બેસી જાય છે.

#### ➢ સંસ્કારની સ્વાભાવિકતા અને ભાવબંધનોનું નિર્માણ :

સંસ્કાર લાદી શકાય એવા નથી, ન તો તે બળપૂર્વક કે તર્કથી ઊભા કરી શકાય. સંસ્કાર મનુષ્ય અને મનુષ્ય વચ્ચે, તેમજ મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે ભાવનાત્મક સંબંધની રચના કરે છે. પોતાના સ્વજન, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે અર્પણ થવાનો ભાવ - સંસ્કારોથી જ ઉદ્ભવે છે. સંસ્કાર સમાજને અપરાધોથી સુરક્ષિત રાખે છે. દયા, કરુણા, શાંતિ, અહિંસા, સત્ય, ધર્મ, પાપબોધ, સહનશીલતા, સમાનતા, સાહસ, સાધનશક્તિ, શ્રમ, સંતોષ, વિનય, સ્વાધ્યાય, અભય, આત્મસન્માન, અતિથિભાવ, ઈન્દ્રિયનિગ્રહ, વૈરાગ્ય, ધૈર્ય, ક્ષમા, અસ્તેય, ક્રોધનિયંત્રણ, પરદુઃખકાતરતા, વીરતા અને પ્રેમ - આ બધા ગુણો સંસ્કારોથી જ ઉત્પન્ન થાય છે. તે જ રીતે વિદ્યા, કાવ્ય, કલા અને કૌશલ્યની પ્રતિભા પણ સંસ્કારોથી જ વ્યક્તિત્વમાં આવે છે.

- **મનોવિજ્ઞાનના દૃષ્ટિકોણથી સંસ્કારના પ્રકારો :**

મનોવિજ્ઞાન અનુસાર સંસ્કાર ત્રણ પ્રકારના ગણાય છે -

૧. **ઇદમ સંસ્કાર**

૨. **અહં સંસ્કાર**

૩. **પરમ અહં સંસ્કાર**

**ઇદમ સંસ્કાર** - નીચ સ્તરના, અસામાજિક, અનૈતિક, અશિસ્તબદ્ધ, પશુસ્વભાવના અને માનસિક વિકારો ઉત્પન્ન કરનાર ગણાય છે. અહં સંસ્કાર મધ્યમ સ્તરના છે, સમાજોપયોગી, સંમિશ્ર, સમન્વયકારી અને સમાયોજનવાળા. જયારે પરમ અહં સંસ્કાર નૈતિક, સામાજિક, વિશ્વહિતકારી, આદર્શ, નિયંત્રિત, શિષ્ટ અને સદ્‌ગુણસભર છે જેમાં ઉચ્ચ વિચાર, ધર્મ, નૈતિકતા, દાન, પુણ્ય, ન્યાય-અન્યાયમાં અખંડ આસ્થા હોય છે.

- **યોગશાસ્ત્ર મુજબ સંસ્કાર અને ચિત્તનો સંબંધ :**

યોગશાસ્ત્ર અનુસાર ચિત્તવૃત્તિઓથી સંસ્કારોનું નિર્માણ થાય છે. સંસ્કાર રૂપ બીજમાંથી ચિત્તનું છોડ અંકુરિત, પલ્લઈવત, પુષ્પિત, સુગંધિત અને ફળદાયી બને છે.

સંસ્કારના ચાર મુખ્ય બીજ ગણાય છે.

૧. **સંવેદના (વિષયોપભોગ)** - વિષયસંપર્કની અનુભૂતિ.

૨. **ભાવના** - વિષય નષ્ટ થયા પછી પણ તેની સ્મૃતિનો ચિંતન.

૩. **વાસના** - વિષયના સ્મરણથી ઉત્પન્ન થતો ગાઢ સંસ્કાર.

૪. **કલના** - મૃત્યુકાળમાં વાસનાના આધારે ભાવિ જન્મની સ્મૃતિ.

- **યોગશાસ્ત્ર મુજબ સંસ્કાર અને ચિત્તનો સંબંધ :**

મનુસ્મૃતિમાં સંસ્કાર વિષયક ઉલ્લેખ

> वैदिकैः कर्मभिः पुण्यैर्निषेकादिर्द्विजन्मनाम् ॥
> कार्यः शरीरसंस्कारः पावनः प्रेत्य चेह च ॥

અર્થાત્ - વૈદિક પુણ્યકર્મો દ્વારા, જેમ કે નિષેકથી શરૂ થતાં વિધિ દ્વારા, દ્વિજાતિઓનો શારીરિક સંસ્કાર કરવો પવિત્ર ગણાયો છે, જે તેમને આ જન્મમાં તથા મૃત્યુ પછી પણ પવિત્રતા આપે છે.

- **સંસ્કારનો આધ્યાત્મિક અને નૈતિક પ્રભાવ**

સંસ્કારોથી શારીરિક શુદ્ધિ, આત્મિક બળ અને માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે. સદ્‌ગુણોના વિકાસમાં સંસ્કારોની અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. 'संस्कारतत्त्वमीमांसा' માં જણાવ્યા પ્રમાણે -

सत् उत्कर्षाधानं गुणाधानं वा मुख्योऽर्थः संस्कारशब्दस्य ॥

(અર્થાત્ - 'સંસ્કાર' શબ્દનો મુખ્ય અર્થ સદ્‌ગુણોનું ઉમેરણ તથા ઉત્તમ ગુણોની સ્થાપના છે.)

મહર્ષિ વ્યાસ દર્શાવેલ ૧૬ સંસ્કાર

गर्भाधानं पुंसवनं सीमन्तो जातकर्म च,
नामक्रिया निष्क्रमणोऽन्नप्राशनं वपनक्रिया ॥
कर्णवेधो व्रतादेशो वेदारम्भक्रियाविधिः,
केशान्तः स्नानमुद्धाहो विवाहाग्नि परिग्रह,
त्रेताग्नि संग्रहश्चेति संस्काराः षोडश स्मृताः ॥

અર્થ : મહર્ષિ વ્યાસ મુજબ નીચેના ષોડશ (૧૬) સંસ્કાર માનવામાં આવ્યા છે -

૧. ગર્ભાધાન

૨. પુંસવન

૩. સીમંતોન્નયન

૪. જાતકર્મ

૫. નામકરણ

૬. નિષ્ક્રમણ

૭. અન્નપ્રાશન

૮. મુંડન/વપન

૯. કર્ણવેધ

૧૦. વ્રતારંભ

૧૧. વેદારંભ

૧૨. ઉપનયન

૧૩. કેશાંત

૧૪. ઉદ્વાહ (વિવાહ)

૧૫. અગ્નિપરિગ્રહ

૧૬. ત્રેતાગ્નિ સંગ્રહ

આ બધા સંસ્કાર માનવજીવનને શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક રીતે પરિપૂર્ણ બનાવવાના ધ્યેય સાથે નિર્ધારિત કરવામાં આવ્યા છે.

### ❖ ૧.૪.૪ સમાજમાં સંસ્કારોનું યોગદાન :

સંસ્કારની સમૃદ્ધિ અને તેના પાલનથી માનવજીવનનો સર્વાંગી વિકાસ થાય છે, તેમજ તેના સામાજિક અને સાંસ્કૃતિક કાર્યો વધુ સુવ્યવસ્થિત અને સુંઘડ બને છે. મૂળ રૂપે દરેક સંસ્કાર મનુષ્યના જીવનને ક્રમશઃ ઉન્નત બનાવવામાં સહાયરૂપ છે અને જીવનને સામાજિક તથા ધાર્મિક સ્વરૂપ આપે છે.

#### ➢ વ્યક્તિત્વના વિકાસમાં સંસ્કારોનું યોગદાન

બધા સંસ્કારોના પ્રભાવથી મનુષ્યના વ્યક્તિત્વનો વિકાસ થાય છે. જીવનના દરેક સ્તર પર સંસ્કારોનું સંકલન થવાથી તેનું જીવન પૂર્ણતા, સંતુલન અને નૈતિકતા પ્રાપ્ત કરે છે. માનવનું ચારિત્ર્ય અને વર્તન સંસ્કારોથી પ્રેરિત થઈ સન્માર્ગ તરફ આગળ વધે છે. ખરેખર, સંસ્કારો દ્વારા મનુષ્યનું વ્યક્તિત્વ શુદ્ધ અને પરિષ્કૃત બને છે, અને તે લૌકિક તથા પારલૌકિક બન્ને ક્ષેત્રોમાં ઉત્તમ પ્રભાવ પ્રગટાવે છે.

#### ➢ વ્યક્તિના સમાજીકરણમાં સંસ્કારોનું યોગદાન

સમાજનો આધાર વ્યક્તિ છે. વ્યક્તિથી પરિવાર, પરિવારથી સમુદાય અને સમુદાયથી સમાજ બને છે. સંસ્કારોથી વ્યક્તિ પરિષ્કૃત, ધાર્મિક અને સજ્જન બને છે, અને આવા વ્યક્તિઓથી સમાજ પણ શુદ્ધ, સુસંસ્કૃત અને સમૃદ્ધ બને છે. જ્ઞાન, આધ્યાત્મ અને નૈતિકતા જેવા ગુણો વ્યક્તિમાં વિકસે છે અને તેનો લાભ સમગ્ર સમાજને મળે છે. ઉદાહરણ તરીકે, વિવાહ સંસ્કારથી સંતાન ઉત્પન્ન થાય છે, જે દ્વારા સમાજીકરણની પ્રક્રિયા શરૂ થાય છે. બધા સંસ્કારો વ્યક્તિને તેના પરિવાર અને સમાજ સાથે ઘનિષ્ઠ રીતે જોડે છે,જે વ્યક્તિના સમાજીક સ્વભાવનું પ્રતીક છે. સપષ્ટ છે કે વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો સંસ્કારો દ્વારા મજબૂત અને ઉન્નત બને છે.

#### ➢ જૈવિક યોગદાન

સંસ્કારોનો ફાળો માત્ર આધ્યાત્મિક નહીં, પરંતુ લૌકિક અને જૈવિક જીવનમાં પણ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. જ્યારે પ્રજનનશાસ્ત્ર અને આરોગ્યવિજ્ઞાનનું પૂરું જ્ઞાન ઉપલબ્ધ ન હતું, ત્યારે સંસ્કારો જ જૈવિક જ્ઞાનના સ્રોત ગણાતા હતા. ગર્ભાધાન અને પુન્સવન જેવા સંસ્કારો દ્વારા ગર્ભવતી સ્ત્રીઓને યોગ્ય શિક્ષણ, આહાર અને જીવનશૈલી અંગે માર્ગદર્શન મળતું હતું. બ્રહ્મચર્ય આશ્રમના સંસ્કારો દ્વારા વ્યક્તિ જ્ઞાનક્ષેત્રે આગળ વધે છે, અને પોતાનું જીવન પવિત્ર, શિસ્તબદ્ધ અને શુદ્ધ બનાવે છે.

#### ➢ શૈક્ષણિક યોગદાન

સંસ્કારોના માધ્યમથી વ્યક્તિ વિવિધ ક્ષેત્રોમાં જ્ઞાન પ્રાપ્ત કરે છે અને વ્યાવહારિક રીતે પોતાના જીવનનું ઉન્નયન કરે છે. લૌકિક તથા પારલૌકિક - બન્ને પ્રકારનું શિક્ષણ સંસ્કારોથી પ્રાપ્ત થાય છે. સામાજિક અને ધાર્મિક દૃષ્ટિએ સંસ્કાર જીવનને માત્ર ઘડે જ નથી, પણ તેને પોષણ અને સંરક્ષણ પણ આપે છે. વિદ્યારંભ સંસ્કાર

ઉપરાંત બાકીના બધા સંસ્કારો વ્યક્તિને સામાજિક, ધાર્મિક, નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણ આપે છે,જેના કારણે વ્યક્તિ શિસ્તબદ્ધ રીતે જીવન વિકાસ કરે છે. તેથી વ્યક્તિનું લૌકિક જ્ઞાન વિશાળ અને ઉન્નત બને છે,ભલે તેનું સિદ્ધાંતજ્ઞાન મર્યાદિત જ કેમ ન હોય.

- **સાંસ્કૃતિક અને નૈતિક યોગદાન**

  સંસ્કારોના કારણે હિંદુ સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોનું સ્તર મજબૂત અને આરોગ્યપ્રદ બને છે. સામાજિક પરંપરાઓ, આચાર-વિચાર અને માનવીય મૂલ્યો સંસ્કારો દ્વારા વિસ્તરતા જાય છે.

  વ્યક્તિ સંસ્કારો દ્વારા ક્ષમા, દયા, દાન, પવિત્રતા, સત્યનિષ્ઠા, નિર્લિપ્તતા, અસ્તેય, અહિંસા જેવા ગુણોને અપનાવે છે, અને પોતાનું તેમજ સમાજનું નૈતિક અને સાંસ્કૃતિક ઉન્નયન કરે છે. આ રીતે સમાજનું નૈતિક અને સાંસ્કૃતિક સ્તર પણ ઉત્તમ અને ઉદ્દાત બને છે.

- **આધ્યાત્મિક યોગદાન**

  સંસ્કારોથી મનુષ્યની આધ્યાત્મિક દિશા સ્પષ્ટ બને છે અને તેનો આધ્યાત્મિક બળ વધુ મજબૂત થાય છે. દરેક સંસ્કારની વિધિ અને તેની પૂર્ણતા વ્યક્તિના અંતર્મનને ઉન્નત કરે છે. અદૃશ્ય અને અશુભ શક્તિઓ સામેનો માનવનો સંઘર્ષ આધ્યાત્મના આધાર પર જ સંભવ બને છે. સંસ્કારોથી મનુષ્યના ચેતન અને દૈહિક કાર્યોમાં પવિત્રતા આવે છે, અને તે જીવનને આધ્યાત્મિક ધોરણે વ્યક્ત કરે છે. આ રીતે વ્યક્તિનું લૌકિક જીવન આધ્યાત્મિક ક્ષેત્ર સાથે જોડાય છે, અને તેનો પારલૌકિક વિકાસ થાય છે.

- **આત્માભિવ્યક્તિમાં યોગદાન**

  સંસ્કારોથી મનુષ્યની આત્માભિવ્યક્તિ (inner expression) થાય છે. તેના અંતરમાં રહેલા વિવિધ ભાવ અને ઉદ્ભવો - જેમ કે આનંદ, શોક, દયા, ક્રોધ, સહાનુભૂતિ વગેરે સંસ્કારો દ્વારા સંતુલિત અને શુદ્ધ થાય છે. ગર્ભાધાનથી લઈને કર્ણવેદ સુધીના સંસ્કારો માતા-પિતાના પ્રેમ અને દયાના પ્રતિબિંબ છે. બ્રહ્મચર્ય સંસ્કારથી આત્મજ્ઞાન અને વિદ્યા પ્રાપ્તિનો આનંદ મળે છે, જ્યારે વિવાહ સંસ્કાર આનંદ અને સમૂહિક પ્રસન્નતાનો પ્રતીક છે. અંત્યેષ્ટિ સંસ્કાર શોક, કરુણા અને વિયોગની ભાવનાઓને જગાડે છે. આ બધા મનોભાવો સંસ્કારોના પ્રભાવ હેઠળ મનોચિકિત્સાત્મક રૂપે વ્યક્ત થાય છે, અને તે માનવ મનના વિશ્લેષણનું કારણ બને છે.

- **માનવજીવનમાં સંસ્કારોનું મહત્ત્વ**

  સંસ્કારોના કારણે જ માનવજીવન અમૂલ્ય અને અર્થસભર બને છે. જેમ હીરાની કિંમત તેની ચમકથી માપવામાં આવે છે,તેમ માનવજીવનનું મૂલ્ય તેના સંસ્કારોથી નિર્ધારિત થાય છે.જે વ્યક્તિ સંસ્કારહીન છે,તેના વર્તનને સમાજમાં નકારાત્મક દ્રષ્ટિથી જોવામાં આવે છે. સંસ્કાર મનુષ્યના જીવનની સુગંધ અને પવિત્રતા છે.

### ❖ ૧.૪.૫ પૂર્વજન્મના સંસ્કારોનું મહત્ત્વ

સંસ્કારના નિર્માણમાં પૂર્વજન્મની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. મનુષ્ય પોતાના જીવનમાં જેવા કર્મ કરે છે, સારા કે ખરાબ, તેના આધારે જ તેના સંસ્કાર (પાપ કે પુણ્ય રૂપે) રચાય છે. આ કર્મોની છાપ આત્મા પર પડતી હોય છે, તેને જ સંસ્કાર કહે છે. મૃત્યુ પછી શરીર, ધન, ઘર બધું અહીં જ રહી જાય છે ,પણ સંસ્કાર આત્મા સાથે સુક્ષ્મરૂપે જોડાયેલા રહે છે.વર્તમાન જીવનમાં જે સુખ-દુઃખ મળે છે,

તે બધું પૂર્વજન્મના પાપ-પુણ્યનું ફળ છે. મૃત્યુ સમયે મનુષ્યના મનમાં જે વાસના અથવા સંકલ્પ હોય, તે જ તેના આગામી જન્મના સુખ-દુઃખનું કારણ બને છે.

'संस्कारसाक्षात्करणात् पूर्वजातिज्ञानम् ।।

(સંસ્કારના સક્ષાત્કારથી પૂર્વજન્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.)

સંસ્કાર ચિત્તનો ધર્મ છે - તેને પ્રારબ્ધ, ભાગ્ય અથવા કર્મફળ કહે છે. અર્થાત્ સંસ્કાર એ પૂર્વજન્મના કર્મોની વાસના છે. પૂર્વજન્મના કરેલા પાપકર્મોના ફળરૂપે કેટલીક બીમારીઓ પણ થાય છે -

જેમ કે ગરુડ પુરાણમાં જણાવાયું છે -

'सुकृतं दुष्कृतं वाऽपि भुक्त्वा पूर्वं यथार्जितम् ,<br>
कर्मयोगात्तदा तस्य कश्चिद् व्याधिः प्रजायते ।।

અર્થાત્ - પૂર્વજન્મમાં કરેલા સારા કે ખરાબ કર્મોનો ભોગ આ જન્મમાં વ્યાધિ અથવા દુઃખ રૂપે મળે છે. કેટલાક લોકોને જન્મથી જ પૂર્વજન્મની ઘટનાઓ યાદ રહે છે, કારણ કે તેમના મનમાં તે સ્થાયી સંસ્કાર રૂપે સંચિત હોય છે.

પૂર્વજન્મના સંસ્કાર બે પ્રકારના હોય છે -

૧. **સ્થાયી સંસ્કાર** - જેને ભોગવ્યા વિના દૂર કરી શકાય નહિ.

૨. **અસ્થાયી સંસ્કાર** - જેને દાન, પુણ્ય, યજ્ઞ, તપ અને ઈશ્વરસ્મરણ દ્વારા નષ્ટ કરી શકાય છે.

## ૧.૫ સંસ્કૃતિ શું છે ?

કોઈપણ રાષ્ટ્રના આચાર-વિચાર અને જીવનશૈલી તેની સંસ્કૃતિ કહેવાય છે. આચાર-વિચાર એ સંસ્કૃતિનું બાહ્ય સ્વરૂપ છે, જ્યારે તેનું આંતરિક સ્વરૂપ મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચેનું તાદાત્મ્ય છે. અમારા દેશમાં સંસ્કાર અને સંસ્કૃતિ વચ્ચે કોઈ ભેદ નથી. જેમ સંસ્કાર શરીર, મન અને આત્માની શુદ્ધિ માટે સાધન છે, તેમ જ સંસ્કૃતિ પણ મનુષ્યને આધ્યાત્મમાં સ્થાપિત કરે છે. ધાર્મિક જીવનચર્યા માટે જ્યારે સંસ્કારોનો ઉદય થાય, ત્યારે મનુષ્યનો સાચો ભાગ્યોદય થાય છે. આચાર, વર્તન, સંસ્કાર અને સંસ્કૃતિ - આ ચારેય વચ્ચે અભેદ તાદાત્મ્ય છે. સંસ્કારિત મનુષ્ય જ ઓજસ્વી, તેજસ્વી, ધૈર્યવાન અને પુણ્યાત્મા બને છે.

'संस्कारशौचेन परं पुनीते.<br>
शुद्धा हि बुद्धिः किल कामधेनुः ।।

મનુષ્યને શાંત, શીલવાન, સુશિક્ષિત અને સંસ્કારી બનાવવામાં સંસ્કારની મુખ્ય ભૂમિકા છે. તે શરીરિક અને આધ્યાત્મિક રીતે પૂર્ણ બને છે અને માનવતાનો સાચો પાઠ સંસ્કારો દ્વારા જ શીખે છે. મહર્ષિ અંગિરા કહે છે -

'चित्रकर्म यथाऽनेकैरङ्गुरुन्मीयते शनैः,
ब्राह्मण्यपि तद्वत्स्यात्संस्कारैर्विधिपूर्वकैः ॥

અર્થાત્ - જેમ વિવિધ રંગોથી સુંદર રીતે સજાવેલું ચિત્ર આનંદ આપે છે, તેમ જ વિધિપૂર્વક કરાયેલા સંસ્કારો દ્વારા મનુષ્ય પરમાનંદને પ્રાપ્ત કરે છે. ડૉ. રામેશ્વર પ્રસાદ ગુપ્ત કહે છે - "સંસ્કાર એ દોષોના પરિમાર્જન અને ગુણોના સંચાર માટે અનિવાર્ય છે. જેમ માટીને ઘડું બનાવે છે અને સોનું આભૂષણ રૂપે શોભે છે, તેમ મનુષ્યને તેની વાણી, વર્તન, શીલ અને શિસ્તમાં સૌંદર્ય સંસ્કાર આપે છે." શિક્ષા અને સંસ્કાર વચ્ચે સંસ્કાર જ મૂળભૂત અને અગત્યનું સ્થાન ધરાવે છે. સંસ્કારોથી મનુષ્યમાં માનવતા અને શીલના ઉત્તમ ગુણો પ્રગટે છે. સદ્વિચાર અને સદાચારથી જ મનુષ્ય સાચા અર્થમાં "માનવ" બને છે.

## ૧.૯ સમાજનું એક આદર્શ ઉદાહરણ : રામરાજ્ય

'રામરાજ્ય' શાસન અને પ્રશાસનનું પરમ આદર્શ સ્વરૂપ છે. ધર્મ અને ઈશ્વરભક્તિ - આ બન્ને રામરાજ્યના પ્રાણરૂપ તત્ત્વો છે. શાસનની સુવ્યવસ્થા, પ્રજાનો સુખસમૃદ્ધ જીવન, અનુશાસન અને સદાચાર - આ બધાં રામરાજ્યરૂપી દેહના અવયવો સમાન છે. રામરાજ્યના સ્વરૂપનું વિસ્તૃત વર્ણન વાલ્મીકીય રામાયણ, અધ્યાત્મરામાયણ, આનંદરામાયણ, પુરાણો તથા શ્રીરામચરિતમાનસ વગેરે ગ્રંથોમાં ઉપલબ્ધ છે. તેના કેટલાક અંશો અહીં સારરૂપે રજૂ કરવામાં આવે છે -

राघवे शासति भुवं लोकनाथे रमापतौ,
वसुधा सस्यसम्पन्ना फलवन्तश्च भूरुहाः ॥
जना धर्मपराः सर्वे पतिभक्तिपराः स्त्रियः,
नापश्यत् पुत्रमरणं कश्चिद्राजनि राघवे ॥

ત્રિલોકીનાથ તથા લક્ષ્મીપતિ ભગવાન શ્રીરામના શાસનકાળમાં પૃથ્વી ધન-ધાન્યથી પરિપૂર્ણ હતી અને વૃક્ષો ફળોથી લદાયેલા હતા. શ્રીરઘુનાથના રાજ્યમાં સર્વ પુરુષો ધર્મપરાયણ હતા, સ્ત્રીઓ પતિભક્તિમાં નિષ્ઠાવાન હતી અને કોઈને પણ પોતાના પુત્રનું મરણ જોવાનું દુઃખ સહન કરવું પડતું નહોતું.

❖ **આનંદરામાયણ**

रामराज्ये सदानन्दः सर्वानासीज्जनान् भुवि
नासीत् कुत्रापि कलहश्चौर्यं निन्दाभयं तदा ॥
राज्यमासीदसापत्नं समृद्धबलवाहनम्
ऋषिभिर्हृष्टपुष्टैश्च रम्यं हाटकभूषणैः ॥
सञ्जुष्टमिष्टापूर्तानां धर्माणां नित्यकर्तृभिः
सदा सम्पन्नशस्यं च सुचिरं क्षेत्रसङ्कुलम् ॥

सुदेशं सुप्रजं सुस्थं सुतृणं बहुगोधनम्
देवतायतनानां च राजिभिः परिराजितम् ॥

શ્રીરામચન્દ્રજીના રાજ્યમાં ધરતી પરના સર્વ માનવો સદા આનંદિત રહેતા હતા. તે સમયે ક્યાંય ચોરી થતી નહોતી, ન ઝઘડા થતા, ન કોઈ નિંદા કરતો અને ન કોઈને કોઈથી ભય લાગતો. રાજ્ય શત્રુવિહિન હતું અને વિવિધ વાહનો તથા સેનાશક્તિથી સમૃદ્ધ હતું. રામરાજ્યમાં પ્રજાજનો હર્ષિત, પુષ્ટ અને જ્ઞાની હતા તથા સોનાં-ચાંદીના આભૂષણોથી સુશોભિત રહેતા હતા. ઇષ્ટ-આપૂર્ત જેવા ધાર્મિક કર્મો નિયમિત રીતે કરવામાં આવતા અને ખેતરો સદાય ધાન્યથી પરિપૂર્ણ રહેતા. ભાવ એ છે કે સમગ્ર દેશ સુન્દર હતો, પ્રજા સુશિક્ષિત અને સદાચારી હતી તથા જીવનશૈલી ઉત્તમ હતી. ગાયો માટે ઉત્તમ ઘાસ ઉગતો હતો, ગોધનની પ્રચુરતા હતી અને સમગ્ર દેશ દેવાલયોથી સુશોભિત હતો.

धर्मेण राजा धर्मज्ञः सीतारामः प्रतापवान्
चकार राज्यं निर्द्वन्द्वमयोध्यायां सुनिश्चलम् ॥
स धर्मराजवद् राजा धर्माधर्मविवेचकः
अदण्ड्येऽदण्डयन् रामो दण्ड्यांश्च परिदण्डयन् ॥
ततप सूर्य इव स दुर्हृदां हृदि नेत्रयोः
सोमवत् सुहृदामासीन्मानसेषु स्वकेष्वपि ॥
हृष्टपुष्टाः प्रजाः सर्वाः फलवन्तोऽभवन्नगाः
आसन् सदा सुकुसुमैर्विनम्राः सौख्यदा नृणाम् ॥
एकपत्नीव्रताः सर्वे पुमांसस्तस्य मण्डले
नारीषु एवं तद्रामराज्यं आसीदनुपमेयं
काचिन्नैवासीदपतिव्रतधर्मिणी ॥
च हि महामङ्गलसंयुतम् .
श्रवणान्मङ्गलप्रदम् ॥

ધર્મતત્ત્વના જ્ઞાતા તથા પરાક્રમી શ્રીસીતારામચન્દ્રજીએ અયોધ્યામાં અચલ અને નિર્દ્વંદ્વભાવથી ધર્મપૂર્વક રાજ્ય કર્યું. તેઓ ધર્મરાજની માફક ધર્મ-અધર્મનો સુક્ષ્મ વિચાર કરીને કાર્ય કરતા. જે દંડયોગ્ય ન હોય તેને દંડ આપતા નહોતા અને દંડયોગ્યને યોગ્ય દંડ આપતા. તેઓ દુષ્ટોના હૃદય અને નેત્રોમાં સૂર્યની જેમ તપતા હતા, જ્યારે સ્વજનો અને મિત્રોના હૃદયમાં ચંદ્ર સમાન શીતળતા પ્રસરાવતા. તેમના શાસનકાળમાં પ્રજા હર્ષિત અને સુપોષિત હતી. વૃક્ષો ફળ-ફૂલથી લદાયેલા હોવાથી નમ્ર બની માનવને સુખ આપતા. તેમના રાજ્યમાં સર્વ પુરુષો એકપત્નીવ્રતી હતા અને સ્ત્રીઓમાં એવી કોઈ નહોતી, જે પાતિવ્રત ધર્મનું પાલન ન કરતી હોય. આ રીતે રામરાજ્ય મહામંગલમય, અનુપમ અને માત્ર શ્રવણથી પણ કલ્યાણકારક હતું.

❖ **સ્કન્દપુરાણ**

रामराज्ये तदा लोका हर्षनिर्भरमानसाः ।
बभूवुर्धनधान्याढ्याः पुत्रपौत्रयुता नराः ॥

कामवर्षी च पर्जन्यः सस्यानि गुणवन्ति च ।
गावस्तु घटदोहिन्यः पादपाश्च सदाफलाः ।।

નિષ્કર્ષરૂપે કહેવામાં આવે તો, તે સમયમાં શ્રીરામના રાજ્યમાં સર્વ લોકો હર્ષથી પરિપૂર્ણ હતા. સૌ ધન-ધાન્યથી સમૃદ્ધ હતા અને દરેકને પુત્ર-પૌત્ર પ્રાપ્ત હતા. વાદળો ઈચ્છાનુસાર વરસાદ વરસાવતા, અન્ન ગુણવત્તાયુક્ત હતું, ગાયો ભરપૂર દુધ આપતી અને વૃક્ષો સર્વ ઋતુઓમાં ફળ આપતા. કોઈ શારીરિક રોગ કે માનસિક વ્યથા નહોતી. સ્ત્રીઓ પતિવ્રતા અને પુરુષો પિતૃભક્ત હતા. બ્રાહ્મણો વેદાધ્યયનમાં નિરત, ક્ષત્રિયો બ્રાહ્મણસેવી અને વૈશ્યો ગૌ-બ્રાહ્મણ ભક્તિમાં તત્પર હતા. ત્યાં ન વર્ણસંકર હતો, ન આચારસંકર. કોઈ સ્ત્રી વંધ્યા, દુર્ભાગી કે સંતાનમરણવાળી નહોતી. કોઈ વિધવા નહોતી અને કોઈ માતા, પિતા કે ગુરુનો અપરાદર કરતો નહોતો.

❖ **શ્રીરામચરિતમાનસ**

राम राज बैठें त्रैलोका ।
हरषित भए गए सब सोका ।।

શ્રીરામચન્દ્રજી રાજ્યાસન પર બિરાજમાન થતાં જ ત્રિલોક હર્ષિત થઈ ગયા અને સર્વ શોકો નષ્ટ થઈ ગયા. કોઈ કોઈ પ્રત્યે વૈર રાખતો નહોતો. શ્રીરામના પ્રતાપથી આંતરિક અસમાનતા નાશ પામી.

बरनाश्रम निज निज धरम निरत बेद पथ लोक ।
चलहिं सदा पावहिं सुखहिं नहिं भय शोक न रोग ।।

રામરાજ્યમાં દૈહિક, દૈવિક અને ભૌતિક તાપ કોઈને પણ વ્યાપતા નહોતા. સર્વ મનુષ્યો પરસ્પર પ્રેમથી વર્તતા, વેદમાર્ગ અનુસાર પોતાના સ્વધર્મનું પાલન કરતા. ધર્મ પોતાના ચાર ચરણો - સત્ય, શૌચ, દયા અને દાન - સહિત જગતમાં પૂર્ણરૂપે વ્યાપી રહ્યો હતો. સ્વપ્નમાં પણ પાપ નહોતું. પુરુષો અને સ્ત્રીઓ સર્વે રામભક્તિમાં લીન હતા અને સર્વે પરમગતિ (મોક્ષ)ના અધિકારી હતા. કોઈ અકાળમૃત્યુ ન હતી, ન કોઈ પીડા. સૌના શરીર સુન્દર અને નીરોગી હતા. ન કોઈ દરિદ્ર, ન દુખી, ન દીન. ન કોઈ મૂર્ખ કે શુભ લક્ષણોથી વંચિત. સૌ દંભરહિત, ધર્મપરાયણ અને પુણ્યાત્મા હતા. પુરુષ અને સ્ત્રીઓ સર્વે ચતુર અને ગુણવાન હતા. સૌ ગુણગ્રાહક, પંડિત, જ્ઞાની અને કૃતજ્ઞ હતા; કયાંય કપટ કે ધૂર્તતા જોવા મળતી નહોતી.

સંતો આ ધરતીના આદર્શ સ્વરૂપ છે. તેમની પાસેથી જીવન જીવવાની કળા શીખવા મળે છે. સાંસારિક પ્રેમ જ ઈશ્વરીય પ્રેમ તરફ જવાનો માર્ગ છે. જે વ્યક્તિ આ સંસારના સર્વ પ્રાણીઓના દુઃખ-દર્દને સમજવા સમર્થ બને છે, તે જ ઈશ્વરને સાચા અર્થમાં સમજે છે. સંતોની ભક્તિમાં સાંસારિક ઉત્થાનનો સમન્વય રહેલો હોય છે; આ કારણસર સંતોની ભક્તિ અને તેમના વિચારોનો સમાજ પર ઊંડો પ્રભાવ પડે છે. સંતોની વાણી સમાજના સર્વાંગીણ વિકાસ માટે સંજીવની ઔષધિ સમાન કાર્ય કરે છે. સંતોએ પોતાની વાણી દ્વારા સમાજમાં વ્યાપ્ત કુરીતિઓ સામે વિદ્રોહ કર્યો. તેમણે જાતિ કે ધર્મને નહીં, પરંતુ નૈતિક શુદ્ધતાને વિશેષ મહત્ત્વ આપ્યું. સંતસાહિત્યનું મુખ્ય લક્ષ્ય ભક્તિ હતું,

પરંતુ આ ભક્તિ સાથે ભાવસભર સંગીત, નૃત્ય અને અન્ય કલાઓનો પણ વિકાસ થયો. સંતોએ ભક્તિ માર્ગમાં 'નામ-સ્મરણ'ને શ્રેષ્ઠ ગણાવ્યું. ભારતભરમાં ભ્રમણ કરીને સંતોએ જ્ઞાનની ધારા વહાવી - સંત નામદેવ, રામાનંદ, કબીર અને રૈદાસ જેવા કવિઓએ તીર્થયાત્રા તથા પ્રવાસ દરમિયાન પોતાની ભાવસભર વાણીના પ્રકાશમાં નર-નારીને આદર્શ જીવનપથ દર્શાવ્યો.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે સંતસાહિત્ય એ જ્ઞાનની એવી અવિરત ધારા છે, જેમાં સામાજિક ઉત્થાનની તરંગો સતત ઉદ્‌ભવતી રહે છે. સંતોએ સામાજિક એકતા અને નૈતિકતાને વિશેષ પ્રોત્સાહન આપ્યું છે.

## ૧.૭ સાધુ સંતો અને મહાપુરુષોનો સમાજ પર પ્રભાવ

"संत हृदय नवनीत समाना, कहा कविन्ह पै कहै न जाना ।
निज परिताप द्रवै नवनीता, पर दुःख द्रवै सुसंत पुनीता ।।

અર્થાત્ ગોસ્વામી તુલસીદાસજીએ સંતોના હૃદયને માખણ કરતાં પણ વધુ કોમળ ગણાવ્યું છે; કારણ કે માખણ તો પોતાનાં તાપથી પિગળે છે, જ્યારે પરમ પવિત્ર સંત અન્યના દુઃખથી દ્રવી જાય છે. સંતોની આ સ્વભાવવૃત્તિ તેમને જગતના ઉદ્ધારક તરીકે પ્રતિષ્ઠિત કરે છે. જે મનુષ્ય મનુષ્ય સાથે પ્રેમ કરવાનું જાણે છે, તે જ ઈશ્વર સાથે પણ પ્રેમ કરી શકે છે. જે આ સંસારના સર્વ પ્રાણીઓના દુઃખ-દર્દને સમજે છે, તે જ સંતભાવને આત્મસાત કરે છે. સંતોની ભક્તિમાં સાંસારિક ઉત્થાનનો સમન્વય રહેલો હોવાથી સંતોના ઉચ્ચ આદર્શો, ઉન્નત વિચારો અને અંતસ્તલની પવિત્રતાનો સમાજ પર પ્રભાવ પડવો સ્વાભાવિક છે.

સંતોની ભક્તિમાં ઈશ્વરની એકતાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેમનો મત છે કે ઈશ્વર એક છે અને સંસારના સર્વ પ્રાણી એ જ ઈશ્વરના અંશ છે. જો કોઈ જીવને કષ્ટ આપવામાં આવે છે, તો તે ઈશ્વરને કષ્ટ આપવાનો સમાનાર્થક છે - અને આવા ઘૃણાસ્પદ કર્મ માટે ઈશ્વર કદી ક્ષમા આપતો નથી. સંતોના આ વિચારો સમાજમાં સાત્વિક વિચારધારાનું બીજારોપણ કરે છે.

સંતોની વાણી સમાજના સર્વાંગીણ વિકાસ માટે સંજીવની સમાન છે. મલૂકદાસજીએ કહ્યું છે -

"तेड-तेड नगर उजाड हैं, जहाँ साधु ना हीं"

(અર્થાત્ જ્યાં સંતો નથી, તે નગર ઉજ્જડ બની જાય છે.) વાસ્તવમાં સંતો મહાન છે, કારણ કે તેઓ ભૌતિક જગતને સર્વ પ્રકારના સંતાપોથી મુક્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે.

❖ **વિવેચના :**

સંતોની ભક્તિનો સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઊંડો પ્રભાવ પડ્યો. સંતોએ ધર્માંધતા, રૂઢિઓનું અંધાનુકરણ, જાતિવાદી ભેદભાવ અને સંપ્રદાયિક કટ્ટરતા જેવી વિઘટનકારી પ્રવૃત્તિઓ સામે સ્પષ્ટ વિદ્રોહ વ્યક્ત કર્યો. તેમણે માનવીની મહત્તાનું મૂલ્યાંકન તેના સદાચારના આધારે કર્યું. વ્યક્તિ કે જાતિને નહીં, પરંતુ નૈતિક શુદ્ધતાને મહત્ત્વ આપ્યું.

પરિણામે સમાજમાં નૈતિકતાનો વિકાસ થયો. ડૉ. રાધાકૃષ્ણમૂર્તિ પણ આ વાત સ્વીકારે છે -

''આ રીતે પતિત લોકો માટે સંતોની વાણી પરમ સંજીવની ઔષધિ સમાન બની, શાંતિ પ્રદાન કરીને તેમની નિરાશા અને દુઃખ દૂર કરી, ઉત્સાહપૂર્ણ જીવન જીવવાનો અમર સંદેશ આપે છે.''

સંતકાવ્ય સાધનાપરક અને લોકમંગલનું કાવ્ય છે. સંતસાહિત્યનું મુખ્ય લક્ષ્ય ભક્તિ હતું, પરંતુ આ ભક્તિ સાથે ભાવસભર સંગીત, નૃત્ય અને અન્ય કલાઓનો પણ વિકાસ થયો. આ વિકાસમાં સંતોનું યોગદાન અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ડૉ.નગેન્દ્રે પણ કહ્યું છે - ''સંતકાવ્યનું લક્ષ્ય સામાન્ય, અશિક્ષિત જનતામાં સત્યનું પ્રતિપાદન કરવું, કરણી-કથની વચ્ચેના અંતરને દૂર કરવું અને 'નામ'ના માધુર્યને જનસામાન્ય સુધી પહોંચાડવું હતું.''

આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે સમાજમાં પૂજા-અર્ચના સાથે સંકળાયેલી જટિલ ક્રિયાઓની તીવ્ર ટીકા કરવામાં આવી અને ભક્તિની સરળ પદ્ધતિ તરીકે 'નામ-સ્મરણ'ને શ્રેષ્ઠ ગણાવવામાં આવ્યું.

સંતોનું જીવન ગંગાની પવિત્ર ધારા સમાન નિર્મળ રીતે વહેતું રહ્યું છે. લગભગ તમામ સંતોએ સમગ્ર ભારતભરમાં ભ્રમણ કરીને પોતાના ઉપદેશોથી સમાજના તમામ વર્ગોને જ્ઞાન અને દિશા આપી. સંત નામદેવ, કબીર, રૈદાસ, ગુરુનાનક વગેરે સંતોએ પોતાની ભક્તિમય વાણી દ્વારા નર-નારી સૌ માટે સમાજોપયોગી આદર્શો સ્થાપિત કર્યા.

આજે સમાજમાં ઊંચ-નીચ, જાતિ-પાંતિ અને અસ્પૃશ્યતા જેવી ભાવનાઓ ધીમે ધીમે ક્ષીણ થઈ રહી છે - તેમાં સંતોની વાણીનું યોગદાન વિશેષ છે. સંત રૈદાસે સમજાવતા કહ્યું -

"जुगलिया चाम का सारा.
बता रे मिश्रा कौन चाम से न्यारा ॥
चाम की माता, चाम के पिता, चाम का जननहारा ॥
चाम की गाय, चामरा बछड़ा, चाम का दुहनहारा.
चाम का ऊँट, चाम का नगाड़ा, चाम का बजावन हारा
चाम का हस्ति, चाम का घोड़ा, चाम का जगत व्यवहारा ॥
कह रविदास सुनो रे विप्रो-
जो चाम से न्यारा सो गुरु हमारा ॥ "

આ પંક્તિઓ દ્વારા સંત રૈદાસે વિવિધ ઉપમાઓથી એક તત્ત્વની સર્વવ્યાપકતા સિદ્ધ કરી છે.

સમાજમાં ફેલાયેલા અંધવિશ્વાસો - ખાસ કરીને મૂર્તિપૂજા, પુનર્જન્મ વગેરે અંગેની ભ્રાંતિઓ - વિરુદ્ધ સંત કબીરની નીચેની કાવ્યપંક્તિઓ પ્રસિદ્ધ છે -

"मैं कहता हैं आँखिन देखी, तू कहता कागद की लेखी.
मैं कहता सुरझावन हारी तू राख्यो उरझाई रे. ॥"

આ પંક્તિઓ સ્વયં કબીરદાસજીની જીવનશૈલીની પ્રતિબિંબરૂપ છે.

સંતસાહિત્ય એ ભાવધારા છે, જેમાં સામાજિક ઉત્થાનની તરંગો સતત ઉઠતી રહી છે.

તે કાલજયી સાહિત્ય છે, જેનું જ્ઞાનભંડાર અનંતકાલ સુધી માનવસમાજને વિકાસ અને સૌહાર્દનો માર્ગ દર્શાવતું રહેશે. સાબરમતીના સંત મહાત્મા ગાંધીજીએ કોઈ પંથ કે મત સ્થાપ્યો નહીં, પરંતુ તેમના સત્ય અને અહિંસા આધારિત ઉપદેશો ભારતભૂમિ માટે ગીતા સમાન બન્યા. કવિ ભવાની પ્રસાદ મિશ્રે ગાંધીજીની ખોટને આ રીતે વ્યક્ત કરી છે -

"तुम्हारा चला जाना /जैसा जला जाना
प्रलय काल के सूरज का
देश की हरियाली को
तब से कुछ नहीं भर पाया है
इस खाली को
जहाँ नजरें जाती हैं, सिर्फ दुःख उठाती हैं
सुख कहीं नहीं मिलता"

ઉપરોક્ત વિવેચનથી સ્પષ્ટ થાય છે કે સંતોની ભક્તિનો સમાજ પર વાસ્તવિક અને ઊંડો પ્રભાવ પડ્યો છે, જેને નકારવું શક્ય નથી.

## ૧.૮ ઉપસંહાર

ઉપરોક્ત ચર્ચાના આધારે સ્પષ્ટ થાય છે કે સંસ્કૃતિ કોઈ એકક, સ્થિર કે સીમિત સંકલ્પના નથી, પરંતુ માનવજીવનના સર્વાંગીણ વિકાસની એક જીવંત, ગતિશીલ અને બહુઆયામી પ્રક્રિયા છે. સંસ્કૃત ભાષામાંથી ઉત્પન્ન થયેલો 'સંસ્કૃતિ' શબ્દ માનવીના આંતરિક પરિમાર્જન, શુદ્ધિકરણ અને પરિષ્કારની ભાવનાને પ્રગટ કરે છે, જ્યારે અંગ્રેજી 'Culture' શબ્દ પણ માનવજીવનને સંવર્ધિત અને પરિષ્કૃત બનાવવાની પ્રક્રિયા તરફ સંકેત કરે છે. આથી સંસ્કૃતિ એ માનવીના શારીરિક, માનસિક, નૈતિક અને આત્મિક વિકાસની સમન્વિત અભિવ્યક્તિ છે.

ભારતીય સંસ્કૃતિની વિશેષતા એ છે કે તે ચિરંતન હોવા છતાં પરિવર્તનશીલ રહી છે. વેદ, ઉપનિષદો, ગીતા અને ષડ્દર્શનો દ્વારા પ્રતિપાદિત આધ્યાત્મિક દૃષ્ટિકોણે ભારતીય સંસ્કૃતિને વિશિષ્ટ ઓળખ આપી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા પુરુષાર્થોની સુસંગત વ્યવસ્થા માનવીને ભૌતિક જીવન સાથે આધ્યાત્મિક ઉન્નતિ તરફ પણ પ્રેરિત કરે છે. કર્મફળ, પુનર્જન્મ, યજ્ઞપરંપરા, વર્ણાશ્રમ-વ્યવસ્થા તથા સંસ્કારોની પરંપરાએ ભારતીય સમાજને કર્તવ્યબોધ, નૈતિકતા અને સામૂહિક સુખની દિશામાં દોરી છે.

સંસ્કૃતિ જ્યારે વ્યક્તિગત સ્તરે વ્યક્તિત્વનું નિર્માણ કરે છે, ત્યારે સામૂહિક સ્તરે રાષ્ટ્રીય ચેતનાનો વિકાસ કરે છે. આ રાષ્ટ્રીય ચેતનાના આધારે સાહિત્ય, ધર્મ, દર્શન અને સામાજિક મૂલ્યો વિકસે છે. ભારતીય સંસ્કૃતિની સહિષ્ણુતા, સર્વગ્રાહ્યતા અને આધ્યાત્મિકતા તેને વિશ્વવંદ્ય બનાવે છે. અંતે કહી શકાય કે સંસ્કૃતિ માનવજીવનને માત્ર શોભિત કરતી નથી, પરંતુ તેને અર્થસભર, ઉદ્દેશ્યપૂર્ણ અને ઉન્નત બનાવવાનો માર્ગ પણ દર્શાવે છે.

આધુનિક યુગમાં પણ ભારતભૂમિ સંતોથી સમૃદ્ધ છે. તેમના જ્ઞાન અને ભક્તિના સંયોગથી સાંસારિક મનુષ્યોને સન્માર્ગે ચાલવાની પ્રેરણા મળી છે. સંતોએ સામાજિક એકતા અને નૈતિકતાને વિશેષ પ્રોત્સાહન આપ્યું, જેના કારણે નીચી જાતિના લોકોમાં રહેલી હીનભાવના નષ્ટ થઈ.

સાથે સાથે સ્ત્રીઓને પણ સમાજમાં સમાન અધિકાર અને સન્માન પ્રાપ્ત થયું. સંતોની મંગલમય વાણીના પ્રકાશમાં ભક્તિભાવનાનું સર્વત્ર અને સમાન રૂપે પલ્લવન થયું છે.

❖ **સ્વાધ્યાય :**

૧. સંસ્કૃતિ' શબ્દની વ્યુત્પત્તિ અને તેના વિવિધ અર્થો સમજાવી સંસ્કૃતિના માનવજીવનમાં રહેલા મહત્ત્વ પર વિસ્તૃત ચર્ચા કરો.

૨. ભારતીય સંસ્કૃતિની મુખ્ય વિશેષતાઓનું વિશ્લેષણ કરો અને તેમાં આધ્યાત્મિકતાની કેન્દ્રિય ભૂમિકાને સ્પષ્ટ કરો.

૩. ભારતીય સંસ્કૃતિને ચિરંતન અને પરિવર્તનશીલ કેમ કહેવાય છે? ડૉ. બલદેવ પ્રસાદ મિશ્રના વિચારોના સંદર્ભમાં સમજાવો.

૪. પુરુષાર્થ-ચતુષ્ટય (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) ભારતીય સંસ્કૃતિમાં કેવી રીતે સર્વાંગીણ માનવઉન્નતિનો માર્ગ દર્શાવે છે? વિગતે સમજાવો.

૫. ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારોની પરંપરાનું મહત્ત્વ સમજાવી ‘સેક્રામેન્ટ’ની કલ્પનાનુસાર તેની તુલનાત્મક ચર્ચા કરો.

❖ **ટૂંકનોંધો લખો :**

૧. ‘સંસ્કૃતિ’ શબ્દનો સંસ્કૃત અને અંગ્રેજી વ્યુત્પત્તિ આધાર

૨. ભારતીય સંસ્કૃતિમાં આધ્યાત્મિકતાનું સ્થાન

૩. ભારતીય સંસ્કૃતિની સહિષ્ણુતા અને સંમિશ્રણ સ્વભાવ

૪. પુનર્જન્મ અને કર્મફળ સિદ્ધાંત

૫. વર્ણવ્યવસ્થા : ઉદ્દેશ અને તત્ત્વ

❖ **તમારી પ્રગતિ ચકાસો** :

૧. સંતોની ભક્તિનો ભારતીય સમાજના નૈતિક, સામાજિક તથા સાંસ્કૃતિક જીવન પર પડેલ વ્યાપક પ્રભાવ વિગતે સમજાવો.

૨. સંતસાહિત્યને ‘સામાજિક ઉત્થાનની જ્ઞાનધારા’ કેમ કહેવાય છે? ઉદાહરણો સહિત ચર્ચા કરો.

૩. સંતોએ જાતિભેદ, અંધવિશ્વાસ અને ધર્માંધતા સામે કઈ રીતે વિદ્રોહ વ્યક્ત કર્યો છે? વિગતવાર વિશ્લેષણ કરો.

૪. ‘નામ-સ્મરણ’ને સંતોએ શ્રેષ્ઠ ભક્તિમાર્ગ કેમ ગણાવ્યો? સંતકાવ્યના સંદર્ભમાં સમજાવો.

૫. સંત રૈદાસ અને સંત કબીરના વિચારોના આધારે સમાજમાં સમાનતા અને માનવમૂલ્યોની સ્થાપનાની ચર્ચા કરો.

❖ **બહુવિકલ્પી પ્રશ્નો (MCQ) :**

૧. 'સંસ્કૃતિ' શબ્દ કયા ઉપસર્ગ અને ધાતુથી નિષ્પન્ન થયો છે ?

A) 'વિ' + કૃ B) 'સમ' + કૃ

C) 'સુ' + જન D) 'પરિ' + ભૂ

૨. અંગ્રેજી 'Culture' શબ્દનો મૂળ અર્થ કયો છે ?

A) શિક્ષણ આપવું B) શાસન કરવું

C) કર્ષણ અથવા કૃષિકર્મ કરવું D) ધાર્મિક વિધિ કરવી

૩. વેબસ્ટર શબ્દકોશ અનુસાર Culture નો અર્થ નીચેના પૈકી કયો નથી ?

A) માનસિક પ્રયત્ન દ્વારા પ્રાપ્ત પ્રકાશ

B) શારીરિક અને માનસિક સુધારણા

C) સ્વાભાવિક રીતે પ્રાપ્ત થયેલી ગુણવત્તા

D) પરિષ્કાર અથવા અનુશાસન

૪. કે. એમ. મુન્શી અનુસાર સંસ્કૃતિનો મુખ્ય અર્થ કયો છે ?

A) જીવનની ભૌતિક સુવિધાઓ

B) જીવન પ્રત્યેનો માનવીનો દૃષ્ટિકોણ

C) સામાજિક કાયદા અને નિયમો

D) પરંપરાગત રિવાજો

૫. ભારતીય સંસ્કૃતિમાં કયો પુરુષાર્થ અંતિમ લક્ષ્ય માનવામાં આવે છે ?

A) અર્થ B) કામ

C) ધર્મ D) મોક્ષ

૬. ભારતીય સંસ્કૃતિમાં કઈ વિશેષતા આધ્યાત્મિક અભિગમને પ્રતિબિંબિત કરે છે?

A) અધિકારબોધ B) ભૌતિકવાદ

C) કર્મફળ અને પુનર્જન્મની કલ્પના D) વૈજ્ઞાનિક ચિંતન

૭. નીચેના પૈકી કયા ગ્રંથોને ભારતીય જીવન-દર્શનનો આધાર ગણવામાં આવે છે?

A) રામાયણ અને મહાભારત

B) વેદ, ઉપનિષદ અને ગીતા

C) પુરાણો અને સ્મૃતિગ્રંથો

D) જૈન આગમો અને ત્રિપિટક

૮. ભારતીય સંસ્કૃતિમાં ગૃહસ્થ માટે નિર્ધારિત મહાયજ્ઞોની સંખ્યા કેટલી છે?

A) ત્રણ B) ચાર

C) પાંચ D) સાત

૯. 'સેક્રામેન્ટ' શબ્દનો અર્થ શું થાય છે?

A) સામાજિક કરાર

B) રાજકીય સંસ્થા

C) આંતરિક આત્મિક સૌંદર્યનું બાહ્ય પ્રતીક

D) માત્ર ધાર્મિક ગ્રંથ

૧૦. પુરુષસૂક્ત અનુસાર સમાજને કેટલા વર્ણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે?

A) બે B) ત્રણ

C) ચાર D) પાંચ

**************************

# એકમ - 2
# ભારતીય સંસ્કૃતિની જાળવણી

૨.૦ ઉદ્દેશ્ય

૨.૧ પ્રસ્તાવના

૨.૨ અર્થ અને મહત્ત્વ

૨.૩ ઋષિ સંસ્કૃતિને પુનર્જીવિત રાખવા

૨.૪ કર્મકાંડ

૨.૫ સંસ્કૃતિ ધન કમાવવાનું સાધન ?

૨.૬ મંત્ર અને ચિહ્નો

૨.૭ ઉપસંહાર

૨.૮ સ્વાધ્યાય કાર્ય

## ૨.૦ ઉદ્દેશ્ય

ભારતીય સંસ્કૃતિની જાળવણીનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં ભારતની પ્રાચીન અને સમૃદ્ધ સંસ્કૃતિ, ઋષિ પરંપરા, નૈતિક મૂલ્યો, જીવનદર્શન તથા વૈજ્ઞાનિક વિચારધારાની સમજ વિકસાવવાનો છે. આપણા ઋષિમુનિઓ દ્વારા આપવામાં આવેલી વેદ, ઉપનિષદ, યોગ, આયુર્વેદ અને આધ્યાત્મિક ચિંતન માનવજીવનને સંતુલિત અને શિસ્તબદ્ધ બનાવે છે, તેની મહત્તા વિદ્યાર્થીઓ સમજે તે જરૂરી છે. આ વિષય દ્વારા આપણી પરંપરા અને આધુનિકતામાં સંતુલન રાખવાની સમજ, સંસ્કારસભર જીવનશૈલી અપનાવવાની પ્રેરણા અને ભારતીય તહેવારો, ભાષા, કલા તથા વારસાની કદર કરવાની ભાવના વિકસે છે. પરિણામે વિદ્યાર્થીઓમાં આત્મગૌરવ, સહિષ્ણુતા, એકતા અને જવાબદાર નાગરિકત્ત્વનો વિકાસ થાય છે તથા તેઓ ભારતીય સંસ્કૃતિની ધરોહરને ભાવિ પેઢી માટે જાળવવા પ્રેરિત બને છે.

## ૨.૧ પ્રસ્તાવના

ભારત ઘણી પ્રાચીન સંસ્કૃતિઓનું કેન્દ્ર રહ્યું છે. અહીં માનવજીવન માત્ર ભૌતિક સુખ સુધી મર્યાદિત નથી, પણ આધ્યાત્મિક, નૈતિક અને માનવતાવાદી મૂલ્યો પર આધારિત છે. ભારતીય સંસ્કૃતિ મનુષ્યને આત્મજ્ઞાન તરફ દોરી જાય છે અને જીવનને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા પુરુષાર્થો દ્વારા સુસંગત બનાવે છે. સંસ્કૃતિ શબ્દમાં પરંપરા, મૂલ્ય, કલાકૃતિ, ભાષા, સાહિત્ય, ધર્મ, વિધિ, જ્ઞાન અને જીવનદર્શનોનો સમાવેશ થાય છે. તેથી ભારતીય સંસ્કૃતિને સમજવું એટલે ભારતીય જીવનમૂલ્યોને સમજવું.

ઈતિહાસ સાક્ષી આપે છે કે હજારો વર્ષોમાં અનેક વિદેશીઓએ ભારત પર આક્રમણ કર્યું, શાસકો બદલાયા, સમાજમાં સુધારાના આંદોલનો આવ્યા, ભૌતિકવાદ વધ્યો, પણ ભારતીય સંસ્કૃતિનું મૂળ તત્ત્વ કદી ખોવાયું નથી. આની પાછળનો મુખ્ય આધાર એ હતો કે ભારતીય સંસ્કૃતિ સજીવ સંસ્કૃતિ છે. તે સ્થિર નથી, પરંતુ સમય સાથે ચાલતી રહી છે. નવી પેઢીના પ્રમાણભૂત જીવન સાથે સંસ્કૃતિએ પોતાની રક્ષા કરી છે.

આજના યુગમાં જ્યારે વૈશ્વિકીકરણ, ટેક્નોલોજી, ઉપભોક્તાવાદ અને ભૌતિકતાવાદ સમાજને પ્રભાવિત કરી રહ્યા છે ત્યારે સંસ્કૃતિની જાળવણી વધુ આવશ્યક બની ગઈ છે. જો સંસ્કૃતિ ટકી રહેશે તો મૂલ્યો ટકશે, અને જો મૂલ્યો ટકશે તો સમાજ સુસંગતતા, સ્વશાસન, સહકાર અને નૈતિકતા તરફ આગળ વધશે.

## ૨.૨ પ્રસ્તાવના

'જાળવણી' શબ્દનો અર્થ છે જે મૂલ્યવાન છે તેને સાચવી રાખવું તેમજ નવી પેઢીને આપણી ઓળખરૂપે હસ્તાંતર કરવી. સંસ્કૃતિની જાળવણીનો હેતુ એ નથી કે ભૂતકાળને જરૂરિયાત વિના પુનરાવર્તિત કરીએ, પરંતુ ભૂતકાળના સારને આધુનિક સમયના પરિપ્રેક્ષ્યમાં જીવંત રાખીએ.

ભારતીય સંસ્કૃતિની જાળવણીનું મહત્ત્વ ચાર મુદ્દાઓમાં સમજી શકાય છે :

❖ **૨.૨.૧ વ્યક્તિગત મહત્ત્વ :**

સંસ્કૃતિ વ્યક્તિને જીવનની ઓળખ આપે છે. વ્યક્તિ કેવી રીતે વિચારે છે, કેવી રીતે વર્તે છે, કેવી રીતે સમાજ સાથે જોડાય છે તે બધુ સંસ્કૃતિથિ નક્કી થાય છે. સત્ય, અહિંસા, દાન, કરુણા, ક્ષમા, પરોપકાર જેવા મૂલ્ય વ્યક્તિના આંતરિક વિકાસમાં મદદરૂપ છે.

❖ **૨.૨.૨ સામાજિક મહત્ત્વ :**

સંસ્કૃતિ સમાજને એકીકૃત બનાવે છે. ભારતીય સમાજમાં પરિવારની પદ્ધતિ, સંસ્કારપદ્ધતિ, તહેવાર, પરંપરા, ભાષા અને વિહાર બધા સંસ્કૃતિના અંગો છે. જો સંસ્કૃતિ દૂર થઈ જાય તો સમાજ વિખેરાઈ જાય છે.

❖ **૨.૨.૩ રાષ્ટ્રીય મહત્ત્વ :**

સંસ્કૃતિ રાષ્ટ્રના સ્વરૂપને નિર્ધારિત કરે છે. રાષ્ટ્ર માત્ર ભૂખંડ નહિ પરંતુ તેની સામૂહિક સ્મૃતિ, પરંપરા અને જીવનદર્શનોનું પ્રતીક છે. ભારતની રાષ્ટ્રીય ઓળખ તેનો સાંસ્કૃતિક વારસો છે.

❖ **૨.૨.૪ વૈશ્વિક મહત્ત્વ :**

ભારતીય સંસ્કૃતિ માત્ર ભારત સુધી મર્યાદિત નથી. યોગ, આયુર્વેદ, ધ્યાન, અહિંસા અને માનવતાવાદ વિશ્વમાં સ્વીકારાઈ ચૂક્યા છે. તેથી ભારતીય સંસ્કૃતિની જાળવણી વૈશ્વિક કલ્યાણ માટે લાભદાયક છે.

## ૨.૩ ઋષિ સંસ્કૃતિને પુનર્જીવિત રાખવા

ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં ઋષિઓની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ રહી છે. હરપ્પા સંસ્કૃતિના પતન બાદ ગંગા, યમુના પ્રદેશમાં જયારે નવી આર્ય સંસ્કૃતિનો વિકાસ થયો ત્યારે ઋષિઓએ આધ્યાત્મિકતા, જ્ઞાન અને નૈતિક મૂલ્યોનું માર્ગદર્શન આપ્યું. વેદો, ઉપનિષદો અને અન્ય વૈદિક સાહિત્ય આ ઋષિ પરંપરાનું જીવંત પુરાવો છે.

ઋષિ સંસ્કૃતિની વિશેષતા એ હતી કે તેઓ પ્રકૃતિ સાથે સમન્વય, માનવ જીવનમાં શિસ્ત, જિજ્ઞાસા, નૈતિકતા, અને જ્ઞાનપ્રાપ્તિ પર ભાર મૂકતા. તેમની પાસે જીવનનું અંતિમ ધ્યેય 'મોક્ષ' તરીકે માનવામાં આવતું, જે ધર્મ, અર્થ, કામ અને અંતે કર્મયોગી જીવન થકી પ્રાપ્ત થતું હતું.

આ સંસ્કૃતિ આધ્યાત્મિકતાને વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞાન સાથે જોડે છે. તેથી આજે પણ વિશ્વ ઋષિ પરંપરા, યોગ, ધ્યાન, વેદો અને ઉપનિષદોને મહત્ત્વ આપે છે.

### ❖ ૨.૩.૧ આધ્યાત્મિકતા અને જ્ઞાનની પરંપરા :

ઋષિઓએ આત્મા અને બ્રહ્મના સંબંધનું તત્ત્વજ્ઞાન વિકસાવ્યું. તેઓ માનતા કે સાચું જ્ઞાન માત્ર બુદ્ધિથી નહીં પરંતુ અનુભવ અને ચિંતનથી પ્રાપ્ત થાય. વેદો, ઉપનિષદો અને ગીતા જેવી કૃતિઓ આ જ જ્ઞાન પરંપરાને પ્રતિબિંબિત કરે છે.

### ❖ ૨.૩.૨ ગુરુકુળ પદ્ધતિ અને શિક્ષણ :

વૈદિક સમયગાળામાં ગુરુકુળ શિક્ષણ પદ્ધતિ હતી, જેમાં વિદ્યાર્થી ગુરુના આશ્રમમાં રહીને બ્રહ્મચર્યાશ્રમ જીવતા. અહીં જ્ઞાન સાથે શિસ્ત, સેવાનો ભાવ, સ્વનિયંત્રણ અને ચરિત્ર ઘડતર પર ભાર મૂકાતો. આજના સમયમાં શિક્ષણ પદ્ધતિ વધુ પ્રમાણમાં વ્યાવસાયિક બની ગઈ છે, તેથી ઋષિ પરંપરાનું મૂલ્ય ફરી જાગૃત કરવું જરૂરી છે.

વૈદિક સમયમાં શિક્ષણનું ઉદ્દેશ માત્ર માહિતીપ્રદાન નહોતું પરંતુ માનવીનું સર્વાંગી વ્યક્તિત્વ નિર્માણ હતું. શિક્ષણને જીવનનું સાધન માનવામાં આવતું હતું અને તેથી જ જ્ઞાન, શિસ્ત, કર્તવ્ય, ચરિત્ર અને આધ્યાત્મિકતા શિક્ષણના કેન્દ્રીય તત્ત્વો હતા. આ શિક્ષણ પ્રકૃતિ સાથે સંકલન, સામાજિક જવાબદારી અને આધ્યાત્મિક પરિપક્વતાને જન્મ આપતું હતું.

#### ❖ ૨.૩.૨.૧ ગુરુ-શિષ્ય સબંધ :

ગુરુકુળ પદ્ધતિમાં ગુરુ અને શિષ્યનો સંબંધ માત્ર જ્ઞાન પ્રદાન-પ્રાપ્તિ પૂરતો નહોતો પરંતુ આધ્યાત્મિક, નૈતિક અને ભાવનાત્મક આધાર પર ટકેલો હતો. વિદ્યાર્થી ગુરુના આશ્રમમાં રહેતા અને જીવનને નજીકથી સમજતા. ગુરુ જીવનપદ્ધતિ, વ્યવહાર અને આદર્શો દ્વારા જ્ઞાન જીવંત બનાવતો. આ સંબંધમાં વિશ્વાસ, આદર, કર્તવ્ય અને વિનમ્રતા મુખ્ય તત્ત્વ હતાં જે સંસ્કૃતિને સતત આગળ લઈ જતા.

### ❖ ૨.૩.૩ પ્રકૃતિપ્રેમ અને યજ્ઞ પરંપરા :

પ્રાચીન લોકો પ્રકૃતિશક્તિઓને દેવત્ત્વ સ્વરૂપે પૂજતા ઈન્દ્ર, અગ્નિ, વરૂણ, સૂર્ય વગેરે તેના ઉદાહરણ છે. અગ્નિ દ્વારા યજ્ઞ કરવો માત્ર ધાર્મિક વિધિ નહોતો પરંતુ સામાજિક એકતાનો અને પ્રાર્થનાનું પ્રતીક હતો. આ પરંપરાથી જીવજંતુઓ, પૃથ્વી અને પર્યાવરણ પ્રત્યે આદરનો ભાવ વિકસતો.

વૈદિક લોકો પ્રકૃતિની શક્તિઓને દેવત્વ સ્વરૂપે પૂજાતા દેવતા ઈન્દ્ર, અગ્નિ, વરૂણ, સૂર્ય વગેરે તેની સાબિતી છે. યજ્ઞો સામાજિક, ધાર્મિક અને વૈજ્ઞાનિક ત્રણેય અર્થોમાં મહત્ત્વ ધરાવતા.

યજ્ઞના ત્રણ હેતુ :

૧. પ્રાર્થના

૨. પર્યાવરણ સંરક્ષણ

૩. ભાવનાત્મક એકતા

અગ્નિને મનુષ્ય અને ઈશ્વર વચ્ચેના મધ્યસ્થ તરીકે માનવામાં આવતો. આજનો યુગ ઉદ્યોગ અને ભૌતિકતાના કારણે પ્રકૃતિથિ દૂર થઈ ગયો છે. તેથી ઋષિ દ્રષ્ટિ પ્રકૃતિ સંરક્ષણ માટે માર્ગદર્શક છે.

### ❖ ૨.૩.૪ નૈતિક મૂલ્યો અને ચાર આશ્રમવ્યવસ્થા :

વૈદિક સમાજમાં ચાર આશ્રમોની વ્યવસ્થા હતી

બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ

આ વ્યવસ્થાએ જીવનને માત્ર ભૌતિકતા નહિ પરંતુ નૈતિકતા અને આધ્યાત્મિકતાથી જોડ્યું હતું.

જ્ઞાન ઉપરાંત જીવન વ્યવસ્થાને પણ ઋષિએ સુવ્યવસ્થિત કરી.

ચાર આશ્રમ :

૧. બ્રહ્મચર્ય - વિદ્યાર્થીઓનું શિક્ષણ

૨. ગૃહસ્થ - કુટુંબ અને કાર્યજીવન

૩. વાનપ્રસ્થ - સંસારમાંથી મુક્તિ

૪. સંન્યાસ - આધ્યાત્મિક ઉન્નતિ

આ વ્યવસ્થા માનવને સંતુલિત જીવન જીવવાની દિશા આપે છે.

અનોખી પરંપરા છે. વેદો, યોગ, ગુરુકુળ અને આશ્રમવ્યવસ્થા દ્વારા માનવના બૌદ્ધિક, શારીરિક અને આધ્યાત્મિક વિકાસને વિશેષ સ્થાન મળ્યું હતું. આજના સમયમાં માનવજાત ફરીથી તણાવથી મુક્ત, પ્રકૃતિ સાથે સંકલિત અને શાંત જીવન શોધે છે. તેથી ઋષિ સંસ્કૃતિનું પુનર્જીવન આધારભૂત અને સમયોપયોગી છે ભારતીય સંસ્કૃતિનું કેન્દ્ર ઋષિ પરંપરા છે. ઋષિઓએ વેદો, ઉપનિષદો, સ્મૃતિ, દર્શન, ચિકિત્સા, સંગીત, ખગોળ, ગણિત અને યજ્ઞજ્ઞાનનું સંકલન કરી સમાજને જ્ઞાન અને આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું. આ પરંપરાનું અસ્તિત્વ ગુરુ-શિષ્ય પરંપરા, આશ્રમવ્યવસ્થા અને સ્વાધ્યાય દ્વારા સદીઓ સુધી ચાલ્યું. આધુનિક યુગમાં આ ઋષિ સંસ્કૃતિને પુનર્જીવિત કરવાનો અર્થ એ છે કે વૈદિક જ્ઞાન, યોગ, ધ્યાન, વેદાંત, સંગીત, સંસ્કૃત ભાષા, ઔષધજ્ઞાન તથા આધ્યાત્મિક પદ્ધતિઓને ફરીથી શિક્ષણ, સંશોધન અને સામાજિક સ્તરે જીવંત બનાવવી. સરકાર, યુનિવર્સિટી, સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ દ્વારા આ ક્ષેત્રમાં કાર્ય થવાથી યુવા પેઢીને પોતાના મૂળ સાથે સંપર્ક સ્થાપન થાય છે જે સંસ્કૃતિની જાળવણીમાં મહત્ત્વપૂર્ણ ઘટક છે.

### ❖ ૨.૩.૫ સ્ત્રીઓની માન્ય ભૂમિકા :

વૈદિક કાળમાં સ્ત્રીઓને શિક્ષણ, સ્વતંત્રતા અને સ્વયંવરનો અધિકાર હતો. તેમાંથી સાબિત થાય છે કે ઋષિ સંસ્કૃતિમાં સ્ત્રીની સન્માનનીય ભૂમિકા હતી, જે સમાજની પ્રગતિ માટે અત્યંત જરૂરી છે.

વૈદિક સમાજમાં સ્ત્રીનું સ્થાન માત્ર ઘરગથ્થુ ક્ષેત્ર પૂરતું સીમિત નહોતું, પરંતુ જ્ઞાન, વેદાધ્યયન, ચર્ચા, તત્ત્વચિંતન અને સામાજિક નિર્ણયો સુધી વિસ્તરેલું હતું. સ્ત્રીને માન્યતા,

સ્વતંત્રતા અને અધિકાર પ્રાપ્ત હતાં. આ પ્રાચીન પરંપરા ભારતીય સંસ્કૃતિમાં સમાનતાની ભાવનાને પ્રતિપાદિત કરે છે અને માનવજાતના વિકાસમાં સ્ત્રીના અધ્યાત્મિક અને બૌદ્ધિક યોગદાનને દર્શાવે છે.

❖ **૨.૩.૫.૧ શિક્ષિત સ્ત્રી :**

વૈદિક ગ્રંથોમાં ગાર્ગી, મૈત્રેયી, લોપામુદ્રા, કાત્યાયની જેવી અનેક ઋષિકાઓનો ઉલ્લેખ જોવા મળે છે. તેઓ સંસ્કૃત, વેદ, ઉપનિષદ, દર્શન તથા યોગમાં પારંગત હતી. 'વેદાધ્યયન'નો અધિકાર સ્ત્રીને હતો, જે દર્શાવે છે કે શિક્ષણ લિંગના આધાર પર મર્યાદિત નહોતું. આથી વૈદિક સમાજ બૌદ્ધિક સમાનતાના સિદ્ધાંતનું પ્રતિક છે.

❖ **૨.૩.૫.૨ સ્વતંત્રતા :**

વૈદિક સ્ત્રીને વિચાર, અભિવ્યક્તિ અને જીવનના મહત્ત્વના નિર્ણયો લેવાની સ્વતંત્રતા હતી. આ સ્વતંત્રતા માત્ર સામાજિક જ નહીં પરંતુ ધાર્મિક અને બૌદ્ધિક ક્ષેત્રોમાં પણ જોવા મળે છે. સ્ત્રીને યજ્ઞમાં ભાગ લેવાનો, મંત્રોચ્ચાર કરવાનો, અને ઔષધપ્રયોગો સહિત વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓમાં જોડાવાનો અધિકાર હતો. આ દર્શાવે છે કે સ્ત્રી સમાજનો સક્રિય અંગ હતી, નિષ્ક્રિય દર્શક નહીં.

❖ **૨.૩.૫.૩ સ્વયંવરનો અધિકાર :**

વૈદિક યુગમાં સ્ત્રીને પોતાના જીવનસાથીની પસંદગી કરવાની છૂટ હતી જેને સ્વયંવર કહેવાતું. આ પ્રક્રિયા સ્ત્રીના સ્વમાન અને ઈચ્છાને કેન્દ્રસ્થાને મૂકતી. આ સિદ્ધાંત લિંગસમાનતા અને વ્યક્તિગત અધિકારનું પ્રતીક છે, જે આજના આધુનિક લોકશાહી મૂલ્યો સાથે મેળ ખાય છે. આ સામાજિક વ્યવસ્થાથી સ્ત્રીને માન્યતા અને સ્વતંત્રતા બન્ને મળતી.

❖ **૨.૩.૫.૪ ચર્ચામાં ભાગ અને તત્ત્વચર્ચા :**

વૈદિક સ્ત્રીઓ ધાર્મિક અને તત્ત્વજ્ઞાનિક ચર્ચામાં ભાગ લઈ શકતી. બ્રહ્મસૂત્ર, ઉપનિષદ સંવાદ અને આશ્રમવ્યવસ્થામાં સ્ત્રીઓનું બૌદ્ધિક યોગદાન સ્પષ્ટ દેખાય છે. ગાર્ગી અને યાજ્ઞવલ્ક્ય વચ્ચે થયેલા ચર્ચા-વિવાદ તેનું પ્રમાણ છે. આ દર્શાવે છે કે જ્ઞાનક્ષેત્રમાં સ્ત્રીનું અવમૂલ્યન નહોતું, પરંતુ તેમની સમાન ભાગીદારી સ્વીકારવામાં આવતી.

❖ **૨.૩.૬ આજે ઋષિ સંસ્કૃતિને પુનર્જીવિત કેમ કરવી ?**

આધુનિક યુગ તકનિકી અને ભૌતિક વિકાસથી સમૃદ્ધ છે, પરંતુ તણાવ, અસુરક્ષા, અશાંતિ, નૈતિક સંકટ અને અસંતુલન વધ્યું છે. એવા સમયમાં ઋષિ સંસ્કૃતિમાંથી મળતા મૂલ્યો ફરીથી જીવંત બને તો સમાજને સંતુલિત દિશા મળી શકે.

❖ **૨.૩.૭ પુનર્જીવિત કરવા માટેનાં ઉપાયો :**

➢ ગુરુકુળ-આધારિત મૂલ્ય શિક્ષણનો સમાવેશ.

➢ યોગ, ધ્યાન અને ચિંતનનો પ્રચાર થવો.

➢ નૈતિકતા, સત્ય, શિસ્ત અને કરુણાની શિક્ષા.

➢ પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ.

- ➢ આધ્યાત્મિક સાહિત્યનું વાંચન અને સંશોધન વૈદિક વિજ્ઞાન અને ભાષાશાસ્ત્રનો અભ્યાસ.
- ➢ સાંસ્કૃતિક ઉત્સવો અને સંસ્થાઓ મારફતે પ્રચાર થવો
- ➢ ઋષિ પરંપરાને ફરીથી જીવંત બનાવવા માટે શિક્ષણનું મૂલ્ય આધારિત બનવું અત્યંત જરૂરી છે, કારણ કે શિક્ષણ માત્ર કુશળતા નહીં પરંતુ ચરિત્ર, કર્તવ્ય, કરુણા અને નૈતિકતા પણ ઘડે છે. શાળાઓ અને વિશ્વવિદ્યાલયોમાં યોગ, ધ્યાન, સ્વાધ્યાય અને ભારતીય દર્શનનો સમાવેશ થવાથી નવી પેઢી વિચારશીલ અને સમતલ બની શકે છે. આ સાથે, ભારતીય ભાષાઓ, સંસ્કૃત, વેદ અને શાસ્ત્રોના અભ્યાસથી જ્ઞાન પરંપરા સતત વહેતી રહે છે.
- ➢ યોગ અને ધ્યાનના પ્રચાર દ્વારા માનસિક અને શારીરિક આરોગ્યમાં સુધારો થાય છે, અને પ્રકૃતિ સાથેનાં સંબંધો મજબૂત બને છે. પર્યાવરણ જાગૃતિના માધ્યમથી વ્યક્તિમાં ભોગવટા કરતાં સંરક્ષણની ભાવના જન્મે છે, જે ભવિષ્યની પેઢીઓને સંસાધનો બચાવી આપે છે. સંસ્કૃત સંવાદ કેન્દ્રો, વેદ અધ્યયન કેન્દ્રો અને સંશોધન સંસ્થાઓ ઋષિ જ્ઞાનને વૈજ્ઞાનિક રીતે સમજવા અને રજૂ કરવા મદદરૂપ બને છે.
- ➢ તે ઉપરાંત સ્વદેશી જ્ઞાનવ્યવસ્થા જેમ કે આયુર્વેદ, વાસ્તુ, યોગ, સંગીત, ગણિત, ખગોળશાસ્ત્ર અને આધ્યાત્મિક વિજ્ઞાનનું પુનઃસ્થાપન રાષ્ટ્રીય ગૌરવને વધારવાની સાથે વૈશ્વિક સ્તરે પણ ઉપયોગી બની શકે છે. ભારતીય આદર્શો અને જીવન મૂલ્યોને વ્યાવહારિક સમાજજીવનમાં લાગુ કરવામાં આવે તો પરિવાર, સમાજ અને રાષ્ટ્ર બધાનો નૈતિક આધાર મજબૂત બને છે. આ ઉપાયો લાગુ પડવાથી ઋષિ સંસ્કૃતિ માત્ર સ્મૃતિ નહીં પરંતુ જીવંત પરંપરા બની શકે છે.

### ❖ ૨.૩.૮ આધુનિક સમયમાં ઋષિ સંસ્કૃતિનું મહત્ત્વ :

આધુનિક યુગમાં જીવન ઝડપથી બદલાતું જાય છે અને તેમાં માનવી વધારે ઊંચી સ્પર્ધા, સતત તણાવ, અને પરિણામલક્ષી દોડમાં ફસાઈ ગયો છે. આથી માનસિક અસંતુલન, નૈતિક મૂલ્યોનું ક્ષીણ થવું, પ્રકૃતિનો અનિયંત્રિત શોષણ અને સામાજિક વિખંડન જેવી સમસ્યાઓ વધી રહી છે. આવી સ્થિતિમાં ઋષિ સંસ્કૃતિ આપણને સંતુલિત જીવન જીવવાની કળા શીખવે છે, જેમાં માનવતા, કરુણા, શિસ્ત, આત્મનિયમ અને નૈતિક મૂલ્યોને કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે.

ઋષિ પરંપરામાં આંતરિક શાંતિ અને સ્વ-ચેતનાને મહત્ત્વ આપવામાં આવ્યું છે, જે આજે ડિપ્રેશન, એન્ઝાયટી અને માનસિક બળવાનમાં ઘટાડો જેવી સમસ્યાઓ માટે પ્રાકૃતિક ઉપચારરૂપ બની શકે છે. યોગ, પ્રાણાયામ, ધ્યાન અને જપ-તપ દ્વારા મનને સ્થિર બનાવવાની પદ્ધતિ એ પરંપરાએ પહેલાંથી વિકસાવી હતી, જે આજે વૈજ્ઞાનિક રીતે પણ માન્ય બની છે. આ પરંપરા પ્રકૃતિ સાથે તાલમેલ રાખીને જીવવાની નીતિ રજૂ કરે છે, જે આજના પર્યાવરણ સંકટ સામે જીવનદાયી બની શકે છે.

તે ઉપરાંત ઋષિ સંસ્કૃતિ આપણને આધ્યાત્મિક ઉન્નતિ અને અંતર્મુખી વિકાસ તરફ પણ દોરી જાય છે, જે માનવ જીવનને વધુ અર્થપૂર્ણ, સમતોલ અને શાંતિમય બનાવે છે. આ મૂલ્યોના પુનર્જાગરણથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર ત્રણેયનું કલ્યાણ શક્ય બને છે. તેથી ઋષિ સંસ્કૃતિ માત્ર પ્રાચીન પરંપરા નહીં પરંતુ આધુનિક માનવજાત માટે પણ આવશ્યક માર્ગદર્શન છે.

## ૨.૪ કર્મકાંડ

કર્મકાંડનો મૂળ ઉદ્ભવ સ્થિતિસ્થાપક રીતે વેદોમાંમાંથી થયો હોય તે માન્ય છે. વેદો માત્ર કર્મકાંડના જ નથી પરંતુ સમગ્ર ભારતીય જ્ઞાન પરંપરાનો મૂળ સ્રોત છે. સામાન્ય રીતે લોકો કર્મકાંડને માત્ર પૂજા, પાઠ, યજ્ઞ, હવન, સંસ્કાર અથવા ધાર્મિક વિધિવિધાન સાથે જોડે છે, પરંતુ વ્યાપક અર્થમાં કર્મકાંડ માનવના દૈનિક જીવનને પણ સ્પર્શે છે. મનુષ્ય તેના દૈનિક જીવનમાં જે શારીરીક, માનસિક, આધ્યાત્મિક અથવા સામાજિક ક્રિયાઓ કરે છે તે પણ કર્મક્ષેત્રનો ભાગ છે. આ એકમમાં આપણે કર્મકાંડ વિશેની વ્યાખ્યાઓ, તેનો ઉદ્ગમ, તેની વૈદિક પરંપરા તથા આધ્યાત્મિક સામાજિક મહત્ત્વને સમજીશું.

### ❖ ૨.૪.૧ કર્મકાંડના ઉદ્ગમ સ્રોત :

ભારતીય ધાર્મિક પરંપરામાં વેદોને સૃષ્ટિની પ્રથમ વાણી માનવામાં આવે છે. તેથી ભારતીય સંસ્કૃતિના મૂળ ગ્રંથ તરીકે વેદોનું સ્થાન અખંડિત સ્વીકારાયેલ છે. પશ્ચિમના વિદ્વાનો પણ ઐતિહાસિક વિશ્લેષણ પછી વેદોને વિશ્વનો પ્રાચીન ગ્રંથ સ્વીકાર્યો છે. તેથી જો વિશ્વ સંસ્કૃતિના ઉદ્ગમ સ્રોત તરીકે વેદોને માનવામાં આવે તો એ અતિશયોક્તિ ગણાતી નથી.

વેદોમાં કર્મકાંડના તમામ મૂળ ઘટકો રહેલા છે. યજ્ઞ, દાન, સંસ્કાર, ઉપાસના, દેવપ્રાર્થના વગેરે બધા વિષયો વેદોમાં વિસ્તૃત મળતા આવે છે.

**વૈદિક ધર્મ ત્રણ મુખ્ય કાંડોમાં વિભાજિત છે :**

૧. જ્ઞાનકાંડ

૨. ઉપાસનાકાંડ

૩. કર્મકાંડ

યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ, દેવોપાસના અને લોકહિતકારી કર્મો કર્મકાંડના ક્ષેત્રમાં આવે છે. યજ્ઞ દ્વારા યજમાન 'ઇષ્ટ' અને 'પૂર્ત' બન્ને પ્રકારના ફળોની પ્રાપ્તિ કરી શકે છે.

જ્યાં -

ઇષ્ટ - અજ્ઞાત, અધૃષ્ટ અને અપૂર્વ આધારિત કર્મ

પૂર્ત - લોકકલ્યાણ આધારિત કર્મ

અત્રે નોંધવા જેવી વાત એ છે કે કર્મકાંડ માત્ર ધાર્મિક વિધિ નથી પરંતુ 'લોક-પરલોક હિતકારી' વ્યવસ્થા છે.

### ❖ ૨.૪.૨ વૈદિક આધાર :

યજુર્વેદના પ્રથમ થી શરૂ કરી ૩૯ માં અધ્યાય સુધી યજ્ઞવિધિ વર્ણવવામાં આવી છે અને અંતિમ ૪૦ મો અધ્યાય ઈશાવાસ્યોપનિષદ તરીકે પ્રસિદ્ધ છે.

અત્રે સમજી શકાય કે વેદનો મુખ્ય ભાગ ઉપાસના અને કર્મ પર આધારિત છે, જ્યારે જ્ઞાન કાંડ તેનું નાનું પરંતુ તત્ત્વમય ક્ષેત્ર છે.

વેદના સ્વરૂપ વિશે સાંપ્રદાયિક પરંપરામાં અનેક વ્યાખ્યાઓ મળી આવે છે :

"विद्या यत् उपदिश्यते स वेदः"

એટલે કે ‘જે દ્વારા પુરુષાર્થની સિદ્ધિનું માર્ગદર્શન મળે તે વેદ.

આચાર્ય સાયણે વેદને આ રીતે વ્યાખ્યાયિત કર્યો :

“अभिलषितपदार्थप्राप्ति-प्रकारकः वेदः”

વેદ એ ઈચ્છિત ફળની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિહારનો ઉપાય બતાવનાર ગ્રંથ છે.

આ રીતે વેદના સ્વરૂપ, અધ્યાત્મ અને યજ્ઞ બન્ને તત્ત્વનું સંકલન જોવા મળે છે.

❖ **૨.૪.૩ કર્મકાંડનો વ્યાપ - તંત્રીય સંદર્ભ :**

કર્મકાંડનો વ્યાવહારિક ઉપયોગ ભારતીય જીવનમાં વિશાળ છે. ષોડશ સંસ્કારોથી લઈને યજ્ઞ, હવન, દાન, વ્રત, ઉપવાસ, પ્રાર્થના, સંધ્યાવંદન, તીર્થ, દિક્ષા વગેરે તમામ ક્ષેત્રોને કર્મકાંડના ભાગ રૂપે જોવામાં આવે છે.

સંસ્કાર પરંપરા માનવનું ચિત્ત ઉન્નત કરવાની ‘માનસિક શૈક્ષણિક પદ્ધતિ’ છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છેઃ

“संस्कारो हि मनोविकारशमनः”

સંસ્કાર મનના વિકારોને શાંત કરે છે.

❖ **૨.૪.૪ સાંસ્કૃતિક દૃષ્ટિકોણ :**

ભારતીય વ્રત,તહેવારો, મેળા, ઉત્સવો વગેરે કર્મકાંડનો જ પ્રત્યક્ષ સામાજિક સ્વરૂપ છે. અહીં બે હેતુ રહેલા છે.

૧. સાંસ્કૃતિક સંરક્ષણ

૨. મહાન વ્યક્તિત્ત્વોની સ્મૃતિ જાગૃતિ

**તાંત્રિક રૂપે :**

➢ દિવાળી – લક્ષ્મી આરાધના

➢ વસંત પંચમી – પ્રકૃતિ અને વિદ્યાની ઊજવણી

➢ રામનવમી, જન્માષ્ટમી – આદર્શોનું સ્મરણ

આ બધું સમાજને એકતા, સંસ્કાર, આનંદ અને નૈતિકતા આપવાના સાધનરૂપ છે.

❖ **૨.૪.૫ ઉપાસના અને સંધ્યાવંદન :**

વૈદિક ઉપાસનામાં મંત્ર, જપ, સ્તુતિ, પ્રાર્થના, સંધ્યાવંદનને માનસિક શુદ્ધિનું સાધન માનવામાં આવ્યું છેઃ

“मन्त्रेण मनः शुद्ध्यति”

મંત્ર ચિત્તને શુદ્ધ કરે છે.

ત્રિકાળ સંધ્યાનું મહત્ત્વ પણ આ ધોરણે સ્થિર છે પ્રાતઃ, મધ્યાહ્ન અને સંધ્યાકાળ

❖ **૨.૪.૬ દાન પરંપરા :**

ભારતીય ધર્મ ‘દાન’ને પરોપકાર અને આત્મશુદ્ધિનો ઉપાય માનતો રહ્યો છે.

“दानेन पूयते मन:”

દાનથી મન શુદ્ધ બને છે.

શાસ્ત્ર ફરી કહે છે,

“परहितार्थं इदं शरीरम्”

આ શરીર પરહિત માટે છે.

આથી દાન માત્ર લાભાર્થી માટે નહિ પરંતુ દાતાના કલ્યાણ માટેનું સાધન છે.

ભારતીય સંસ્કૃતિમાં કર્મકાંડનું મહત્ત્વ અતિ મહત્ત્વપૂર્ણ છે. વેદોમાં કર્મકાંડના તમામ તત્ત્વો સમાવિષ્ટ છે. તે માત્ર યજ્ઞ, પૂજા અને વિવિધ ધાર્મિક વિધિઓ સુધી મર્યાદિત નથી, પરંતુ મનુષ્યના દૈનિક જીવનના દરેક કર્મ સાથે જોડાયેલું છે. વૈદિક શાસ્ત્રો અનુસાર, મનુષ્ય પોતાનો આત્મ વિકાસ અને સામાજિક મર્યાદા જ્ઞાન, કાર્ય અને યજ્ઞ દ્વારા હાંસલ કરે છે.

“कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन” - (ભગવદ્‌ગીતા ૨:૪૭)

(તમે માત્ર કાર્યમાં અધિકાર રાખો, પરિણામમાં નહીં.)

❖ **૨.૪.૭ કર્મકાંડના મુખ્ય તત્ત્વો અને યજ્ઞ :**

યજ્ઞ માત્ર આગમાં આહૂતિકરણ નથી, પરંતુ ત્યાગ, સેવા અને લોક કલ્યાણનું પ્રતિક છે. યજ્ઞ દ્વારા મનુષ્ય પ્રકૃતિ અને દેવતાઓ પ્રત્યે કૃતજ્ઞ બને છે. યજ્ઞ કરવાથી વ્યક્તિને માનસિક શાંતિ, સમાજમાં એકતા અને પર્યાવરણની સફાઈનો અનુભવ થાય છે.

❖ **૨.૪.૮ મંત્ર અને ધ્વનિ - શક્તિ :**

કર્મકાંડમાં મંત્રોનો વિશેષ સ્થાન છે. મંત્ર માત્ર શબ્દ નથી, પરંતુ ધ્વનિ ઊર્જા છે. મંત્રોચ્ચારથી ચિત્ત એકાગ્ર, મગજ અને શરીરનું સંતુલન જળવાય છે. આજના વૈજ્ઞાનિક અભ્યાસ મુજબ, મંત્રોચ્ચાર માધ્યમથી મગજના વિવિધ તંત્રોને શાંતિ મળે છે.

❖ **૨.૪.૯ આધુનિક સમયમાં મહત્ત્વ :**

આધુનિક યુગમાં -

- તણાવ અને માનસિક અસંતુલન વધ્યું છે
- જીવન માત્ર ભૌતિકતામાં સીમિત થઈ ગયું છે
- પ્રકૃતિ અને સમાજપ્રતિ કાળજી ઓછી થઈ છે

આ પરિસ્થિતિમાં કર્મકાંડ આપણને ફરીથી માનવતા, નૈતિકતા, શાંતિ, ધ્યાન, પ્રકૃતિપ્રેમ અને આધ્યાત્મિક વિકાસ શીખવે છે.

## ૨.૫ સંસ્કૃતિ ધન કમાવવાનું સાધન ?

સાંસ્કૃતિક પરંપરા અને મૂલ્યો માત્ર સમાજની આત્મા નથી, પરંતુ તેઓ આર્થિક અને સામાજિક વિકાસ માટેના સાધન પણ છે. ભારતીય સંસ્કૃતિમાં દર્શાવાય છે કે સાંસ્કૃતિક શિક્ષણ, જ્ઞાન, કર્મકાંડ, તહેવાર, ઉત્સવ, યજ્ઞ અને દાન આ બધું માનવ વિકાસ અને સંપત્તિની સમૃદ્ધિ સાથે જોડાયેલું છે.

જેમ કે ઋષિ પરંપરામાં યજ્ઞ, દાન, તહેવારો, મંત્રોચ્ચાર અને સંસ્કારને માત્ર આધ્યાત્મિક અભ્યાસ માનવામાં આવતો, તે સામાજિક અને આર્થિક સંગઠન માટે પણ મહત્ત્વપૂર્ણ હતું. આથી સંસ્કૃતિનું ધ્યાન માત્ર અધ્યાત્મ સુધી સીમિત નથી, પરંતુ તે સમગ્ર જીવનને સુવ્યવસ્થિત અને સમૃદ્ધ બનાવે છે.

"धर्मो रक्षति रक्षितः" ધર્મ જ તે સાધન છે, જે પોતાના રક્ષણ દ્વારા લોકો અને સમાજને ઉન્નત કરે છે.

❖ **૨.૫.૧ સાંસ્કૃતિક વ્યવસ્થાઓ દ્વારા અર્થવ્યવસ્થા :**

ભારતીય સંસ્કૃતિમાં તહેવાર, યજ્ઞ, વ્રત અને ઉત્સવો માત્ર ધાર્મિક કાર્યક્રમો નથી, પરંતુ લોકસમુદાયને સંકલિત કરીને આર્થિક પ્રવૃત્તિ માટે પ્રોત્સાહિત કરે છે.

**ઉદાહરણ તરીકે**

➢ હોળી અને દિવાળી દરમિયાન ખેતીના ઉત્પાદનો, લોકકળા, હસ્તકલા, વેપાર અને સેવા ક્ષેત્રમાં વૃદ્ધિ થાય છે.

➢ યજ્ઞ અને હવન માટે પુરવઠા, સામગ્રી અને સેવા વ્યવસ્થાઓ ઊભી થાય છે, જે સ્થાનિક અર્થવ્યવસ્થાને સક્રિય કરે છે.

❖ **૨.૫.૨ સંસ્કૃતિમાં વ્યક્તિત્વ વિકાસ અને કાર્યક્ષમતા**

સંસ્કૃતિમાંથી મળતા શૈક્ષણિક અને નૈતિક મૂલ્યો, જેમ કે શિસ્ત, સચોટતા, કરુણા, અને દાન વ્યક્તિને સફળ વ્યવસાય માટે તૈયાર કરે છે.

➢ ઉદાહરણ જેમ કે ગુરુકુળ શૈક્ષણિક પદ્ધતિએ માત્ર જ્ઞાન આપ્યું જ નહીં, પણ આત્મનિયંત્રણ, સેવા ભાવ, નૈતિકતા વિકસાવી.

➢ આ ગુણો આધુનિક વ્યવસાયમાં સંપત્તિ અને માન્યતા મેળવવામાં સહાયક છે.

❖ **૨.૫.૩ દાન, યજ્ઞ અને ઉદ્યોગ**

પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં દાન, યજ્ઞ અને સેવાભાવ દ્વારા આર્થિક વિતરણ અને સંસાધનોનું યોગ્ય વપરાશ સુનિશ્ચિત કરાતું.

➢ ધનને સ્વાર્થની રીતે ન રાખી, પરોપકાર માટે વાપરવાનો વિચાર સમાજને સમૃદ્ધિ તરફ દોરી જાય છે.

➢ આ વ્યવસ્થાથી પ્રગટ થાય છે કે સંસ્કૃતિનો વ્યાવહારિક ઉપયોગ સંપત્તિના સર્જનમાં પણ થાય છે.

❖ **૨.૫.૪ તહેવારો અને ઉત્સવો – આર્થિક વિકાસના સ્રોત**

પ્રાચીન સમયમાં તહેવારો દ્વારા હસ્તકળા, ખેતી, વેપાર અને સેવાઓ સક્રિય થતી.

➢ દરેક તહેવાર લોકોને સાંસ્કૃતિક અને આર્થિક રીતે પ્રેરણા આપતો.

➢ આજના સમયમાં પણ સાંસ્કૃતિક તહેવારો, ઉત્સવો અને પર્વો આર્થિક પ્રવૃત્તિ માટે મહત્ત્વપૂર્ણ છે.

❖ ૨.૫.૫ **આધુનિક પરિપ્રેક્ષ્ય**

આધુનિક યુગમાં પણ સંસ્કૃતિનો ઉપયોગ આર્થિક વિકાસ માટે, માનવ વિકાસ માટે અને સામાજિક સંકલન માટે થઈ શકે છે.

- સંસ્કૃતિ પર આધારિત ટુરિઝમ, શૈક્ષણિક કાર્યક્રમો, હસ્તકલા અને લોકમેળા ધન અને રોજગાર સર્જે છે.
- સંસ્કૃતિના મૂલ્યો જીવનમાં શાંતિ, સુખ અને નૈતિકતા લાવે છે, જે આર્થિક વ્યવસાય અને સામાજિક સમૃદ્ધિ માટે જરૂરી છે.

## ૨.૬ મંત્ર અને ચિહ્નો

ભારતીય સંસ્કૃતિમાં મંત્ર અને ચિહ્નો માત્ર ધાર્મિક અભ્યાસ માટે નહી, પરંતુ માનસિક, આધ્યાત્મિક અને સામાજિક વિકાસ માટે પણ મહત્ત્વ ધરાવે છે.

મંત્ર એટલે વિશિષ્ટ ધ્વનિ, શબ્દમાળા કે ઉચ્ચારણ, જે મન, આત્મા અને પ્રકૃતિ પર સકારાત્મક પ્રભાવ પાડી શકે છે. ચિહ્નો એટલે પ્રતીકાત્મક દ્રશ્ય, ચિહ્ન કે આઇકોન જે વિશ્વાસ, ઓળખ અને ધ્યાન માટે ઉપયોગી હોય છે.

"ॐ भूर्भुवः स्वः" પ્રારંભિક મંત્ર જે સમસ્ત બ્રહ્માંડ અને આત્મા સાથે જોડાવાનું માર્ગદર્શક છે.

❖ ૨.૬.૧ **મંત્ર**

❖ ૨.૬.૧.૧ **મંત્રની વ્યાખ્યા :**

મંત્ર એ શબ્દમાળા કે ઉચ્ચારણ છે, જે ધ્યાન, જાપ અથવા યજ્ઞ દરમ્યાન મન અને આત્માને એકાગ્ર કરી દે છે.

- પ્રાચીન ઋષિઓએ મંત્રોના અધ્યયન અને નિર્માણ દ્વારા માનસિક શાંતિ, ધન, સુખ અને આત્મા ઉન્નતિ માટે માર્ગ દર્શાવ્યો.
- મંત્ર માત્ર ધાર્મિક ધ્વનિ નહી, પરંતુ તે વિજ્ઞાન અને ઊર્જા નો સ્રોત પણ છે.

❖ ૨.૬.૧.૨ **મંત્રના પ્રકાર :**

૧. વિધિ મંત્ર (યજ્ઞ - મંત્ર) યજ્ઞ અને ધાર્મિક કાર્ય માટે.

૨. જાપ મંત્ર (જાપ-મંત્ર) નિયમિત જાપ દ્વારા મનને શાંત કરવા માટે.

૩. સંરક્ષણ મંત્ર (રક્ષા - મંત્ર ) દુઃખ, મુશ્કેલી અને અવ્યવસ્થાથી બચાવ માટે.

**ઉદાહરણ :**

- ગાયત્રી મંત્ર : "ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ।"
- આ મંત્ર જ્ઞાન અને આધ્યાત્મિક ઉન્નતિ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

❖ ૨.૬.૧.૩ **મંત્રોના ફાયદા :**

- મન અને ધ્યાનને એકાગ્ર બનાવે છે.
- માનસિક શાંતિ અને આધ્યાત્મિક શક્તિ આપે છે.

➢ તણાવ, ભય અને અશાંતિને ઘટાડે છે.

➢ જીવનમાં સંકલન, સકારાત્મકતા અને ઉમંગ લાવે છે.

❖ ૨.૬.૨ **ચિહ્નો**

❖ ૨.૬.૨.૧ **ચિન્હોની વ્યાખ્યા :**

ચિહ્નો એ પ્રતીકાત્મક ચિહ્નો કે આઇકોન છે, જે માનવીને ધ્યાન, ભક્તિ અને આત્મા સાથે જોડાણ માટે માર્ગદર્શન આપે છે.

➢ તેઓ દ્રશ્ય અને વિચારશક્તિને પ્રેરણા આપે છે.

➢ દરેક ચિન્હમાં વિશિષ્ટ ધાર્મિક, નૈતિક અને આધ્યાત્મિક અર્થ છુપાયેલો હોય છે.

❖ ૨.૬.૨.૨ **મુખ્ય ચિહ્નો અને તેમનો અર્થ :**

| ચિન્હ | અર્થ | ઉપયોગ |
|---|---|---|
| ૐ | બ્રહ્માંડ અને આત્માનું મૂળ. | પ્રારંભ, યજ્ઞ, ધ્યાન, જાપ |
| સ્વસ્તિક | શુભ-કલ્યાણ અને સમૃદ્ધિનું પ્રતીક | ઘરો, યજ્ઞ, ઉત્સવોમાં |
| ત્રિશૂલ | શક્તિ અને રક્ષણ | ભગવાન શિવની પ્રતિમા પર |
| લોટસ ફૂલ (પદ્મ) | શુદ્ધતા અને આત્મવિકાસ. | ધ્યાન, દેવીઓની મૂર્તિમાં |

❖ ૨.૬.૨.૩ **ચિહ્નોના ફાયદા :**

➢ ચિહ્નો માનસિક શાંતિ અને સંકલન લાવે છે.

➢ આત્મવિશ્વાસ અને સકારાત્મક ઊર્જા વધારવા માટે મદદ કરે છે.

➢ ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યમાં સહાયક છે.

➢ તહેવારો, યજ્ઞ અને ઉજવણીમાં ઓળખ અને માર્ગદર્શક રૂપ ધરાવે છે.

❖ ૨.૬.૨.૪ **આધુનિક જીવનમાં ઉપયોગ**

આજના સમયમાં મંત્ર અને ચિહ્નો માત્ર ધાર્મિક અભ્યાસ સુધી મર્યાદિત નથી.

➢ મંત્રઃ ધ્યાન, મેડિટેશન, સ્ટ્રેસ મેનેજમેન્ટ, મનોવિજ્ઞાન અને આરોગ્ય માટે ઉપયોગી.

➢ ચિહ્નોઃ લોગો, ટોટેમ, બિઝનેસ બ્રાન્ડિંગ, આધ્યાત્મિક ગૃહશોભા, સાઇનબોર્ડ અને પ્રેરણાત્મક ચિહ્નો.

➢ સંસ્કૃતિ સાથે આ આધુનિક સંકલન ધન, સફળતા અને શાંતિ બન્ને માટે ફાયદાકારક છે.

## ૨.૭ ઉપસંહાર

ભારતીય સંસ્કૃતિ માત્ર ઐતિહાસિક વારસો નથી પણ જીવંત મૂલ્યપ્રણાલી છે. સમય સાથે થયેલ પરિવર્તનમાં પણ સંસ્કૃતિની નિરંતરતા જાળવાઈ છે. એનું કારણ છે. મૂલ્યો, આધ્યાત્મિકતા, માનવતા અને સમન્વયભાવ. આજના સમયમાં ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન વચ્ચે સંતુલન જાળવવા માટે ભારતીય સંસ્કૃતિ માર્ગદર્શક છે. તેથી તેની જાળવણી માનવતાનો કલ્યાણકારી માર્ગ છે.

## ૨.૮ સ્વાધ્યાય કાર્ય

❖ **ટૂંકનોંધ લખો.**

૧. ભારતીય સંસ્કૃતિ

૨. જાળવણી (Preservation)

૩. ઋષિ સંસ્કૃતિ

૪. કર્મકાંડ

૫. મંત્ર

૬. ચિહ્નો

❖ **નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક – બે વાક્યમાં આપો.**

૧. ભારતીય સંસ્કૃતિ શું છે ?

૨. સંસ્કૃતિની જાળવણીનું મહત્ત્વ જણાવો.

૩. ઋષિ સંસ્કૃતિનાં મુખ્ય તત્ત્વો કયા છે ?

૪. ગુરુકુલ પદ્ધતિમાં શિક્ષણનું મુખ્ય ઉદ્દેશ શું હતું ?

૫. યજ્ઞના મુખ્ય હેતુઓ કયા છે ?

૬. મંત્ર અને ચિહ્નો શું છે ?

૭. વૈદિક સમાજમાં સ્ત્રીની ભૂમિકા વિશે શું જાણીએ છીએ ?

૮. કર્મકાંડના મુખ્ય તત્ત્વો કયા છે ?

૯. આધુનિક સમયમાં મંત્ર-ચિહ્નો કેવી રીતે ઉપયોગી છે ?

૧૦. ચાર આશ્રમોનું મહત્ત્વ જણાવો.

❖ **નીચે આપેલાં પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો.**

૧. ભારતીય સંસ્કૃતિનો મુખ્ય આધાર કયો છે ?

a) આર્થિક વિકાસ b) આધ્યાત્મિક, નૈતિક મૂલ્યો

c) ટેકનોલોજી d) ઔદ્યોગિક વિકાસ

૨. ગુરુકુળ પદ્ધતિમાં શિક્ષણનું મુખ્ય લક્ષ્ય શું હતું ?

a) ધન સંપાદન b) શારીરિક અને માનસિક વિકાસ

c) માત્ર વ્યાવસાયિક કૌશલ્ય d) રાજનીતિક શક્તિ

૩. યજ્ઞના હેતુઓમાં શું શામેલ છે ?

a) દૈનિક કામ b) પ્રાર્થના, પર્યાવરણ સંરક્ષણ, સામાજિક એકતા

c) માત્ર ભોજન d) ભૌતિક લાભ

૪. મંત્ર "ૐ ભૂર્ભુવઃ સ્વઃ" શું દર્શાવે છે ?

a) શાંતિ b) બ્રહ્માંડ અને આત્મા સાથે જોડાણ

c) સમૃદ્ધિ d) તંદુરસ્તી

૫. સ્વસ્તિક ચિન્હનું પ્રતીક શું છે ?

a) શક્તિ b) સુખ અને સમૃદ્ધિ

c) આત્મા વિકાસ d) ધ્યાન

૬. ચાર આશ્રમોમાં બ્રહ્મચર્યનો ઉદ્દેશ શું છે ?

a) લગ્ન જીવન b) આધ્યાત્મિક ઉન્નતિ

c) શિક્ષણ અને જીવન શિસ્ત d) યજ્ઞ

૭. વૈદિક સમાજમાં સ્ત્રીઓ કયા ક્ષેત્રમાં ભાગ લઈ શકતી ?

a) ઘરકામ સુધી b) શિક્ષણ, ચર્ચા, તત્ત્વજ્ઞાન

c) ફક્ત યજ્ઞમાં d) કોઈ સામાજિક કાર્ય નહીં

૮. કયા કાર્ય માટે મંત્રોચ્ચાર ઉપયોગી છે ?

a) વ્યવસાયમાં ધનવૃદ્ધિ b) માનસિક શાંતિ, ધ્યાન, તણાવ ઘટાડવા

c) ફક્ત તહેવારોમાં d) માત્ર યજ્ઞમાં

૯. કર્મકાંડનું આધુનિક મહત્ત્વ શું છે ?

a) ફક્ત ધાર્મિક અનુસરણ b) માનસિક શાંતિ, નૈતિકતા, સામાજિક એક્તા

c) ફક્ત યજ્ઞ-આહૂતિ d) આવક વધારવા

૧૦. લોટસ ફૂલનું પ્રતીક શું છે ?

a) શક્તિ b) આધ્યાત્મિક ઉન્નતિ, શુદ્ધતા

c) સમૃદ્ધિ d) રક્ષણ

❖ **સૈદ્ધાંતિક પ્રશ્નો.**

૧. ભારતીય સંસ્કૃતિની વ્યાખ્યા અને મહત્ત્વ લખો.

૨. ઋષિ સંસ્કૃતિને પુનર્જીવિત કરવા માટેનાં ઉપાયો વિગતવાર સમજાવો.

૩. ગુરુકુળ પદ્ધતિ, સેવા-ભાવ અને આત્મનિયમના ફાયદા વર્ણવો.

૪. યજ્ઞ અને મંત્ર-ચિહ્નોની સામાજિક અને આધ્યાત્મિક ભૂમિકા સમજાવો.

૫. કર્મકાંડના આધ્યાત્મિક અને સામાજિક મહત્ત્વ અંગે તત્ત્વાત્મક નિબંધ લખો.

૬. આધુનિક યુગમાં મંત્ર અને ચિહ્નો કેવી રીતે ઉપયોગી છે, ઉદાહરણ સહીત સમજાવો.

૭. સાંસ્કૃતિક મૂલ્યો અને આર્થિક વિકાસ વચ્ચેના સબંધનું વિશ્લેષણ કરો.

*************

## પ્રકરણ - 3
## આપણાં રીત-રિવાજો


૩.૦ ઉદ્દેશો

૩.૧ પ્રસ્તાવના

૩.૨ પંચ મહાયજ્ઞનું મહત્ત્વ

૩.૩ માનવજીવનમાં સંસ્કારનું કારણ

૩.૪ શ્રાદ્ધ કરવાનું કારણ

૩.૫ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવાના ફાયદા

૩.૬ કર્મના ફળની માન્યતા શા માટે ?

૩.૭ ધાર્મિક કાર્યોમાં કુશ શા માટે મહત્ત્વપૂર્ણ છે ?

૩.૮ ઓમકારનાદ કરવાનું કારણ

૩.૯ સારાંશ

- ટૂંકનોંધ
- તમારી પ્રગતિ ચકાસો
- પ્રશ્નોના ઉત્તર એક બે વાક્યોમાં આપો.
- બહુવૈકલ્પિક પ્રશ્નો (MCQs)


### ૩.૦ ઉદ્દેશો

- સાંસ્કૃતિક ઓળખ સમજવા અને વારસાનો ગૌરવ જાળવી રાખે.
- નૈતિક, આધ્યાત્મિક અને માનવીય મૂલ્યોને જીવનમાં સ્થાપિત કરે.
- વ્યક્તિગત તથા સામૂહિક આચરણમાં શિસ્ત અને જવાબદારી વિકસાવે.
- વૈવિધ્યમાં એકતા અને ભારતીય સંસ્કૃતિની વૈશ્વિક છબી મજબૂત કરે.
- આપણી મૂળ સંસ્કૃતિમાં વિશ્વાસ મજબૂત બને.
- પૌરાણિક ગ્રંથોનું પ્રાયોગિક મૂલ્ય સમજાય.
- સંસ્કારપ્રદ જીવન જીવવાની પ્રેરણા મળે.
- જીવનમાં સાત્વિકતા અને પવિત્રતા વિકસે.
- ભારતીય જીવનપદ્ધતિની સમૃદ્ધિ અનુભવી શકાય.
- દરેક રિવાજ પાછળની પ્રેરણાત્મક દૃષ્ટિ સ્પષ્ટ થાય.
- માનવતાવાદ પર આધારિત વર્તન વિકસે.

## ૩.૧ પ્રસ્તાવના

ભારતીય સંસ્કૃતિનું હૃદય હિંદુ પરંપરાઓની સુગંધથી મહેકતું રહ્યું છે, જ્યાં માનવીના જીવનને ધર્મ-કર્તવ્ય અને આધ્યાત્મિકતાના તંતુઓ સાથે ગૂંથીને એક મહાન જીવનદર્શનમાં પરિણમતું આવ્યું છે. 'હિંદુ-ધર્મ' માત્ર એક મજબૂત ધાર્મિક પ્રણાલી નથી, પરંતુ તે સમાજવ્યવસ્થાથી લઈને કુટુંબવ્યવહાર સુધી અને વ્યક્તિગત આધ્યાત્મિક યાત્રાથી લઈને રાષ્ટ્રીય ચેતના સુધી દરેક સ્તરે જીવંત અને વ્યવહારુ માર્ગદર્શિકા તરીકે કાર્ય કરે છે. હિંદુ માન્યતાઓ અને રીત-રિવાજો હજારો વર્ષોથી ચાલતી આવેલી જીવનપદ્ધતિના એવા પ્રાણપુરુષ છે, જેઓ મૂલ્યો, ધાર્મિક શ્રદ્ધા અને સાંસ્કૃતિક સત્તા વચ્ચેનું અવિનાશી પુલ બની રહે છે.

હિંદુ માન્યતાઓનો મૂળભૂત આધાર વેદો, ઉપનિષદો, સ્મૃતિ-ગ્રંથો, પુરાણો અને મહાકાવ્યો જેવા અમર ગ્રંથોમાં નેહાયેલા છે, જે માનવજાતને માત્ર ધાર્મિક માર્ગદર્શન જ નથી આપતા, પરંતુ નૈતિકતા, કર્તવ્ય, સામાજિક સૌહાર્દ અને વ્યક્તિત્વ નિર્માણનું સૂત્ર પણ આપતા આવ્યા છે. હિંદુ ધર્મમાં 'एकं सद् विप्रा बहुधा वदन्ति ।' (ઋગ્વેદ. ૧.૧૬૪.૪૬.) ની મહાન ભાવના રહેલી છે - જે વિવિધ પૂજા-પદ્ધતિઓ, માન્યતાઓ અને પ્રથાઓને સમભાવથી સ્વીકારે છે. આ સર્વસમાવેશકતા જ હિંદુ પરંપરાઓને શાશ્વત અને સર્વગ્રાહી બનાવે છે.

ભારતીય હિંદુ રીત-રિવાજો જીવનના દરેક તબક્કાને સ્પર્શે છે.જન્મથી લઈને મૃત્યુ સુધી અને રોજિંદા જીવનથી લઈને વિશેષ સંભારણાઓ સુધી નિત્યકર્મ, સંસ્કાર, તહેવારો, પૂજા-પદ્ધતિઓ, વ્રત-ઉપવાસ, યાત્રા-પરંપરા તથા કુટુંબમૂલ્યો આ બધું મળીને હિંદુ જીવનને ઘડતું અને તેનું રક્ષણ કરતું એક મજબૂત તંત્ર બનાવે છે. દરિયાની જેમ વિસ્તૃત આ પરંપરા વ્યક્તિને માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ માનસિક, નૈતિક અને સામાજિક રીતે પણ સુસ્થિર બનાવે છે.

હિંદુ માન્યતાઓમાં 'ધર્મ'નો અર્થ માત્ર પૂજા કે ઉપાસના સુધી મર્યાદિત નથી. એ જીવનવ્યવહારનો એક મુખ્ય આધારસ્તંભ છે. 'धार्यते इति धर्मः' - જે ધારણ કરે, જે સ્થિર કરે તે ધર્મ. કુટુંબને સ્નેહથી બાંધનાર, સમાજને સમરસતાથી ચળવળતો રાખનાર અને વ્યક્તિને સંયમ, સત્ય તથા કરુણાના માર્ગે ચાલવાનું પ્રેરક તત્ત્વ એટલે ધર્મ. આ ધર્મની જ છત્રછાયામાં સોળસંસ્કારોની પવિત્ર પરંપરા વિકસિત થઈ છે - જન્મસંસ્કારથી લઈ અંત્યેષ્ટિ સુધીની દરેક રીતિ-રિવાજ માનવીને આધ્યાત્મિક રીતે ઉત્તેજિત કરે છે અને જીવનના તબક્કાઓને અર્થપૂર્ણ બનાવે છે.

હિંદુ રીત-રિવાજોનું સૌંદર્ય તેના વૈજ્ઞાનિક અભિગમમાં પણ જોવા મળે છે. તુલસીનું પૂજન હોય, સૂર્યનમસ્કાર, દીવો પ્રગટાવવો, નમન કરવું, પ્રદક્ષિણા કરવી કે ઉપવાસ કરવો - દરેક પરંપરામાં એક આધ્યાત્મિક ભાવના સાથે કાર્યક્રમાત્મક અને આરોગ્યપ્રદ વૈજ્ઞાનિક આધાર પણ રહેલો છે. અહીં વિશ્વાસ અને વિજ્ઞાન પરસ્પર વિરુદ્ધ નથી, પરંતુ પરંપરાના બે પૂરક સ્તંભ તરીકે સહઅસ્તિત્વ ધરાવે છે.

હિંદુ તહેવારો પણ ભારતીય જીવનના અવિભાજ્ય અંશ છે. દિવાળી, નવરાત્રિ, મકરસંક્રાંતિ, રક્ષાબંધન, જન્માષ્ટમી, રામનવમી, મહાશિવરાત્રિ, ગણેશોત્સવ વગેરે તહેવારો માત્ર ઉજવણી નહીં પરંતુ ઋતુ-ચક્ર સાથે સંકળાયેલ, સંસ્કૃતિને જાળવી રાખનાર અને સામાજિક એકતાને મજબૂત બનાવનાર પ્રસંગોથી ભરપૂર છે. આ તહેવારોમાં રહેલા સ્મૃતિ-ચિહ્નો અને ઉપદેશો માણસને સદાચાર,સેવા અને સમર્પણ તરફ દોરી જાય છે.

પરંપરા અને રીત-રિવાજો માત્ર પ્રાચીનતાના પૂજક નથી, તેઓ સમાજનાં પ્રવાહી સંચાલક તત્ત્વો છે. સમય સાથે બદલાતી પેઢીઓ પણ આ પરંપરાઓને તેમની જરૂરિયાત મુજબ સંરક્ષણ, સંવર્ધન અને નવા રૂપમાં સ્વીકારી રહી છે. આજના યુવાનોમાં પણ યોગ,

ધ્યાન, વેદ-અધ્યયન, શાસ્ત્રીય સંગીત, આયુર્વેદિક જીવનપદ્ધતિ તેમજ અનેક આધ્યાત્મિક અભિગમો પ્રત્યેનો રસ વધતો જોવા મળે છે - જે હિંદુ માન્યતાઓની આધુનિક પ્રાસંગિકતાનું સાક્ષ્ય છે.

હિંદુ પરંપરાઓમાં સહિષ્ણુતા, અનુકંપા, સર્વજનહિતાય - સર્વજનસુખાય અને 'वसुधैव कुटुम्बकम्' । જેવા વિશાળ મૂલ્યો સદીઓથી ભારતીય સમાજને એકતામાં બાંધતા આવ્યા છે. આ માન્યતાઓ માત્ર ધાર્મિક બાધ્યતાથી ઊભી નથી, પરંતુ માનવજાત માટેના સર્વાંગી કલ્યાણના દ્રષ્ટિકોણથી જન્મેલી છે. એટલા માટે જ હિંદુ જીવનપદ્ધતિ સમરસતાનો, સન્માનનો અને કર્તવ્યનો સંદેશ આપે છે.

આ પ્રસ્તાવનાનો મૂળ ભારતીય હિંદુ માન્યતાઓ અને રીત-રિવાજો માત્ર ઐતિહાસિક કે ધાર્મિક વિષય નથી, પરંતુ આજના સમયમાં પણ વ્યક્તિ-વિકાસ, માનસિક શાંતિ, પારિવારિક સુમેળ અને સાંસ્કૃતિક અખંડિતતાના સશક્ત સ્તંભ છે. આધુનિકતા અને પરંપરા વચ્ચે સંતુલિત જીવન જીવવા માટે હિંદુ પરંપરાઓ એક જીવનદિશા આપે છે - જેમાં આધ્યાત્મિકતા અને વ્યાવહારિક જીવન એકરૂપે વહે છે. આધુનિક વિશ્વના વૈજ્ઞાનિક, ટેક્નોલોજીકલ વિકાસ વચ્ચે પણ ભારતીય હિંદુ જીવનમૂલ્યો તેમની સાદગી, શાંતિ અને શાશ્વતતાના કારણે આજે પણ અવિનાશી છે.

આ રીતે ભારતીય હિંદુ માન્યતાઓ અને રીત-રિવાજો ભારતના સાંસ્કૃતિક ચેતનાનો જીવંત આધાર છે - જે પેઢીઓથી પેઢીઓને મૂલ્યો, શ્રદ્ધા અને સંસ્કૃતિના સ્વરૂપમાં સંવર્ધિત કરીને ''સંસ્કારિત સમાજ'' ના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હિંદુ પરંપરા એ એક એવો જીવનમાર્ગ છે જેમાં જીવનના દરેક ક્ષણે ધર્મ, કર્તવ્ય, આનંદ અને પરમ ચેતનાની અનુભૂતિ છુપાયેલી છે.

આપણી સંસ્કૃતિમાં વિવિધ રીત- રિવાજો વિશે જાણવું જરૂરી છે જેમ કે સંસ્કારોનું મહત્ત્વ, ધર્મની આવશ્યતા, ગુરુ દીક્ષાનું મહત્ત્વ, ગ્રહણકાળમાં ભોજન નિષેધ, વાનપ્રસ્થાશ્રમની આવશ્યતા, પુર્નજન્મની માન્યતા આદિ રીત-રિવાજો વિષયે જાણકારી અને રિવાજ પાછળ રહેલું વિજ્ઞાનની જાણકારી હોવી જોઇએ. રીત- રિવાજો ઘણા છે તેમાંથી આપણે થોડાક રીત-રિવાજ વિશે જાણીશું.

### ❖ ૩.૧.૧ પંચમહાયજ્ઞનું મહત્ત્વ.

વૈદિક પરંપરામાં પંચમહાયજ્ઞ (પાંચ મહાન યજ્ઞ) એક મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તે દરેક ગૃહસ્થ માટે આવશ્યક છે. મનુસ્મૃતિ અનુસાર, દરેક વ્યક્તિએ નિર્ધારિત વિધિઓ અનુસાર દરરોજ પંચમહાયજ્ઞ કરવા જોઈએ. ગૃહસ્થોએ ગૃહ્યસૂત્રોમાં દર્શાવેલ વિધિઓ ગૃહ્ય સૂત્રોના નિયમો અનુસાર લગ્ન દરમિયાન કરવામાં આવતી અગ્નિમાં સંનિધિ યજ્ઞ કરવો જોઈએ.

પાંચ મહાનયજ્ઞોનો મુખ્ય હેતુ સર્જનહાર, પ્રાચીનઋષિઓ, પૂર્વજો, જીવો, મનુષ્યો અને સમગ્ર બ્રહ્માંડના જીવો પ્રત્યેની પોતાની ફરજ પૂર્ણ કરવાનો છે. નૈતિકતા, આધ્યાત્મિકતા, પ્રગતિશીલતા અને સદ્ભવનાનું પ્રમાણમાં ઉચ્ચ દર્શન છે. પાંચ મહાયજ્ઞો ગૃહસ્થ આશ્રમ સાથે સંબંધિત છે. ઘરમાં રહીને માણસ સાંસારિક અને દિવ્ય સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે જે પાંચ મહાન યજ્ઞો કરે છે તે છે બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ અને નૃયજ્ઞ અથવા મનુષ્ય યજ્ઞ. મનુઋષિ માને છે કે સ્વાધ્યાય, વ્રત, હોમ, ત્રૈવિદ્યા, ઇજ્ય, પુત્રોત્પત્તિ, મહાયજ્ઞ અથવા યજ્ઞ દ્વારા શરીર બ્રહ્મ પ્રાપ્ત કરવા

માટે યોગ્ય બને છે. તેઓ કહે છે કે ગૃહસ્થે લગ્ન સમયે સ્થાપિત અગ્નિમાં ગૃહસ્થાશ્રમની દરેક વિધિઓ કરવી જોઈએ.

શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે દરેક ગૃહસ્થોએ દરરોજ પંચમહાયજ્ઞ કરવા જોઈએ. આ સંદર્ભમાં મનુએ મનુસ્મૃતિમાં નિર્દિષ્ટ કર્યું છે -

अध्यापनं ब्रह्मयज्ञः पितृयज्ञस्तु तर्पणम् ।
होमो दैवो बलिर्भौतो नृयज्ञोऽतिथि पूजनम् ।। - (મનુસ્મૃતિ ૩/૭૦ )

અર્થાત્- વેદોનું શિક્ષણ (પાંચ મહાન યજ્ઞોમાંથી) - બ્રહ્મયજ્ઞ, તર્પણ પિતૃ યજ્ઞ, દેવ યજ્ઞ, પંચબલી ભૂતયજ્ઞ અને મહેમાનોની પૂજા, સત્કાર નૃયજ્ઞ અથવા મનુષ્ય યજ્ઞ, જેને અતિથિયજ્ઞ કહેવામાં આવે છે.

वैवाहिकेऽग्नौ कुर्वीत गृह्यं कर्म यथाविधि ।
पञ्चयज्ञविधानं च पक्तिं चान्वाहिकीं गृही ।।६७।।

पञ्च सूना गृहस्थस्य चुल्ली पेषण्युपस्करः ।
कण्डनी चौदकुम्भश्च बध्यते यास्तु वाहयन् ।।६८।।

અર્થાત્ - જે અગ્નિમાં લગ્ન જોવા મળે છે તેને લગ્નનો અગ્નિ કહેવામાં આવે છે. તે સવાર અને સાંજ, વૈશ્વદેવ, શાંતિ-પૌષ્ટિક કર્મ, દૈનિક રસોઈ વગેરે વૈદિક વિધિઓ ગૃહસ્થ દ્વારા કરવી જોઈએ. ઘરમાં હિંસાના પાંચ સ્થાનો છેઃ ચૂલો, ઘંટી, સાવરણી, ચૂના અને પાણીના વાસણનો ઉપયોગ કરવો એ પાપ છે.

तासां क्रमेण सर्वासां निष्कृत्यर्थं महर्षिभिः ।
पञ्च कृप्ता महायज्ञाः प्रत्यहं गृहमेधिनाम् ।।६९।।

अध्यापनं ब्रह्मयज्ञः पितृयज्ञस्तु तर्पणम् ।
होमो दैवो बलिर्भौतो नृयज्ञोऽतिथिपूजनम् ।।७०।।

पञ्चैतान् यो महाऽयज्ञान्न हापयति शक्तितः।
स गृहेऽपि वसन्नित्यं सूनादोषैर्न लिप्यते ।।७१।। (મનુસ્મૃતિ ૩/૬૯, ૭૦,૭૧)

અર્થાત્ - આ દોષોને દૂર કરવા માટે મહર્ષિઓએ ગૃહસ્થને દરરોજ પાંચ મહાન યજ્ઞો કરવા કહ્યું છે. તેમના નામ બ્રહ્મયજ્ઞ - વાંચન - શિક્ષણ, પિતૃ યજ્ઞ - પૂર્વજોનું તર્પણ, દેવયજ્ઞ - પ્રાણીઓનું બલિદાન, મનુષ્ય યજ્ઞ - આતિથ્ય છે. જે ગૃહસ્થ આ પાંચ મહાન યજ્ઞો પોતાની બધી શક્તિથી નથી કરતો તે હિંસાના દોષથી પીડાતો નથી.

देवताऽतिथिभृत्यानां पितृणामात्मनश्च यः ।
न निर्वपति पञ्चानामुच्छ्वसन्न स जीवति ।।७२।।

अहुतं च हुतं चैव तथा प्रहुतमेव च ।
ब्राह्यं हुतं प्राशितं च पञ्चयज्ञान् प्रचक्षते ।।७३।।

जपोऽहुतो हुतो होमः प्रहुतो भौतिको बलिः ।
ब्राह्यं हुतं द्विजाग्र्यार्चा प्राशितं पितृतर्पणम् ।।७४।।

स्वाध्याये नित्ययुक्तः स्याद् दैवे चैवेह कर्मणि ।
दैवकर्मणि युक्तो हि बिभर्तीदं चराचरम् ।।७५।। (મનુસ્મૃતિ ૩/૭૨, ૭૩,૭૪, ૭૫)

અર્થાત્ - જે માણસ દેવ, અતિથિ, સેવક, માતાપિતા વગેરે અને આત્માને ખોરાક આપતો નથી, તે જીવિત હોવા છતાં મૃત છે. કેટલાક ઋષિઓ પાંચ મહાન યજ્ઞોને

આહુત, હુત, પ્રહુત, બ્રહ્મહુત અને પ્રશીતના નામથી પણ ઓળખે છે. આહુત-જપ, હુત-હોમ, પ્રહુત-ભૂત બલિ, બ્રાહ્મણની બ્રહ્મહુત-પૂજા, પ્રશીત-નિત્ય શ્રાદ્ધ. બ્રાહ્મણો, હંમેશા વેદ અને અગ્નિહોત્રના અભ્યાસમાં વ્યસ્ત રહે છે. જે દેવતાઓના કાર્યમાં વ્યસ્ત રહે છે તે આ જગતનું પોષણ કરે છે.

अग्नौ प्रास्ताऽहुतिः सम्यगादित्यमुपतिष्ठते ।
आदित्याज् जायते वृष्टिवृष्टरन्नं ततः प्रजाः ॥७६॥

यथा वायुं समाश्रित्य वर्तन्ते सर्वजन्तवः ।
तथा गृहस्थमाश्रित्य वर्तन्ते सर्व आश्रमाः ॥७७॥

यस्मात् त्रयोऽप्याश्रमिणो ज्ञानेनान्नेन चान्वहम् ।
गृहस्थेनैव धार्यन्ते तस्माज् ज्येष्ठाश्रमो गृही ॥७८॥ (મનુસ્મૃતિ ૩/૭૬, ૭૭,૭૮)

અર્થાત્ :- કારણ કે અગ્નિમાં યજ્ઞ કરવાથી સૂર્ય આવે છે. સૂર્ય વરસાદ લાવે છે, વરસાદ ખોરાક લાવે છે અને ખોરાક લોકો માટે પોષણ લાવે છે. જેમ બધા જીવો ઓક્સિજનના આધારે જીવે છે, તેવી જ રીતે બધા આશ્રમ ગૃહસ્થના આધારે જીવે છે. ગૃહસ્થ દ્વારા ત્રણ આશ્રમોને જ્ઞાન અને ખોરાક આપવામાં આવે છે, તેથી ગૃહસ્થ બધા આશ્રમોમાં સૌથી મહાન છે.

**બ્રહ્મયજ્ઞ**

બ્રહ્મયજ્ઞ એટલે વેદોનો દૈનિક અભ્યાસ અથવા સ્વ-અભ્યાસ. બ્રહ્મયજ્ઞનો અર્થ વેદ, ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ અને બીજાઓને શીખવવાનો છે. આનાથી ત્યારે વિષયોના અર્થ વધુને વધુ સ્પષ્ટ થાય છે અને પવિત્ર વિચારો મનમાં સ્થિર થાય છે. તેથી સંધ્યાવંદના પછી વ્યક્તિએ દરરોજ નિયમિતપણે ધાર્મિકગ્રંથો વાંચવા જોઈએ. ગાયત્રી મંત્રના જાપથી બ્રહ્મયજ્ઞ પણ પૂર્ણ થાય છે. બ્રહ્મયજ્ઞનો અર્થ વેદ અને અન્ય શાસ્ત્રોનો અભ્યાસ અને શિક્ષણ છે. આશ્રમ પ્રણાલી હેઠળ ગુરુના માર્ગદર્શન હેઠળ બ્રહ્મચર્યાશ્રમમાં વેદ, પુરાણો અને અન્ય શાસ્ત્રોનું જ્ઞાન મેળવવું અને પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો, વેદ અને અન્ય શાસ્ત્રોનું સમાજમાં શિક્ષણ આપવું અથવા પ્રચાર કરવો, એ માનવીનું એક મહત્ત્વપૂર્ણ કર્તવ્ય માનવામાં આવે છે. દરેક ગૃહસ્થે વેદ, વેદાંગ, પુરાણો અને અન્ય શાસ્ત્રોના દૈનિક પાઠ અને ધાર્મિકવિધિઓ કરવા જોઈએ અને અન્ય લોકોને પણ તે કરવા માટે પ્રેરણા આપવી જોઈએ. આમ કરવાથી માનસિક અને બૌદ્ધિક વિકાસ સુનિશ્ચિત થશે. શિક્ષક અથવા આચાર્યએ તેમના શિષ્યો સાથે દૈનિક સાંજની પ્રાર્થના, વેદ-પારાયણ, વાર્તાઓ, પુરાણો અને અન્ય શાસ્ત્રોના નિયમિત પાઠ અને શાસ્ત્રોના ઉપદેશોનું પાલન કરવું એ મહત્ત્વપૂર્ણ ફરજો ગણવી જોઈએ.

**પિતૃયજ્ઞ**

'પિતૃ'ના ઘણા નામ છેઃ સોમપ, અગ્નિશ્વત્ત અને બર્હિષદ. પિતા, દાદા અને પરદાદા - આ વાસુ રુદ્રનું શરૂઆતનું સ્વરૂપ છે. ગૃહસ્થના વંશને અખંડ રાખે છે. પૂર્વજો તેમના પુત્રો દ્વારા આપવામાં આવતા અન્ન, પાણી અને અન્ય શ્રાદ્ધ પ્રસાદથી સંતુષ્ટ થઈ તેમને લાંબુ આયુષ્ય, સંતાન, સંપત્તિ, જ્ઞાન, સ્વર્ગ, મોક્ષ, સુખ અને અખંડ રાજ્ય આપે છે. તેથી, 'પિતૃયજ્ઞ' દ્વારા પિતૃઓને સ્મરણ કરવા, તેમને પાણી આપવું વગેરે એક આવશ્યક

કર્તવ્ય માનવામાં આવે છે. મનુસ્મૃતિ (૩/૮૨) માં જણાવ્યું છેઃ "कुर्यादहरहः श्राद्धमन्नाद्येनोदकेन वा । पयोमूलफलैर्वापि पितृभ्यः प्रीतिमावहन् ।।" અર્થાત્ ગૃહસ્થે દરરોજ (શક્ય હોય ત્યાં સુધી) પિતૃઓને શાશ્વત (તલ, ઘઉં અને અનાજ) અથવા પાણી, દૂધ, મૂળ અને ફળોથી સંતુષ્ટ કરીને 'શ્રાદ્ધ' કરવું જોઈએ.

જીવિત માતાપિતા, ઋષિઓ, વડીલોની તન, મન અને ધનથી સેવા કરવી એ પિતૃયજ્ઞ કહેવાય છે. શ્રાદ્ધના બે પ્રકાર છે - (૧) તર્પણ, (૨) શ્રાદ્ધ. તર્પણ એ એવું કાર્ય છે જેના દ્વારા વિદ્વાનો, દેવતાઓ (માતાપિતા, શિક્ષકો વગેરે), ઋષિઓ અને પૂર્વજો પ્રસન્ન થાય છે. પિતૃઓ રાજી થઈને પુત્રોને દીર્ઘાયુષ્ય, સંતાન, ધન, જ્ઞાન, સ્વર્ગ, મોક્ષ, સુખ અને શાશ્વત રાજય પણ આપે છે. તેથી પૂર્વજોનું સ્મરણ કરવું, તેમને તર્પણ કરવું, પિંડદાન કરવું વગેરે આવશ્યક કર્તવ્ય માનવામાં આવે છે.

**દેવયજ્ઞ**

દેવયજ્ઞ એટલે દેવતાઓની પૂજા અને હવન કરવો. દેવતાઓ જ બધી મુશ્કેલીઓ દૂર કરે છે, દુઃખ દૂર કરે છે. સુખ અને સમૃદ્ધિ પ્રદાન કરે છે. તેથી, દરેક ઘરમાં નિયમિત પૂજા અને દેવી-દેવતાઓના હવન કરવાં જોઈએ. હવન ઘરના પ્રદૂષિત વાતાવરણને શુદ્ધ કરે છે અને સ્વાસ્થ્ય સુધારે છે.

દેવયજ્ઞમાં દેવતાઓની પૂજા, યજ્ઞ અને ઘીનો ઉપયોગ કરીને અગ્નિમાં હવન કરવાનો સમાવેશ થાય છે. એવું માનવામાં આવે છે કે વ્યક્તિનું ભૌતિક સુખ ફક્ત દેવતાઓની કૃપાથી જ શક્ય છે અને આ માટે મનુષ્યોએ પૂજા દ્વારા તેમને પ્રસન્ન કરવા જરૂરી છે. લોકો માનતા હતા કે દેવતાઓ પોતે હાજર રહેશે અને અગ્નિમાં ચઢાવેલા પ્રસાદનો સ્વીકાર કરશે.

દરરોજ પાંચ દેવતાઓ (સૂર્ય, ગણેશ, વિષ્ણુ, દુર્ગા અને શિવ) ની પૂજા કરવી જોઈએ. જો કોઈ વૈદિક મંત્રોથી જાણતા ન હોય, તો તેમણે આગમમાં દર્શાવેલ મંત્રથી પૂજા કરવી જોઈએ, જો તેઓ જાણતા ન હોય, તો તેમણે નામ મંત્રથી પૂજા કરવી જોઈએ અને જો આ શક્ય ન હોય, તો તેમણે મંત્ર વિના પાણી, ચંદન વગેરે અર્પણ કરવા જોઈએ.

**ભૂતયજ્ઞ**

વિવિધ જીવોની તૃપ્તિ માટે કરવામાં આવતા યજ્ઞને "ભૂતયજ્ઞ" કહેવામાં આવે છે, તેને 'બલિવૈશ્વદેવ' પણ કહેવામાં આવે છે. દરરોજ વૈશ્વદેવ માટે ધાર્મિકવિધિઓ અનુસાર ઘરેલુ અગ્નિમાં રાંધેલું ભોજન અર્પણ કરવું જોઈએ. પહેલા અગ્નિ માટે, પછી સોમ માટે, પછી ફરીથી અગ્નિ અને સોમ માટે એકસાથે, પછી ધન્વંતરી માટે, પછી પ્રજાપતિ વગેરે માટે હવન કરવું જોઈએ. આ હવન પછી પૂર્વ દિશામાં પરિક્રમા કરીને ઈન્દ્ર, યમ, વરુણ, સોમ વગેરેને યજ્ઞ અર્પણ કરવો જોઈએ. આવું કાર્ય કરનાર વ્યક્તિ પ્રકાશનું શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરે છે.

ભૂતયજ્ઞ એટલે બીજા જીવોના કલ્યાણ માટે પોતાના ખોરાકનો એક ભાગ દાન કરવો. મનુસ્મૃતિ ૩/૯૨ માં જણાવાયું છે કે કૂતરા, ચાંડાલ તેમજ કાગડા, કીડીઓ અને જંતુઓ માટે વાસણમાંથી ખોરાક કાઢીને સ્વચ્છ જમીન પર મૂકવો જોઈએ. આ રીતે ગૃહસ્થે બધા જીવોની પૂજા કરે છે. વિશેષમાં ગાયને ઘાસ આપવાનો શાસ્ત્રોમાં ખૂબ જ પુણ્ય કાર્ય માનવામાં આવે છે.

ભૂતયજ્ઞ પંચમહાયજ્ઞોમાંનો એક મહત્ત્વપૂર્ણ યજ્ઞ છે, જે સર્વ પ્રાણીમાત્ર તથા પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીને ઉજાગર કરે છે. 'ભૂત' શબ્દનો અર્થ માત્ર ભૂત-પ્રેત નહિ, પરંતુ પૃથ્વી પાંચભૌતિક તત્ત્વો, પક્ષીઓ, પ્રાણીઓ, જળચર, વનસ્પતિ અને સૂક્ષ્મજીવ સુધી વિસ્તરે છે. આ યજ્ઞનો સત્ય તાત્પર્ય એ છે કે માનવ પોતાના દિવસચર્યામાં પ્રકૃતિને સંરક્ષિત રાખે, પંખી-પ્રાણી માટે અન્ન-જળની વ્યવસ્થા કરે, પર્યાવરણને નુકસાન ન પહોંચાડે અને જીવનના દરેક સ્વરૂપ પ્રત્યે કરુણાભાવ રાખે.

ભૂતયજ્ઞ માનવને યાદ અપાવે છે કે પ્રકૃતિનો દરેક અંશ આપણા અસ્તિત્વનો આધાર છે. તેથી તેને પોષવું, સંભાળવું અને રક્ષણ આપવું એ આપણી આધ્યાત્મિક તથા નૈતિક ફરજ છે.

**નૃયજ્ઞ**

નૃયજ્ઞ અથવા અતિથિયજ્ઞનો અર્થ પ્રેમ અને આદર સાથે મહેમાનનું સ્વાગત અને સેવા કરવી છે. ગૃહસ્થે પહેલા મહેમાનને ભોજન કરાવ્યા પછી ભોજન કરવું જોઈએ. શાસ્ત્રમાં अतिथि देवो भव । ની સંકલ્પના છે અર્થાત્ મહેમાનને દેવ સમાન ગણવામાં આવે છે.
- મહાભારત અનુસાર

अतिथिर्यस्य भग्नाशो गृहात् प्रतिनिवर्तते ।
स दत्त्वा दुष्कृतं तस्मै पुण्यमादाय गच्छति ।। (મહાભારત શાંતિ પર્વ ૧૯૧/૧૨)

અર્થાત્ - જેના દરવાજામાંથી ભિક્ષુકને ભિક્ષા ન મળવાને કારણે નિરાશ થઈને પાછો ફરે છે, તે પોતાનું પાપ તે ગૃહસ્થને સોંપી દે છે અને તેનું પુણ્ય છીનવી લે છે.

મહર્ષિ વિશ્વામિત્રના મતે -

नित्यकर्माखिलं वस्तु उत्तक्काले समाचरेत् ।
जित्वा स सकलांल्लोकानन्ते विष्णुपुरं व्रजेत् ।। (વિશ્વામિત્ર સ્મૃતિ ૧.૧૫.૧૬ )

અર્થાત્ - દૈનિક કાર્યો દરરોજ અને નિયત સમયે પૂર્ણ કરવા જોઈએ. જે આવું કરે છે તે સમગ્ર લોકને પાર કરે છે અને પરમ વિષ્ણુલોકને પ્રાપ્ત કરે છે. તેથી, દરેક ગૃહસ્થે દરરોજ નિયત સમયે ભક્તિભાવથી પંચમહાયજ્ઞ કરવો જોઈએ, તો જ તે સંપૂર્ણપણે ખુશ અને શાંત રહી શકે છે.

યજ્ઞ પંચમહાયજ્ઞોમાંથી એક મહત્ત્વનો નૃયજ્ઞ છે, જે માનવ સમાજ પ્રત્યેની આપણી ફરજનું પ્રતિનિધિત્વ કરે છે. 'નૃ' એટલે મનુષ્ય અને 'યજ્ઞ' એટલે યજન કરવું. નૃયજ્ઞનો મૂળ ભાવ એ છે કે સમાજમાં રહેલા દરેક વ્યક્તિ પ્રત્યે દયાભાવ, કરુણા, સહાયતા અને પરસ્પર સહઅસ્તિત્વનું પાલન કરવું. પરિવાર, પડોશ, વિદ્યાર્થી, વડીલો અથવા અશક્તલોકો - પ્રત્યેકને મદદ કરવાનો સંકલ્પ આ યજ્ઞમાં સામેલ છે. જ્ઞાનનું વિતરણ, સંસાધનોનું વહન અને માનવ કલ્યાણ માટે કાર્ય કરવું નૃયજ્ઞનો કેન્દ્રબિંદુ છે. આ યજ્ઞ માનવતાને આધ્યાત્મિક ઊંચાઈ આપે છે અને સમાજને સુવ્યવસ્થિત બનાવે છે.

પંચમહાયજ્ઞનો સાર તે છે કે માણસ માત્ર પોતાને માટે નહીં, પરંતુ સમગ્ર સમાજ, પ્રકૃતિ અને બ્રહ્માંડ સાથે જોડાયેલ છે. આ યજ્ઞો ગૃહસ્થને યાદ અપાવે છે કે જીવન કૃતજ્ઞતા, સેવા, કરુણા અને સંસ્કાર પર આધારિત હોવું જોઈએ. પંચમહાયજ્ઞ દ્વારા વ્યક્તિ જાણે છે કે જીવનનો હેતુ માત્ર ભોગ નથી, પરંતુ યજ્ઞ - અન્ય માટે યોગદાન અને પરોપકારે ભરેલું જીવન છે.

### ❖ ૩.૧.૨ માનવજીવનમાં સંસ્કારોનું કારણ

ભારતીયસંસ્કૃતિનો મૂળભૂત ઉદ્દેશ્ય શ્રેષ્ઠ મૂલ્યો ધરાવતો માનવી બનાવવાનો છે. સામાજિક દ્રષ્ટિકોણથી સુખ, સમૃદ્ધિ અને ભૌતિક સંપત્તિ આવશ્યક છે, પરંતુ માનવજીવન ફક્ત ખાવા, પીવા અને જીવનનો આનંદ માણવા માટે નથી. આપણા ઋષિઓએ ભૌતિક પ્રગતિને ગૌણ અને આધ્યાત્મિક જ્ઞાનપ્રાપ્તિને જીવનનો મુખ્ય હેતુ માન્યો છે. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પોતાને તૈયાર કરવાની ક્રિયાને સંસ્કાર કહેવામાં આવે છે. વેદ, પુરાણો અને ધાર્મિક ગ્રંથો બાળક ગર્ભમાં પ્રવેશ કરે તે ક્ષણથી લઈને જીવનના દરેક ક્ષણ સુધી અને અંતે, મૃત્યુના ક્ષણ સુધી વિવિધ સંસ્કારોનું વર્ણન કરે છે. સંસ્કાર માનસિક વિકૃતિઓનો નાશ છે, જેનાથી વ્યક્તિત્વ પ્રભાવશાળી બને છે અને જીવન આનંદમય બને છે.

**સંસ્કાર શું છે ?**

ગૌતમ ધર્મસૂત્ર અનુસાર સંસ્કાર એ છે જે ખામીઓને દૂર કરે છે અને ગુણોને વધારે છે.

શંકરાચાર્યના મતે, 'संस्कारो हि नाम संस्कार्यस्य गुणाधानेन वा स्याद्दोषापनयनेन वा ।' (બ્રહ્મસૂત્ર ૧.૧.૪) અર્થાત્ - વ્યક્તિમાં સદ્ગુણો કેળવવા અથવા તેમના દોષોને દૂર કરવા માટે કરવામાં આવતી ક્રિયાને સંસ્કાર કહેવામાં આવે છે.

મહર્ષિ ચરકના મતે 'संस्कारो हि गुणान्तराधानमुच्यते ।' અર્થાત્ - સંસ્કાર એ છે જે વ્યક્તિ કે વસ્તુમાં નવા ગુણો કેળવવા (એકઠા કરવા, આત્મસાત કરવા) માટે કરવામાં આવે છે.

સંસ્કાર વિધિમાં કહેવામાં આવ્યું છે કે, 'जन्मना जायते शूद्रऽसंस्काराद्विज उच्यते ।' અર્થાત્ - દરેક વ્યક્તિ જન્મથી શૂદ્ર છે, પરંતુ સંસ્કાર દ્વારા દ્વિજ કહેવામાં આવે છે.

આપણા ઋષિ-મુનિઓ માનતા હતા કે આત્મા ઘણા જન્મોની ઈચ્છાઓથી ઢંકાયેલો છે. પાછલા જન્મના સંસ્કારો અનુસાર આત્મા એક નવું શરીર ધારણ કરે છે એટલે કે જન્મ લે છે અને કાર્યો પ્રત્યેનો તેનો લગાવ તે સંસ્કારો પર આધારિત છે. આમ, આત્મા સંપૂર્ણપણે સંસ્કારોનો યુક્ત બને છે.

મીમાંસાના તત્વજ્ઞાનીઓ અનુસાર 'कर्मबीजं संस्कारः' । અર્થાત્ -સંસ્કારો કર્મનું બીજ છે અને 'तन्निमित्ता सृष्टि' । અર્થાત્ - તેઓ સૃષ્ટિનું મૂળ કારણ છે.

પાછલા જન્મોના તેમના વ્યક્તિગત સંસ્કારો ઉપરાંત, દરેક વ્યક્તિનું વર્તન તેમના વર્તમાન વંશ અથવા કુળના સંસ્કારોથી પણ પ્રભાવિત થાય છે.

સામાન્ય રીતે મનુષ્ય ઝડપથી વિવિધ ઈન્દ્રિય સુખો તરફ આકર્ષાય છે. આ સહજ નબળાઈને કારણે મનુષ્ય વારંવાર માનસિક વિકૃતિઓ અને નબળાઈઓનો શિકાર બને છે, જેના કારણે પોતે અને સમાજ બન્ને અનૈતિકતા અને ચારિત્ર્યહીનતાનો ભોગ બને છે. મનુષ્યમાં પોતાની ખામીઓને સુધારવાની સૌથી મોટી ક્ષમતા હોવાથી માનવસમાજ માટે સંસ્કારોને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

ધાર્મિક વિધિઓની પરંપરાનો વ્યક્તિ પર અનોખો પ્રભાવ પડે છે તેવું માનવામાં આવે છે. ધાર્મિક વિધિઓ દરમિયાન કરવામાં આવતા યજ્ઞો, મંત્રોનો જાપ વગેરે વૈજ્ઞાનિક રીતે ધ્વનિ, ચુંબકીય ક્ષેત્ર પ્રસારણ, પ્રકાશ અને રંગની અસરો વગેરેના સિદ્ધાંતો દ્વારા સાબિત થયા છે. તેથી, ધાર્મિક વિધિ પ્રણાલીની પ્રામાણિકતા સંપૂર્ણપણે નિર્વિવાદ છે. ક્રિયાઓની સાથે સારા અને ખરાબ બન્ને ધાર્મિક વિધિઓ રચાય છે. મનોવિજ્ઞાન માને છે કે સામાન્ય ઉપદેશો, તાલીમ અથવા સલાહ કરતાં મનુષ્યો અનુકૂળ વાતાવરણમાં ઝડપથી શીખે છે.

અનેક પ્રકારના સંસ્કારનો  વિવિધ વિદ્વાનો દ્વારા ધાર્મિક વિધિઓની સંખ્યાનો અલગ અલગ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગૌતમ સ્મૃતિમાં ૪૦ સંસ્કારનો ઉલ્લેખ છેઃ "चत्वारिंशत्संस्कारैः संस्कृतः।" ૪૮ સંસ્કારનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહર્ષિ અંગિરાએ ૨૫ સંસ્કાર ઉલ્લેખ કર્યો છે. દાસ કર્મ પદ્ધતિ અનુસારનો સંસ્કારની સંખ્યા ૧૦ માનવામાં આવે છે, જ્યારે મહર્ષિ વેદવ્યાસે તેમની વ્યાસસ્મૃતિમાં સોળ મુખ્ય સંસ્કારનો ઉલ્લેખ કર્યો છેઃ

गर्भाधानं पुंसवनं सीमांतो जातकर्म च।
नामक्रियानिष्क्रमणेऽन्नशनं वपन क्रिया ॥

कर्णवधो व्रतादेशो वेदारम्भक्रियाविधिः ।
केशांतः स्नानमुद्वाहो विवाहाग्निपरिग्रहः ॥

त्रेताग्निसंग्रहश्चेति संस्काराः षोडश स्मृताः । ( વ્યાસ સ્મૃતિ ૧. ૧૩-૧૫ )

અર્થાત્ -  મીમાંસા દર્શન ફક્ત ૧૬ સંસ્કારને માન્યતા આપે છે. આધુનિક વિદ્વાનોએ તેમને સરળ અને ઓછા ખર્ચાળ બનાવવાનો પ્રયાસ કર્યો છે જેથી વધુ લોકો તેનો લાભ લઈ શકે. આમાંથી પહેલા ૮ સંસ્કારનો  વૃત્તિના માર્ગમાં ઉપયોગી છે અને બાકીના ૮ મુક્તિના માર્ગ માટે ઉપયોગી છે. દરેક ધાર્મિક વિધિનું પોતાનું મહત્ત્વ, અસર અને પરિણામો હોય છે. જો આ ધાર્મિક વિધિઓ યોગ્ય સમય અને વાતાવરણમાં ધાર્મિક વિધિઓ અનુસાર કરવામાં આવે તો તેમની અસર અસાધારણ હોય છે. તેથી, દરેક વ્યક્તિએ આ ધાર્મિક વિધિઓ કરવી જ જોઈએ.

માનવજીવનમાં સંસ્કાર એ વ્યક્તિના આંતરિક અને બાહ્ય જીવનને શુદ્ધ, સુવ્યવસ્થિત અને ઉન્નત બનાવવાનો આધ્યાત્મિક-સાંસ્કૃતિક ઉપક્રમ છે. 'સંસ્કાર'નો મૂળભૂત અર્થ છે.શુદ્ધિકરણ, ઉદ્દીપન અને સકારાત્મક વ્યક્તિત્વનું નિર્માણ. માનવ સ્વભાવ જન્મથી અસંસ્કૃત હોય છે. વિચાર, વર્તન, આચાર, ભાવનાઓ અને જવાબદારીઓનું સંચાલન તે અનુભવ અને માર્ગદર્શનથી શીખે છે. સંસ્કારો તેનું માર્ગદર્શન બને છે.

### ❖ ૩.૧.૩ શ્રાદ્ધ  કરવાનું કારણ

બ્રહ્મપુરાણ અનુસાર પોતાના પૂર્વજો માટે ભક્તિ સાથે કરવામાં આવતા ખાસ વિધિઓને શ્રાદ્ધ કહેવામાં આવે છે. શ્રાદ્ધ એ પૂર્વજો માટે ભક્તિ જાળવી રાખવાનો એકમાત્ર રસ્તો છે. કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે કરવામાં આવતું શ્રદ્ધા, બધા જીવોમાં શાંતિપૂર્ણ સદ્ભવનાના લહેરો ફેલાવે છે. આ લહેરો ફક્ત જીવંત લોકોને જ નહીં પરંતુ મૃતકોને પણ સંતુષ્ટ કરે છે. શ્રાદ્ધ મૃત આત્માને શાંતિ, મુક્તિ અને મુક્તિ આપે છે તેવી માન્યતા પાછળનું આ કારણ છે.

**મનુસ્મૃતિ અનુસાર -**

"यद्यद्ददाति विधिवत् सम्यक् श्रद्धासमन्वितैः ।
तत्तत् पितृणां भवति परत्रानन्तमक्षयम् ॥"
(मनुस्मृति ૩/૨૭૫)

અર્થાત્ - માણસ આગામી લોકમાં પૂર્વજોને અનંત અને અખૂટ સ્વરૂપમાં જે કંઈ આપે છે.

બ્રહ્મપુરાણમાં જણાવાયું છે કે અશ્વિન મહિનાના કૃષ્ણપક્ષ દરમિયાન, યમરાજ બધા

પિતૃઓને મુક્ત કરે છે જેથી તેઓ શ્રાદ્ધ માટે તેમના બાળકો પાસેથી ભોજન મેળવી શકે. જે પૂર્વજો આ મહિનામાં શ્રાદ્ધ નથી કરતા, તેઓ અસંતુષ્ટ થઈને તેમને શ્રાપ આપે છે અને પિતૃલોકમાં પ્રયાણ કરે છે. આનાથી ભાવિ પેઢીઓને ભારે દુઃખ થાય છે. આને પિતૃદોષ તરીકે ઓળખવામાં આવે છે. પૂર્વજોના બધા પાપોને શાંત કરવા માટે પૂર્વજોની પુણ્યતિથિ પર શ્રાદ્ધ વિધિ કરવામાં આવે છે. આમાં બ્રાહ્મણોને ભોજન કરાવવા અને સંતુષ્ટ કરવાની વિધિનો સમાવેશ થાય છે. ગરુડ પુરાણ શ્રાદ્ધ કરવાથી મળતા ફળનું વર્ણન કરે છે.

"आयुः पुत्रान् यशः स्वर्गं कीर्तिं पुष्टिं बलं श्रियम् ।
पशुन् सौख्यं धनं धान्यं प्राप्नुयात् पितृपूजनात् ॥"

અર્થાત્ - શ્રાદ્ધ કર્મ કરવાથી સંતુષ્ટ થઈને, પૂર્વજો મનુષ્યોને દીર્ઘાયુષ્ય, પુત્રો, કીર્તિ, મોક્ષ, સ્વર્ગ, કીર્તિ, પુષ્ટિ, શક્તિ, કીર્તિ, પશુધન, સુખ, સંપત્તિ અને અનાજ વૃદ્ધિના આશીર્વાદ આપે છે.

યમસ્મૃતિ ૩૬.૩૭માં જણાવ્યું છે કે  પિતા, દાદા અને પરદાદા ત્રણેય શ્રાદ્ધની આશા રાખે છે, જેમ પક્ષીઓ ઝાડ પર રહેતાં વૃક્ષોમાં ફળની આશા રાખે છે. પિતૃઓ આશા રાખે છે કે આપણા બાળકો મધ, દૂધ અને ખીરથી આપણા માટે શ્રાદ્ધ કરશે.

દેવતાઓને અર્પણ કરાયેલા પ્રસાદ તે અને પૂર્વજો કેવી રીતે પ્રાપ્ત કરે છે તે અંગે, યમસ્મૃતિનો પ્રમાણે

"यावतो ग्रसते ग्रासान् हव्यकव्येषु मन्त्रवित् ।
तावतो ग्रसते पिण्डान् शरीरे ब्रह्मणः पिता ॥" ( યમસ્મૃતિ, ૪૦ )

અર્થાત્ - શ્રાદ્ધ કરનારના પિતાને મંત્રજ્ઞાની બ્રાહ્મણ બ્રાહ્મણના શરીરમાં સ્થિત થઈને શ્રાદ્ધના ખોરાકના બધા કૌર પ્રાપ્ત થાય છે.

અથર્વવેદમાં પૂર્વજોને સામગ્રી પહોંચાડવાની એક અલગ રીતનો ઉલ્લેખ છે. પૂર્વજો માટે શ્રાદ્ધ કરનાર વ્યક્તિ અલગ આહુતિઓ અર્પણ કરતી વખતે અગ્નિને પ્રાર્થના કરે છે.

त्वमग्न ईडितो जातवेदो वाड्ढव्यानि सुरभीणि कृत्वा । प्रादाः पितृभ्यः । ( અર્થવવેદ, ૧૮.૩.૪૨)

અર્થાત્ - હે પ્રશંસનીય અગ્નિદેવ! તમે જ જાણો છો કે આપણા પૂર્વજો કયાં રહે છે. આપણા અર્પણ કરેલા સ્વધાકૃત હવ્યને સુગંધિત બનાવો અને તેને પિતૃઓને અર્પણ કરો.

મહર્ષિ જાવલીના મતે પિતૃ પક્ષ (અશ્વિન કૃષ્ણપક્ષ) માં શ્રાદ્ધ કરવાથી પુત્રો, આયુષ્ય, આરોગ્ય, અપાર સંપત્તિ અને ઇચ્છિત વસ્તુઓ મળે છે.

વિષ્ણુ પુરાણમાં લખ્યું છે કે શ્રદ્ધાથી શ્રાદ્ધ કરવાથી ફક્ત પૂર્વજો જ સંતુષ્ટ થતા નથી, પરંતુ બ્રહ્મા, ઇન્દ્ર, રુદ્ર, અશ્વિનકુમાર, સૂર્ય, અગ્નિ, અષ્ટાવસુ, વાયુ, ઋષિઓ, મનુષ્ય, પશુ, પક્ષીઓ અને સરિસૃપ જેવા બધા જીવો સંતુષ્ટ થાય છે.

શ્રાદ્ધ માત્ર ધાર્મિક વિધિ નથી, તે પારિવારિક સંસ્કૃતિનું સંવર્ધન, વંશપરંપરા પ્રત્યે આદર અને પેઢીથી મળેલા સંસ્કારોને જાળવી રાખવાની પ્રતિબદ્ધતા છે. આ વિધિ વ્યક્તિને પૂર્વજોનું સ્મરણ, તેમની યશગાથાનો માન અને જીવનમૂલ્યોને અનુસરવાની પ્રેરણા આપે છે.

### ❖ ૩.૧.૪ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવાના ફાયદા

ભારતીય જીવનચર્યા અને ઋષિ સંસ્કૃતિમાં 'બ્રાહ્મમુહૂર્ત'ને સર્વોત્તમ અને સૌથી પવિત્ર સમય તરીકે વર્ણવવામાં આવ્યો છે. અંધકારથી પ્રકાશ તરફ જવાના સંક્રમણનો આ ક્ષણસમય માત્ર દિવસની શરૂઆત નથી, પરંતુ એક નવા ચૈતન્ય, નવી ઊર્જા અને નવી વિચારધારાનો આરંભ છે. વૈદિક સાહિત્ય, આયુર્વેદ, યોગ-શાસ્ત્ર તેમજ આધ્યાત્મિક પરંપરાઓ તમામે બ્રાહ્મમુહૂર્તને પૂરતી મહત્તા આપી છે, કારણ કે આ સમય પ્રકૃતિ, મન અને આત્માના ત્રિવેણી સંગમ જેવો ગણાય છે.

'બ્રહ્મ' એટલે જ્ઞાન, ચૈતન્ય અને સર્જનશક્તિનું પ્રતીક, જ્યારે 'મુહૂર્ત' સમયનો વિશેષ વિભાગ દર્શાવે છે, એટલે બ્રાહ્મમુહૂર્ત એ એવો સંયોગ છે જેમાં મન સર્વાધિક શુદ્ધ, પ્રકૃતિ સર્વાધિક નિર્મળ અને આત્મા સર્વાધિક જાગૃત હોય છે. આ સમય દરમિયાન ઉગતી પ્રભાતનું સૌમ્ય શાંત વાતાવરણ, હવામાં રહેલો ઓક્સિજનનો શુદ્ધ સ્તર, શરીર-મનમાં થતો નવા દિવસનો સૌમ્ય ઉદ્ભવ - આ બધું મળીને મનુષ્યની આંતરિક ઊર્જાને જાગૃત કરે છે.

માનવજીવન ખૂબ જ કિંમતી છે, તેને વ્યર્થ ન ગુમાવવું જોઈએ.

"कलिः प्रसुप्तो भवती स जाग्रद्धापरं युगम् ।
कर्मस्वभ्युतस्त्रेता विचरंस्तु कृतं युगम् ।।" (મનુસ્મૃતિ ૯.૩૦૨)

અર્થાત્ - જે સૂઈ રહ્યો છે તેના માટે કલિયુગ છે, જે જાગી રહ્યો છે તેના માટે આ દ્વાપરયુગ છે, જે કર્મ માટે તૈયાર છે તેના માટે ત્રેતા છે અને જે કર્મમાં વ્યસ્ત છે. તેના માટે હંમેશા સત્યયુગ છે, એટલે કે માણસ પોતાના આચરણ દ્વારા યુગનું સર્જન કરે છે.

વધુ પડતી ઊંઘ બેદરકારીની શ્રેણીમાં ગણાય છે. પરંતુ કલ્યાણકારી કાર્યકર્તા આ સમયે ઊંઘી શકતો નથી. કહેવાય છેઃ 'ब्राह्मो मुहूर्ते बुध्येत ।' ફક્ત સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, સુંદરતા, સ્વાસ્થ્ય અને શુદ્ધ મન, સમજદાર, જ્ઞાની, ઉત્સાહી વગેરેના માલિકો જ બ્રાહ્મમુહૂર્ત પર ઉઠવાના અનુભવનું વર્ણન કરી શકે છે. આપણા આધ્યાત્મિક વિદ્વાનોએ બ્રાહ્મમુહૂર્તને અમૃતવેલા, બ્રહ્મવેલા, દેવવેલા, બ્રહ્મવેલા વગેરે જેવા ઘણા નામોથી ઓળખાવ્યું છે. દરેક વ્યક્તિએ બ્રાહ્મમુહૂર્ત પર ઉઠવું જોઈએ.

'ब्राह्मो मुहूर्ते उत्तिष्ठेत् स्वस्थो रक्षार्थमायुषः ।' અર્થાત્ -જીવન અને સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવું જોઈએ.

એવું માનવામાં આવે છે કે મધ્યરાત્રિ ૧૨ વાગ્યાથી સવારના ૪ વાગ્યા સુધી આસુરી અને ગુપ્ત શક્તિઓનો પ્રભાવ રહે છે. ભગવાન બ્રાહ્મમુહૂર્તમાં એટલે કે સવારે ૪ વાગ્યા પછી નિવાસ કરે છે. બ્રાહ્મમુહૂર્તનું નામ બ્રહ્મી શબ્દ પરથી રાખવામાં આવ્યું છે, જેનો અર્થ શાસ્ત્રોમાં જ્ઞાનની દેવી સરસ્વતી થાય છે. પ્રાચીનકાળથી શિષ્યોને બ્રાહ્મમુહૂર્તમાં વેદોનો અભ્યાસ કરાવવામાં આવે છે. વિશ્વના પ્રખ્યાત ઋષિઓ, મહાન વિદ્વાનો અને દીર્ઘાયુષ્ય પામેલા લોકો સૂર્યોદય પહેલાં બ્રાહ્મમુહૂર્તમાં જાગીને પોતાના દૈનિક કાર્યો શરૂ કરવા ટેવાયેલા છે.

આયુર્વેદ અનુસાર બ્રાહ્મમુહૂર્ત (સવારે ૪ થી ૫ઃ૩૦ વાગ્યા સુધી) દરમિયાન વહેતી હવા આપણા સ્વાસ્થ્ય માટે અમૃત જેવી છે કારણ કે તે ચંદ્રમાંથી પ્રાપ્ત અમૃત કણોથી ભરેલી હોય છે. આ સમયની શાંત, સુખદ, ઠંડી, અત્યંત આનંદપ્રદ, આરોગ્ય વધારતી અને સુંદરતા વધારતી હવામાં ૪૧ ટકા ઓક્સિજન, ૫૫ ટકા નાઈટ્રોજન અને ૪ ટકા

કાર્બન ડાયોક્સાઈડ હોય છે. જેમ જેમ સૂર્યના કિરણોની શક્તિ વધે છે તેમ તેમ ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે અને કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધે છે.

બ્રાહ્મમુહૂર્તનો સમયગાળો શારીરિક, યૌગિક અને માનસિક પ્રવૃત્તિઓ જેમ કે ધ્યાન, યોગાભ્યાસ, ભગવાનની પૂજા, અભ્યાસ, ચિંતન વગેરે માટે સૌથી યોગ્ય છે, કારણ કે આ સમયના શાંત અને ઠંડા વાતાવરણમાં એકાગ્રતા સાથે કામ કરવાથી સુખદ પરિણામો મળે છે.

**ઋગ્વેદ અનુસાર**

"प्रातारत्नं प्रातरित्वा दधाति तं चिकित्वान्प्रतिगृह्यनिघत्ते ।
तेन प्रजां वर्धयमान आयू रायस्पोषेण सचेत सुवीरः ।।" ( ઋગ્વેદ ૧.૧૨૫.૧ )

અર્થાત્ - જે સવારે સૂર્યોદય પહેલાં ઉઠે છે તેને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય રત્ન મળે છે, તેથી જ્ઞાની લોકો તે સમય વ્યર્થ બગાડતા નથી. જે સવારે વહેલા ઉઠે છે તે મજબૂત, સ્વસ્થ, મજબૂત, ખુશ, દીર્ઘાયુ અને બહાદુર હોય છે.

સામવેદમાં અનુસાર "यद्य सूर उदितोऽनागा मित्रोअर्यमा । सुवाति सविता भगः ।।" (સામવેદ ૩૫)

અર્થાત્ - વ્યક્તિએ સવારે સૂર્યોદય પહેલાં સ્નાન કરવાનું ટાળવું જોઈએ અને ભગવાનની પૂજા કરવી જોઈએ. સૂર્યોદય પહેલાં શુદ્ધ હવાનું સેવન કરવાથી સ્વાસ્થ્ય અને સંપત્તિમાં વધારો થાય છે.

મહાભારતના શાંતિપર્વમાં "न च सूर्योदये स्वपेत् ।" અર્થાત્ - સૂર્યોદય સમયે ઊંઘવું ન જોઈએ.

અથર્વવેદમાં "उद्यन्त्सूर्य इव सुप्तानां द्विषतां वर्च आददे ।" - (અથર્વવેદ ૭/૧૬/૨) અર્થાત્ જે લોકો સૂર્યોદય સુધી પણ જાગતા નથી તેઓ પોતાનો વૈભવ ગુમાવે છે.

સ્મૃતિ-રત્નાવલીમાં આચારેન્દુમાં અનુસાર

"ब्राह्ममुहूर्ते या निद्रा सा पुण्यक्षयकारिणी।
तां करोति द्विजो मोहात् पादकृच्छ्रेण शुद्ध्यति ।।"

અર્થાત્ -બ્રાહ્મમુહૂર્ત દરમિયાન સૂવાથી પુણ્યનો નાશ થાય છે. આ સમયે સૂતી વ્યક્તિએ આ પાપના પ્રાયશ્ચિત તરીકે પદકચ્છ ઉપવાસ કરવો જોઈએ. એવું પણ કહેવાય છે કે બ્રાહ્મમુહૂર્ત દરમિયાન કરવામાં આવેલ કોઈપણ કાર્ય પૂર્ણ થાય છે. આ સમયગાળાને અમૃતવેળા તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે આ સમયે ચંદ્રના કિરણો અમૃત છોડે છે, જે શોષાય છે અને વાતાવરણમાં ફેલાય છે. સવારે ઉઠનારાઓ સાથેની તેની સેવા અને સંપર્કને કારણે, તે આખો દિવસ તાજગીભર્યો રહે છે.

જે પરોઢને જીતે છે તે સમગ્ર વિશ્વને જીતી લે છે. તેથી, તેને આઠ પ્રહરનો રાજા કહેવામાં આવે છે. સવારે ઉઠીને આપણે પ્રકૃતિની ખૂબ નજીક જઈએ છીએ. પૂર્વની અનોખી સુંદરતા, ઉગતા સૂર્યના કિરણો દ્વારા ફેંકાયેલા આકાશનો અદ્ભુત વૈભવ, પક્ષીઓનો નવો કિલકિલાટ, ફૂલોથી ભરેલા લતાઓનો નાજુક સમૂહ, ઝાડની ડાળીઓમાંથી જમીન પર પડતા શિયાળાના ટીપાં, સવારની પવનની આહલાદક ગતિ મોડા સૂનારાઓના ભાગ્યમાં નથી હોતી !

મહર્ષિ વાઘુલ દ્વારા લખાયેલ 'વઘુલસ્મૃતિ' માં લખ્યું છે-

ब्राह्मो मुहूर्ते सम्प्राप्ते त्यक्तनिद्रः प्रसन्नधीः ।
प्रक्षाल्य पादावाचम्य हरिसंकीर्तनं चरेत् ।।

“ब्राह्मे मुहूर्त निद्रां च कुरुते सर्वदा तु यः।
अशुचिं तं विजानीयादनर्हः सर्वकर्मसु ।।” -વધુલ સ્મૃતિ ૪-૫

અર્થાત્ -વ્યક્તિએ બ્રાહ્મમુહૂર્તમાં જાગીને ઊંઘ છોડી દેવી જોઈએ અને ખુશ મન રાખવું જોઈએ. વ્યક્તિએ પોતાના હાથ અને પગ ધોઈને આચમનથી પોતાને શુદ્ધ કરવા જોઈએ અને સવારના મંગલ શ્લોક અને પુણ્ય શ્લોકનો પાઠ કરવો જોઈએ અને ભગવાનના નામનો જપ કરવો જોઈએ. આમ કરવાથી તમામ પ્રકારનું કલ્યાણ થાય છે.

જ્યારે બ્રાહ્મમુહૂર્તનો સમય આવે, ત્યારે ઊંઘ છોડી દો, ખુશ રહો, પગ (પાણીથી) ધોઈ લો, મોં કોગળા કરો અને શ્રી હરિના ગુણોનો જાપ કરો.

જે વ્યક્તિ બ્રાહ્મમુહૂર્ત દરમિયાન હંમેશાં સૂઈ રહે છે તેને અશુદ્ધ અને બધા કાર્યો માટે અયોગ્ય ગણવો જોઈએ.

આજે પ્રચલિત મોટાભાગના રોગો અસ્તવ્યસ્ત દિનચર્યા અને નબળા આહારને કારણે થાય છે. જો આપણે આપણા શરીરની જૈવિક ઘડિયાળ અનુસાર આપણી દિનચર્યા જાળવી રાખીશું, તો આપણને શરીરના વિવિધ ભાગોના સક્રિયકરણનો આપમેળે લાભ મળશે. આમ, થોડી જાગૃતિ સ્વસ્થ જીવન સુનિશ્ચિત કરશે.

અંતમાં, બ્રાહ્મમુહૂર્ત માનવીને પોતાને ઓળખવાની, પોતાના ઉદ્દેશોને લાગણીપૂર્વક જીવવાની અને જીવનને વધુ અર્થસભર બનાવવા માટેનો દિવ્ય પ્રારંભબિંદુ છે. ભારતીયપરંપરાની આ અમૂલ્ય નિધિ આજના વૈશ્વિક, વ્યસ્ત અને તણાવગ્રસ્ત જીવનમાં આત્મોપલબ્ધિનો થીજેલો ઝરણો તરીકે ખૂબ જરૂરી બની ગઈ છે.

### ❖ ૩.૧.૫ કર્મના ફળની માન્યતા શા માટે ?

ભારતીય સંસ્કૃતિમાં કર્મફળના સિદ્ધાંતને વિશ્વાસપૂર્વક માન્યતા આપવામાં આવી છે. માણસ પોતાના જીવનમાં જે કંઈ પણ પ્રાપ્ત કરે છે તે તેના કર્મોનું પરિણામ છે. માણસના કર્મોને તેના સુખ-દુઃખ, નુકસાન-લાભ, વિજય-નુકસાન અને સુખ-દુઃખ પાછળનો આધાર માનવામાં આવે છે.

કર્મના ફળ ભોગવવાની આવશ્યકતા પર કહેવામાં આવ્યું છે-

“नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।।” - (બ્રહ્મવૈવર્તપુરાણ ૩૭/૧૬)

અર્થાત્ - લાખો કલ્પ વર્ષો વીતી ગયા પછી પણ, માણસ પોતાના કર્મોના પરિણામો ભોગવ્યા વિના કર્મથી મુક્તિ મેળવી શકતો નથી. તે ગમે તે કાર્ય કરે છે, ભલે તે શુભ હોય કે અશુભ, તેણે તેના પરિણામો ભોગવવા જ પડે છે.

મહાભારતના શિવમહાપુરાણ અને વનપર્વમાં પણ આ જ વાત કહેવામાં આવી છે.

“ऐहिकं प्राक्तनं वापि कर्म यद्चितं स्फुरत ।
पौरुषोऽसौ परो यत्नो न कदाचन निष्फलः ।।” - (યોગવસિષ્ઠ ૩/૯૫/૩૪)

અર્થાત્ -પાછલા જન્મ અને આ જન્મમાં કરેલા કાર્યો ચોક્કસપણે પરિણામોના રૂપમાં દેખાય છે. માણસ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો ફળ આપ્યા વિના રહેતા નથી.

રામચરિતમાનસના અયોધ્યાકાંડ અનુસાર

कर्म प्रधान विश्व करि राखा। जो जस करै सो तस फल चाखा ।
काहु न कोउ सुख-दुख कर दाता। निज कृत करम भोग सब भ्राता ।।

અર્થાત્ - આ દુનિયામાં કર્મ સૌથી મહત્ત્વપૂર્ણ છે; વ્યક્તિએ પોતાના કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. આ દુનિયામાં કોઈ પણ દુઃખ કે સુખ આપવા સક્ષમ નથી. દરેક વ્યક્તિ પોતાના કર્મોનું પરિણામ ભોગવે છે.

મહાન ઋષિઓ, જ્ઞાની પુરુષો, સમ્રાટો, પરાક્રમી પુરુષો અને શક્તિશાળી વ્યક્તિઓએ પણ પોતાના કર્મોનું પરિણામ ભોગવવું પડ્યું છે. સૌથી સદાચારી ભગવાન શ્રી રામને ૧૪ વર્ષ માટે જંગલમાં દેશનિકાલ કરવામાં આવ્યા હતા અને તેમની પત્ની, માતા સીતાનું અપહરણ કરવામાં આવ્યું હતું. પરાક્રમી ભીમે રસોઈયા તરીકે કામ કરવું પડ્યું હતું. પરાક્રમી સમ્રાટ નલને તેમની પ્રિય પત્ની દમયંતીને જંગલમાં એકલા છોડીને રાજા ઋતુપર્ણના કોચમેન બનવું પડ્યું હતું. મહારાજા હરિશ્ચંદ્રને સ્મશાનમાં ચાંડાલની સેવા કરવી પડી હતી. રાણી દ્રૌપદીને રાણીઓની સૈરંધ્રી તરીકે સેવા કરવી પડી હતી. પરાક્રમી અને ગાંડીવધારી અર્જુને નપુંસકનો વેશ ધારણ કરીને વિરાટરાજની પુત્રીને નૃત્ય શીખવવું પડ્યું હતું.

અંતમાં કર્મના ફળની માન્યતા માનવજીવનને ક્રમબદ્ધતા, જવાબદારી અને નૈતિકતાથી પરિપૂર્ણ કરનાર માર્ગદર્શક સિદ્ધાંત છે. તે જીવનને માત્ર ભૌતિક સફળતા તરફ નહીં, પરંતુ આધ્યાત્મિક ઉન્નતિ અને આંતરિક શાંતિ તરફ દોરી જાય છે. આ માન્યતા માણસને પોતાનું ભાગ્ય બનાવવાના અધિકાર સાથે તેને યોગ્ય દિશામાં ગતિ કરવાની પ્રેરણા આપે છે.

### ❖ ૩.૧.૬ ધાર્મિક કાર્યોમાં કુશ શા માટે મહત્ત્વપૂર્ણ છે ?

ધાર્મિક વિધિઓમાં કુશ (દર્ભ) નામનું ઘાસનું બનેલું આસન મૂકવામાં આવે છે. પૂજા અને પાઠ જેવા ધાર્મિક વિધિઓ દરમિયાન વ્યક્તિમાં સંગ્રહિત આધ્યાત્મિક ઊર્જાને બહાર નીકળવાથી એટલે કે પૃથ્વીમાં ડૂબકી મારવાથી અટકાવવા માટે, કુશ આસન વિદ્યુત અવાહક તરીકે કાર્ય કરે છે. આ આસન પૃથ્વીના વિદ્યુત પ્રવાહને પગ દ્વારા વિસર્જન કરતા અટકાવે છે. કુશ આસન પર બેસીને મંત્રોનો જાપ કરવાથી બધા મંત્રો પૂર્ણ થાય છે.

"नास्य केशान प्रवपन्ति, नोरसि ताडमाध्नते ।" - (દેવી ભાગવત ૧૯/૩૨)

અર્થાત્ - કુશ ઘાસ પહેરવાથી વાળ ખરવા અને છાતીમાં દુઃખાવો, જેમ કે હૃદયરોગનો હુમલો અટકાવે છે.

વેદોમાં કુશ ઘાસનું વર્ણન એવી દવા તરીકે કરવામાં આવ્યું છે જે તાત્કાલિક પરિણામો આપે છે, આયુષ્ય વધારે છે અને પ્રદૂષિત વાતાવરણને શુદ્ધ કરે છે અને ચેપનો ફેલાવો અટકાવે છે.

કુશ ઘાસનો પવિત્ર વીંટી પહેરવો શા માટે જરૂરી છે ?

કુશ ઘાસની વીંટી બનાવીને તેને અનામિકા આંગળી પર પહેરવાનો રિવાજ છે જેથી હાથમાં સંચિત આધ્યાત્મિક ઊર્જા બીજી આંગળીઓમાં ન જાય. સૂર્ય અનામિકા આંગળીના પાયા પર સ્થિત હોવાથી, તે સૂર્યની આંગળી છે. આપણને સૂર્ય પાસેથી જીવનશક્તિ, તેજ અને કીર્તિ મળે છે. બીજું કારણ એ છે કે આ ઊર્જાને પૃથ્વીમાં પ્રવેશતી અટકાવવી. જો ધાર્મિક વિધિઓ દરમિયાન હાથ આકસ્મિક રીતે જમીનને સ્પર્શે છે, તો કુશ ઘાસ સંપર્કનું કેન્દ્ર બનશે. તેથી, કુશ ઘાસ પણ હાથ પર પહેરવામાં આવે છે. આ પાછળની માન્યતા એ છે કે જો હાથની ઊર્જા સુરક્ષિત ન હોય તો તેની આપણા મગજ અને હૃદય પર પ્રતિકૂળ અસર પડે છે.

અંતમાં કુશનું મહત્ત્વ ધાર્મિક આસ્થાથી લઈને વૈજ્ઞાનિક આધાર સુધી વિસ્તરેલું છે. તે શુદ્ધિ, સંરક્ષણ, આસન-સ્થિરતા અને ઊર્જા-સંતુલન જેવા ગુણોથી જીવનની પવિત્રતા વધારી, ધાર્મિક કાર્યોને વધુ સત્વશીલ અને શક્તિસભર બનાવે છે. તેથી કુશ ભારતીય સંસ્કૃતિમાં માત્ર ઘાસ નહીં, પરંતુ પવિત્રતા અને આધ્યાત્મિક સુરક્ષાનું પ્રતિક રૂપે સ્થપાયેલ છે.

### ❖ ૩.૧.૬ ઓમકારનાદ કરવાનું કારણ

હિન્દુ સંસ્કૃતિમાં ઓમ્‌નો ઉચ્ચારણ અત્યંત ગૌરવપૂર્ણ અને પવિત્ર માનવામાં આવે છે. તેના ઉચ્ચારણમાં અ + ઉ + મ અક્ષરોનો સમાવેશ થાય છે, જેમાં 'અ' અક્ષર સર્જનનો સંકેત આપે છે, 'ઉ' અક્ષર અસ્તિત્વનું પ્રતિનિધિત્વ કરે છે અને 'મ' અક્ષર વિસર્જનનો સંકેત આપે છે, જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતીક છે અને આ ત્રણ શક્તિઓનું એક સાથે આહ્વાન કરે છે. આ ત્રણ અક્ષરો ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનું પ્રતિનિધિત્વ કરે છે. ઓમ્ બધા ધર્મો અને શાસ્ત્રોનો સ્ત્રોત છે. ઓમકારને ધ્વનિનું મૂળભૂત સ્વરૂપ માનવામાં આવે છે. ઓમ્ એ ધ્વનિ બ્રહ્મ છે. ઓમ્ એ પરબીજ ઉચ્ચારણ છે. તેથી દરેક શુભ કાર્ય પહેલાં તેનો ઉચ્ચારણ આવશ્યક છે. આ બીજ ઉચ્ચારણ અત્યંત રહસ્યમય અને પરમ શક્તિશાળી માનવામાં આવે છે. તેથી, અનાદિ કાળથી, સાધકોને ઓમકારમાં અપાર શ્રદ્ધા રહી છે.

ઓમ્‌નો મહિમા ઘણાં ગ્રંથોમાં ઉલ્લેખવામાં આવ્યો છે.

કઠોપનિષદમાં યમ નચિકેતાને કહે છે-

"सर्वे वेदा यत् पदमामनन्ति तपसि सर्वाणि च यद् वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ।।" - (કઠોપનિષદ ૧૨/૧૫)

**અર્થાત્ :-** હું તમને બધા વેદોમાં વખાણાયેલા શ્લોકની ખૂબ જ મહત્ત્વપૂર્ણ શક્તિનું વર્ણન કરી રહ્યો છું, જે શબ્દ તપસ્વીઓ તેમના તપસ્યા દરમિયાન ઉચ્ચારતા હતા. હે નચિકેતા! વેદોનો સાર, તપસ્વીઓના શબ્દો, જ્ઞાનીઓનો અનુભવ, 'ઓમ્ ઇતિ એતત' ફક્ત ઓમ્ છે.

આ ઉચ્ચારણ (ઓમકાર ઓમ્) બ્રહ્મ છે અને આ ઉચ્ચારણ પરમ બ્રહ્મ છે. આ ઉચ્ચારણને જાણીને, માણસ જે ઇચ્છે છે તે પ્રાપ્ત કરે છે. આ પરમ આધાર છે.

તે જ બધાનું પરમ આશ્રય છે. આ અવલંબનને સારી રીતે જાણીને, સાધક બ્રહ્મલોકમાં મહિમા પામે છે.

માંડૂક્ય ઉપનિષદમાં

"युंजीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।
प्रणवे नित्ययुक्तस्य न भयं विद्यते क्वचित् ।।" (માંડૂક્ય ઉપનિષદ, આગમ પ્રકરણ, ૨૫)

**અર્થાત્ :-** ચિત્તને ઓમ્‌માં કેન્દ્રિત કરો. ઓમ્ એ નિર્ભય બ્રહ્મપદ છે. જે માણસ હંમેશા ઓમ્‌માં લીન રહે છે તેને કયાંય ભય નથી. ભગવાન કૃષ્ણએ કહ્યું છે :

"ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ।।" (શ્રીમદ્ ભગવદ્ ગીતા ૮/૧૩)

અર્થાત્ :- મન દ્વારા પ્રાણશક્તિને મસ્તકમાં મૂકીને અને યોગમાં સ્થિત થઈને, જે માણસ આ એક અક્ષર બ્રહ્મ ઓમ્ નો જાપ કરીને અને મારા નિર્ગુણ બ્રહ્મનું અર્થ ચિંતન કરીને શરીરનો ત્યાગ કરે છે, તે પરમ ગતિને પ્રાપ્ત કરે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૭મા અધ્યાયના ૨૪મા શ્લોક અનુસાર વૈદિક મંત્રોનો પાઠ કરનારા શ્રેષ્ઠ પુરુષોના શાસ્ત્રો દ્વારા નિર્ધારિત યજ્ઞ, દાન અને તપ હંમેશા આ પરમ પુરુષ ઓમ્ ના નામનો જાપ કરવાથી શરૂ થાય છે.

ગોપથબ્રાહ્મણમાં કહેવામાં આવ્યું છે કે જો ઓમ્ નો ઉપયોગ કર્યા વિના કોઈ મંત્રનો ઉચ્ચાર કરવામાં આવે તો તે મંત્રની ફળપ્રાપ્તિ થતી નથી. મંત્ર પહેલાં ઓમ્ નો ઉચ્ચાર મંત્રની શક્તિમાં વધારો કરે છે. ઓમ્ એ શિવ છે અને મંત્ર એ શક્તિ સ્વરૂપ છે, તેથી આ બન્નેનો એકસાથે મંત્રજાપ પૂર્ણતા છે. દરેક સ્તોત્ર, ઉપનિષદ, ગાયત્રી મંત્ર, બલિદાન આપવા માટેનો મંત્ર, અર્ચના, સહસ્ત્રનામ અને ભગવાનનું સ્મરણ કરવા માટેના મંત્ર વગેરે બધા ઓમ્ થી શરૂ થાય છે.

ઓમ્નો ઉચ્ચારણ પૂર્ણ ભક્તિભાવથી ઊંચા સ્વરે કરવો જોઈએ. તેના ઉચ્ચારણથી ધ્વનિમાં સ્પંદન શક્તિ ઉત્પન્ન થાય છે. તે ભૌતિક શરીરના પરમાણુઓ પર અસર કરે છે. મનમાં એકાગ્રતા અને શક્તિ જાગૃત થાય છે. અવાજમાં મધુરતા આવે છે. ઉન્માદનો નાશ થાય છે. શરીર સશક્ત બને છે. બધા સાંસારિક વિચારો અદૃશ્ય થઈ જાય છે. સુષુપ્ત શક્તિઓ જાગૃત થાય છે. આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત થાય છે. જીવનશક્તિ ઉપર તરફ જાય છે. તેનો ૭, ૧૧, ૨૧, ૫૧ વખત જાપ કરવાથી મનનું દુઃખ અને નિરાશા દૂર થાય છે અને સુખ આવે છે. સામૂહિક રીતે કરવામાં આવતો ઓમ્નો જાપ વધુ પ્રભાવશાળી બને છે. તેથી શરીરને સ્વસ્થ અને મનને સ્વસ્થ બનાવવા માટે આપણે શાંત મનથી થોડા સમય માટે ઓમ્નો જાપ કરવો જોઈએ.

વૈજ્ઞાનિકો કહે છે કે આપણુ મસ્તિષ્ક અને મગજના ઘણા અવયવો યોગ અને કસરત દ્વારા ખેંચાઈ શકતા નથી, તેથી ઓમ્નો જાપ મદદરૂપ થાય છે. આ મગજના બન્ને ગોળાર્ધને અસર કરે છે, મગજમાં સ્પંદનો અને તરંગો ઉત્પન્ન કરે છે, કેલ્શિયમ કાર્બોનેટના થાપણોને દૂર કરે છે અને મનને સ્વચ્છ રાખે છે.

❖ **સારાંશ**

ભારતીય સંસ્કૃતિના પ્રચંડ આકાશમાં રીત-રિવાજો એ માત્ર ધાર્મિક અથવા પરંપરાગત આચાર નથી, પરંતુ માનવીના જીવનને સંતુલિત, સાત્વિક અને સંસ્કારી બનાવવા માટે રચાયેલ એક ગહન જીવનપદ્ધતિ છે. હિંદુ દર્શનના મૂળમાં રહેલા ધર્મ, કર્મ અને સંસ્કાર - આ ત્રિ-સિદ્ધાંતો જીવનને જે શિસ્ત આપે છે, તે જ ભારતીય રીત-રિવાજોનું કેન્દ્ર બને છે. આ રીતિઓ અને પરંપરાઓ પેઢીથી પેઢીને માત્ર માન્યતા સ્વરૂપે નહિ, પરંતુ જીવંત અનુભૂતિઓ, આધ્યાત્મિક ચેતના અને સામૂહિક જોડાણના સ્વરૂપે પ્રસરતી આવી છે. આ કારણે જ આજના આધુનિક યુગમાં પણ ભારતીય રીત-રિવાજો પોતાની પ્રાસંગિકતા અને જીવંતતા જાળવી રાખી શક્યા છે.

ભારતીય રીત-રિવાજોનું સૌંદર્ય તેની વૈવિધ્યતા અને તેની પાછળ રહેલા તત્ત્વચિંતનમાં રહેલા છે. કોઈ પણ વિધિ તે પ્રાતઃકાળની પ્રાર્થના હોય કે સૂર્યને અર્ધ્ય અર્પણ કરવાનું કાર્ય, ભોજન પહેલાં જળનો પ્રોક્ષણનો નિયમ હોય કે તહેવારોની ઉજવણી - દરેક કર્મ પાછળ એક ગહન અર્થ છુપાયેલો હોય છે. આ રિવાજો માનવીને આત્મનિયંત્રણ, શાંતિ, પવિત્રતા, સહઅસ્તિત્વ અને કૃતજ્ઞતા જેવી ગુણસંપત્તિ પ્રાપ્ત કરાવે છે. આ કારણે જ ભારતીય સમાજમાં દૈનિક જીવનમાં પણ પરંપરાઓનું સ્થાન માત્ર ફરજ જેવું નથી, પરંતુ જીવનને સૌંદર્ય અને ગૌરવ આપતું એક સર્જનાત્મક પાસું છે.

રીત-રિવાજોની રચનામાં વૈજ્ઞાનિક અને માનસિક પરિમાણોનું પણ મહત્ત્વ છે. ઉદાહરણ તરીકે ધ્યાન, પ્રાણાયામ અને બ્રાહ્મમુહૂર્ત જેવી પરંપરાઓ દ્વારા માનસિક સ્થિરતા અને શારીરિક તંદુરસ્તી જળવાય છે. પ્રદક્ષિણા કરવાથી શરીરની ઊર્જાકેન્દ્રિતતા વધે છે, તિલક લગાવવાથી મનની એકાગ્રતા સ્ફૂટ બને છે અને ઉપવાસ શરીરને ડિટોક્સિફાય કરીને સ્વસ્થતામાં વધારો કરે છે. ભારતીય ઋષિમુનિઓએ પરંપરા અને વિજ્ઞાન વચ્ચેના આ સંગમને સંતુલિત રીતે રજૂ કર્યો છે, જેના કારણે ભારતીય રીત-રિવાજો માત્ર ધાર્મિકભાવના સુધી મર્યાદિત ન રહી સર્વાંગી જીવનવિજ્ઞાનના રૂપમાં વિકસ્યા છે.

ભારતીય તહેવારો અને સામૂહિક વિધિઓ સમગ્ર સમાજને એકતાની માળામાં ગોઠવે છે. દીપાવલીનું પ્રકાશ, નવરાત્રિની ભક્તિ-શક્તિ, રક્ષાબંધનનો સ્નેહ, જન્માષ્ટમીનું ચેતનતત્વ અને મહાશિવરાત્રિનો તપસ્યા ભાવ આ બધું જીવનમાં ઉત્સાહ, આધ્યાત્મિકતા અને માનવતાનો ઉમળકો જાળવી રાખવાનું કાર્ય કરે છે. તહેવારોના માધ્યમથી સમાજમાં પરસ્પર પ્રેમ, કરુણા અને સંકલન વધે છે. આ કારણે જ તહેવારો ભારતીય સંસ્કૃતિના સંવેદનાત્મક હૃદય છે.

સંસ્કાર-પરંપરા ભારતીય રીત-રિવાજોની સર્વોચ્ચ વિશેષતા છે. જન્મથી મૃત્યુ સુધીના સોળ સંસ્કારો માનવને નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક રીતે શક્તિશાળી બનાવવાનો પ્રયાસ કરે છે. નામકરણથી લઈ અંત્યેષ્ટિ સુધીની દરેક વિધિ માનવીને જીવનના દરેક તબક્કામાં મૂલ્ય, જવાબદારી અને પરિપક્વતા આપે છે. આ સંસ્કારોથી વ્યક્તિને પોતાનાં કર્તવ્યોની સમજ, કુટુંબ પ્રત્યેનો ભાવ, સમાજ પ્રત્યેની કરુણા અને આધ્યાત્મિક માર્ગ તરફનું આકર્ષણ પ્રાપ્ત થાય છે.

ભારતીય રીત-રિવાજોની વિશેષતા એ છે કે તે વ્યક્તિને પ્રકૃતિ સાથે એકરૂપ થવાનું શીખવે છે. તુલસીવંદના, વટસાવિત્રી વ્રત, નદી-વૃક્ષ-પર્વતને પવિત્ર માનવાની પરંપરા, ગૌસેવા, ભૂતયજ્ઞ - આ બધું પ્રકૃતિને માતૃત્વ સ્વરૂપે સ્વીકારી તેની રક્ષા કરવાનો સંદેશ આપે છે. પર્યાવરણપ્રેમ અને પર્યાવરણ બચાવનો ભાવ ભારતીય રીત-રિવાજોમાં હજારો વર્ષથી જ પ્રસ્થાપિત છે.

પરંપરાનું પાલન અંધશ્રદ્ધા નથી, પરંતુ અનુભવ, વિચાર અને જીવનની જરૂરિયાતમાંથી ઉદ્ભવેલી સૂચનાઓ છે. પેઢીઓની સામૂહિક સ્મૃતિ આ રીતિઓમાં પ્રતિબિંબિત થાય છે. આથી જ પ્રશ્ન ઉદ્ભવે છે કે ટેકનોલોજી અને આધુનિકતાના સમયમાં પણ ભારતીય રીત-રિવાજો કેમ અવિનાશી છે? કારણ એક જ છે. આ રિવાજો માનવમનની ભાવનાઓને સંતુલિત રાખે છે, જીવનને મૂલ્યમય બનાવે છે અને વ્યક્તિને સમાજના વિશાળ હિત સાથે જોડે છે.

આ રીતે જોવામાં આવે તો ભારતીય રીત-રિવાજો માત્ર ધાર્મિક પરંપરા નથી, પરંતુ માનવજીવનનો સંસ્કારી માર્ગ છે. તેની પાછળ રહેલી તત્ત્વચેતના, સંસ્કૃતિક સુગંધ અને આધ્યાત્મિક ઊર્જા ભારતીય ઓળખને અનોખી અને અખંડ બનાવે છે. દરેક રિવાજ માણસને પોતાનાં મૂળ, મૂલ્યો અને માનવતાની તરફ પાછા વાળતો રહે છે અને કદાચ એટલા માટે જ ભારતીય રીત-રિવાજો સમયના ફેરફારો વચ્ચે પણ પૂર્વવત્ જીવંત, પ્રાસંગિક અને પવિત્ર રહ્યા છે.

❖ **ટૂંક નોંધ :**

૧. સંસ્કૃતિનું મહત્ત્વ

૨. પંચમહાયજ્ઞ પાછળનું કારણ

૩. શ્રાદ્ધ પાછળનું વિજ્ઞાન

૪. પિતૃ યજ્ઞ - એક કર્તવ્ય

❖ **તમારી પ્રગતિ ચકાસો**

૧. બ્રહ્મયજ્ઞ

૨. ઓમકાર કરવાનું કારણ

૩. સંસ્કારની મહત્તા

૪. નૃયજ્ઞની જરૂરીયાત

૫. બ્રહ્મમૂહૂર્તમાં ઊઠવાના ફાયદા

❖ **પ્રશ્નોના ઉત્તર એક બે વાક્યોમાં આપો**

૧. ઓમકારમાં કેટલા અક્ષર છે ? કયા કયા ?

૨. કુશ મુખ્યરીતે કઈ જગ્યાએ  ઉપયોગ થાય છે ?

૩. પંચમહાયજ્ઞ એટલે શું ?

૫. પંચમહાયજ્ઞમાં આવતા યજ્ઞના નામ લખો.

❖ **બહુ વૈકલ્પિક પ્રશ્ન**

૧. શ્રાદ્ધના કેટલા પ્રકાર છે ?

A. બે B. ત્રણ C. ચાર D. પાંચ

૨. સોમપ શબ્દનો અર્થ શું થાય ?

A. પિતૃ B. માતા C. ભાઈ D. દાદા

૩. ઓમકારમાં કયો અક્ષર નથી ?

A. અ B. ઉ C. મ D. ય

૪. ગૌતમસ્મૃતિમાં કેટલા  સંસ્કારનો ઉલ્લેખ છે ?

A. ચાલીસ B. સોળ

C. વીસ D. અઢાર

૫. બ્રાહ્મમુહૂર્ત દરમિયાન સૂવાથી શેનો નાશ થાય છે.

A. આયુષ્ય B. ધન

C. પાપ D. પુણ્ય

❖ **સંદર્ભ સૂચિત ગ્રંથ**


૧. મનુસ્મૃતિ - મોતીલાલ બનારસીદાસ

૨. વિશ્વામિત્ર સ્મૃતિ - ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ ઓફિસ

૩. ગૌતમ ધર્મસૂત્ર (સ્મૃતિ) - મોતીલાલ બનારસીદાસ

૪. કઠોપનિષદ્ - ગીતા પ્રેસ

૫. શ્રીમદ્ ભગવદ્ગીતા - ગીતા પ્રેસ

૬. બ્રહ્મસૂત્ર (શાંકર ભાષ્ય) - અદ્વૈત આશ્રમ

૭. સ્મૃતિ-રત્નાવલી - ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ ઓફિસ

૮. અથર્વવેદ - ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ

૯. માંડૂક્ય ઉપનિષદ - અદ્વૈત આશ્રમ

૧૦. યમસ્મૃતિ - ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ ઓફિસ

૧૧. વ્યાસ સ્મૃતિ - ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ ઓફિસ

૧૨. ગરુડ પુરાણ - ગીતા પ્રેસ, ગ્દ્ભેરખપુર

૧૩. મહાભારત - ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ

૧૪. સામવેદ - ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ


***************

# એકમ - 4
# આપણાં તહેવારો

૪.૦ ઉદ્દેશ્ય

૪.૧ પ્રસ્તાવના

૪.૧.૧ બારમહિનાના તહેવારો

૪.૧.૨ ભારતીય તહેવારો અને આર્થિક રોજગાર વૃદ્ધિ

૪.૧.૩ રાષ્ટ્રીય તહેવારો

૪.૧.૪ લણણીના તહેવારો

૪.૧.૫ વિવિધ ધર્મના તહેવાર

૪.૧.૬ ભારતના રાજયોના વિવિધ તહેવારો

૪.૩ સારાંશ

- ટૂંકનોંધ
- તમારી પ્રગતિ ચકાસો
- પ્રશ્નોના ઉત્તર એક બે વાક્યોમાં આપો
- બહુવૈકલ્પિક પ્રશ્ન

## ૪.૦ ઉદ્દેશ્ય

- આપણાં તહેવારોથી પરિચિત થાય.
- તહેવારોના લાભથી પરિચિત થાય.
- તહેવારના હેતુ અને કારણ જાણે.
- તહેવારના પ્રકારથી પરિચિત થાય.
- તહેવારથી સામાજિક અને આર્થિક લાભનો પરિચય મેળવે.
- આર્થિક પ્રવૃત્તિઓને ગતિ મળે અને સ્થાનિક વ્યવસાય મજબૂત બને.
- વિવિધ સમાજ અને સંસ્કૃતિઓની સમજૂતી કેળવે.
- તહેવારો આપણી સંસ્કૃતિ અને પરંપરાનો મૂળ અર્થ સમજાવે.
- સમાજમાં એકતા, સૌહાર્દ અને સહકાર વધે .
- તહેવાર દ્વારા ઋતુચક્ર અને પ્રકૃતિનો વિશે જાણે.
- સમાજની લોકપરંપરા, લોકકલા અને લોકગીતોનું સંવર્ધન કરે.

## ૪.૧ પ્રસ્તાવના

વિશ્વની તમામ સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી તહેવારોનું અનેરૂ મહત્ત્વ રહેલું છે. ભારતીય સંસ્કૃતિની રીતભાતથી વ્યક્તિનું ઘડતર સર્વાંગીણ રીતે થાય છે. દરેક પદાર્થ, ક્રિયા તથા સમપર્ણતાને માન અપાય છે. જે તે કર્મ વધવાવા અથવા ઉજવણી કરીએ તે જ તહેવાર. તહેવાર એક સામાજિક જીવનનો ભાગ છે. સામાજિક જીવનમાં દરેક નાની મોટી વસ્તુ - ક્રિયાનું મહત્ત્વ હોય છે.દશેરાના દિવસે આપણે શસ્ત્રની પૂજા અને વાહનની પૂજા કરીએ છીએ,દિવાળીએ વ્યાપારીઓ વેપારના ચોપડાની પૂજા કરે છે, ખેતરમાં વાવણી અને લણણી થતા ખેડૂતો હર્ષભેર ઉજવે છે. તહેવારથી માનવ જીવનમાં નવચેતના આવે છે.દરેક સંસ્કૃતિમાં તહેવારો ઉજવવાની પાછળ ધાર્મિક,રાજકીય અને સામાજિક કારણો રહેલા હોય છે. તહેવારો સામાજિક -ધાર્મિક પરંપરાઓ પર આધારિત હોય છે. ઘણા તહેવારો કોઈ વિશેષ તિથિ- વ્રત-વિશેષ, મહાપુરુષની જન્મજયંતી, વિજયઉત્સવ, ગ્રહસંયોગ, ઋતુચક્ર ,અવતારનું પ્રાગટ્ય,સામાજિક પ્રથા વગેરે જેવા કાર્યોને આપણે તહેવાર તરીકે ઉજવીએ છીએ. તહેવારના દિવસે વ્યક્તિ જીવનની સમસ્યા, સુખ - દુખ, વેર-ઝેરને ભૂલી આનંદ- ઉલ્લાસ સાથે તહેવારમાં જોડાય છે. જીવનના કર્તવ્યો તથા જવાબદારીઓ વચ્ચે ઘેરાયેલો માણસ વ્યસ્ત હોવાથી ધાર્મિક પરંપરા- સામાજિક કાર્યો કરી શકતો નથી તે સમયે તહેવારના નિમિત્તે અનેક કાર્યો થઈ શકે છે. ઘણા તહેવાર કોઈ એક સમુદાયના રીત-રિવાજ પ્રમાણે ઉજવાતા હોય છે. હિન્દુધર્મમાં ચૈત્ર મહિનાથી વર્ષની શરૂવાત થાય છે. ચૈત્ર,વૈશાખ, જેઠ / જયેષ્ઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો / ભાદરવા,આસો / આશ્વિન,કારતક,માગશર,પોષ ,મહા/ માઘ,ફાગણ / ફાગણ આ ૧૨ મહિનામાં આવતા તહેવારો વિષયે જાણીશું. વેદવ્યાસે ભવિષ્ય પુરાણમાં કહ્યું છે :

> "व्रतोपवास नियमैर्नानादानैस्तथा नृप ।
> देवादयो भवन्त्येव प्रीतास्तेषां न संशयः ॥"
>
> "विशेषादुपवासेन तिथौ किल महीपते ।
> प्रीता देवादयस्तेषां भवन्ति कुरुनन्दन ॥" ( ભવિષ્ય પુરાણ ૧૬/૧૩-૧૪)

**અર્થાત્** દેવતાઓ, ઋષિઓ અને મહર્ષિઓ ઉપવાસ કરવાથી, ધાર્મિક વિધિઓ કરવાથી, જરૂરિયાતમંદ લોકોને દાન કરવાથી અને તહેવારો ઉજવવાથી પ્રસન્ન થાય છે તેમાં કોઈ શંકા નથી. વધુમાં, જો કોઈ તહેવાર કોઈ દેવતાની જન્મજયંતી અથવા કોઈ મહત્ત્વપૂર્ણ તિથિ સાથે આવે છે, તો તે દિવસે ઉપવાસ કરવાથી તે દૈવી અસ્તિત્વ ચોક્કસપણે પ્રસન્ન થાય છે.

### ❖ ૪.૧.૧ બારમહિનાના તહેવારો

**આસો- કારતક**

આસો શુક્લ પ્રથમાથી નવમી સુધી શારદીય નવરાત્રિ ઉત્સવ ઉજવાય છે પ્રથમ દિવસે ઘટ સ્થાપન કરી પૂજન થાય છે. નવ દિવસ દરમિયાન દુર્ગાદેવીના નવ સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે,નવરાત્રિના નવ દિવસમાં માતાજીના નવ સ્વરૂપની પૂજા થાય છે. છેલ્લા ત્રણ દિવસ સરસ્વતી પૂજન થાય, વિદ્યાર્થીવર્ગ સરસ્વતીમાતાનું પૂજન કરે છે. આસો શુક્લદશમના દિવસે વિજયાદશમી ઉજવાય છે.આ દિવસે ક્ષત્રિયો શસ્ત્રપૂજન કરે છે. શ્રી રામ ભગવાને આ દિવસે સીતાજીને અન્વેષણ કરવાનું પ્રારંભ કર્યું હતું.

આસો પૂર્ણિમાના શરદપૂર્ણિમા દિવસે કૃષ્ણ ભગવાન આજ દિવસે ચંદ્રની શીતળ છાયામાં ગોપીઓ સાથે ગરબા રમ્યા હતા. પૂર્ણ કળાએ ચંદ્ર ખીલ્યા પછી દૂધ પૌંઆનો પ્રસાદ

આરોગે છે. આ ઉત્સવ સાથે કોજાગારીનું વ્રત લક્ષ્મીમાતાને પ્રસન્ન કરવા માટે ઉજવાય છે. આ ઉત્સવને 'રાસપૂર્ણિમા'- 'કોજગરી પૂર્ણિમા' નામ તરીકે ઓળખાય છે.

આસો કૃષ્ણપક્ષની દ્વાદશીથી ક્રમશઃ વાઘબ્દ્ભરસ, ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ અને લાભપાંચમ સુધી દિવાળીનો તહેવાર ઉજવાય છે.

આ તહેવાર ભગવાન શ્રીરામ દ્વારા લંકા વિજય કરી અયોધ્યા પરત થવાની ખુશીમાં સંપૂર્ણ ભારતમાં ખૂબ જ હર્ષોલ્લાસની સાથે ઉજવવામાં આવે છે.

આસો કૃષ્ણપક્ષ દ્વાદશી એટલે 'વાઘબારસ' આ દિવસને વસુ બારસ, ગોવત્સ દ્વાદશી અથવા નંદિની વ્રત તરીકે ઓળખવામાં આવે છે. માન્યતા પ્રમાણે વાઘનો અર્થ દેવું થાય છે, એટલે વેપારી લોકો માટે વાઘ બારસે ચોપડાનું દેવું પૂરું કરવાનો શ્રેષ્ઠ સમય હોય છે. આ દિવસે વ્યપારમાં નાણાકીય લેવડ - દેવડનો વ્યવહારપૂર્ણ કરવામાં આવે છે.

આસો કૃષ્ણપક્ષ ત્રયોદશીના દિવસે ધનતેરસના દિવસે લક્ષ્મીજી અને ધનના દેવતા કુબેરની પૂજાનો અનેરો મહિમા છે. લોકો સોનું,ચાંદી અને સિક્કા ધનની પૂજા કરે છે. આ દિવસે લોકો સોનું ચાંદીની ખરીદી કરતા હોય છે.

આસો કૃષ્ણપક્ષ ચતુર્દશી એટલે કાળીચૌદસ. આ દિવસે અનિષ્ટ તત્વના નાશ માટે હનુમાનજીની પૂજા કરતા હોય છે. ભગવાન શ્રીકૃષ્ણએ નરકાસુર નામના રાક્ષસનો વધ કર્યો હતો. આ દિવસને નરક ચતુર્દશી પણ કહેવાય છે.

આસો કૃષ્ણપક્ષએ દિવાળી અને બેસતા વર્ષના પર્વ દિવસોમાં ઘરઆંગણે રંગોળી - સાથિયા પુરી, દીવડાઓ પ્રગટાવી, આતશબાજી કરી, નવા વસ્ત્ર પહેરી પરસ્પર શુભેચ્છા પાઠવી અને મિષ્ટાન આપી આ ઉત્સવનો આનંદ માણે છે.

દિવાળીના રાત્રિએ શારદાપૂજન (ચોપડાપૂજન) કરે છે અને કારતક શુક્લપક્ષ એકમ બેસતાવર્ષેની સવારે દેવદર્શન કરી દરેક એકબીજાને નવાવર્ષની શુભેચ્છાઓ પાઠવે છે.કારતક શુક્લ પાંચમ લાભપાંચમના દિવસે વેપારીવર્ગ નવા વર્ષે પોતાના વ્યાપારનો પ્રારંભ કરે છે.આ દિવસે શ્રી કૃષ્ણના મંદિરમાં ગોવર્ધન પૂજા થાય છે. ગોકુળના ગ્રામજનોથી ઇન્દ્રના ક્રોધિત થઈ અનધાર વૃષ્ટિ કરી, આ સંકટથી ગ્રામજનોને બચાવવા માટે ભગવાન કૃષ્ણએ ગોવર્ધન પર્વતને પોતાની કનિષ્ઠિકા આંગળી પર ઉપાડી વૃષ્ટિથી ગ્રામજનોની રક્ષા કરી હતી. મંદિરમાં અન્નકૂટનો પર્વત બનાવી શ્રી કૃષ્ણની પૂજા થાય છે. કારતક શુક્લપક્ષ આઠમ એટલે ગોપાષ્ટમી પર્વ. આ દિવસે શ્રીકૃષ્ણે ગાયો ચરાવવાનો પ્રારંભ કર્યો હતો.

કારતક શુક્લપક્ષની દ્વાદશી તિથિએ તુલસી વિવાહ- વિવાહબારસ ઉજવામાં આવે છે. આ દિવસે તુલસી અને શાલિગ્રામ (વિષ્ણુ)ના વિવાહ થાય છે. કારતકપૂર્ણિમા એટલે દેવદિવાળી, શિવજી આ દિવસે ત્રિપુરારી નામના મહાસુરનો વધ કર્યો હતો. જેને 'ત્રિપુરારીપૂર્ણિમા' પણ કહેવાય છે. આ દિવસે દેવતાઓએ પણ દિવાળી ઉજવી હતી , માટે આ દિવસને દેવદિવાળી તરીકે ઓળખાય છે. આ દિવસે મોટાં ભાગના મંદિરોમાં અન્નકૂટ થાય છે.

**માર્ગશીર્ષ**

માર્ગશીર્ષ શુક્લપંચમી એટલે વિવાહપંચમી ઉજવાય છે આ દિવસે ભગવાન રામને સીતા વિવાહ થયા હતા. માર્ગશીર્ષ શુક્લપક્ષની એકાદશીએ ગીતાજયંતી ઉજવવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ પ્રારંભ કર્યો હતો. માર્ગશીર્ષ પૂર્ણિમાએ દત્તાત્રેયજયંતી પણ ઉજવાય છે. આ દિવસે દત્તાત્રેયજી જન્મ થયો હતો. આ દિવસે અન્નપૂર્ણાજયંતી ઉજવાય છે. અન્નપૂર્ણા દેવી અન્નના દેવી છે

**પોષ**

પોષ મહિનો મુખ્યત્વે જાન્યુઆરીમાં આવે છે ત્યારે ૧૪મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવાય છે. સૂર્યગ્રહ જ્યારે મકરરાશિમાં પ્રવેશ કરે છે ત્યારે મકરસંક્રાંતિ-ઉતરાયણ તહેવાર ઉજવાય છે. હિન્દુસંસ્કૃતિમાં બે અયણ હોય છે, દક્ષિણાયણ અને ઉત્તરાયણ. મહાભારતમાં ભીષ્મ પિતામહ ઉત્તરાયણ કાળપ્રારંભ થાય પછી આ દિવસે પ્રાણ ત્યાગ કર્યો હતો. આ દિવસે લોકો આકાશમાં પતંગ ચગાવે છે. આ દિવસે દાન અને ગૌપૂજન ખૂબ જ મહિમા છે. પોષ નવરાત્રિ : આ મહિનામાં શક્તિ આ નવસ્વરૂપોને નવદિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. પોષ નવરાત્રિ શુક્લપક્ષ દરમિયાન ઉજવવામાં આવે છે.

**માઘ**

માઘ શ્રાવણ શુક્લપંચમીના દિવસે વસંતપંચમી ઉજવાય છે. આ દિવસે શાળામાં સરસ્વતીમાતાની પૂજા થાય છે. માઘ શુક્લસપ્તમીના દિવસે રથસપ્તમી મનાવવામાં આવે છે. આ દિવસે સૂર્યદેવની આરાધના કરીને વાવણી માટે પ્રાર્થના કરવામાં આવે છે, મુખ્યત્વે ઉત્તર પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ઉજવાય છે. ભાસ્કર પોતાના રથ પર આરૂઢ થયા હતા, મકરસંક્રાંતિથિ રથસપ્તમી સુધીનો કાળ પર્વકાળ હોય છે. માઘ શુક્લ અષ્ટમીના ભીષ્મ પિતામહની પુણ્યતિથિ છે આ દિવસ ભીષ્મ અષ્ટમી તરીકે ઓળખાય છે. ભીષ્મએ બ્રહ્મચર્યનું પાલન કર્યું. તેમના પિતા પિતામહ પ્રત્યેની તેમની વફાદારી અને ભક્તિના કારણે ભીષ્મને તેમના મૃત્યુનો સમય પસંદ કરવાનું વરદાન મળ્યું. માઘપૂર્ણિમાના દિવસે સ્નાન, દાન અને તર્પણને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. ભારતની નદીના તટ અને પવિત્ર તીર્થસ્થળો પર ભક્તો સ્નાન કરે છે. માઘ માસના કૃષ્ણપક્ષ ચતુર્દશીના દિવસે મહાશિવરાત્રિ ઉજવાય છે. ભગવાન શિવની આઠ પ્રહર પૂજા લોકો કરે છે. પોષ પૂનમથી મહાપૂનમ સુધી રોજ રાતે માટલામાં પાણી ભરી સંપૂર્ણ રાત દરમિયાન ખુલ્લુ રાખવામાં આવે છે. સવારે બ્રાહ્મમુહૂર્તમાં સ્નાન કરવાથી અનેક તીર્થોમાં સ્નાન કરવાનું પુણ્ય મળે સાથે સ્વાસ્થ્ય સારું રહે છે. માઘ નવરાત્રિને ગુપ્તનવરાત્રિ પણ કહેવાય છે. માઘમહિનામાં શક્તિના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. માઘ નવરાત્રિ માઘ શુક્લપક્ષ દરમિયાન ઉજવવામાં આવે છે.

**ફાગણ**

ફાગણ મહિનામાં હોળી ધૂળેટી લોકપ્રિય તહેવાર છે. ફાગણ શુક્લપક્ષ ચૌદસએ હોળી- રંગોનો તહેવારપૂર્વે હોળી તહેવાર પાછળ એક પૌરાણિક કથા છે. હિરણ્યકશ્યપ એક દૈત્ય અસુર રાજા હતો.તે સ્વયંને ભગવાન માનતો હતો. તેનો પુત્ર પ્રહ્લાદ વિષ્ણુ ભક્ત હતો. હિરણ્યકશ્યપએ પ્રહ્લાદને ત્રાસ આપતો હતો છતાં પણ ભગવાન વિષ્ણુની પૂજા કરવાનું ચાલુ રાખ્યું. હિરણ્યકશ્યપની બહેનને હોલિકાને વરદાન હતું, હિરણ્યકશિપુની બહેન હોલિકા, જેને અગ્નિમાં એક વિશેષ શાલ સાથે રાખે તો અગ્નિથી બચી શકે આવું વરદાન મળ્યું હતું, હોલિકાએ પ્રહ્લાદને ખોળામાં લઈને અગ્નિમાં બેસી ગઈ. પરંતુ હોલિકા બળી ગઈ અને પ્રહ્લાદ બચી ગયો આ તહેવાર ફાગણ મહિનાની પૂનમના દિવસે ઉજવાય છે, જે વસંત ઋતુના પ્રારંભને દર્શાવે છે મોટાભાગે શિયાળો પૂર્ણ થવાના આરે અને ઉનાળાની શરૂઆત સાથે ઊજવવામાં આવે છે. આને બે ઋતુનો 'સંધિકાળ' કહે છે. હોળીના દિવસે અગ્નિ પ્રગટાવી તેની પ્રદક્ષિણા કરે છે. તે દિવસે મદન એટલે કે કામદેવની પૂજા કરવાનો વિધાન હોવાથી તેને મદન-મહોત્સવ અથવા કામ-મહોત્સવ પણ કહેવામાં આવે છે. ફાગણ પૂનમ ધૂળેટીનો તહેવાર એકબીજા

ગુલાલ રંગી ઉજવે છે જે પ્રેમનું પ્રતીક છે. મંદિરોમાં રંગોત્સવ ઉજવાય છે. હોળી-ધૂળેટીનો શણગાર ફાગણ કૃષ્ણપંચમીના દિવસે હોળીના તહેવારનો છેલ્લો દિવસ, આ દિવસે દેવો પણ ધૂળેટી રમ્યા હતા.

**ચૈત્ર**

હિંદુ પંચાંગ અનુસાર ચૈત્ર માસને વિશેષ પવિત્ર માનવામાં આવે છે કારણ કે ઘણાં રાજ્યોમાં આ મહિનાથી નવા વર્ષની શરૂઆત થાય છે. ચૈત્ર શુક્લપક્ષ પ્રતિપદાના દિવસે ઘટસ્થાપના સાથે ચૈત્ર નવરાત્રિનો પ્રારંભ થાય છે અને નવ દિવસ સુધી દેવીના નવ સ્વરૂપોની ઉપાસના કરવામાં આવે છે. આ જ દિવસે મહારાષ્ટ્ર અને કોકણમાં ગુડી પાડવો તથા દક્ષિણ ભારતમાં ઉગાડી તરીકે નવા વર્ષની ઉજવણી થાય છે.

ચૈત્ર શુક્લપક્ષ તૃતીયાને ગૌરી પૂજનનો તહેવાર ગંગૌર ઉજવાય છે, જેમાં સ્ત્રીઓ ગૌરી માતાની આરાધના કરીને સુખી દાંપત્ય અને સુભાગ્યની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે.

યમુના છઠ્ઠ મથુરામાં ઉજવવામાં આવે છે. દેવી યમુના પૃથ્વી પર અવતરિત થયાને યમુના જયંતી, યમુનાજીના જન્મજયંતી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ તહેવાર ચૈત્ર શુક્લપક્ષ ષષ્ઠીના રોજ ઉજવવામાં આવે છે ભગવાન શ્રી કૃષ્ણની પત્ની હોવાને કારણે દેવી યમુનાને વ્રજના લોકો દ્વારા પૂજનીય માનવામાં આવે છે, જે સમજાવે છે કે યમુના છઠ્ઠ મુખ્યત્વે મથુરા અને વૃંદાવનના લોકો દ્વારા ઉજવવામાં આવે છે.

સામાન્ય રીતે ભારતમાં પાંચ દિવસના હોળીના ઉત્સવ પછી રંગપંચમી આવે છે.બાસોદા પૂજા દેવી શીતળાને સમર્પિત છે અને હોળી પછી કૃષ્ણપક્ષ અષ્ટમી પર ઉજવવામાં આવે છે. બાસોદાને શીતળા અષ્ટમી તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે તે હોળીના આઠ દિવસ પછી આવે છે પરંતુ ઘણા લોકો હોળી પછી પહેલા સોમવાર અથવા શુક્રવારે ઉજવે છે. બાસોદા રિવાજો અનુસાર પરિવારો રસોઈ માટે અગ્નિ પ્રગટાવતા નથી. તેથી મોટાભાગના પરિવારો એક દિવસ શીતળા અષ્ટમીના એક દિવસ પહેલા રસોઈ બનાવે છે અને વાસી ખોરાક ખાય છે. એવું માનવામાં આવે છે કે દેવી શીતળા, અછબડા, ઓરી વગેરેને નિયંત્રિત કરે છે અને લોકો તે રોગોના કોઈપણ પ્રકોપને રોકવા માટે તેમની પૂજા કરે છે. બાસોદા જેવી જ વિધિ કૃષ્ણ-જન્માષ્ટમીના એક દિવસ પહેલા ઉજવવામાં આવે છે અને તેને શીતળાસાતમ તરીકે ઓળખવામાં આવે છે. શીતળાસાતમ પણ દેવી શીતળાને સમર્પિત છે અને શીતળાસાતમના દિવસે કોઈ તાજો ખોરાક રાંધવામાં આવતો નથી.ચૈત્ર શુક્લપક્ષ નવમીના દિવસે શ્રીરામનો જન્મોત્સવ એટલે રામ નવમી ભક્તિપૂર્વક મનાવવામાં આવે છે અને ચૈત્ર પૂર્ણિમાએ હનુમાનજીનો જન્મોત્સવ ઉજવાય છે.

**વૈશાખ**

વૈશાખ મહિનાનો મુખ્ય તહેવારોમાં પહેલો છે અખાત્રીજ અથવા અક્ષયતૃતીયા. વૈશાખ શુક્લપક્ષ તૃતીયાના દિવસે આવે છે. આ દિવસે જે કાર્ય કરીએ તેને અક્ષય રહે છે માટે લોકો ધાર્મિક કાર્યો સાથે સોનું-ચાંદી ખરીદતા હોય છે. આ દિવસે પરશુરામજી જે પરશુરામ જયંતિ, જે વિષ્ણુ પરશુરામજીના છઠ્ઠા અવતાર છે અને સાત ચિરંજવીમાંથી એક ભીષ્મ અને મહાન યોદ્ધા કર્ણના ગુરૂ અને જેમને એકવીસ વખત પૃથ્વીમાં ક્ષત્રિયોનો સંહાર કર્યો. વૈશાખ મહિનાની બૌદ્ધ ધર્મના અનુયાયીઓ દ્વારા બુદ્ધપૂર્ણિમા ઉજવાય છે. ગૌતમ બુદ્ધનો જન્મ બુદ્ધપૂર્ણિમાના દિવસે થયો હતો, આ દિવસે તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને આ દિવસે તેમણે મહાનિર્વાણ પણ પ્રાપ્ત કર્યું હતું. બુદ્ધે બુદ્ધધર્મની સ્થપાના

કરી હતી. વૈશાખી અથવા બૈસાખી, જે ખેડૂત સમુદાય માટે સમૃદ્ધિ લાવનારો તહેવાર છે. પંજાબમાં શીખધર્મનું નવું વર્ષ તરીકે ઉજવાય છે. ઉત્તર ભારતમાં વસંત લણણીની ઉજવણી તરીકે જોવામાં આવે છે. જ્યારે ભારતના ઘણા ભાગોમાં લણણીના તહેવાર તરીકે સાંસ્કૃતિક રીતે મહત્ત્વપૂર્ણ છે, વૈશાખી ભારતીય સૌર નવાવર્ષનો દિવસ પણ છે. જો કે નાનકશાહી કેલેન્ડર મુજબ, શીખો શીખધર્મના અનુયાયીઓ ચેત મહિનાની પહેલી તારીખે નવું વર્ષ ઉજવે છે. ઐતિહાસિક રીતે વૈશાખીનો તહેવાર ઉત્તર ભારતનો સૌથી મહત્ત્વપૂર્ણ વાર્ષિક બજાર હતો. જો કે વૈશાખી મહિનો હિન્દુઓ માટે અનાજ લણવા માટે તહેવાર શરૂ થયો હતો.

વૈશાખ મહિનાની શુક્લપક્ષની ચતુર્દશી તિથિના દિવસે ભગવાન નરસિંહ પ્રગટ થયા. ભગવાન વિષ્ણુએ પોતાના ભક્ત પ્રહ્‌લાદની રક્ષા માટે નરસિંહનું સ્વરૂપ ધારણ કર્યું. આ અવતાર લઈને ભગવાન વિષ્ણુએ હિરણ્યકશિપુનો વધ કર્યો. ભગવાન વિષ્ણુએ વૈશાખ પૂર્ણિમાના દિવસે કૂર્મ અવતાર ધારણ કર્યો હતો. કૂર્મજયંતીનો તહેવાર આ દિવસે ઉજવાય છે. લિંગ પુરાણ અનુસાર જ્યારે પૃથ્વી પાતાળમાં જઈ રહી હતી ત્યારે વિષ્ણુએ કાચબાના રૂપમાં અવતરીને પૃથ્વીને વિનાશથી બચાવી હતી.

ગંગાસપ્તમી વૈશાખ મહિનાના સાતમના દિવસે ઉજવવામાં આવે છે. ગંગાદશેરા જેઠ મહિનાના શુક્લપક્ષ દસમના દિવસે ઉજવવામાં આવે છે. ગંગા સપ્તમીના દિવસે બ્રહ્માના કમંડલુમાંથી દેવી ગંગાનો જન્મ થયો હતો, ગંગા દશેરાના દિવસે માતાગંગા પૃથ્વી પર પ્રગટ થયા હતા. એવું માનવામાં આવે છે કે ગંગા સપ્તમીના દિવસે માતાગંગાએ ભગવાન વિષ્ણુના ચરણ ધોયા હતા. આ દિવસે દેવી ગંગાને વિષ્ણુલોકમાં નિવાસ આપવામાં આવ્યો હતો, જ્યારે ગંગા દશેરાના દિવસે, માતાગંગાએ ભગીરથના પૂર્વજોને મુક્ત કર્યા હતા. સીતાનવમી વૈશાખ મહિનાના શુક્લપક્ષ નવમીના દિવસે ઉજવવામાં આવે છે. આ તહેવારને સીતાજયંતી અને જાનકીનવમી તરીકે પણ ઓળખાય છે. પરિણીત સ્ત્રીઓ સીતાનવમીના દિવસે ઉપવાસ રાખે છે અને પોતાના પતિના દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરે છે.હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર, જ્યારે રાજા જનક યજ્ઞ કરવા માટે જમીન ખેડતા હતા ત્યારે તેમને સોનાના પેટીમાં એક બાળકી મળી. જમીન ખેડતી વખતે ખેતરની અંદર સોનાનો પેટી મળી આવી હતી. ખેડાયેલી જમીનને ‘સીતા’ કહેવામાં આવે છે તેથી રાજા જનકે બાળકીનું નામ સીતા રાખ્યું. વૈશાખ કૃષ્ણદ્વિતીયા નારદજયંતીને દેવઋષિ નારદ મુનિના જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. ઋષિ નારદ ભગવાન નારાયણના પ્રખર ભક્ત છે.

## જેઠ

જેઠ અથવા જ્યેષ્ઠ મહિનામાં પહેલા મુખ્ય તહેવાર છે. ગંગા દશમી જેઠ શુક્લપક્ષ દશમીના દિવસે આવે છે.ગંગા દશહરાના દિવસે ગંગા ભગીરથના પૂર્વજોના શાપિત આત્માઓને સદ્‌ગતિ અપાવા તેમના ધ્યેયને પૂર્ણ કરવા માટે પૃથ્વી પર અવતરિત થાય હતા.

ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં આ દિવસે ખાસ પાંસલ અને તીર્થયાત્રા થાય છે. બીજો તહેવાર છે જેઠ પૂર્ણિમા - વટસાવિત્રી વ્રત, જે જેઠ પૂર્ણિમા પર મનાવવામાં આવે છે, પરણીત સ્ત્રીઓ વટવૃક્ષની પૂજા કરીને પોતાના પતિની દીર્ઘઉંમર અને કલ્યાણ માટે પ્રાર્થના કરે છે, જ્યારે કેટલાક પ્રદેશોમાં આ વ્રતને કુટુંબની સમૃદ્ધિ માટે પણ આચરવામાં આવે છે.

જેઠ અમાસ શનિજયંતિને શનિનો જન્મ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. શનિજયંતીને શનિ અમાવસ્યા તરીકે પણ ઓળખવામાં આવે છે. શનિદેવ, સૂર્યદેવના પુત્ર છે. ગાયત્રી જયંતિ જયેષ્ઠ શુક્લપક્ષ એકાદશીના રોજ ઉજવવામાં આવે છે. સામાન્ય રીતે ગંગાદશેરાના બીજા દિવસે ઉજવવામાં આવે છે તે શ્રાવણપૂર્ણિમા દરમિયાન પણ ઉજવવામાં આવે છે. શ્રાવણપૂર્ણિમા દરમિયાન ગાયત્રીજયંતી વ્યાપકપણે સ્વીકૃત છે.

**અષાઢ**

અષાઢ શુક્લદ્વિતીયાના દિવસે ઓરિસ્સા રાજયમાં પુરી શહેરમાં ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રા સાથે નગરયાત્રામાં નીકળે છે. ભક્તો ભક્તિથી રથ ખેંચી ભગવાનને નગરયાત્રા કરાવે છે.અષાઢી એકાદશી જે અષાઢ શુક્લપક્ષ એકાદશીના દિવસે આવે છે. આ દિવસે ભક્તો પંડરપુર (મહારાષ્ટ્ર) ભગવાન વિઠ્ઠલના દર્શન કરી પ્રાર્થના કરે છે. આ દિવસે પંડરપુરમાં ભવ્ય રથયાત્રા યોજાય છે, જેમાં વાઠો પર વિઠ્ઠલજીના રથને ખેંચીને ભક્તોનો સમૂહ ભાગ લે છે. અષાઢ શુક્લપક્ષ પૂર્ણિમાના દિવસે ગુરુપૂર્ણિમા ઉજવવામાં આવે છે. આ દિવસે શિષ્યો પોતાના ગુરુની પૂજા કરે છે. ગુરુપૂર્ણિમા વિદ્યાપીઠો, ગુરુકુલ અને ધાર્મિક સંસ્થાઓમાં વિશેષ સન્માન અને કાર્યક્રમો આયોજિત થાય છે. ગુરૂપૂર્ણિમાના દિવસે વ્યાસજયંતી પણ ઉજવાય છે. વેદવ્યાસ વેદના વિભાજન અને અઢાર પુરાણના રચયિતા છે. આ દિવસે વેદવ્યાસ, વેદ અને અઢાર પુરાણનું પૂજન થાય છે. અષાઢ શુક્લપક્ષની ત્રયોદશી તિથિથી શરૂ થાય છે અને કૃષ્ણપક્ષની તૃતીયાતિથિ સુધી ગૌરી વ્રત એ દેવી પાર્વતીને માટે થાય છે આ ગૌરી વ્રત મુખ્યત્વે અપરિણીત છોકરીઓ દ્વારા સારા પતિની માટે રાખવામાં આવે છે. ગુપ્તનવરાત્રિ, જેને અષાઢ કે ગાયત્રી કે શાકંભરીનવરાત્રિ પણ કહેવાય છે, જે અષાઢ મહિનામાં શક્તિના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરીને ઉજવવામાં આવે છે. ગુપ્તનવરાત્રિને અષાઢ શુક્લપક્ષ દરમિયાન ઉજવવામાં આવે છે.

**શ્રાવણ**

શ્રાવણ મહિનામાં સંપૂર્ણ મહિનો શિવજીની પૂજા કરવામાં આવે છે.શ્રાવણ શુક્લપક્ષ પંચમીને નાગપંચમી તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે સર્પની પૂજા કરવામાં આવે છે. શ્રાવણ શુક્લછઠ્ઠ એટલે રાંધણછઠ્ઠ તહેવાર ઉજવાય છે બીજા દિવસે શીતળાસાતમ દિવસ હોવાથી ગૃહિણીઓ રાંધણછઠ્ઠના દિવસે આખો દિવસે વિવિધ વાનગીઓ બનાવે છે. બીજા દિવસે શ્રાવણ શુક્લ સાતમ શીતળામાતા માટે ઉજવવાવમાં આવે છે. આ દિવસે કોઈ ગરમ કરીને ભોજન નથી લેતું. શ્રાવણ કૃષ્ણપક્ષની આઠમના રોજ જન્માષ્ટમી, શ્રીકૃષ્ણના જન્મોત્સવ ઉજવવામાં આવે છે. ગોકુળ,મથુરા અને વૃંદાવનમાં ધૂમધામ રીતે ઉજવાય છે. શ્રાવણ પૂર્ણિમા દિવસે રક્ષાબંધન ઉજવણી થાય છે, ભાઈ-બહેન વચ્ચે રાખી બાંધી પ્રેમ અને સુરક્ષા માટે પ્રાર્થના કરવામાં આવે છે. આ દિવસે બ્રાહ્મણો ઉપવીત પરિવર્તન કરે છે.

**ભાદરવો**

ભાદરવા શુક્લત્રીજના દિવસે ભગવાન શંકરની કેવડાથી પૂજા કરી મનોવાંછિત ફળ મળે છે. ભાદરવા શુક્લચતુર્થીના દિવસે ગણેશચતુર્થી ઉજવાય છે. આ દિવસે ભક્તો ભગવાન ગણેશની નવ દિવસ સ્થાપના કરી સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે, ખાસ કરીને મહારાષ્ટ્રમાં લોકપ્રિય છે. ભાદરવા શુક્લપંચમીના દિવસે બહેનો સ્ત્રીદોષોથી થતા રોગોની મુક્તિ માટે વ્રત કરે છે. જેમાં ‘સામા’ નામનું ઋષિધાન્ય ખાઈ, ફળાહાર

કરીને નદીએ જઈ સ્નાન કરીને હિંદુધર્મના સપ્તર્ષિ(સાત-ઋષિઓ) પૂજા કરે છે. તેથી આ વ્રતને ઋષિપાંચમ, ઋષિપંચમી અથવા સામાપાંચમ પણ કહે છે. ભાદરવા શુક્લ આઠમના દિવસે રાધાઅષ્ટમી ભગવાન શ્રી કૃષ્ણની સૌથી પ્રિય સખી રાધાનો જન્મ થયો હતો જે પ્રેમ, ભક્તિ અને કરુણાના મૂર્ત સ્વરૂપ છે. તે ભગવાન કૃષ્ણની ભક્તિ શક્તિનું પ્રતીક છે. ભાદરવા મહિનાની શુક્લપક્ષની અષ્ટમી તિથિએ દુર્વા અષ્ટમી ઉજવવામાં આવે છે. જેને ધરોઆઠમ પણ કહેવાય છે ગણપતિજીને આ દિવસે દૂર્વા અર્પણ કરવાનું વિશેષ મહત્ત્વ છે.

આ પિતૃપક્ષની શરૂઆત ભાદરવા શાંતિ પક્ષથી પિતૃપક્ષમાં  પિતૃઓની શાંતિ માટે તર્પણ કરવામાં આવે છે,  ભાદરવા શુક્લપક્ષની દ્વાદશી તિથિએ વામનજયંતી ભગવાન વિષ્ણુના વામન અવતારના જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. વામન અથવા વામન સાધુ તરીકે અવતાર લઈને, રાજા બાલી પાસે ગયા જ્યાં બાલી અશ્વમેધ યજ્ઞ કરી રહ્યા હતા. વામને બાલી પાસેથી ભિક્ષા તરીકે ત્રણ પગલાં જમીન માંગી, જેના માટે બાલી સહમત થયા. વામન તરત જ એક વિશાળ સ્વરૂપમાં પરિવર્તિત થયા અને એક પગલામાં આખી પૃથ્વી માપી. બીજા પગલામાં તેણે સ્વર્ગ માપ્યું. જ્યારે વામનદેવ ત્રીજું પગલું ભરવાના હતા, ત્યારે બાલીને ખ્યાલ આવ્યો કે વામન સાધુ બીજું કોઈ નહીં પણ ભગવાન વિષ્ણુ સ્વયં છે અને ત્રીજા ડગલે તેણે પોતાનું માથું અર્પણ કર્યું. પોતાના ભક્તના પરોપકારનું સન્માન કરવા માટે ભગવાન વિષ્ણુએ બાલીને મારવાને બદલે તેને પાતાળલોકમાં સમાવી દીધો .ભાદરવા ચતુર્દશીના દિવસે અનંત ચતુર્દશી જે ભગવાન વિષ્ણુના અનંત રૂપની પૂજા માટે મનાય છે.

### ❖ ૪.૧.૨ ભારતીય તહેવારો અને આર્થિક રોજગાર વૃદ્ધિ

ભારતીય સંસ્કૃતિનો જીવંત સ્ત્રોત તેના તહેવારો છે. આર્થિક ગતિવિધિઓને ગતિમાન બનાવે છે. તહેવારો દરમિયાન બજારોમાં આવનજાવન, ઉપભોક્તા ખર્ચ, પ્રવાસન, પરિવહન, મંડપ-સજાવટ, મીઠાઈ તેમજ હસ્તકલા જેવા ક્ષેત્રોમાં અપ્રમાણિત વધારોય થતો હોય છે. ભારતમાં દીપાવલી, નવરાત્રિ, હોળી, ગણેશોત્સવ, રાખી, પોંગલ, ઓણમ જેવાં તહેવારો કરોડો રૂપિયાની આર્થિક ચક્રવ્યૂહ રચના કરે છે.

તહેવારના  દિવસોમાં માત્ર ફટાકડા, લાઈટિંગ અને મીઠાઈ બજાર જ નહીં, પરંતુ ફર્નિચર, ઈલેક્ટ્રોનિક્સ, ગિફ્ટ આર્ટિકલ્સ, સોનું -ચાંદીના વેપાર,ડીજે, સ્ટેજ સેટઅપ, સાઉન્ડ સિસ્ટમ, કપડા-જ્વેલરી, ખાદ્યવસ્તુઓ, ટ્રાવેલ જેવા ક્ષેત્રોમાં નવી માંગ ઊભી થાય છે.  હોળી અને ગણેશોત્સવ જેવા તહેવારોમાં રંગ, મૂર્તિકલા સક્રિય બની જાય છે.નાના વેપારીથી લઈને મોટા ઉદ્યોગ સુધી સૌને રોજગાર અને આવકની તકો મળે છે. ખાસ કરીને ગૃહિણીઓ તથા ઘરઆધારિત કારીગરો માટે રાખડી, ગોળ-ચણા, ફૂલ-હાર ઘરમાં બનેલી મીઠાઈ જેવી સામગ્રીની માંગના કારણે મહિલા સશક્તિકરણમાં પણ વધારો થાય છે. આ શુભ સમય વધારાની આવક મેળવવાનો સાધન બની જાય છે. ટૂંકા ગાળાનો રોજગાર ગીત-વાદ્ય સાથે જોડાયેલા કલાકારો, લાઈટ અને ડેકોરેશન કામદારોને વિશાળ પ્રમાણમાં રોજગાર  મળે છે.તહેવારો પ્રવાસન ઉદ્યોગને પણ નવી ઊંચાઈ આપે છે. ધાર્મિક યાત્રાધામોમાં દેશમાં અને વિદેશમાં રહેતા લોકો મોટી સંખ્યામાં આવતા હોય છે. હોટેલ, પરિવહન, ફોટોગ્રાફી, માર્ગદર્શક સેવાઓ વગેરે દ્વારા હજારો લોકોને ટૂંકા અને લાંબા ગાળાનો રોજગાર મળે છે.બજારોમાં વધતી માંગ અને ઉપભોક્તા વર્તનના નવા ટ્રેન્ડ ઈ-કોમર્સ પ્લેટફોર્મને પણ મજબૂત બનાવે છે. તહેવારોમાં ઑનલાઇન શોપિંગની જંગી વધારાની માંગ ડિલિવરી બોય, પેકેજિંગ વર્કર, વેરહાઉસ મેનેજમેન્ટ અને લોજિસ્ટિક્સ સેક્ટર માટે વિશાળ રોજગાર સર્જે છે.અંતે, ભારતીય તહેવારો માત્ર

આધ્યાત્મિક અને સામાજિક એકતાનું પ્રતિક નથી, પરંતુ દેશની આર્થિક હૂંફને ઊર્જાસ્દ્ભેતરૂપે પણ કાર્ય કરે છે. નાના-મોટા ઉદ્યોગો, કારીગરો, ઉદ્યોગસાહસિકો, યુવાનો તથા મહિલાઓને સ્વરોજગાર, અસ્થાયી તેમજ સ્થાયી રોજગારી આપવાની શક્તિ તહેવારોમાં સમાયેલ છે.આ કારણે કહી શકાય કે ભારતીય તહેવારો દેશની સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાને જેટલું મજબૂત બનાવે છે, એટલું જ આર્થિક વૃદ્ધિ અને રોજગાર સર્જનમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. ભારતીય તહેવારોને આર્થિક રોજગારમાં વૃદ્ધિના મુખ્ય પ્રેરક તત્વ તરીકે જોવું ખૂબ જ યોગ્ય છે.

તહેવારના ઘણા પ્રકાર છે,જેમાં રાષ્ટ્રીય તહેવાર, લણણીના તહેવાર, ધર્મ-જાતિ, તહેવાર રાજયના તહેવારનો સમાવેશ થાય છે.

### ❖ ૪.૧.૩ રાષ્ટ્રીય તહેવારો

#### ગણતંત્ર દિવસ (૧૫મી ઓગસ્ટ)

ભારતની આઝાદી માટે દરેક ધર્મ-સંપ્રદાયના લોકો તથા અસંખ્ય સ્વાતંત્ર્યવીરો - જવાહરલાલ નેહરુ, સુભાષચંદ્ર બોઝ, મહાત્મા ગાંધી, ચંદ્રશેખર આઝાદ, વીર સાવરકર, ભગતસિંહ વગેરેએ અહિંસા અને હિંસા બન્ને માર્ગે સંઘર્ષ કર્યો, પરંતુ સૌનો લક્ષ્ય એક જ હતું. દેશને બ્રિટિશ શાસનમાંથી મુક્ત કરવાનું. તેમની મહાન લડતનું પરિણામ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭એ ભારતને સ્વતંત્રતા મળવાથી સાકાર થયું.આ દિવસ રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવાય છે. દેશભરના રાજ્ય-જિલ્લા-ગામપંચાયત, શાળા અને સંસ્થાઓમાં ધ્વજવંદન થાય છે. મુખ્ય સમારંભ નવી દિલ્હીમાં યોજાય છે, જ્યાં વડાપ્રધાન લાલઈકલ્લા પરથી તિરંગો ફરકાવી શહીદોને શ્રદ્ધાંજલિ આપે અને દેશને સંબોધે છે. સ્વતંત્રતાદિવસ આપણને શહીદોના બલિદાનની યાદ અપાવે છે, રાષ્ટ્રપ્રેમ જગાવે છે અને યુવાનોમાં દેશસેવાના સંકલ્પને મજબૂત બનાવે છે. આ દિવસે દેશની સાંસ્કૃતિક વિવિધતા, વૈજ્ઞાનિક પ્રગતિ અને સેનાશક્તિનું પ્રદર્શન પણ કરવામાં આવે છે.

#### પ્રજાસત્તાકદિવસ (૨૬મી જાન્યુઆરી )

૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત સ્વતંત્ર બન્યું, પરંતુ દેશે પોતાનું બંધારણ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ અમલમાં મૂક્યું અને તે દિવસે ભારત પ્રજાસત્તાક બન્યું. તેથી પ્રતિવર્ષ તે દિવસ ભારતના રાષ્ટ્રીયપર્વ તરીકે ઉજવવામાં આવે છે. આ તારીખ ખાસ તેથી પસંદ કરવામાં આવી કે ૧૯૩૦માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૨૬ જાન્યુઆરીએ-પૂર્ણ સ્વરાજ્યનો સંકલ્પ કર્યો હતો. ૧૯૩૦થી ૧૯૪૭ સુધી આ દિવસ સ્વતંત્રતાદિવસ તરીકે ઉજવાતો હતો.ભારતનું બંધારણ ડૉ. ભીમરાવ આંબેડકરની અધ્યક્ષતામાં ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસમાં તૈયાર થયું. તેમાં શરૂઆતમાં ૩૯૫ કલમો, ૨૨ ભાગ અને ૮ અનુસૂચિઓ હતી તેમજ ૨૮૪ સભ્યો (જેમાં ૧૫ મહિલાઓ) જોડાયા હતા. બંધારણ પર ૨૪ નવેમ્બર ૧૯૪૯ના રોજ હસ્તાક્ષર થયા અને ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સ્વીકાર્યું, જ્યારે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ તેને અમલમાં મુકવામાં આવ્યું.આ દિવસે દિલ્હી ખાતે રાજપથ પર ભવ્ય પરેડ યોજાય છે, જેમાં ત્રિવિધ દળો - આર્મી, નેવી અને એરફોર્સ - તેમનું શૌર્ય અને શક્તિ દર્શાવે છે. વિવિધ રાજ્યોના ઝાંખા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ભારતની એકતા-વૈવિધ્યનું પ્રદર્શન થાય છે. દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ૨૧ તોપોની સલામી સાથે ધ્વજવંદન કર્યું અને ભારતને સંપૂર્ણ પ્રજાસત્તાક જાહેર કર્યું.ગણતંત્ર દિવસ આપણને બંધારણ પ્રત્યેની પ્રતિબદ્ધતા, નાગરિકોના અધિકારો-ફરજો અને લોકશાહી મૂલ્યોનું સ્મરણ કરાવે છે. ૧૭૫૭ થી ૧૯૪૭ સુધી ચાલેલા બ્રિટિશ શાસનના રાજકીય, સામાજિક અને આર્થિક શોષણે સ્વતંત્રતા ચળવળને મજબૂત બનાવી અને આખરે દેશને સ્વતંત્રતા અને પ્રજાસત્તાકનું સ્વપ્ન સિદ્ધ કર્યું.

### ❖ ૪.૧.૪ લણણીના તહેવારો

જાન્યુઆરીના મધ્યમાં લગભગ દરેક ભારતીય રાજ્ય લણણીનો તહેવાર ઉજવે છે. હિમ હળવું થશે અને સૂર્યની ગરમી પાકના વિકાસને વેગ આપશે. દરેક રાજ્ય અને પ્રદેશનો પોતાનો અનોખો સ્વાદ અને શૈલી હોય છે. આ દિવસે લોકો સારી લણણી અને પાકના આગમનનો આનંદ વ્યક્ત કરે છે. ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશમાં મકરસંક્રાંતિ.

**આસામમાં બિહુ**

આસામનો બિહુ તહેવાર આસામી સમાજના હૃદયમાં વણાયેલો એક અદ્વિતીય સાંસ્કૃતિક, કૃષિ અને સામાજિક ઉત્સવ છે. બિહુને ત્રણ મુખ્ય રૂપોમાં ઉજવવામાં આવે છે - રોંગાલી બિહુ, કાંતી બિહુ અને ભોગાલી બિહુ. બિહુનું મહત્ત્વ મુખ્યત્વે કૃષિ સાથે જોડાયેલું છે. આસામમાં કૃષિ જીવનનું મુખ્ય આધાર છે બિહુ કેળવણી, વાવણીથી લઈને પાક કાપણી સુધીના દરેક તબક્કાને ઉજવે છે. રોંગાલી બિહુ વસંતનું આગમન દર્શાવે છે. ધરતીમાં નવી ઊર્જા, નવા પાકની આશા અને યુવાનીના ઉત્સાહનું પ્રતિક. આ બિહુ દરમિયાન બિહુ નૃત્ય દ્વારા એકતા વ્યક્ત કરવામાં આવે છે. કાતી બિહુમાં દીવો પ્રગટાવીને ધાનના ખેતરોની રક્ષા અને સારા પાકની પ્રાર્થના કરવામાં આવે છે. ભોગાલી બિહુ સમૃદ્ધિના ઉત્સવરૂપે મનાવવામાં આવે છે. પાક પૂર્ણ થયા બાદ ભોજન, સામૂહિક રસોઈ, મેજી અગ્નિ અને સ્નેહ-સભર મેળાવડા દ્વારા સમાજ એક થતો નજરે પડે છે. આ ઉત્સવ આસામી ભાષા, સંગીત, વાદ્ય, નૃત્ય અને પારંપરિક વસ્ત્રોનો અવિનાશી વારસો જીવંત રાખે છે.

**તમિલનાડુમાં પોંગલ**

તમિલનાડુમાં પોંગલ ભારત એક કૃષિપ્રધાન દેશ છે. ભારતીય ખેડૂતનું જીવન પ્રકૃતિ સાથે જોડાયેલું છે. તે ઋતુઓ અનુસાર વાવણી, સિંચાઈ અને નિંદણ જેવા તમામ કૃષિ કાર્યો કરે છે. જ્યારે બધે હરિયાળી ફેલાય છે, તેઓ ઉજવણી કરવા માટે ઉત્સુક બને છે. આ તે સ્થાન છે જ્યાં તહેવારોની શરૂઆત થાય છે.પોંગલ એ નવી લણણીનો તહેવાર છે. તે સંક્રાંતિના દિવસે ઉજવવામાં આવે છે. આ તમિલનાડુનો મુખ્ય તહેવાર છે. તે જાન્યુઆરીમાં ઉજવવામાં આવે છે. પોંગલ પર ખેતરોમાંથી સોનેરી રંગના નવા ડાંગર કાપવામાં આવે છે અને ખેડૂતના ઘરે લાવવામાં આવે છે. શેરડીના ખેતરમાં લણણી માટે તૈયાર હોય છે. બગીચામાં હળદરના છોડ ખીલે છે. સંક્રાંતિ પર નવા ચોખામાંથી મીઠા ચોખા તૈયાર કરીને સૂર્યદેવને અર્પણ કરવામાં આવે છે. આ મીઠા ચોખાને પોંગલ કહેવામાં આવે છે. આ કારણે આ તહેવારનું નામ પોંગલ રાખવામાં આવ્યું છે. પોષ મહિનાથી શરૂ થતા ચાર દિવસ માટે પોંગલનો તહેવાર ઉજવવામાં આવે છે.

પોંગલના પહેલા દિવસે લોકો ભોગીની ઉજવણી કરે છે. આખા ઘરને સાફ કરવામાં આવે છે, ભોગીની સાંજે, બાળકો ઢોલ અને સંગીતનાં વાદ્યો વગાડીને ઉજવણી કરે છે.પોંગલથી રંગોળી બનાવી પોંગલને નવા વાસણમાં રાંધવામાં આવે છે. હળદરનો છોડ વાસણમાં બાંધવામાં આવે છે. નવા પાકમાંથી નીકળેલા ચોખા શેરડીના રસમાં રાંધવામાં આવે છે. જ્યારે ચોખા ઉકળે છે ત્યારે દૂધ ઉમેરવામાં આવે છે. પરપોટાવાળું પોંગલ, દૂધ સાથે, વાસણને છલકાવીને જ્યોતમાં ટપકતું રહે છે. તે ક્ષણે આસપાસના ભેગા થયેલા લોકો આનંદમાં બૂમ પાડે છે, “પોંગલ પોંગલ!” તેઓ ખુશ થાય છે કે સૂર્ય અને અગ્નિએ પોંગલનો પ્રસાદ સ્વીકાર્યો છે. તે ભગવાન ઇન્દ્ર (વાદળોના દેવ) ના માનમાં પોંગલની પૂર્વસંધ્યાએ ઉજવવામાં આવે છે. બીજો દિવસ પોંગલનો મુખ્ય દિવસ છે અને તેને સૂર્ય પોંગલ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે સૂર્યદેવની પૂજા કરવામાં આવે છે.ઘરના પ્રવેશદ્વાર પર રંગબેરંગી સુશોભન ફ્લોર પેટર્ન બનાવવામાં આવે છે

જેને કોલમ કહેવાય છે, ત્રીજો દિવસ ''મટ્ટુ પોંગલ'' તરીકે ઉજવવામાં આવે છે. તમિલમાં 'માડુ' નો અર્થ પશુઓ થાય છે. 'માડ' નો અર્થ 'સંપત્તિ' પણ થાય છે. પ્રાચીન સમયમાં પશુઓ આપણી પ્રાથમિક સંપત્તિ હતા.

મટ્ટુ પોંગલ પર ગાયો અને બળદોને સારી રીતે નવડાવી શિંગડા રંગે છે અને તેમને રંગબેરંગી કપડાં પહેરાવે છે. તેમને ગોળ અને અન્ય સ્વાદિષ્ટ ખોરાક ખવડાવે છે. સાંજે બળદોને ખેતરોમાં દોડાવવામાં આવે છે.

ચોથો દિવસ ''કાનુમ પોંગલ'' છે. ભોજનનું ભાથું બાંધી આખો પરિવાર ફરવા નીકળે છે. બધે મેળાઓ ભરાય છે. લોકો મેળાઓની મુલાકાત લે છે અથવા આસપાસના વિસ્તારોની શોધખોળ કરે છે. આમ ચારેય દિવસ લોકો આ તહેવારનો આનંદ માણવા માટે તેમના રોજિંદા જીવનથી વિરામ લે છે.કૃષિ સાથે સંબંધિત આ તહેવાર સમગ્ર ભારતમાં કોઈને કોઈ સ્વરૂપમાં ઉજવવામાં આવે છે. ગુજરાતથી બંગાળ સુધી લોકો તેને સંક્રાંતિ તરીકે ઉજવે છે. ઉત્તર ભારતમાં સંક્રાંતિ પર સ્નાન કરવાનું મહત્ત્વપૂર્ણ છે. લોકો ગંગા, યમુના, નર્મદા અને ક્ષિપ્રા જેવી નદીઓમાં સ્નાન કરે છે. તેઓ ચોખા અને મગની દાળની ખીચડી તૈયાર કરી ખાય છે.મહારાષ્ટ્રમાં આ તહેવાર તલ-ગોળનો તહેવાર છે. તલના બીજ સ્નેહનું પ્રતીક છે અને ગોળ મીઠાશનું પ્રતીક છે. લોકો તલ અને ગોળની આપ-લે કરીને કહે છે, ''તિલ-ગુડ-ઘ્યા, ગોડ બોલા,'' એટલે કે, ''તલ અને ગોળ ખાઓ અને મીઠી વાતો કરો.'' પંજાબમાં સંક્રાંતિના આગલા દિવસે 'લોહરી'નો તહેવાર ઉજવવામાં આવે છે. 'લોહરી'નો અર્થ 'નાની' અથવા 'નાની સંક્રાંતિ' થાય છે. લોકો તેમના ઘરની બહાર, તેમના આંગણામાં અથવા ચાર રસ્તા પર લાકડા ભેગા કરી લોહરી પ્રગટાવે છે. નવી લણણીમાંથી મકાઈને આગમાં નાખવામાં આવે છે. તે ફૂલેલા ચોખાની જેમ ફૂલી જાય છે. લોકો મકાઈના ટુકડા અને તલની મીઠાઈઓ વહેંચે છે. તેઓ પ્રેમથી મળે છે. આ સમયે અરુણાચલ પ્રદેશમાં પણ 'પાનુંગ'નો તહેવાર ઉજવવામાં આવે છે.વિવિધતામાં એકતા એ ભારતની ઓળખ છે. એક જ તહેવારને વિવિધ સ્વરૂપોમાં ઉજવીને લોકો ભારતની સાંસ્કૃતિક એકતાને મજબૂત બનાવે છે.

**પંજાબમાં લોહરી**

લોહરી તહેવાર પંજાબમાં ધૂમધામથી ઉજવાય છે. ગામડીઓ અને શહેરોમાં લોકો એકત્રિત થઈને અગ્નિ પ્રગટાવે છે. લોકો હાથ જોડીને અગ્નિની પરિક્રમા કરે છે, તલ-ગુડ, રેવડી, મકાઈના દાણા અને શીંગ અગ્નિમાં અર્પે છે. આ અર્પણ કુદરત માટે આભારનું પ્રતિનિધિત્વ કરે છે.લોહરીનો મુખ્ય આકર્ષણ 'ભાંગડા' અને 'ગિદ્ધા' નૃત્ય છે. ઢોલના થાપે યુવાનો ઉત્સાહપૂર્વક નાચે છે, જ્યારે સ્ત્રીઓ લોકગીતો ગાઈને આનંદ વ્યક્ત કરે છે.વિવિધ જાતિઓ તેને અલગ અલગ સમયે ઉજવે છે. સંથાલ લોકો ફેબ્રુઆરી-માર્ચમાં ઉજવે છે, જ્યારે ઓરાઓન લોકો માર્ચ-એપ્રિલમાં ઉજવે છે. આદિવાસી સામાન્ય રીતે પ્રકૃતિની પૂજા કરે છે. સરહુલ પર સાલના વૃક્ષની ખાસ પૂજા કરવામાં આવે છે. આ તે સમય છે જ્યારે સાલના વૃક્ષો ખીલવા લાગે છે અને હવામાન ખૂબ જ ખુશનુમા બને છે. પુરુષો અને સ્ત્રીઓ બન્ને ઢોલ અને ઝાંઝ વગાડે છે.

❖ **૪.૧.૫ વિવિધ ધર્મના તહેવાર**

**જૈનધર્મ :-**

મહાવીરજયંતી :- ચૈત્ર શુક્લ તેરસના દિવસે મહાવીરજયંતીને 'વીરતેરસ' પણ કહેવાય છે. જૈનધર્મના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ થયો હતો. આ દિવસે જૈનધર્મના અનુયાયીઓ દેરાસરમાં જઈ પૂજા કરે છે.

પર્યુષણ :- ભાદરવા મહિનામાં પર્યુષણ એ જૈનધર્મનો સૌથી પવિત્ર અને મહત્ત્વનો વાર્ષિક તહેવાર છે.પર્યુષણ આઠ દિવસનો તહેવાર છે. આ દિવસોમાં જૈનો તપ અને

ઉપવાસ છે. જેમાં બે દિવસના ઉપવાસને બેલા કહેવાય છે. ત્રણ દિવસ ઉપવાસ કરે તેને તેલા કહેવાય છે અને આઠ દિવસના ઉપવાસને અઠ્ઠાઈ કહેવાય છે. આ ઉપવાસ દરમિયાન માત્ર જળ ગ્રહણ કરવાનું હોય છે. જીવનમાં જાણતા અને અજાણતા થયેલા પાપના પ્રાયશ્ચિત રૂપે આ પર્યુષણ તહેવાર ઉજવાય છે. સાતમા દિવસે ક્ષમા પ્રાર્થનાના દિવસે 'મિચ્છામિ દુક્કડમ' કહી દરેક વ્યક્તિ પાસે ક્ષમાની ભાવના કરે છે.

જૈન નૂતન વર્ષ :- ગૌતમસ્વામીને 'કેવળજ્ઞાન' પ્રાપ્ત થયું તે દિવસે જૈન નૂતન વર્ષ ઉજવે છે.

ગૌતમસ્વામીજયંતી :- ભગવાન મહાવીરના મુખ્ય શિષ્ય, ગણધર ગૌતમસ્વામીના જન્મ દિવસની ઉજવણી છે. તેમના જીવન, જ્ઞાન અને દીક્ષા દિવસની યાદમાં શોભાયાત્રા, પ્રવચનો અને ધાર્મિક કાર્યક્રમો કરે છે.

શ્રુતિ પંચમી અને અષ્ટાનિકાઃ- આ તહેવારોમાં દેરાસરમાં જઈ પૂજા અર્ચના કરવામાં આવે છે.

**બૌદ્ધ ધર્મઃ-**

બોધિ દિવસ :- ગૌતમ બુદ્ધને આ દિવસે બોધિ વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું. બૌદ્ધ પરંપરાનો એક અત્યંત પવિત્ર અને અર્થસભર તહેવાર છે. આ દિવસ ભગવાન ગૌતમ બુદ્ધને પરમ જ્ઞાન 'બોધ' પ્રાપ્ત થયાની યાદમાં ઉજવવામાં આવે છે. બૌદ્ધભક્તો માટે આ દિવસ માત્ર ઐતિહાસિક ઘટના નહીં પરંતુ આત્મજાગૃતિ, કરુણા અને સત્યની શોધનો દિપ્તિમાન પ્રતીક છે.

નિર્વાણ દિવસ :- આ દિવસે ગૌતમ બુદ્ધનું નિર્વાણ થયું હતું. બૌદ્ધ પરંપરાનું એક અત્યંત પવિત્ર અને ભાવનાત્મક તહેવાર છે, જેને પરિનિર્વાણ દિવસ પણ કહેવાય છે. આ દિવસ ભગવાન ગૌતમ બુદ્ધે શરીર છોડીને પરમ શાંતિ, જન્મ-મરણના ચક્રથી સંપૂર્ણ મુક્તિ પ્રાપ્ત કરી હતી, તે પ્રસંગનું સ્મરણ છે. બૌદ્ધ સમાજ માટે આ દિવસ વિરહ, સ્મરણ અને આધ્યાત્મિક ચિંતનનો વિશેષ અવસર છે.

**શીખધર્મ :-**

ગુરુનાનકજયંતી :- શીખધર્મના સ્થાપક શ્રી ગુરુ નાનક જન્મ થયો હતો. જેને પ્રકાશ પર્વ અને ગુરુપર્વ ઓળખાય છે. આ દિવસ શીખધર્મના અનુયાયીઓ ગુરૂદ્વારામાં જઈ ભજન-કીર્તનની સાથે લંગર આયોજન કરે છે.

વૈશાખીઃ- વૈશાખીનું નામ વૈશાખ પરથી પડ્યું છે. પંજાબ અને હરીયાણાના ખેડૂતો સદીઓથી પાક લણ્યા બાદ નવા વર્ષની ઉજવણી કરે છે.

હૉલ મહોલ્લા :- હૉલ મોહલ્લા દરમિયાન શીખ સમુદાય કલા અને રંગબેરંગી પ્રદર્શનો સાથે ઉજવણી કરે છે. લોકો તલવારબાજી ઘોડેસવારી અને અન્ય યુદ્ધ કળાઓ, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું પ્રદર્શન કરે છે. ગુરુદ્વારાઓ સવારની પ્રાર્થનાનું પણ આયોજન કરે છે. ત્યારબાદ કીર્તન અને ભવ્ય શોભાયાત્રા થાય છે. શીખો યુદ્ધ કળા રજૂ કરે છે. આ સમય દરમિયાન આનંદપુર સાહિબમાં એક મોટો મેળો પણ ભરાય છે. લડાઈ પરાક્રમ અને બહાદુરીના વિવિધ પ્રદર્શનોનો આનંદ માણે છે. કીર્તન, સંગીત અને કવિતા સાંભળે છે.

ગુરુ ગોવિંદસિંહ જયંતી :- 'ગુરુ ગોવિંદસિંહ' શીખધર્મના દસમા ગુરુ છે. તેમણે ખાલસા-પંથની સ્થાપના કરી હતી.

**મુસ્લિમ ધર્મ :-**

ઈદ-ઉલ-ફિતર :- ઈદ-ઉલ-ફિતર એ રમઝાન મહિનાના અંત પછી ઉજવાતો ઈસ્લામનો મુખ્ય તહેવાર છે, જે ખુશી, ભાઈચારો અને દાનનું પ્રતીક છે, જેમાં મુસ્લિમો સવારની નમાઝ અદા કરે છે, નવા કપડાં પહેરે છે, મિત્રો-સંબંધીઓને મળે છે, ભેટોની આપ-લે કરે છે

મોહરમ :- મોહરમ ઈસ્લામિક કેલેન્ડરનો પ્રથમ મહિનો છે. જે મુસ્લિમો માટે શોક અને માતમનો મહિનો છે. જે ઇ.સ. ૬૮૦માં કરબલાના યુદ્ધમાં પેગંબર મોહમ્મદના પૌત્ર, હજરત ઈમામ હુસૈન અને તેમના સાથીઓની શહીદીની યાદમાં મનાવવામાં આવે છે. આ મહિનામાં મુસ્લિમો ઉપવાસ રાખે છે, ગરીબોને ખવડાવે છે અને ઇમામ હુસૈનની યાદમાં તાજિયા જુલૂસ કાઢે છે. આ સમયગાળો અન્યાય સામે ન્યાયની લડત અને શહીદીની યાદ અપાવે છે.

**પારસી ધર્મઃ-**

નવરોઝ :- નવરોઝ પારસીઓનું નવાવર્ષનો દિવસ અને તહેવાર છે. જેની શરુઆત ૩૦૦૦ વર્ષ પહેલાં શાહ જમશેદજીએ કરી હતી.

નવરોઝના દિવસે પારસી પરિવારોમાં બાળકોથી માંડી તમામ લોકો તૈયાર થઈ નવા વર્ષને વધાવે છે. આ દિવસે પારસી લોકો પોતાના ઘરના આંગણે રંગોળીની સજાવટ કરે છે. આ દિવસે પારસી મંદિર અગિયારીમાં વિશેષ પ્રાર્થનાઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રાર્થનાઓમાં વિતેલા વર્ષની તમામ ઉપલબ્ધિઓ માટે ભગવાન પ્રતિ આભાર વ્યક્ત કરવામાં આવે છે. અગિયારીમાં પ્રાર્થનાની વિધિ સમાપ્ત થયા બાદ સમુદાયના તમામ લોકો એકબીજાને નવા વર્ષના અભિનંદન પાઠવે છે.

## ❖ ૪.૧.૬ ભારતના રાજયોના વિવિધ તહેવારો

ભારત વિવિધ સંસ્કૃતિઓ, ભાષાઓ અને પરંપરાઓથી સમૃદ્ધ દેશ છે. અહીં દરેક રાજ્ય પોતાની આગવી ઓળખ ધરાવે છે અને તે ઓળખને જાળવી રાખતા વર્ષભર અનેક તહેવારો ઉજવવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં ઉત્તરાયણ, નવરાત્રિ, રથયાત્રા, જન્માષ્ટમી અને રણોત્સવ જેવા લોકપ્રિય તહેવારો ઉજવાય છે, જે રંગ, સંગીત અને લોકપરંપરાથી ભરપૂર હોય છે. રાજસ્થાનમાં તીજ, ગંગૌર, મેરુ મહોત્સવ અને પુષ્કર મેળો જેવા તહેવારો પ્રખ્યાત છે, જેમાં રાજસ્થાની લોકસંસ્કૃતિ ઝળહળી ઊઠે છે. મહારાષ્ટ્રમાં ગણેશચતુર્થી, ગુડીપડવો અને પાંઢરપુર વારી જેવા તહેવારો ધાર્મિક એકતાનું પ્રતિક છે.

હિમાચલ પ્રદેશમાં કુલ્લુ દશેરા, મિંજર મેળો અને લોસાર ઉજવાય છે. પંજાબમાં લોહરી, વૈસાખી અને ગુરુપુરબ જેવા તહેવારો કૃષિ, ભક્તિ અને ખુશહાલ જીવનનું પ્રતિનિધિત્વ કરે છે. ઉત્તરાખંડમાં હરેરી, નંદાદેવી રાજ જાત અને ગંગા દશેરા ઉજવાય છે. હરિયાણામાં ત્રીજ, ગુગ્ગા નવમી અને બસંત પંચમી મુખ્ય છે. મધ્ય પ્રદેશમાં ખજૂરાહો ડાન્સ ફેસ્ટિવલ, ભગુરીયા અને તાનસેન સમારોહ જાણીતાં છે. બિહારમાં છઠ્ઠ પૂજા સૌથી મહત્ત્વની છે. ઉત્તર પ્રદેશમાં કુંભ મેળો, તાજ મહોત્સવ, કાવડ યાત્રા, બરસાણા-મથુરાની હોળી અને અયોધ્યાની દિવાળી જેવા વિશિષ્ટ તહેવારો લાખો ભક્તોને આકર્ષે છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજા રાજ્યની સંસ્કૃતિનું પ્રાણરૂપ છે. આસામમાં ત્રણ પ્રકારનાં બિહુ ઉજવાય છે, જ્યારે ઓડિશાની પુરી રથયાત્રા વિશ્વપ્રસિદ્ધ છે.

દક્ષિણ ભારતનાં રાજ્યોમાં પણ તહેવારોની સમૃદ્ધ પરંપરા જોવા મળે છે. કર્ણાટકમાં દશેરા, વૈરમુડી ઉત્સવ અને ઉગાડી ઉજવાય છે. આંધ્ર પ્રદેશમાં ઉગાડી, રથસપ્તમી અને તિરુમાલા તહેવારો મુખ્ય છે. તેલંગાણામાં બોનીલુ, બથુકમ્મા અને સમક્કા-સારલમ્મા જાતરા ખાસ છે તમિલનાડુમાં પોંગલ, કર્ણાટકમાં દશેરા, અને કેરળમાં ઓણમ મુખ્ય તહેવારો છે, જે ખેતી, કુદરત અને સંસ્કૃતિ પ્રત્યેનો આદર દર્શાવે છે. ઝારખંડમાં સરહુલ, કરમ અને સોહરાઈ આદિવાસી પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. પૂર્વોત્તર રાજ્યો નાગાલેન્ડમાં હોર્નબિલ ફેસ્ટિવલ, મોઆત્સુ અને સેકેની મુખ્ય છે. અરુણાચલ પ્રદેશમાં લોસાર અને સોલુંગ ઉજવાય છે. મિઝોરમમાં ચપચાર કુટ, મિમ કુટ અને પાલ કુટ મનાવવામાં આવે છે. મણિપુરમાં યાઉશાંગ (હોળી સમાન), લાઈ હરોબા અને ચૈરઓબા ઉજવાય છે. જે સ્થાનિક આદિવાસી પરંપરાનો ઉત્સવ છે. જમ્મુ-કાશ્મીરમાં બૈશાખી, લોહરી, નવરોઝ અને તુલિપ ફેસ્ટિવલ જાણીતા છે. લદ્દાખમાં લોસાર,

હેમિસ ફેસ્ટિવલ, દોસમોચે અને સિંદુ દરા ઉત્સવ ઉજવાય છે. ગોવામાં કાર્નિવલ, શિગ્મો અને સાન ઝાવની તહેવારો ઉજવાય છે. આ રીતે ભારતના દરેક રાજ્યના તહેવારો તેની ભૂગોળ, જીવનશૈલી, ધર્મ, કૃષિ અને લોકપરંપરા સાથે ઊંડાણથી જોડાયેલા છે.

❖ **સારાંશ :**

તહેવાર સંઘર્ષમય જીવનમાં આનંદ - ઉમંગ લાવે છે. તહેવારથી વ્યક્તિ -સમાજ પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલો હોય છે. તહેવાર એ માનવીય જીવનનો અને સામાજિક જીવનનો એક અભિન્ન અંગ છે. આદિકાળથી લોકો તહેવારની ઉજવણી કરે છે. વર્તમાનસમયમાં ઘણા આધુનિક તહેવારો છે. એક દિવસે એક કરતાં વધારે તહેવાર ઉજવાતા હોય છે. એક જ તહેવાર અલગ સમુદાય વિભિન્ન રીતે ઉજવાય છે, પણ સર્વત્ર માનવતા મૂલ્યો, કલ્યાણ અને પરોપકારીની ભાવના છે. આ તહેવારો માત્ર આનંદનું માધ્યમ નથી, પરંતુ સમાજને જોડતા, સંસ્કૃતિને જીવંત રાખતા અને રાષ્ટ્રીયસભાનતાને મજબૂત બનાવતા પાયાના સ્તંભ છે.

❖ **ટૂંકનોંધ લખો.**

૧. મનુષ્યજીવનમાં તહેવારનું મહત્ત્વ

૨. આપણાં તહેવારો

૩. ચૈત્ર-વૈશાખ મહિનાના તહેવારો

૪. આસો- કારતકના તહેવારો

૫. સ્વતંત્રતાદિવસ

❖ **તમારી પ્રગતિ ચકાસો**

૧. પ્રજાસત્તાકદિવસ

૨. લણણીના તહેવારો

૩. માઘ-ફાગણ મહિનાના તહેવારો

૪. તહેવારોથી થતો આર્થિક લાભ

૫. શ્રાવણ-ભાદરવાના તહેવારો

૬. જૈનધર્મના તહેવારો

❖ **પ્રશ્નોના ઉત્તર એક બે વાક્યમાં લખો.**

૧. રક્ષાબંધન કઈ તિથિએ આવે છે ?

૨. આસોમહિનામાં કયા કયા તહેવારો આવે છે ?

૩. નારદજયંતી કઈ તિથિએ હોય છે ?

૪. તમિલનાડુમાં ઉજવાતા લણણી તહેવારનું નામ જણાવો.

૫. મહારાષ્ટ્રમાં ઉજવાતા તહેવારોના નામ જણાવો.

૬. જૈનધર્મના ઉજવાતા તહેવારોના નામ જણાવો.

❖ **બહુ વૈકલ્પિક પ્રશ્ન**

૧. ભારતને બ્રિટિશ શાસનમાંથી સ્વતંત્રતા કયા દિવસે મળી હતી ?

A. ૨૬ જાન્યુઆરી ૧૯૪૭ B. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭

C. ૨ ઑક્ટોબર ૧૯૪૮ D. ૩૦ જાન્યુઆરી ૧૯૪૭

૨. સ્વતંત્રતાદિવસના મુખ્ય સમારંભનું સ્થળ કયું છે ?

A. રાજપથ B. ઈન્ડિયા ગેટ

C. લાલઈકલ્લો, નવી દિલ્હી D. જન્મભૂમિ, અયોધ્યા

૩. વટસાવિત્રી વ્રત ક્યારે મનાવવામાં આવે છે ?

A. જેઠ અમાવસ્યા B. જેઠ શુક્લ દ્વિતીયા

C. જેઠ પૂર્ણિમા D. જેઠ કૃષ્ણ તૃતીયા

૪. ઓડિશાના પુરી ખાતે રથયાત્રા કઈ તિથિએ નીકળે છે ?

A. અષાઢ શુક્લ દ્વિતીયા B. અષાઢ પૂર્ણિમા

C. અષાઢ શુક્લ એકાદશી D. અષાઢ અમાસ

૫. અષાઢી એકાદશી કયા દેવ સાથે સંબંધિત છે ?

A. રામ B. શિવ C. વિઠ્ઠલ D. ગણેશ

૬. શ્રાવણ મહિનાની શુક્લપંચમી કયા તહેવાર તરીકે મનાય છે ?

A. નાગ પંચમી B. રક્ષાબંધન C. જન્માષ્ટમી D. શીતળાસાતમ

૭. ભાદરવા શુક્લચતુર્થી કયા તહેવાર માટે જાણીતી છે ?

A. ઋષિ પંચમી B. રાધાષ્ટમી

C. ગણેશચતુર્થી D. વામનજયંતી

૮. શારદીય નવરાત્રિ ક્યારે શરૂ થાય છે ?

A. આસો વદ એકમ B. આસો સુદ એકમ

C. કારતક સુદ એકમ D. આસો વદ દસમી

૯. મકરસંક્રાંતિ કયા મહિનામાં આવે છે ?

A. ફાગણ B. માઘ

C. પોષ D. માર્ગશીર્ષ

૧૦. રથસપ્તમી કયા દેવ સાથે સંબંધિત છે ?

A. બ્રહ્મા B. વિષ્ણુ C. સૂર્યદેવ D. લક્ષ્મી

❖ **જવાબ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | B | ૬. | A |
| ૨. | C | ૭. | C |
| ૩. | B | ૮. | B |
| ૪. | A | ૯. | C |
| ૫. | C | ૧૦. | C |

*********

## એકમ - 5
## વર્ણવ્યવસ્થા અને આશ્રમવ્યવસ્થા


૫.૦ ઉદ્દેશ્યો

૫.૧ પ્રસ્તાવના

૫.૨ વ્યક્તિનો જન્મ અને વ્યવસાયનો આધાર

૫.૩ આશ્રમવ્યવસ્થા અને તેનું મહત્ત્વ

૫.૩.૧ આશ્રમ શબ્દની વ્યુત્પત્તિ

૫.૩.૨ બ્રહ્મચર્યાશ્રમ અને તેનું મહત્ત્વ

૫.૩.૨.૧ બ્રહ્મચર્યાશ્રમનાં કર્તવ્યો

૫.૩.૩ ગૃહસ્થાશ્રમ અને તેનું મહત્ત્વ

૫.૩.૩.૧ ગૃહસ્થાશ્રમનાં કર્તવ્યો

૫.૩.૪ વાનપ્રસ્થાશ્રમ અને તેનું મહત્ત્વ

૫.૩.૪.૧ વાનપ્રસ્થાશ્રમનાં કર્તવ્યો

૫.૩.૫ સંન્યાસાશ્રમ અને તેનું મહત્ત્વ

૫.૩.૫.૧ સંન્યાસાશ્રમનાં કર્તવ્યો

૫.૪ વર્ણવ્યવસ્થા અને તેનું મહત્ત્વ

૫.૪.૧ ચારેય વર્ણોનાં ગુણ-સ્વભાવ

૫.૪.૨ ચારેય વર્ણોના કર્તવ્યો

૫.૫ સારાંશ

૫.૬ તમારી પ્રગતિ ચકાસો

૫.૭ ચાવીરૂપ શબ્દો

૫.૮ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

૫.૯ સંક્ષિપ્ત-અક્ષરસૂચિ

૫.૧૦સંદર્ભ સાહિત્ય


### ૫.૦ ઉદ્દેશ્ય

આ એકમનો હેતુ લોકો અને વિદ્યાર્થીઓ વેદ, સ્મૃતિ, રામાયણ, મહાભારત, પુરાણોમાં વર્ણિત ભારતીય સાંસ્કૃતિક પરંપરા તેમજ વર્ણાશ્રમવ્યવસ્થાથી પરિચિત થાય.

➢ ભારતીય સંસ્કૃતિથિ પરિચિત થશે.

➢ વૈદિકકાળથી આજ સુધી વિવિધ ગ્રંથોમાં વર્ણિત વર્ણવ્યવસ્થાથી પરિચિત થશે.

➢ વિભિન્ન અવસ્થા અનુસાર આશ્રમવ્યવસ્થાથી પરિચિત થશે.

➢ ચતુર્વર્ણાશ્રમવ્યવસ્થાની ઉત્પત્તિ અને કર્તવ્યોથી પરિચિત થાય.

## ૫.૧ પ્રસ્તાવના

ભારતીય સાંસ્કૃતિક પરંપરાના મૂળિયાં આપણને વૈદિક સાહિત્યથી લઈને આધુનિક સાહિત્ય સુધી પરિચિત થાય છે. ભારતીય સંસ્કૃતિ આદિકાળથી પરિવર્તનશીલ અને પ્રગતિશીલ રહી છે. આ સંસ્કૃતિમાં પ્રત્યેક મનુષ્યનું ચરમ લક્ષ્ય ચતુર્વિધ પુરુષાર્થ સ્વરૂપ ધર્મ, અર્થ અને કામનું સેવન કરતાં- કરતાં અંતિમ એવાં મોક્ષ પુરુષાર્થની પ્રાપ્તિ રહી છે. આ મોક્ષ રૂપી પુરુષાર્થની સિદ્ધિમાં ગુણ અને કર્મ આધારિત વર્ણવ્યવસ્થા તેમજ આશ્રમવ્યવસ્થા સહાયક સિદ્ધ થતી હતી. તેથી જ મનુસ્મૃતિમાં કહ્યું છે કે -

“सर्वेऽपि क्रमशस्त्वेते यथाशास्त्रं निषेविताः ।
यथोक्तकारिणं विप्रं नयन्ति परमां गतिम् ॥”

(मनुस्मृतिः ०६.८८)

અર્થાત્ વેદો અને શાસ્ત્રો દ્વારા જે વર્ણાશ્રમ ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેમનું જે મનુષ્ય પાલન કરે છે તેમની ઉત્તમ ગતિ થાય છે. આમ પ્રસ્તુત શ્લોકના માધ્યમથી વર્ણાશ્રમ ધર્મનું મહત્ત્વ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

## ૫.૨ વ્યક્તિનો જન્મ અને વ્યવસાયનો આધાર

મનુષ્યને કયાં જન્મ લેવો તે એમના હાથમાં નથી પરંતુ જે તે કુળમાં જન્મ લઈને તે પોતાનાં ગુણો અને કર્મ દ્વારા સમાજમાં પોતાનું એક આગવું સ્થાન ઊભું કરવું તે દરેક મનુષ્યનાં પોતાના હાથની વાત છે. તેથી જ ભટ્ટ નારાયણ વિરચિત મહાભારત આધારિત કૃતિ ‘વેણીસંહાર’માં નાટ્યકાર, કર્ણનાં મુખેથી કહે છે કે ‘दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम्’ અર્થાત્ જન્મ લેવો તે તો ભાગ્યને અધીન છે પરંતુ પુરુષાર્થ કરવો એ તો મારા અધીન છે.

ભારતીય સંસ્કૃતિનાં આદિકાળમાં વ્યક્તિનાં આ જ ગુણ અને કર્મોને લક્ષ્યમાં રાખીને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એમ ચાર વર્ણ અને બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યાસાશ્રમ એમ ચાર આશ્રમો વ્યવસ્થાપિત કરવામાં આવ્યાં. આ વર્ણો અને આશ્રમો પણ ગુણ અને કર્મનાં આધારે એકબીજાં પર આશ્રિત હતાં. જેમ કે બ્રાહ્મણ વર્ણનાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યાસાશ્રમમાં કર્તવ્યો, ક્ષત્રિય વર્ણના ચારેય આશ્રમોમાં કર્તવ્યો અને એ જ રીતે વૈશ્ય અને શૂદ્ર વર્ણના કર્તવ્યો ચારેય આશ્રમોમાં વર્ણવામાં આવ્યાં છે.

## ૫.૩ આશ્રમવ્યવસ્થા અને તેનું મહત્ત્વ

મનુષ્યની પરમાયુ વધુમાં વધુ એક સો વર્ષથી એકસો વીસ વર્ષ સુધી માનવામાં આવી છે. ભાષ્યકાર પતંજલિએ પણ ‘મહાભાષ્ય’ નામક ગ્રંથમાં કહ્યું છે કે ‘यः सर्वथा चिरं जीवति वर्षशतं जीवति’ ॥ મનુષ્યની આ સો વર્ષની આયુને ધ્યાનમાં રાખીને ઋષિ-મુનિઓએ આ આયુને ચાર ભાગમાં વિભાજિત કરી. જેમાં જીવનના પ્રથમ પચ્ચીસ વર્ષ અધ્યયન માટે નિશ્ચિત કરવામાં આવ્યાં. જેને ‘બ્રહ્મચર્યાશ્રમ’ નામ આપવામાં આવ્યું. બીજા પચ્ચીસ વર્ષ એટલે કે પચ્ચીસથી

પચાસ વર્ષ દાંપત્યજીવન તેમજ સંસારના હિત માટે નિશ્ચિત કરવામાં આવ્યાં. જેમની 'ગૃહસ્થાશ્રમ' નામ આપવામાં આવ્યું. ત્રીજા પચ્ચીસ વર્ષ એટલે કે પચાસથી પંચોતેર વર્ષની આયુમાં સંસાર પ્રત્યે જે રાગ અને આસક્તિ છે એ છોડવા તથા આત્મકલ્યાણ અર્થે નક્કી કરવામાં આવ્યાં. જેને 'વાનપ્રસ્થાશ્રમ' નામ આપવામાં આવ્યું અને અંતિમ પચ્ચીસ વર્ષ એટલે કે પંચોતેરથી સો વર્ષ અથવા જ્યાં સુધી આયુ છે ત્યાં સુધી માત્ર જીવનમુક્ત થઈને આત્મસાક્ષાત્કાર માટે પ્રયત્નશીલ રહેવૂ જેવાને 'સંન્યાસાશ્રમ' નામ આપવામાં આવ્યું. તેથી જ સંસ્કૃત સાહિત્યમાં એક સુભાષિતકારે કહ્યું છે કે -

"प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितं पुण्यं चतुर्थे किं करिष्यति ॥"

અર્થાત્ પ્રથમ અવસ્થામાં વિદ્યા-અધ્યયન જો ન કર્યું, દ્વિતીય અવસ્થામાં ધન-અર્જન ન કર્યું, તૃતીય અવસ્થામાં પુણ્યનું ભાથું ન બાંધ્યું તો પછી ચતુર્થ અવસ્થામાં તું શું કરીશ ? આમ, પ્રસ્તુત સુભાષિતનાં માધ્યમથી વર્ણાશ્રમવ્યવસ્થાનું મહત્ત્વ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

### ❖ ૫.૩.૧ આશ્રમ શબ્દની વ્યુત્પત્તિ :

સંસ્કૃત વ્યાકરણશાસ્ત્ર અનુસાર 'आश्राम्यन्ति स्वं स्वं तपश्चरन्त्यत्रेति आश्रमः' આ વિગ્રહ અનુસાર પોતપોતાની અવસ્થા અનુરૂપ નિર્દિષ્ટ તપનું (કર્તવ્યોનું) પાલન કરવામાં આવે તે આશ્રમ.

વ્યાકરણ અનુસાર આશ્રમ શબ્દની વ્યુત્પત્તિ 'आङ्' ઉપસર્ગપૂર્વક 'श्रमु तपह्यिा' ધાતુથી 'हलश्च'નામક પાણિનીય સૂત્ર દ્વારા धरूख्रह्मा પ્રત્યય કરીને નિષ્પન્ન થાય છે. આમ વિગ્રહ અને વ્યુત્પત્તિ દ્વારા આપણને ખ્યાલ આવે છે કે આશ્રમવ્યવસ્થામાં દરેક અવસ્થાનાં મનુષ્યોના પોતાનાં કર્તવ્યો સુનિશ્ચિત હતાં અને એ તપનું (કર્તવ્યનું) પાલન કરવું એ જ ધર્મ ગણવામાં આવતો.

'ઐતરેય બ્રાહ્મણ' નામક ગ્રંથમાં આશ્રમવ્યવસ્થાનો ક્રમ પ્રદર્શિત કરતાં કહેવામાં આવ્યું છે કે, 'ब्रह्मचर्यं समाप्य गृही भवेत् । गृही भूत्वा वनी भवेत् । वनी भूत्वा प्रव्रजेत्' । - ऐ.ब्रा. ૩૫.૦૨ ॥ અર્થાત્ બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ કરીને સમાવર્તન સંસ્કાર (દીક્ષાંત સમારોહ) બાદ ગુરુજી પાસેથી આજ્ઞા લઈને શિષ્ય ગૃહસ્થાશ્રમમાં જોડાવા માટે વિવાહસંસ્કાર કરે અને ગૃહસ્થાશ્રમનાં સમસ્ત કર્તવ્યો જ્યારે પૂર્ણ થઈ જાય ત્યારે વન તરફ અર્થાત્ સંસાર પ્રત્યે આસક્તિ છોડી આત્મકલ્યાણની ભાવના અર્થે વાનપ્રસ્થાશ્રમ સેવે અને ત્યારબાદ અત્યંત વૈરાગ્ય સેવીને સંન્યાસાશ્રમને સાર્થક કરે.

### ❖ ૫.૩.૨ બ્રહ્મચર્યાશ્રમ અને તેનું મહત્ત્વ :

વૈદિક કાળમાં વેદો જ જ્ઞાનનાં પ્રધાન સ્રુદ્ભેત હતાં. બાલ્યાવસ્થા દરમ્યાન ઉપનયન સંસ્કાર કરીને બાળક ગુરુજી પાસે સૌપ્રથમ શાખા-પ્રશાખા અનુસાર વેદનું અધ્યયન કરતો હતો. વેદાધ્યયન દરમ્યાન બાળકનાં અમુક કર્તવ્યો અને આચરણો સુનિશ્ચિત હતાં. આમ બાળક બાલ્યાવસ્થામાં બ્રહ્મ(વેદ)નું આચરણ કરતો એટલે બ્રહ્મચારી કહેવાતો અને જ્યાં સુધી ગુરુકુળમાં રહીને ગુરુ પાસે અધ્યયન કરતો તે કાળને બ્રહ્મચર્યાશ્રમ કહેવામાં આવતો હતો.

બ્રહ્મચર્યાશ્રમનું વર્ણન કરતાં 'મનુસ્મૃતિ'માં કહેવામાં આવ્યું છે કે બાળકનાં જન્મથી આઠમાં વર્ષે બ્રાહ્મણ વર્ણનાં, ક્ષત્રિયના અગિયારમાં વર્ષે અને વૈશ્ય વર્ણના બારમાં વર્ષે ઉપનયન સંસ્કાર કરવા જોઈએ.

"गर्भाष्टमेऽब्दे कुर्वीत ब्राह्मणस्योपनायनम् ।
गर्भादेकादशे राज्ञो गर्भस्तु द्वादशे विशः ॥"

(मनुस्मृतिः ०२.३६)

"दण्डाजिनोपवीतानि मेखलां चैव धारयेत् ।
ब्राह्मणेषु चरेद् भैक्षमनिन्द्येष्वात्मवृत्तये ॥"

(याज्ञवल्क्यस्मृतिः, आचाराध्यायः २९ )

ઉપનયન સંસ્કાર અર્થાત્ બાળકનાં વિધિવત્ શિક્ષણનો પ્રારંભ. શિષ્ય ગુરુની પાસે બ્રહ્મચર્યાશ્રમમાં રહીને વિવિધ શાસ્ત્રોનું અધ્યયન કરતો, આધ્યાત્મિક ઉન્નતિ અર્થે સમિધાધાન તેમજ સંધ્યાવંદન કરતો તથા આચાર-વ્યવહારનું જ્ઞાન પ્રાપ્ત કરતો.

બ્રહ્મચર્યાશ્રમ દરમ્યાન બ્રહ્મચારીને શરીર ઉપર અમુક વસ્તુઓ તેમજ અમુક વિશેષ પ્રકારનાં જ વસ્ત્રો ધારણ કરવાનાં રહેતાં હતાં. જેમાં હાથમાં પલાશ વૃક્ષમાંથી નિર્મિત દંડ, યજ્ઞોપવીત, કમરમાં મુંજ ઘાસની બનેલી મેખલા તથા પ્રતિદિન ભિક્ષાટન કરીને ભિક્ષા ગુરુજીને અર્પણ કરીને ગ્રહણ કરવાની રહેતી હતી.

### ❖ ૫.૩.૨.૧બ્રહ્મચર્યાશ્રમનાં કર્તવ્યો :

બ્રહ્મચર્યાશ્રમનાં કર્તવ્યો નિર્દિષ્ટ કરતાં મનુસ્મૃતિમાં કહ્યું છે કે -

"उपनीय गुरुः शिष्यं शिक्षयेच्छौचमादितः ।
आचारमग्निकार्यं च सन्ध्योपासनमेव च ॥"

(मनुस्मृतिः ०२.६९)

"अध्येष्यमाणस्त्वाचान्तो यथाशास्त्रमुदङ्मुखः ।
ब्रह्माञ्जलिकृतङध्याप्यो लघुवाह्याा जितेन्द्रियः ॥"

(मनुस्मृतिः ०२.७०)

બ્રહ્મચારી શિષ્ય પ્રતિદિન ઉપરોક્ત નિત્ય કર્મનું સંપાદન કરી યથાકાળ ગુરુજી દ્વારા ઉપદિષ્ટ વેદ-શાસ્ત્રો ઈત્યાદિનું ઉત્તરાભિમુખ થઈને અધ્યયન કરતો હતો. બ્રહ્મચારીનાં અન્ય પ્રમુખ કર્તવ્યોમાં બ્રાહ્મ મુહૂર્તમાં જાગરણ, અનુશાસિત તથા સંયમિત જીવન, ગુરુશુશ્રૂષા, ગુરુની આજ્ઞાનું પાલન કરવું, સ્વાધ્યાયશીલ, નિંદારહિત, જિતેન્દ્રિયનો સમાવેશ થતો હતો.

જેમ ઉપરોક્ત શ્લોકમાં બ્રહ્મચર્યાશ્રમનાં કર્તવ્યો નિર્દિષ્ટ કરવામાં આવ્યાં છે એ જ રીતે બ્રહ્મચર્યાશ્રમમાં બ્રહ્મચારીએ કયાં કયાં કાર્યો ન કરવાં તે પણ ઉપદિષ્ટ કરવામાં આવ્યાં છે. બ્રહ્મચર્યાશ્રમમાં સ્થિત શિષ્યએ તેલની માલિશ ન કરવી, આંખમાં આંજણ ન આંજવું, પગમાં ચંપલ ન પહેરવાં, છત્ર ન રાખવું, કામ-ક્રોધ-લોભ ન કરવો; નૃત્ય,ગીત અને મનોરંજન ન કરવું, દ્યૂત (જુગાર) ન રમવું, અધ્યયન વગરની ચર્ચા ન કરવી, કોઈની નિંદા ન કરવી, અસત્ય બોલવું નહીં, રાગપૂર્ણ દૃષ્ટિ ટાળવી અને અન્યને હાનિ ન કરવી. બ્રહ્મચારીએ આટલાં કર્મો પ્રયત્નપૂર્વક ત્યજવાં જોઈએ.

"अभ्यङ्गमञ्जनञ्चाक्ष्णोरुपानच्छत्रधारणम् ।
कामं क्रोधं च लोभं च नर्तनं गीतवादनम् ॥"

"द्यूतं च जनवादं च परिवादं तथाऽनृतम् ।
स्त्रीणां च प्रेक्षणालम्भमुपघातं परस्य च ॥"

(मनु. ०२.१७८-१७९)

"वर्जयेन्मधु मांसं च गन्धं माल्यं रसान् स्त्रियः ।
शुक्तानि यानि सर्वाणि प्राणिनां चैव हिंसनम् ।।"

(मनुस्मृतिः ०२.१७७)

બ્રહ્મચારીએ મધ, માંસનું સેવન ન કરવું જોઈએ, સુગંધિત દ્રવ્યો અને રત્નો ધારણ ન કરવાં જોઈએ, સ્ત્રી સંગ ન કરવો જોઈએ તથા પ્રાણીઓની હિંસામાં પ્રવૃત્ત ન થવું જોઈએ.

બ્રહ્મચારી જ્યારે ગુરુકુળમાં પોતાનું અધ્યયન પૂર્ણ કરી લેતો ત્યારે ગુરુજી એમનું સમાવર્તન-સંસ્કાર (આજનાં સંદર્ભમાં દીક્ષાંત સમારોહ) કરીને તેમને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ માટે અનુમતિ આપતા હતાં. જે શિષ્ય ગૃહસ્થાશ્રમમાં જોડાવવા માટે ઈચ્છુક ન હોય તે ગુરુજી પાસે રહીને નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરતો અને કાળક્રમે સંન્યાસાશ્રમમાં જોડાતો હતો.

### ❖ ૫.૩.૩ ગૃહસ્થાશ્રમ અને તેનું મહત્ત્વ

બ્રહ્મચર્યાશ્રમમાં પોતાનાં વિષય અને ક્ષેત્રમાં નિપુણ થયાં બાદ સાંસારિક સુખની કામનાથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવામાં આવતો હતો. વર અને કન્યા પોતાનાં કુળ, ગોત્ર, સંસ્કાર, વિદ્યા, અભિરુચિ ઈત્યાદિ ગુણોને અનુરૂપ એકબીજાની પસંદગી કરીને અગ્નિની સાક્ષીએ વિવાહસંસ્કાર કરીને પ્રસ્તુત આશ્રમમાં ગૃહસ્થ દંપતી તરીકે પ્રવેશતાં હતાં. બંન્ને દંપતી ધર્માર્થકામ સ્વરૂપ ત્રિવિધ પુરુષાર્થનું સેવન કરતાં-કરતાં યજ્ઞકાર્ય, શ્રાદ્ધકાર્ય, તર્પણક્રિયાઓ, સંતાનોત્પત્તિ તથા બ્રહ્મચારી, વાનપ્રસ્થી અને સંન્યાસીની સેવા-સત્કાર કરતાં કરતાં ગૃહસ્થાશ્રમ વ્યતીત કરતાં હતાં.

ચાર આશ્રમોમાં જો કોઈ આશ્રમનું વિશેષ મહત્ત્વ ધર્મશાસ્ત્રીય ગ્રંથોમાં પ્રતિપાદિત કરવામાં આવ્યું હોય તો તે આશ્રમ ગૃહસ્થાશ્રમ છે. ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ વર્ણવતાં સંસ્કૃત સાહિત્યના એક સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે -

"सानन्दं सदनं सुताश्च सुधियः कान्ता प्रियालापिनी सन्मित्रं सधनं स्वयोषिति रतिः चाज्ञापराः सेवकाः ।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे साधोः संगमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः ।।"

અર્થાત્ ઘરમાં નિરંતર આનંદ હોય, સંતાનો બુદ્ધિશાળી હોય, પત્ની પ્રિય બોલનારી હોય, સારાં મિત્રો હોય, આર્થિક રીતે સુસંપન્ન હોય, બન્ને દંપતી પરસ્પર અનુરક્ત હોય, સેવકો આજ્ઞાનું પાલન કરનારા હોય, જે ઘરમાં અતિથિઓનો સત્કાર થતો હોય, જ્યાં પોતાનાં ઈષ્ટદેવનું પૂજન થતું હોય, પ્રતિદિન સારું મધુર ભોજન થતું હોય તેમજ સત્પુરુષોનો સત્સંગ થતો હોય એવો ગૃહસ્થાશ્રમ ધન્ય છે. મનુસ્મૃતિમાં પણ ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ પ્રસ્થાપિત કરતાં કહેવામાં આવ્યું છે કે -

"यथा नदीनदाः सर्वे सागरे यान्ति संस्थितिम् ।
तथैवाश्रमिणः सर्वे गृहस्थे यान्ति संस्थितिम् ।।"

(मनुस्मृतिः ०६-९०)

"यथा वायुं समाश्रित्य वर्तन्ते सर्वजन्तवः ।
तथा गृहस्थमाश्रित्य वर्तन्ते सर्व आश्रमाः ।।"

(मनुस्मृतिः ०३-७७)

"सर्वेषामपि चैतेषां वेदस्मृतिविधानतः ।
गृहस्थ उच्यते श्रेष्ठः स त्रीनेतान् बिभर्तिहि ॥"

(मनुस्मृतिः ०६-८९)

જેવી રીતે સમસ્ત નદીઓ અંતે સાગરમાં વિલીન થાય છે તેવી જ રીતે સમસ્ત આશ્રમવાસી જન(બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યાસી) ગૃહસ્થાશ્રમી ઉપર નિર્ભર છે. અન્ય ઉદાહરણ આપીને ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ નિષ્પાદિત કરતાં કહ્યું છે કે જીવમાત્ર જેવી રીતે પ્રાણવાયુ ઉપર નિર્ભર છે એ જ રીતે અન્ય સમસ્ત આશ્રમવાસીઓ ગૃહસ્થાશ્રમ ઉપર આશ્રિત છે.

❖ **૫.૩.૩.૧ ગૃહસ્થાશ્રમનાં કર્તવ્યો :**

**"स्वाध्यायो ब्रह्मयज्ञश्च पितृयज्ञस्तु तर्पणम् ।
होमो दैवो बलिर्भौतो नृयज्ञोऽतिथिपूजनम् ॥"**

**(मनुस्मृतिः ०३.७०)**

ગૃહસ્થાશ્રમનાં કર્તવ્યો નિર્દિષ્ટ કરતાં મનુસ્મૃતિનાં ઉપરોક્ત શ્લોકમાં કહ્યું છે કે ગૃહસ્થી વ્યક્તિએ પ્રતિદિન પંચમહાયજ્ઞ કરવા જોઈએ. જેમાં બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ તથા અતિથિયજ્ઞનો સમાવેશ થાય છે.

બ્રહ્મયજ્ઞમાં ગૃહસ્થી પ્રતિદિન પોતાનાં વિષય અથવા ક્ષેત્રનું યથાકાળ સ્વાધ્યાય કરતો હતો. જેનાથી પોતાનાં ક્ષેત્રમાં તેની આવડતમાં સતત વધારો થઈ શકતો હતો. તેથી જ સમાવર્તનસંસ્કારને અંતે ગુરુજી શિષ્યને ઉપદેશ આપતાં હતાં - **'स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् इति' ।**

પિતૃયજ્ઞમાં ગૃહસ્થ દંપતી પોતાનાં માતા-પિતા તથા પૂર્વજો પ્રત્યે આદર અભિવ્યક્ત કરીને તેમજ પિતૃઋણથી ઉઋણ થવાં નિત્ય તર્પણ કરતાં હતાં. દેવયજ્ઞ અને ભૂતયજ્ઞમાં ગૃહસ્થી પ્રતિદિન દેવતાને ઉદ્દેશીને વૈશ્વદેવયજ્ઞ તથા કાળક્રમે યજ્ઞ-યાગ્દ્ભદિમાં દેવતાઓને ભોગ અર્પણ કરી તેમના પ્રત્યેનું ઋણ ચૂકવતા હતાં. વ્યાવહારિક દૃષ્ટિએ દેવયજ્ઞ અને ભૂતયજ્ઞનાં માધ્યમથી આપણા ઋષિ-મુનિઓએ પ્રકૃતિ પ્રત્યે આપણો આદરભાવ વ્યક્ત કરવાની, પ્રકૃતિનું સંરક્ષણ કરવાની, પ્રકૃતિ પાસેથી જેટલું આવશ્યક છે તેટલું ગ્રહણ કરવાની તથા યજ્ઞનાં માધ્યમથી પુનઃ પ્રકૃતિને આપવાની અને પ્રાણીમાત્ર પ્રત્યે કરુણા અને દયા ભાવ રાખવાની દૃષ્ટિ આપી છે.

અતિથિયજ્ઞ અથવા તો જેમને નૃયજ્ઞ પણ કહેવામાં આવે છે તેમાં ગૃહસ્થ વ્યક્તિનાં ઘરે કોઈ અતિથિ આવી જાય તો એમનો યથોચિત આદર સત્કાર કરવો એ ગૃહસ્થ દંપતીનું કર્તવ્ય હતું. તેથી જ ગુરુજી અધ્યયન અંતે શિષ્યને ઉપદેશમાં કહેતાં હતાં કે - अतिथिदेवो भव । સંસ્કૃત સાહિત્યના એક સુભાષિતમાં એટલે જ કહેવાયું છે કે -

"तृणानि भूमिरुदकं वाक् चतुर्थी च सूनृता ।
एतान्यपि सतां गेहे नोच्छिद्यन्ते कदाचन ॥"

તૃણ (ઘાસ) અર્થાત્ બેસવા માટે આસન, શયન અથવા આરામ માટે ભૂમિ, પીવા માટે પાણી તેમજ સુમધુર વાણી આ ચાર વસ્તુઓની ઉણપ ક્યારેય સજ્જનોનાં ઘરે ન હોય. આમ પ્રસ્તુત શ્લોકના માધ્યમથી સુભાષિતકાર કહેવા ઇચ્છે છે કે કોઈ પણ ગૃહસ્થીનાં ઘરે કોઈ પણ અતિથિ જાય તો એમને આ

ચાર વસ્તુઓની તો ઉણપ હોય જ નહીં. આમ આતિથ્ય સત્કારનાં ગુણગાન તેમજ ગૃહસ્થનાં આતિથ્ય પ્રતિ કર્તવ્યો સંસ્કૃત સાહિત્યમાં યત્ર-તત્ર કરવામાં આવ્યાં છે.

પ્રસ્તુત પાંચ મહાયજ્ઞનો ઉલ્લેખ મહર્ષિ યાજ્ઞવલ્ક્યએ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં કરતાં કહ્યું છે કે -

"बलिकर्मस्वधाहोमस्वाध्यायातिथिसत्क्रियाः ।
भूतपित्रमरब्रह्ममनुष्याणां महामखाः ॥"

(याज्ञवल्क्यस्मृतिः ०१.१०२)

### ❖ ૫.૩.૪ વાનપ્રસ્થાશ્રમ અને તેનું મહત્ત્વ

**"वनमेव प्रस्थः वानप्रस्थः वने प्रकर्षेण**

**नियमेन च तिष्ठतीति वनप्रस्थ तस्य भावः वानप्रस्थः ॥"**

ગૃહસ્થાશ્રમની સમસ્ત જવાબદારીઓમાંથી મુક્ત થઈને, સાંસારિક એષણાઓનો ત્યાગ કરીને, સંતાનોને ઘરસંસારનો વ્યવહાર સોંપીને સંસાર પ્રત્યેનો રાગ ઓછો કરવા મનુષ્ય આયુષ્યના ત્રીજા ભાગમાં વન તરફ પ્રયાણ કરતો જેને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એવું કહેવાતું. અહીં વન એ વૈરાગ્ય અને અભાવોનું પ્રતીક છે. વાનપ્રસ્થાશ્રમમાં ક્યારે પ્રવેશ કરવો તેનાં લક્ષણ નિર્દિષ્ટ કરતાં નિમ્નોક્ત શ્લોકમાં કહ્યું છે કે -

"गृहस्थस्तु यदा पश्येत् वलीपलितमात्मनः ।
अपत्यस्यैव चापत्यं तदारण्यं समाश्रयेत् ॥"

ગૃહસ્થ વ્યક્તિ જ્યારે પોતાનાં માથાનાં વાળ સફેદ થઈ ગયાં છે એવું જાણે, તેમજ પોતાનાં સંતાનોને ત્યાં સંતાનો જોઈ લે ત્યારે અરણ્ય (વન) તરફ પ્રયાણ કરવું.

વાનપ્રસ્થ આશ્રમમાં બન્ને દંપતી સાથે પણ વન તરફ પ્રયાણ કરી શકતાં હતાં તેમજ પત્નીને વનગમનની ઇચ્છા ન હોય તો તેમને સંતાનો પાસે છોડીને પતિ વન તરફ પ્રયાણ કરતો. આમ વાનપ્રસ્થાશ્રમમાં દંપતીનું પરસ્પરનું અવલંબન પણ ઓછું થતું અને પરિવાર પરનું અવલંબન પણ ન રહેતું. આજનાં સંદર્ભમાં કહીએ તો મનુષ્ય આત્મકલ્યાણ અર્થે આત્મનિર્ભર થતો હતો. તેથી જ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે -

"उद्धरेदात्मनात्मानं ह्यात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥"

(श्रीमद्‌भगवद्‌गीता ०६.०५)

અર્થાત્ આપણો ઉદ્ધાર અને આપણું પતન આપણા જ હાથમાં છે. જેથી આપણે આપણી જાતને અધોગતિ તરફ ન લઈ જતાં તેનું ઉત્થાન કરવું. તમે જ તમારી જાતના મિત્ર છો અને તમે જ તમારી જાતનાં શત્રુ છો. આમ વાનપ્રસ્થાશ્રમમાં આપણને આપણી આત્મા સાથે તાદાત્મ્ય કેળવવાનો અવસર પ્રાપ્ત થાય છે.

ભારતીય સંસ્કૃતિમાં એવી માન્યતા છે કે ચોર્યાશી લાખ યોનિમાંથી જીવ પસાર થઈને એક વાર મનુષ્ય દેહને પ્રાપ્ત કરે છે, ત્યારે આ સંસારના આવાગમન ચક્રની મુક્તિ માટે મનુષ્ય દેહ અવસર રૂપ છે. તેથી જ આપણા ઋષિ-મુનિઓએ આ આવાગમન ચક્રમાંથી મુક્તિ હેતુ વર્ણાશ્રમધર્મનો ગ્રંથોમાં ઉલ્લેખ કર્યો છે.

❖ ૫.૩.૪.૧વાનપ્રસ્થાશ્રમનાં કર્તવ્યો :

"मुन्यन्नैर्विविधैर्मेध्यैः शाकमूलफलेन वा ।
एतानेव महायज्ञान्निर्वपेद्विधिपूर्वकम् ॥"

(मनुस्मृतिः ०६.०५)

પૂર્વોક્ત બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમનાં અમુક નિશ્ચિત કર્તવ્યો હતાં એ જ રીતે વાનપ્રસ્થાશ્રમનાં કર્તવ્યો નિર્દિષ્ટ કરતાં ઉપરોક્ત શ્લોકમાં કહ્યું છે કે વાનપ્રસ્થી અન્ન, શાક, ફળ, મૂળથી પંચમહાયજ્ઞનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરે.

"वसीत चर्मचीरं वा सायं स्नायात्प्रगे तथा ।
जटाश्च बिभृयान्नित्यं श्मश्रुलोमनखानि च ॥"
स्वाध्याये नित्ययुक्तः स्याद्दान्तो मैत्रः समाहितः ॥

(मनुस्मृतिः ०६.०७-०८)

વાનપ્રસ્થી ચર્મનાં વસ્ત્રો અથવા વલ્કલ વસ્ત્રો ધારણ કરે, સાયં અને પ્રાતઃકાળ સ્નાન કરે, નખ-કર્તન તથા કેશ-કર્તન સમયસર કરે, નિત્ય સ્વાધ્યાય કરે, જિતેન્દ્રિય રહે, પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરે, દાન અને દયાપૂર્ણ સ્વભાવ રાખે તથા જીવમાત્ર પ્રત્યે કરુણાનો ભાવ રાખે.

"भूमौ विपरिवर्तेत तिष्ठेद्वा प्रपदैर्दिनम् ।
स्थानासनाभ्यां विहरेत्सवनेषूपयन्नपः ॥"

"ग्रीष्मे पञ्चतपास्तु स्याद्वर्षास्वभ्रावकाशिकः ।
आर्द्रवासास्तु हेमन्ते क्रमशो वर्धयंस्तपः ॥"

"उपस्पृशंस्त्रिषवणं पितृन्देवांश्च तर्पयेत् ।
तपश्चरंश्चोग्रतरं शोषयेद् देहमात्मनः ॥"

(मनुस्मृतिः ०६.२२-२४ )

વાનપ્રસ્થી ભૂમિ ઉપર જ શયન કરે, વિધિપૂર્વક અગ્નિહોત્ર ઇત્યાદી નિત્યકર્મ સંપન્ન કરે, ગ્રીષ્મ ઋતુમાં પંચાગ્નિ તપ કરે, વર્ષા ઋતુમાં ખુલ્લાં આકાશમાં તપ કરે, હેમંત ઋતુમાં ભીનાં વસ્ત્રોમાં તપ કરે તથા કઠોર તપશ્ચર્યાથી પોતાનાં શરીરને કૃશકાય કરે.

આમ વાનપ્રસ્થાશ્રમ મનુષ્યમાત્રને વૈરાગ્યની તરફ પ્રવૃત્ત કરે છે, સાદું જીવન ઉચ્ચ વિચારની ભાવના કેળવે છે, શારીરિક અને માનસિક ઉન્નતિ તરફ પ્રેરિત કરે છે.

❖ ૫.૩.૫ સંન્યાસ-આશ્રમ અને તેનું મહત્ત્વ

મનુષ્ય જીવનનો તેમજ આશ્રમવ્યવસ્થાનો અંતિમ પડાવ એટલે સંન્યાસ-આશ્રમ.

"काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥"

(श्रीमद्भगवद्गीता १८.२१)

ભગવાન શ્રીકૃષ્ણ સંન્યાસનું લક્ષણ નિર્દિષ્ટ કરતાં કહે છે કે, 'સમસ્ત કામ્ય કર્મોનો ત્યાગ એટલે સંન્યાસ.' મનુષ્ય કર્મો વિના રહી શકતો નથી. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી

કર્મ રહેવાના જ. એટલે આગળ કહે છે કે સમસ્ત કર્મોનાં ફળમાં જે આસક્તિ છે તેનો ત્યાગ એમને જ ત્યાગ કહેવામાં આવ્યો છે. આમ કર્મમાંથી છૂટ સંન્યાસ-આશ્રમમાં પણ આપવામાં આવી નથી. પરંતુ કામ્ય કર્મનો ત્યાગ અને અન્ય કર્મોમાં ફળની આસક્તિનો અભાવ એટલે સંન્યાસ.

**“अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।**
**स संन्यासी च योगी च न निरग्निर्न चाऽक्रियः॥”**

**(श्रीमद्‌भगवद्‌गीता ०६.०२)**

ભગવાન શ્રીકૃષ્ણ જ્ઞાનકર્મસંન્યાસ યોગમાં પણ કહે છે કે માત્ર અગ્નિનો ત્યાગ કરી દેવાથી (વાનપ્રસ્થાશ્રમ સુધી જે અગ્નિ રાખી હતી તે હવે સંન્યાસાશ્રમમાં રાખવાની હોતી નથી, સંન્યાસી ભિક્ષા ગ્રહણ કરીને જ પોતાનું જીવન નિર્વાહ કરે છે) અથવા તો નિષ્ક્રિય થઈ જવાથી કોઈ સંન્યાસી નથી થઈ જતું. પરંતુ કર્મફળ પ્રતિ અનાસક્ત રહીને જે કર્મ કરે તે જ સાચો સંન્યાસી છે. તેથી જ ગાંધીજીએ શ્રીમદ્ભગવદ્ગીતાને અનાસક્તિયોગ તરીકે વર્ણવી.

### ❖ ૫.૩.૫.૧સંન્યાસાશ્રમનાં કર્તવ્યો :

મનુસ્મૃતિમાં સંન્યાસ-આશ્રમનાં લક્ષણો અને કર્તવ્યો નિર્દિષ્ટ કરતાં લખે છે કે -

**“वनेषु च विहृत्यैवं तृतीयं भागमायुषः ।**
**चतुर्थमायुषो भागं त्यक्त्वा संगान् परिव्रजेत् ॥”**

**“आश्रमादाश्रमं गत्वा हुतहोमो जितेन्द्रियः ।**
**भिक्षाबलिपरिश्रान्तः प्रव्रजन्प्रेत्य वर्धते ॥”**

**“ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् ।**
**अनपाकृत्य मोक्षं तु सेवमानो व्रजत्यधः ॥”**

**“अधीत्य विधिवद्वेदान् पुत्र पौत्रांश्चोत्पाद्य धर्मतः ।**
**इष्ट्वा च शक्तितो यज्ञैर्मनो मोक्षे निवेशयेत् ॥”**

**(मनुस्मृतिः ०६.३३-३६)**

વનમાં આયુષ્યનો ત્રીજો ભાગ વ્યતીત કરીને (વાનપ્રસ્થાશ્રમમાં રહીને) આયુષ્યનાં ચોથો ભાગમાં સમસ્ત આસક્તિઓને ત્યાગીને આત્મકલ્યાણ અર્થે પરિવ્રાજક (સંન્યાસી) થવું. એક આશ્રમમાંથી અન્ય આશ્રમમાં પ્રવેશ કરતાં-કરતાં સંન્યાસ-આશ્રમમાં પ્રવેશ કરવો અને જિતેન્દ્રિય થઈને ભિક્ષાટન કરતાં કરતાં પરિવ્રાજક થઈને સંસારમાં રહેવું. ઋણોને દૂર કરીને મનને મોક્ષનાં માર્ગે વાળવું. સંતાનો તથા પૌત્ર વગેરેને વિધિસર વેદ વગેરે શાસ્ત્રોનું અને ધર્મનું જ્ઞાન અને સંસ્કારો આપીને, યથાયક્તિ યજ્ઞ-યાગાદિ કરીને મનને મોક્ષનાં માર્ગે વાળવું.

**“प्राणायामैर्दहेद्दोषान् धारणाभिश्च किल्बिषम् ।**
**प्रत्याहारेण संसर्गान् ध्यानेनानीश्वरान्गुणान् ॥”**

**(मनुस्मृतिः ०६.७२)**

પ્રાણાયામથી શારીરિક દોષ, ધારણાઓથી પાપ, પ્રત્યાહારથી દોષ તથા ધ્યાનથી મોહ જેવાં દુર્ગુણો દૂર કરવા જોઈએ અને ઈશ્વરનું સ્મરણ કરવું

જોઈએ. મનુસ્મૃતિનાં છઠ્ઠા અધ્યાયમાં ખૂબ જ વિસ્તારથી ચારેય વર્ણનાં કર્તવ્યો નિર્દિષ્ટ કરવામાં આવ્યાં છે.

આમ ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં મનુષ્ય બ્રહ્મચર્યાશ્રમથી ધર્માર્થકામ સ્વરૂપ ત્રિવિધ પુરુષાર્થ સિદ્ધ કરતાં-કરતાં જ્યારે અંતિમ એવાં સંન્યાસાશ્રમમાં પ્રવેશે ત્યાં સુધીમાં અંતિમ એવાં મોક્ષ પુરુષાર્થનો પાયો મજબૂત થઈ જાય છે અને ચોર્યાશી લાખ જીવયોનિમાંથી પ્રાપ્ત મનુષ્યયોનિના માધ્યમથી આત્મતત્ત્વનું કલ્યાણ સાધે છે.

## ૫.૪ વર્ણવ્યવસ્થા અને તેનું મહત્ત્વ

કોઈ પણ દેશ અથવા કાળમાં સામાજિક વ્યવસ્થાને જો સુચારુ રૂપે ચલાવવી હોય તો એ સમાજ માટે કોઈનું કોઈ બંધારણ અને વ્યવસ્થા અંત્યત આવશ્યક છે. આપણા સમાજ અને સંસ્કૃતિને પણ સુચારુરૂપે સુગઠિત કરવા તેમજ તેમની ફરજો અને કર્તવ્યો સુનિશ્ચિત કરવા વૈદિક કાળમાં આપણા ઋષિ-મુનિઓએ વેદો તથા અન્ય ગ્રંથોમાંથી સંશોધન અને મનોમંથન કરીને ગુણ અને કર્મ આધારિત વર્ણવ્યવસ્થા આપણને આપી.

શાસ્ત્રોમાં આપણને અનેક આખ્યાનો પણ પ્રાપ્ત થાય છે જેના દ્વારા આપણે નિશ્ચિત રૂપે કહી શકીએ કે વર્ણવ્યવસ્થા ગુણ અને કર્મ આધારિત હતી. જેમ કે વાલ્મિકી રામાયણમાં આપણને બ્રહ્મર્ષિ વસિષ્ઠ અને રાજર્ષિ વિશ્વામિત્રનું આખ્યાન પ્રાપ્ત થાય છે. જેમાં રાજર્ષિ વિશ્વામિત્ર ઉગ્ર તપ દ્વારા બ્રહ્મર્ષિ પદ પ્રાપ્ત કરે છે.

जन्मना जायते शूद्रः संस्काराद्द्विज उच्यते । પ્રસ્તુત પંક્તિ દ્વારા પણ આપણે ખ્યાલ આવે છે કે જન્મથી મનુષ્યમાત્ર શૂદ્ર હોય છે. પરંતુ આગળ જતાં એમનું લાલન-પાલન-પોષણ ઈત્યાદી કેવાં વાતાવરણમાં થાય છે એ ખૂબ જ મહત્ત્વનું છે અને એટલાં માટે જ ષોડશ સંસ્કાર પરંપરા પણ આપણા ગ્રંથોમાં વર્ણિત છે. આમ ભારતીય સંસ્કૃતિ મનુષ્યમાત્રને શૂદ્રથી દ્વિજત્વ પ્રાપ્ત કરવાનો અવસર પ્રદાન કરે છે.

ભારતીય સંસ્કૃતિમાં વેદોનું સ્થાન આગવું રહ્યું છે અને આજે વિશ્વએ પણ ઋગ્વેદને સૌથી પ્રાચીન ગ્રંથ તરીકે માન્યતા આપી છે, ત્યારે વર્ણવ્યવસ્થાનાં મૂળ પણ આપણને વેદોથી લઈને સ્મૃતિસાહિત્ય, રામાયણ, મહાભારત, પુરાણ અને અર્થશાસ્ત્ર જેવાં શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદનાં દસમાં મંડળનાં નેવુંમા સૂક્ત પુરુષસૂક્તમાં વર્ણવ્યવસ્થાની ઉત્પત્તિનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે -

"ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः ।
ऊरु तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥"

(ऋग्वेदः १०.९०.१२)

અર્થાત્ વિરાટ પુરુષનાં મુખમાંથી બ્રાહ્મણ, બાહુથી ક્ષત્રિય, ઊરુથી વૈશ્ય તથા પગથી શૂદ્રની ઉત્પત્તિ થઈ છે. વેદોના આ જ વચનનું અનુસરણ કરતાં મનુસ્મૃતિમાં પણ આ જ વાત નિમ્નોક્ત શ્લોકનાં માધ્યમથી કહેવામાં આવી છે.

''लोकानां तु विवृद्ध्यर्थं मुखबाहूरुपादतः ।
ब्राह्मणं क्षत्रियं वैश्यं शूद्रं च निवर्तयत् ॥"

मनुस्मृति ०१.३१

ભગવાન શ્રીકૃષ્ણએ પણ શ્રીમદ્ભગવદ્ગીતાનાં જ્ઞાનકર્મસંન્યાસયોગ નામક ચોથાં અધ્યાયમાં તેમજ મોક્ષસંન્યાસ નામક અઢારમા અધ્યાયમાં કહ્યું છે કે -

"चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ।।"

(श्रीमद्भगवद्गीता ०४.१३)

અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચારેય વર્ણની રચના મારા દ્વારા જ ગુણ અને કર્મનાં વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ રીતે એ સૃષ્ટિ-રચના કર્મનો કર્તા હોવાં છતાં પણ તું મને અકર્તા જ જાણ.

"ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ।।"

(श्रीमद्भगवद्गीता १८.४१)

હે પરંતપ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોનાં કર્મ સ્વભાવથી ઉત્પન્ન ગુણો દ્વારા જ વિભક્ત કરવામાં આવ્યાં છે. આમ શ્રીમદ્ભગવદ્ગીતાનાં માધ્યમથી આપણને સ્પષ્ટ થાય છે કે વર્ણવ્યવસ્થા ગુણ અને કર્મ આધારિત જ હશે.

### ❖ ૫.૪.૧ ચારેય વર્ણોના ગુણ સ્વભાવ :

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ભગવદ્ગીતામાં ગુણ અને કર્મ આધારિત વર્ણવ્યવસ્થાનું વર્ણન કરતાં પ્રત્યેક વર્ણનાં ગુણોનું વર્ણન કરતાં મોક્ષસંન્યાસનામક અંતિમ અધ્યાયમાં જણાવે છે કે -

"शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्मस्वभावजम् ।।"

(श्रीमद्भगवद्गीता १८.४२)

બ્રાહ્મણ વર્ણનાં ગુણોનું વર્ણન કરતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, શમ (અંતઃકરણનો નિગ્રહ, દમ (બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ), તપ, શૌચ (આંતરિક બાહ્ય શુદ્ધિ) ક્ષમા, આર્જવ (દયા) તેમજ વેદાદિ શાસ્ત્રોનું જ્ઞાન અને બ્રહ્મજ્ઞાન પ્રતિ જે અભિમુખ છે તે બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે.

'विप्राणां ज्ञानतो ज्यैष्ठ्यम् ।'

(मनुस्मृतिः ०२.१५५)

મહર્ષિ મનુએ પણ મનુસ્મૃતિમાં બ્રાહ્મણોનું જ્યેષ્ઠત્વ જ્ઞાન આધારિત ગુણથી જ ઉપરની પંક્તિમાં પ્રદર્શિત કર્યું છે. જે કોઈ પણ મનુષ્ય પૃથ્વી ઉપર જ્ઞાની છે, પોતાનાં ક્ષેત્રમાં પાવરધો છે તે બ્રાહ્મણ છે. બ્રાહ્મણ વર્ણનાં ગુણો વર્ણવીને ક્ષત્રિય વર્ણનાં ગુણો વર્ણવતાં ગીતામાં કહ્યું છે કે -

"शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ।।"

(श्रीमद्भगवद्गीता १८.४३)

શૌર્ય, તેજ, ધીરજ, યુદ્ધમાં અપલાયનતા, દાન દેવું અને સ્વામિત્વ કરવું આટલાં ક્ષત્રિય વર્ણનાં સ્વાભાવિક કર્મ છે. ક્ષત્રિય વર્ણનાં ગુણો વર્ણવીને વૈશ્ય વર્ણનાં ગુણો વર્ણવતાં ગીતામાં કહ્યું છે કે -

"कृषिगौरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ।।"

(श्रीमद्भगवद्गीता १८.४४)

ખેતી, પશુપાલન અને વેપાર આ વૈશ્યના સ્વાભાવિક કર્મ છે. જ્યારે સમસ્ત વર્ણોની સેવા કરવી એ શૂદ્ર વર્ણનું સ્વાભાવિક કર્મ છે.

આમ, ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ભગવદ્ગીતામાં ગુણસ્વભાવનું વર્ણન કરતાં પ્રત્યેક વર્ણ માટે એક-એક શ્લોક વર્ણવ્યો છે. જેથી જે મનુષ્યને પોતાનામાં ઉપરોક્ત લાક્ષણિકતાઓમાંથી તથા ગુણસ્વભાવમાંથી જે ગુણસ્વભાવ અનુસાર પોતાની મનોસ્થિઈત લાગે તેમને ચયનિત કરી શકે.

### ❖ ૫.૪.૨ ચારેય વર્ણોના કર્તવ્યો :

મહર્ષિ મનુએ વેદોનું અનુગમન કરતાં-કરતાં વેદોનો જે વર્ણાશ્રમવ્યવસ્થાનો સિદ્ધાંત હતો તેને સરળ સંસ્કૃત ભાષામાં અભિવ્યક્ત કરતાં પોતાની મનુસ્મૃતિમાં તે સિદ્ધાંતને પ્રતિપાદિત કર્યો અને ચારેય વર્ણોનાં કર્તવ્યો નિર્દિષ્ટ કરતાં કહ્યું છે કે -

"अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहं चैव ब्राह्मणानामकल्पयत् ।।"

(मनुस्मृतिः ०१.८८)

ભણવું અને ભણાવવું, યજ્ઞ કરવો અને યજ્ઞ કરાવવો તેમજ દાન ગ્રહણ કરવું અને દાન આપવું. આ છ કર્મો બ્રાહ્મણ વર્ણનાં નિર્દિષ્ટ કર્યા છે. મહર્ષિ મનુએ માત્ર આ છ કર્મો નિર્દિષ્ટ જ કર્યા નથી પરંતુ એ છ કર્મમાંથી કયાં ત્રણ કર્મો આજીવિકા અર્થે લેવા અને કયાં ત્રણ કર્મો સેવાર્થે લેવાં તેમનો નિર્દેશ કરતાં કહે છે કે -

"षण्णां तु कर्मणामस्य त्रीणि कर्माणि जीविका ।
याजनाध्यापने चैव विशुद्धश्च प्रतिग्रहः ।।"

(मनुस्मृतिः १०.७६)

ષટ્કર્મોમાંથી ત્રણ કર્મો તો બ્રાહ્મણની જીવિકા અર્થે છે જેમાં અધ્યાપન (ભણાવવું), યાજન (યજ્ઞ કરાવવો) અને પ્રતિગ્રહ (દાન લેવું)નો સમાવેશ થાય છે. જ્યારે અન્ય ત્રણ કર્મો જેવાં કે અધ્યયન (ભણવું), યજન (પોતાની માટે નિત્યકર્મ સ્વરૂપ યજ્ઞ કરવો) અને દાનકર્મ (આત્મિક ઉન્નતિ અર્થે) છે.

મહર્ષિ યાજ્ઞવલ્ક્ય પણ પોતાની યાજ્ઞવલ્ક્યસ્મૃતિ નામક ગ્રંથમાં મહર્ષિ મનુની મનુસ્મૃતિનું અનુગમન કરતાં જણાવે છે કે -

"इज्याध्ययनदानानि वैश्यस्य क्षत्रियस्य च ।
प्रतिग्रहोऽधिको विप्रे याजनाध्यापने तथा ।।"

(याज्ञवल्क्यस्मृतिः ०१.११८)

યાજ્ઞવલ્ક્યસ્મૃતિ પણ ઉપરોક્ત શ્લોકના માધ્યમથી એ જ કર્તવ્યોનું અનુમોદન કરતા કહે છે કે યજ્ઞ કરવો, અધ્યયન કરવું અને દાન કરવું એ તો ત્રૈવર્ણિક (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય) કર્તવ્ય છે. પરંતુ પ્રતિગ્રહ, યાજન અને અધ્યાપન એ વિશેષ રૂપે બ્રાહ્મણનાં કર્તવ્યો છે.

કોઈ પણ સમાજ ગમે તેટલો બુદ્ધિશાળી હોય, પરંતુ એમની બુદ્ધિ સમાજને ત્યારે જ ઉપયુક્ત થઈ શકે જ્યારે એ સમાજ અંદર અને બહારથી સંરક્ષિત હોય. તેથી જ ઋષિઓએ શારીરિક રીતે સક્ષમ જે મનુષ્ય વર્ગ હતો તેમને ક્ષત્રિય વર્ણમાં સમાવિષ્ટ કર્યા તથા તેમનાં કર્તવ્યો સુનિશ્ચિત કરતાં કહ્યું કે -

"प्रजानां रक्षणं दानमिज्याध्ययनमेव च ।
विषयेष्वप्रसक्तिश्च क्षत्रियस्य समासतः ॥"

(मनुस्मृतिः ०१.९१)

પ્રજાનું રક્ષણ કરવું, દાન કરવું, યજ્ઞ કરવો, અધ્યયન કરવું તથા વિષયોમાં અતિ આસક્ત ન રહેવું - આ ક્ષત્રિય વર્ણનાં કર્તવ્યો નિર્દિષ્ટ કર્યા છે. ક્ષત્રિયોના કર્તવ્ય નિર્દિષ્ટ કરીને અન્ય વર્ણના કર્તવ્યોમાં પ્રવૃત્ત થવાની સ્પૃહા ન કરવી એ દર્શાવતા કહ્યું છે કે -

"त्रयो धर्मा निवर्तन्ते ब्राह्मणात्क्षत्रियं प्रति ।
अध्यापनं याजनं च तृतीयश्च प्रतिग्रहः ॥"

(मनुस्मृतिः १०.७७)

જે કર્તવ્યો બ્રાહ્મણ માટે આજીવિકા સમાન (અધ્યાપન, યાજન અને પ્રતિગ્રહ) છે તે કર્તવ્યો પ્રસ્તુત શ્લોકના માધ્યમથી ક્ષત્રિયો માટે નિષેધરૂપ સૂચવ્યા છે. કારણકે જે ગુણ અને કર્મનાં આધાર પર વર્ણવ્યવસ્થા રચવામાં આવી છે. તે ગુણ અને કર્મનું પાલન જે તે વર્ણ દ્વારા કરવામાં ન આવે તો સમાજમાં એક પ્રકારની અવ્યવસ્થા ઊભી થવાની શક્યતાઓ રહે. તેથી મહર્ષિએ પ્રસ્તુત શ્લોકનાં માધ્યમથી નિષેધાત્મક રૂપે સ્વકર્તવ્ય પરાયણ રહેવા અને તેમાં જ જે તે વર્ણનું કલ્યાણ છે એવું સૂચવ્યું છે.

કોઈ પણ રાષ્ટ્ર પાસે બૌદ્ધિક લોકો (બ્રાહ્મણ વર્ણ) તથા શારીરિક સશક્ત મનુષ્યો (ક્ષત્રિય વર્ણ) હોય. પરંતુ આર્થિક રીતે સમૃદ્ધ મનુષ્યો (વૈશ્ય વર્ણ) જો ન હોય તો પણ તે રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રોની તુલનામાં જોઈએ તેવી પ્રગતિ સાધી શકે નહીં. તેથી જ ગુણ અને કર્મ આધારિત વર્ણવ્યવસ્થામાં મહર્ષિઓએ વૈશ્ય વર્ણને આર્થિક પાયા રૂપે પ્રસ્થાપિત કર્યા અને તેમનાં કર્તવ્યો ચિહ્નિત કરતાં કહ્યું છે કે -

"पशूनां रक्षणं दानमिज्याध्ययनमेव च ।
वणिक्पथं कुसीदं च वैश्यस्य कृषिमेव च ॥"

(मनुस्मृतिः ०१.९०)

પશુઓનું રક્ષણ કરવું, દાન કરવું, યજ્ઞ કરવો, અધ્યયન કરવું, વ્યાપાર કરવો તથા કૃષિકાર્ય કરવું આટલાં કર્તવ્યો વૈશ્ય વર્ણનાં નિર્દિષ્ટ કર્યા છે. અહીં ત્રણેય વર્ણોમાં સામાન્ય રૂપે ત્રણ કર્તવ્યો પ્રતિપાદિત કરવામાં આવ્યાં છે. જેમાં અધ્યયન, યજન અને દાનનો સમાવેશ થાય છે. કારણ કે આ ત્રણ કર્તવ્યો એવાં છે જેના દ્વારા મનુષ્યમાત્ર પોતાનું કલ્યાણ તેમજ આત્મોન્નતિ સાધી શકે છે.

મનુષ્ય પાસે અસીમિત સામર્થ્ય હોય, પરંતુ જો એ પગથી દિવ્યાંગ હોય તો સામર્થ્યસંપન્ન હોવાં છતાં પણ તે મનુષ્ય અન્યનિર્ભર છે. એ જ રીતે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણ ગમે તેટલાં સશક્ત અને સામર્થ્યસંપન્ન હોય, પરંતુ જો શૂદ્ર વર્ણ એમની સેવામાં ન હોય તો એ ત્રણેય વર્ણ તેના વિના પાંગળા છે. એથી વિરાટ પુરુષના પાદ રૂપ શૂદ્ર વર્ણ પોતાની સેવા વૃત્તિ તથા નમ્રતાના ભાવનાં કારણે સદા પૂજનીય અને મનનીય રહ્યો છે.

નીતિશતકકાર ભર્તૃહરિ એ સેવાધર્મનું મહત્ત્વ પ્રતિપાદિત કરતાં કહ્યું છે કે 'सेवाधर्मो परमगहनो योगिनामप्यगम्यः' અર્થાત્ સેવાધર્મ એટલો બધો ગહન છે કે એ યોગીઓ માટે પણ અગમ્ય છે. આવાં સેવાધર્મ માટે વિરાટ પુરુષે ગુણ અને કર્મનાં આધાર ઉપર શૂદ્ર વર્ણને નિયુક્ત કર્યા અને તેનાં કર્તવ્યો નિર્દેશ કરતાં કહેવામાં આવ્યું કે -

"एकमेव तु शूद्रस्य प्रभुः कर्म समादिशत् ।
एतेषामेव वर्णानां शुश्रूषामनसूयया ॥"

(मनुस्मृतिः ०१.९१)

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણની સેવા કરવી એ એકમાત્ર કર્મ શૂદ્ર વર્ણને સોપવામાં આવ્યું છે. સેવાકર્મ એક એવું કર્મ છે જે અત્યંત ધ્યાનપૂર્વક કરવું પડે છે અને તેથી જ એ કર્મની મહત્તા પણ છે. તેથી શૂદ્ર વર્ણ માટે અન્ય કર્તવ્યો ન બોધિત કરતાં એક માત્ર સેવાકર્મ એમની માટે ચિહ્નિત કરવામાં આવ્યું. અન્ય વર્ણો જ્યાં અનેક કર્મો કરીને ઇહલોક અને પરલોકને સાધે છે ત્યારે શૂદ્ર વર્ણ માત્રને માત્ર સેવાધર્મ દ્વારા જ બન્ને લોકમાં કલ્યાણ સાધે છે.

## ૫.૫ સારાંશ :

વિશ્વની જે જૂજ પ્રાચીન સંસ્કૃતિઓ છે, તેમાં ભારતીય સંસ્કૃતિનો સમાવેશ થાય છે. વૈદિક કાળથી શરૂ કરીને આજ સુધી ભારતીય સંસ્કૃતિ પોતાની સાંસ્કૃતિક વિરાસત માટે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે. વૈદેશિક લોકોએ પણ વિભિન્ન કાળક્રમે ભારતીય સંસ્કૃતિમાં બહોળો રસ લીધો છે. જેનાં ઐતિહાસિક સાક્ષ્યો પણ આપણને પ્રાપ્ત થાય છે. આ જ ભારતીય સંસ્કૃતિએ આપણને કાળક્રમે વર્ણાશ્રમવ્યવસ્થા આપી. જેનાં લક્ષણો અને કર્તવ્યો આજે પણ આપણને ભારતીય જનતામાં કયાંકને કયાંક તાદશ થાય છે.

પ્રસ્તુત પ્રકરણમાં ચારેય વર્ણ તથા ચારેય આશ્રમનું વર્ણન શ્રીમદ્ભગવદ્ગીતા, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ વગેરે ગ્રંથોના આધારે કરવામાં આવ્યું છે. તેમજ વર્ણ અને આશ્રમવ્યવસ્થા કેવી રીતે પરસ્પર સમાશ્રિત છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

## ૫.૬ તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નીચેનાં વિધાનો વાંચી તે સાચાં છે કે ખોટાં તેની નિશાની કરો.**

૧. ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ચાર પુરુષાર્થોનો સમાવેશ થાય છે.

૨. વર્ણવ્યવસ્થાનું વર્ણન સૌપ્રથમ વેદોમાં પ્રાપ્ત થાય છે.

૩. ચારેય આશ્રમોમાંથી ત્રણ આશ્રમો બ્રહ્મચર્યાશ્રમ ઉપર આશ્રિત રહે છે.

૪. બ્રહ્મચર્યાશ્રમમાં પ્રવેશ કરતી વખતે ઉપનયન સંસ્કાર કરવામાં આવે છે.

૫. ગૃહસ્થાશ્રમનાં કર્તવ્ય રૂપે ત્રણ મહાયજ્ઞ વર્ણવામાં આવ્યાં છે.

**(ખ) નીચેનાં પ્રશ્નોનો વિસ્તારથી ઉત્તર આપો.**

૧. ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં વર્ણાશ્રમવ્યવસ્થાનું મહત્ત્વ સમજાવો.

૨. શ્રીમદ્ભગવદ્ગીતા અનુસાર ચારેય વર્ણોના ગુણ-સ્વભાવ વર્ણવો.

૩. સાંપ્રત સમયમાં વર્ણાશ્રમવ્યવસ્થાની પ્રાસંગિકતા વર્ણવો.

## ૫.૭ ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| ૧. વર્ણ | ૬. શૌચ |
| ૨. આશ્રમ | ૭. વાનપ્રસ્થ |
| ૩. ચાતુર્વર્ણ્ય | ૮. ગૃહસ્થ |
| ૪. બાહુ | ૯. યજન-યાજન |
| ૫. ઉપનયન | ૧૦. અધ્યાપન |

## ૫.૮ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**(ક) નીચેનાં વિધાનો વાંચી તે સાચાં છે કે ખોટાં તેની નિશાની કરો.**

૧. સાચું

૨. સાચું

૩. ખોટું

૪. સાચું

૫. ખોટું

## ૫.૯ સંક્ષિપ્ત અક્ષરસૂચિ :

| | | |
|---|---|---|
| એ.બ્રા. | - | એતરેય બ્રાહ્મણ |
| મનુ | - | મનુસ્મૃતિ |
| યાજ્ઞવલ્ક્ય | - | યાજ્ઞવલ્કયસ્મૃતિ |
| ગીતા | - | શ્રીમદ્ભગવદ્ગીતા |

## ૫.૧૦સંદર્ભ સાહિત્ય


૧. સૂત્રાષ્ટાધ્યાયી - મહર્ષિ પાણિનિ, ચૌખમ્ભા કૃષ્ણદાસ અકાદમી, કે.૩૭/૧૧૮, ગોપાલ મંદિર લેન, પો.ઓ. બોક્સ નં. ૧૧૧૮, વારાણસી - ૨૨૧૦૦૧ (ભારત)

૨. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ - ચૌખમ્ભા કૃષ્ણદાસ અકાદમી, કે.૩૭/૧૧૮, ગોપાલ મંદિર લેન, પો.ઓ. બોક્સ નં. ૧૧૧૮, વારાણસી - ૨૨૧૦૦૧ (ભારત) પુનર્મુદ્રિત : સન ૨૦૧૪

૩. મનુસ્મૃતિ - મનોજ પોકેટ બુક્સ, ૭૬૧, મેઈન રોડ, બુરાડી, દિલ્લી - ૧૧૦૦૮૪

૪. શ્રીમદ્ભગવદ્ગીતા - ગીતાપ્રેસ, ગોરખપુર


***************

# એકમ - 6
# યુવાનો અને ભારતીય સંસ્કૃતિ

૬.૦ ઉદ્દેશ્યો

૬.૧ પ્રસ્તાવના

૬.૨ યુવાનોમાં જાગૃતિ

૬.૩ વૈશ્વિક પર્યાવરણની દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિનો વિકાસ

૬.૪ સારાંશ

૬.૫ ચાવીરૂપ શબ્દો

૬.૬ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

૬.૭ સંક્ષિપ્ત-અક્ષરસૂચિ

૬.૮ સંદર્ભ સાહિત્ય

## ૬.૦ ઉદ્દેશ્ય

આ એકમનો હેતુ લોકો, વિદ્યાર્થીઓ તથા વિશેષ કરીને યુવાન ભાઈઓ-બહેનો ભારતીય સાંસ્કૃતિક પરંપરાથી પરિચિત થાય તેમજ પોતાનાં વારસા અને સંસ્કૃતિ પ્રત્યે આત્મગૌરવની ભાવના કેળવે.

- ભારતીય સાંસ્કૃતિક પરંપરાથી પરિચિત થાય.
- ભારતીય સંસ્કૃતિ દરેક કાળક્રમે સાંપ્રત છે તેનાથી પરિચિત થાય.
- ભારતીય સંસ્કૃતિનું ગૌરવ સમજીને આત્મવિશ્વાસ સભર બને.
- ભારતીય સંસ્કૃતિ પ્રત્યે યુવાનોમાં જાગૃતિ કેળવાય.

## ૬.૧ પ્રસ્તાવના

કોઈ પણ દેશની સંસ્કૃતિ તે દેશ માટે આત્મા સમાન છે. જેમ શરીરમાંથી આત્મા અલગ થઈ જાય પછી શરીરનું કોઈ અસ્તિત્વ નથી તેવી જ રીતે કોઈ પણ દેશની સંસ્કૃતિ નષ્ટપ્રાયઃ અથવા લુપ્તપ્રાયઃ થવા આવે તો તે દેશનું પણ લાંબુ અસ્તિત્વ રહેતું નથી. કોઈ પણ દેશની સાંસ્કૃતિક પરંપરાને જાણવા માટે તે દેશની કલા, દર્શન તથા આધ્યાત્મિક ચિંતન જાણવું અત્યંત આવશ્યક હોય છે.

ભારત દેશ તેની સમૃદ્ધ અને વૈવિધ્યસભર સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યો માટે વિશ્વવિખ્યાત છે. ભારતીય સંસ્કૃતિ આજે પણ તેનાં મૂળભૂત મૂલ્યો સાથે જીવંત છે. આ સંસ્કૃતિએ હજારો વર્ષોથી માનવતાના સિદ્ધાંતો, આધ્યાત્મિકતા અને નૈતિકતાના આધાર પર જીવન જીવવાનો માર્ગ પ્રદર્શિત કર્યો છે. યુવાનો રાષ્ટ્રના ભાવિ શિલ્પી છે. તેમની ઊર્જા, વિચારશક્તિ અને આગવી દૃષ્ટિ કોઈ પણ રાષ્ટ્રને નવી દિશા આપી શકે છે.

વિચાર વગર સંસ્કૃતિનો વિકાસ કે સંરક્ષણ શક્ય નથી. માણસ બીજા પ્રાણીઓ કરતા અલગ છે તેનું એક કારણ માણસનો શારીરિક બાંધો અને બીજું કારણ એ છે કે માણસ વિચારશીલ છે. પ્રાણીઓ સમૂહમાં રહેતા હોય છે પણ માત્ર સમૂહમાં રહેવાથી સંસ્કૃતિ વિકાસ નથી પામતી કેમ કે પ્રાણીઓ પાસે વિચારવાની શક્તિ નથી. માણસો પાસે શક્તિ છે તેથી તે સંસ્કૃતિનું ઘડતર કરી શકે છે.

સાહિત્ય, કલા અને નીતિ સંસ્કૃતિના મુખ્ય પરિમાણો છે. ભારતીય સંસ્કૃતિના પાયામાં રામાયણ અને મહાભારતનો મોટો ફાળો છે. વેદ, વેદાંગો, ઉપનિષદો, પુરાણો, ગ્રંથો, નાટકો, મહાકાવ્યો, પંચતંત્ર, હિતોપદેશ, કથાસરિત્સાગર વગેરે ગ્રંથોનો પણ મોટો ફાળો છે. કથાઓ માણસને જોડવાનું કામ કરે છે.

ભારતીય સંસ્કૃતિમાં 'વસુધૈવ કુટુંબકમ' જેવી વિચારધારાઓનો સમાવેશ થાય છે. આ સંસ્કૃતિ સર્વજનો માટે કલ્યાણભાવ રાખવાનો સંદેશ આપે છે. ભારતીય સંસ્કૃતિના મુખ્યત્વે પાંચ તત્ત્વો છે. જેની અંદર આધ્યાત્મિકતા, પરિવાર કેન્દ્રિત જીવનશૈલી, સહિષ્ણુતા અને સર્વધર્મ સમભાવ, વિવિધતામાં એકતા તેમજ નૈતિક મૂલ્યો અને કર્તવ્ય બોધનો સમાવેશ થાય છે. ભારતે હંમેશા અન્ય સંસ્કૃતિઓને અપનાવવાની અને સમાવિષ્ટ કરવાની ક્ષમતા દર્શાવી છે.

## ૯.૨ યુવાનોમાં જાગૃતિ

કોઈ પણ દેશની સાંસ્કૃતિક પરંપરાને જાણવા માટે તે દેશની સંસ્કૃતિને જાણવી અત્યંત આવશ્યક હોય છે. સમસ્ત વિશ્વમાં વિવિધ સંસ્કૃતિઓ જોવા મળે છે પરંતુ અત્યંત પ્રાચીન સંસ્કૃતિઓ સાંપ્રત સમયમાં પણ મહદ્ અંશે ઉપસ્થિત હોય તેવી સંસ્કૃતિઓ ખૂબ જ જુજ જોવા મળે છે કારણકે વિભિન્ન સંસ્કૃતિઓ કાળક્રમે લુપ્ત થઈ ગઈ અથવા તો તેનું સ્વરૂપ પરિવર્તિત થઈ ગયું. જે જુજ પ્રાચીન સંસ્કૃતિઓ છે તેમાં ભારતીય સંસ્કૃતિનો પણ સમાવેશ થાય છે.

વિશ્વની જુજ પ્રાચીન સભ્યતાઓમાં ભારતીય સંસ્કૃતિનો સમાવેશ થાય છે તેનું મુખ્ય કારણ ભારતીય સંસ્કૃતિની ઉદારતાવાદી નીતિ તેમજ કાળક્રમે યથાયોગ્ય પરિવર્તનની તત્પરતા હોય શકે. તેથી જ મહાકવિ કાલિદાસ 'માલવિકાગ્નિમિત્રમ્' નામક નાટકની પ્રસ્તાવનામાં પોતાનાં નાટકના અનુસંધાનમાં કહે છે કે,

"पुराणमित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम् ।
सन्तः परीक्ष्यान्यतरद् भजन्ते मूढः परप्रत्ययनेय बुद्धिः ।।"

આ જુનું છે એટલે સારું અને સુંદર છે તેમજ આ નવું છે તેથી વિશ્વસનીય નથી અથવા તો નિંદ્ય છે તેવું માનવું જોઈએ નહીં. બુદ્ધિમાન્ મનુષ્ય પોતાની બુદ્ધિ કસોટી ઉપર જ પ્રત્યેક વસ્તુને અથવા વિચારને ચડાવીને તેમની પરીક્ષા કરે છે અને ત્યારબાદ એમને સ્વીકારવા યોગ્ય હોય તો સ્વીકારે છે.

આમ, પ્રસ્તુત શ્લોકના માધ્યમથી ખ્યાલ આવે છે કે, ભારતીય સંસ્કૃતિ ક્યારેય આંધળું અનુકરણ અથવા તો આંધળું અનુસરણ કરવાવાળી નથી. ભારતીય સંસ્કૃતિ યુવાનો અને બૌદ્ધિકોની એરણ કસોટીએ ચડીને સર્વસ્વીકૃત બની છે તથા જ્યારે સંસ્કૃતિમાં અમુક રૂઢિઓ પ્રબળ થવા લાગે છે ત્યારે એ રૂઢિઓનું શાસ્ત્રીય પુરાવાને આધારે ખંડન અથવા તો મંડન કરવામાં આવે છે.

મહર્ષિ મનુએ તો 'મનુસ્મૃતિ'માં ભારતીય સંસ્કૃતિનાં પાયારૂપ ચરિત્રની ચર્ચા કરતાં કહ્યું છે કે,

"एतद्देशप्रसूतस्य सकाशादग्रजन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ।।"

(मनुस्मृतिः ०२.२०)

અર્થાત્ આ ભારતદેશમાં જન્મ લેનાર પ્રત્યેક મનુષ્ય પાસેથી અન્ય પૃથ્વી પરનાં લોકોએ ચારિત્ર્યની તથા કર્તવ્યની શિક્ષા ગ્રહણ કરવી જોઈએ. આમ, ભારતીય સંસ્કૃતિમાં બાળપણથી જ ચારિત્ર્યનું તથા સંસ્કારોનું સિંચન વિવિધ રીતે કરવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિ સામાજિક, નૈતિક, આર્થિક તથા બૌદ્ધિક ઉપદેશો વિવિધ ગ્રંથો, શાસ્ત્રો તથા વેદોનાં માધ્યમથી આપતી રહી છે. આ શાસ્ત્રોના માધ્યમથી ભારતીય સંસ્કૃતિ માત્ર ઉપદેશો જ નથી આપતી પરંતુ સાથે સાથે રામાયણ, મહાભારત અને પુરાણોનાં અનેક દૃષ્ટાંતો દ્વારા તે મૂલ્યોનું અસરકારક ઉપસ્થાપન પણ કરે છે.

કોઈ પણ સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન જે તે રાષ્ટ્રના યુવાનોનાં હાથમાં હોય છે કારણકે યુવાનો સંસ્કૃતિનાં સંવાહક તથા સંપોષક રહ્યાં છે. તેથી જ સ્વામી વિવેકાનંદએ કહ્યુ હતું કે, મને નચિકેતા સમાન તેજસ્વી અને ઓજસ્વી એવાં સો યુવાનો આપો. હું ભારતની કાયાપલટ કરી આપીશ.

યુવા કેવો હોવો જોઈએ તેમજ યુવાનોનું કેટલું મહત્ત્વ જે તે સંસ્કૃતિમાં રહ્યું છે તેનું આદ્યદર્શન આપણા ઋષિઓએ ઉપનિષદ કાળમાં જ કરીને કહ્યું છે કે, युवा स्यात् साधुयुवाध्यापकः आशिष्ठो दृढिष्ठो बलिष्ठः। પ્રસ્તુત પંક્તિમાં ઋષિ કહે છે કે, યુવાન સજ્જન હોવો જોઈએ, યુવાન નિરંતર અધ્યયનરત હોવો જોઈએ એટલે કે તે પોતાનાં ક્ષેત્રનું નવું-નવું જ્ઞાન પ્રાપ્ત કરતો હોવો જોઈએ. આજની ભાષામાં કહેવામાં આવે તો મોબાઈલની જેમ પોતાનાં વિષયમાં અપડેટ હોવો જોઈએ. જેમ મોબાઇલમાં કાળક્રમે અપડેટ આવતાં રહે છે તે જ રીતે યુવા પોતાનાં ક્ષેત્રમાં કૂપમંડૂક ન રહેતા અપડેટ રહે તે જરૂરી છે. આ સાથે યુવા આશાવાદી, મનથી મક્કમ અને શરીરથી સુદૃઢ હોવો જોઈએ.

કઠોપનિષદમાં પણ નચિકેતા-યમનાં સંવાદ માધ્યમથી આજનાં યુવાનોને સંબોધતાં માર્મિક વચનો કહેવામાં આવ્યાં છે. જે વચનો સ્વામી વિવેકાનંદજી એ પણ આધુનિક ભારતના યુવાનોને સંબોધીને કહ્યાં હતાં કે,

"उत्तिष्ठ जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ।।"

(कठोपनिषद् ०१.०३.१४)

ઉઠો, જાગો અને જ્યાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મંડ્યા રહો. ધ્યેય પ્રાપ્તિનો માર્ગ ભલે અત્યંત કઠિન, દુર્ગમ અને તલવારની ધાર સમાન તીક્ષ્ણ હોય પરંતુ તે વિકટ પરિસ્થિઈતઓમાંથી જ રસ્તો કાઢીને સફળતાને પ્રાપ્ત કરો. આમ ભારતીય સંસ્કૃતિમાં વૈદિકકાળથી યુવાનોનું આગવું સ્થાન રહ્યું છે કારણકે યુવાનો કોઈ પણ સંસ્કૃતિની કરોડરજ્જુ સમાન હોય છે.

ભારતીય સંસ્કૃતિનો મોટામાં મોટો ઉપદેશ યુવાનો માટે હોય તો એ છે કર્મયોગ. કર્મયોગથી કર્મયોગી સુધીનું દર્શન ભારતીય સંસ્કૃતિ અનાદિકાળથી યુવાનોને કરાવતી આવી છે. તેથી જ ઈશાવાસ્ય ઉપનિષદમાં ઋષિ કહે છે કે, 'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः' અર્થાત્ કર્મ કરતાં-કરતાં સો વર્ષ જીવવાની કામના કરો. આમ, ભારતીય સંસ્કૃતિનાં આદ્ય પુરોધા એવાં મહર્ષિઓ ઈચ્છે છે કે ભારતીય સંસ્કૃતિનું સંતાન ક્યારેય નિષ્કર્મી ન બને અને સતત સકારાત્મક પ્રવૃત્તિઓ કરતાં-કરતાં નવસર્જન કરતાં રહે અને પોતાનાં યોગદાનનાં માધ્યમથી રાષ્ટ્રને નવીન ઉંચાઈઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરાવતા રહે.

આજના યુવાનો માત્ર શિક્ષણ અને કારકિર્દીમાં જ માત્ર આગળ છે તેવું નથી. તેઓ સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાં પણ આગળ વધીને મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે. યુવાનો નૃત્ય, સંગીત, તહેવારો વગેરે દ્વારા સંસ્કૃતિને જીવંત રાખી શકે છે. આજના યુવાનો ડિજિટલ પ્લાન દ્વારા ભારતીય સંસ્કૃતિને વિશ્વભરમાં પ્રસરાવી રહ્યા છે. તેઓ પુરાતત્વ, ઈતિહાસ, ભાષા અને સાહિત્યમાં રસ લઈ સંસ્કૃતિના મર્મને સમજવાનો પ્રયાસ કરે છે. તેઓ આધુનિક વિચારધારા અને પારંપરિક વિચારધારા સાથે સમન્વય સાધતા થઈ ગયા છે.

આજનો યુવાન ભારતીય સંસ્કૃતિની રક્ષા અર્થે અનેકવિધ કાર્યો કરી રહ્યો છે અને અનેકવિધ કાર્યો કરી શકે એમ પણ છે જેમ કે, પર્યાવરણ સંરક્ષણ, સાક્ષરતા અભિયાન, સ્વચ્છતા અભિયાન, અનાથાશ્રમ તથા વૃદ્ધાશ્રમ વગેરેમાં વિવિધ ભારતીય સાંસ્કૃતિક તહેવારોની ઉજવણી, ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં રહેલા તથ્યો તથા તેમની વૈજ્ઞાનિકતા, ભારતીય તહેવારો પાછળની વૈજ્ઞાનિકતા વગેરે.

જે કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા યુવાપેઢી પાસે હોય છે એ અન્ય કોઈ પાસે હોતી નથી. જેથી સંસ્કૃતિનાં સંરક્ષણ અને જતનની વાત આવે ત્યારે સૌપ્રથમ દૃષ્ટિ યુવાનો સમક્ષ જતી હોય છે કારણકે યુવાનો અખૂટ શક્તિના ભંડાર હોય છે. પોતાની આ શક્તિને સદ્ માર્ગે લઈ જવી કે અસદ્ માર્ગે તે યુવાનોના પોતાનાં હાથની વાત છે.

ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ જ્યારે યુવાનોના હાથમાં છે ત્યારે યુવાધને વિચારવું પણ પડશે કે તેમના આદર્શ (રોલમોડલ) કોણ છે ? કારણકે જીવન ઘડતરનો સુવર્ણકાળ એટલે યુવાવસ્થા. આ અવસ્થામાં જો યુવા પોતાનાં આદર્શ વ્યક્તિનું ચયન ન કરી શકે તો સંસ્કૃતિનાં આદર્શ સુધી ક્યારેય પણ તે પહોચી ન શકે.

આજની યુવા પેઢી સામે સંસ્કૃતિ ને લઈને ઘણા બધા પડકારો પણ છે. યુવાનો પર પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ વધુ જોવા મળે છે. ઘણી વખત તેઓ ભારતીય સાંસ્કૃતિક પરંપરાના મૂલ્યો અપનાવવામાં લઘુતાગ્રંથિ અનુભવે છે, જેને કારણે તેઓ સંસ્કૃતિથિ દૂર થવા લાગ્યા છે. અંગ્રેજી ભાષાના વધતા જતા પ્રભાવને કારણે તેઓ ગુજરાતી કે અન્ય ભારતીય ભાષાઓ પર ઓછું પ્રભુત્વ ધરાવે છે. પ્રાચીન મૂલ્યો અને આધુનિક જરૂરિયાતો વચ્ચે સંતુલન સાધવા માટે યુવાનો આંતરિક સંઘર્ષ અનુભવે છે.

આ પડકારોના ઉકેલ કે માર્ગદર્શન જોઈએ તો, શાળા અને કોલેજમાં સંસ્કૃતિ, ધર્મ, ઐતિહાસિક વારસા અને નૈતિક શિક્ષણને આવશ્યક બનાવવું જોઈએ. યુવાનોને નેતૃત્વની તાલીમ આપી તેમને સમાજ માટે કાર્યરત થવા પ્રોત્સાહન આપવું જોઈએ

આજના આધુનિક સમયમાં જ્યારે યુવાઓને ભ્રમિત કરવા તેમજ ગેરમાર્ગે દોરવવા અનેક ઉપાયો ઉપલબ્ધ છે ત્યારે  હિન્દી સાહિત્યનાં એક દોહામાં યુવાનો માટે એક પ્રશસ્ત આત્મોન્નતિનો માર્ગ દર્શાવતા કહેવામાં આવ્યું છે કે,

"दूध पियो कसरत करो, नित्य जपो हरि नाम ।
मन लगाए विद्या पढ़ो, पूरण हो सब काम ॥"

ભારતીય સંસ્કૃતિ ભારતના યુવાનોને પ્રસ્તુત દોહાના માધ્યમથી કહે છે કે, સાત્ત્વિક ખાન-પાન તેમજ વ્યાયામ દ્વારા શારીરિક સામર્થ્ય કેળવો તેમજ યુવાનોની જેમાં શ્રદ્ધા છે તેમનું નામ સ્મરણ કરીને માનસિક અને આધ્યાત્મિક પ્રગતિ સાધો અને વિદ્યા-અધ્યયન કરીને પોતાનાં ક્ષેત્રમાં આગળ વધો જેથી યુવાનોનું અને દેશનું કલ્યાણ થાય.

યુવાનો પાસે એ ક્ષમતા છે કે તેઓ આ સંસ્કૃતિને જીવંત રાખી શકે છે અને દુનિયા સમક્ષ પ્રસ્થાપિત પણ કરી શકે છે પરંતુ તેનાં માટે જરૂરી છે કે તેઓ પોતાનાં મૂળ ઓળખે, પરંપરાનું મૂલ્ય સમજે અને આધુનિકતાની સાથે સંસ્કૃતિનો સુમેળ બેસાડે.

આમ, આધુનિકતા અને પ્રાચીનતાનો સુભગ સમન્વય કરીને તેમજ આપની સંસ્કૃતિની તેમજ પરંપરાની પાછળ રહેલા તથ્યોનો સાંપ્રત સમયાનુસાર મૂલવીને યુવાનો પોતાની ઓળખ, મૂલ્યો અને સંસ્કૃતિને જીવનમાં અવલંબિત કરે તો ભારત માત્ર આધુનિક દેશ જ નહીં પણ સાંસ્કૃતિક મહાશક્તિ તરીકે પણ ઉભરી શકશે.

## ૬.૩ વૈશ્વિક પર્યાવરણની દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિનો વિકાસ

આજની ૨૧મી શતાબ્દીમાં જ્યારે અમુક દેશો પોતાનાં તુચ્છ લાભ માટે જ્યારે પ્રકૃતિ અને પર્યાવરણનું શોષણ કરી રહ્યાં છે ત્યારે ભારતીય સંસ્કૃતિ ઋષિકાળથી પ્રકૃતિ અને પર્યાવરણની પોષક રહી છે. ભારતીય સંસ્કૃતિમાં વેપાર અને વાણિજ્ય ક્ષેત્રમાં પણ ॥શ્રી૧॥ (શ્રીસવા)ની કામનાથી જ વેપાર કરવામાં આવે છે. જે સૂચવે છે કે સવા ગણાથી વધુ લાભનો અધિકાર રાખવો એ લોભનું સ્વરૂપ છે. સવાયું મળ્યું એટલે ઘણું મળ્યું એ ભાવના જે સંસ્કૃતિમાં સેવાતી હોય તે સંસ્કૃતિ અને ત્યાંનાં લોકો કઈ રીતે પર્યાવરણ વિશે કોઈ પણ કાળમાં અહિતકારી નિર્ણય લઈ શકે.

ભારતીય સંસ્કૃતિમાં વેદોથી પ્રારંભ કરીને રામાયણ, મહાભારત, પુરાણ જેવાં અનેક ગ્રંથોમાં તેમજ મહાકવિ કાલિદાસનાં સાહિત્યથી લઈને હાલના સાહિત્ય સુધી પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધનની ચિંતા તથા ચિંતન કરવામાં આવ્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં પંચ મહાભૂતો એક અત્યંત મહત્ત્વનું પાસું છે તેમજ શરીરની ઉત્પત્તિ પણ તેનાથી જ માનવામાં આવે છે. આ મહાભૂતો પર્યાવરણનાં ખૂબ જ મહત્ત્વનાં ઘટક છે. આ મહાભૂતોમાંથી કોઈ એક ઘટક પણ જો દૂષિત થાય તો પર્યાવરણનું સંતુલન ખોરવાઈ શકે. તેથી જ આ પંચ મહાભૂતોને વેદોમાં દેવતા તુલ્ય સમ્માન પણ આપવામાં આવ્યું છે અને વિવિધ

વેદોમાં તેમની સ્તુતિ પણ આપણા ઋષિ-મુનિઓ દ્વારા કરવામાં આવી છે. જેમ કે અથર્વવેદનાં બારમાં કાંડમાં પૃથ્વી સૂક્તમાં માતા પૃથ્વીની સ્તુતિ કરવામાં આવી છે. પૃથ્વીની સ્તુતિ કરતાં-કરતાં ઋષિ કહે છે કે, 'माता भूमिः पुत्रोऽहं पृथिव्याः ।' અર્થાત્ મારી માતા પૃથ્વી છે અને હું તેનો પુત્ર છું.

યજુર્વેદમાં પણ આ જ વિચારનો વિસ્તાર કરતાં કહેવામાં આવ્યું છે કે, "अवतां त्वा द्यावापृथिवी अवत्वं द्यावापृथिवी, पृथिवी माता द्यौष्पिता ।" (यजु. ०२.०९-१०) અર્થાત્ પૃથ્વી માતા છે તથા દ્યુ (અંતરીક્ષ) પિતા છે. આજનાં સંદર્ભમાં જો આ વાક્યનું ચિંતન કરવામાં આવે તો પૃથ્વી ઉપરના પ્રદૂષણની તથા તેનાં ઉપાયોનું ચિંતન આપણા ઋષિઓએ કર્યું જ હતું પરંતુ એ સાથે અંતરિક્ષની પણ પિતા સાથે તુલના કરીને ત્યાંના પર્યાવરણની પણ ચિંતા ઋષિએ કરી હતી.

આજે અંતરિક્ષમાં અનેક પ્રયોગો વિજ્ઞાનનાં માધ્યમથી કરવામાં આવે છે ત્યારે અનેક વખત એ પ્રયોગોના અવશેષો અંતરીક્ષમાં જ રહી જાય છે. જેને કાટમાળ (Debris) કહેવામાં આવે છે. તે કાટમાળ પણ અમુક સમયે પર્યાવરણને હાનિકારક થઈ શકે તેથી જ ઋષિએ અંતરિક્ષને પિતા સાથે સરખાવીને તેમનું સંરક્ષણ કરવાનું પણ અહી સારગર્ભિત રૂપે સૂચિત કર્યું છે.

ઐતરેય બ્રાહ્મણ ગ્રંથમાં પણ વનસ્પતિ પ્રાણદાયિની છે તેવું નિરુપિત કરતાં કહેવામાં આવ્યું છે કે, "प्राणो वै वनस्पतिः । वीरुधो वैश्वदेवीः उग्राः पुरुजीवनीः ।।" (ऐ.ब्रा. ०२.०४)

આપણા આદ્યદ્રષ્ટા ઋષિ-મુનિઓને ખ્યાલ હતો કે મનુષ્ય જે શ્વાસોચ્છ્‌વાસમાં પ્રાણવાયુ (ઓક્સિજન) ગ્રહણ કરે છે અને કાર્બન ડાયોક્સાઈડ વાયુ નિષ્કાસિત કરે છે તેમાં આ વનસ્પતિઓનું અત્યંત યોગદાન છે.

આમ, જે સંસ્કૃતિમાં પૃથ્વીને માતાનો દરજ્જો આપવામાં આવ્યો હોય એ સંસ્કૃતિ કઈ રીતે માતાનું શોષણ કરી શકે. વિશ્વને પણ ભારતીય સંસ્કૃતિ અથર્વવેદનાં આ પૃથ્વી-સૂક્તનાં માધ્યમથી સંબોધિત કરતાં કહે છે કે પૃથ્વીનું જતન કરવું એ પ્રત્યેક મનુષ્યની જવાબદારી છે.

ભગવાન શ્રીકૃષ્ણ એ પણ શ્રીમદ્ભગવદ્ગીતાનાં સાતમા જ્ઞાનવિજ્ઞાનયોગ નામક અધ્યાયમાં પરા અને અપરા રૂપી પ્રકૃતિના વર્ણનમાં અષ્ટધા પ્રકૃતિનું વર્ણન કરતાં કહ્યું છે કે,

"भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ।।"

(श्रीमद्भगवद्गीता ०७.०३)

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર આ આઠ પ્રકારથી વિભાજીત મારી પ્રકૃતિ છે. આ આઠ પ્રકારમાં વિભાજીત જે પ્રકૃતિ છે, તે મારી અપરા પ્રકૃતિ છે અને જીવરૂપા જે પ્રકૃતિ છે, તેને મારી પરા પ્રકૃતિ જાણ.

પર્યાવરણ સંરક્ષણમાં જળ, વાયુ અને વનસ્પતિની મહત્તા પ્રતિપાદિત કરતાં અથર્વવેદનાં એક મંત્રમાં કહેવામાં આવ્યું છે કે,

"त्रीणि छन्दांसि कवयो वियेतिरे पुरुरूपं दर्शत विश्वचक्षणम् ।
आपो वाता ओषधयः तान्येकस्मिन् भुवन आर्पितानि ।।"

મહાકવિ કાલિદાસને તો સાક્ષાત પ્રકૃતિનાં જ કવિ કહેવામાં આવ્યાં છે તેમણે પોતાની કૃતિઓમાં પ્રકૃતિનું ઉમદા વર્ણન કર્યું છે. અભિજ્ઞાન શાકુંતલમાં મહર્ષિ કણ્વ જ્યારે શકુંતલાને વિદાય આપતાં હોય ત્યારે વૃક્ષોને સંબોધતા કહે છે કે,

"पातुं न प्रथमं व्यवस्यति जलं युष्मास्वपीतेषु या
नादत्ते प्रियमण्डनापि भवतां स्नेहेन या पल्लवम् ।
आद्ये वः कुसुमप्रसूतिसमये यस्या भवत्युत्सवः
सेयं याति शकुन्तला पतिगृहं सर्वैरनुज्ञायताम् ।।"

(अ.शा. ०४.०९)

અર્થાત્ જે શકુંતલા તમને પાણી પીવડાવ્યા વિના પાણી પણ ન પીતી હતી, જેને શણગાર ગમતો હોવાં છતાં પણ તમારા સ્નેહને વશ થઈને તે તમારા પર્ણોને તોડતી ન હતી તથા તમારા વૃક્ષો ઉપર જ્યારે પ્રથમ વખત ફૂલો આવતા ત્યારે જેને ઉત્સવ સમાન આનંદ થતો હતો. તે શકુંતલા આજે પોતાનાં પતિગૃહે જઈ રહી છે ત્યારે હે વૃક્ષો આપ સૌ એને વિદાય આપો.

આમ, પ્રસ્તુત શ્લોકનાં માધ્યમથી ભારતીય સંસ્કૃતિ પર્યાવરણ પ્રત્યે કેટલી સંવેદનામયી છે તેનો ખ્યાલ આવે છે. મહાકવિ કાલિદાસે 'ઋતુસંહાર' નામક ખંડકાવ્યમાં વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર ઋતુઓનું અત્યંત મનમોહક વર્ણન કર્યું છે. જેનું અધ્યયન કરવાથી ખ્યાલ આવે છે કે કાલિદાસે કેટલી સૂક્ષ્મતાથી પ્રકૃતિ અને પર્યાવરણને આત્મસાત કર્યું છે તથા એ દિવ્ય અનુભૂતિને વિશ્વનાં દરેક મનુષ્યો આત્મસાત કરી શકે તે માટે તેમને શાબ્દિક સૃષ્ટિથી પણ એમને આબેહુબ રીતે વર્ણવી છે.

આજે જ્યારે પર્યાવરણ અને પ્રકૃતિનાં સંરક્ષણ માટે અનેક વૈશ્વિક સંસ્થાઓ આગળ આવી છે અને પર્યાવરણ સંરક્ષણને લાગતાં સૂચનો અને માર્ગદર્શનો સમયાંતરે પ્રકાશિત કરી રહી છે ત્યારે ભારતીય સંસ્કૃતિનાં પ્રાચીન ગ્રંથ વૃક્ષાયુર્વેદમાં વૃક્ષોનું જતન કઈ રીતે કરવું ?, કયાં સમયે કયાં વૃક્ષો વાવવાં ? કયાં સ્થળે કયાં વૃક્ષો વાવવાં ? વગેરે અનેક સૂચનો અને માર્ગદર્શન આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. આમ, ભારતીય સંસ્કૃતિ માત્ર મનુષ્યનાં જ આરોગ્ય અને સુખાકારીની ચિંતા નથી કરતી પણ વૃક્ષો અને પ્રાણીમાત્રની સુખાકારીની સંવેદના સેવે છે. વૃક્ષાયુર્વેદની જેમ જ અશ્વની ચિકિત્સા માટે શાલિહોત્ર વિરચિત અશ્વાયુર્વેદ, હાથીની ચિકિત્સા માટે મહર્ષિ પાલકાપ્ય વિરચિત હસ્ત્યાયુર્વેદ વગેરે ગ્રંથો આ સંસ્કૃતિએ વર્ષો પહેલાં વિશ્વને આપ્યાં હતાં.

સંસ્કૃત સાહિત્યના સુભાષિતમાં એક વૃક્ષનું મહત્ત્વ દર્શાવતાં તેની તુલના દસ સંતાનો સાથે કરતાં કહેવામાં આવ્યું છે કે,

"दशकूपसमा वापी दशवापी समो ह्रदः ।

दशह्रदसमो पुत्रः दशपुत्रसमो द्रुमः ।।"

દસ કુવાઓ સમાન એક નાનું તળાવ છે, દસ તળાવો સમાન એક મોટું સરોવર છે, દસ મોટાં સરોવરો સમાન એક સંતાન છે અને દસ સંતાનો સમાન એક વૃક્ષ છે. આમ, પ્રસ્તુત શ્લોકમાં વૃક્ષનું અને પર્યાવરણનું મહત્ત્વ પ્રાપ્ત થાય છે.

આજના સંદર્ભમાં જેને ટકાઉ વિકાસ (Sustainable Development) કહેવામાં આવે છે અને તેનાં માટે જે જરૂરી પગલાઓ વિશ્વનાં વિવિધ દેશો દ્વારા લેવામાં આવે છે ત્યારે ભારતીય સંસ્કૃતિએ આ ટકાઉ વિકાસની વાત વૈદિકકાળથી લઈને આજ સુધી કરી છે. આમ, ભારતીય સંસ્કૃતિ અનાદિકાળથી 'वसुधैव कुटुम्बकम्' ની ભાવના સેવતી આવી છે તેમજ વિશ્વનું હિતચિંતન તથા સંપૂર્ણ વિશ્વની મંગલકામના કરતી આવી છે. તેથી જ શાંતિમંત્રમાં ઋષિ કહે છે કે,

"सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।

सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत् ।।"

સૌ સુખી થાઓ, સૌ નિરામય (રોગમુક્ત) રહો, સૌ કલ્યાણમયી, મંગલમયી દૃષ્ટિથી જુઓ તથા સંસારમાં સ્થિત ચરાચર કોઈ પણ દુઃખનાં ભાગી ન બને.

## ૬.૪ સારાંશ

વિશ્વના કોઈ પણ દેશ માટે યુવાનો અમૂલ્ય ધન અને પ્રાણ સમાન છે કારણકે દેશની આર્થિક, નૈતિક, સાંસ્કૃતિક, અને સામાજિક પ્રતિષ્ઠામાં યુવાનો મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણા ભારત દેશ પાસે આ યુવાધન પ્રચુર માત્રામાં છે ત્યારે આપણા વારસા અને આપણી સાંસ્કૃતિક પરંપરાઓનું જતન કરવું તે આ યુવાધનની નૈતિક ફરજ છે.

પ્રસ્તુત એકમમાં ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓનાં જતન માટે યુવાનો કઈ રીતે પોતાનું યોગદાન આપી શકે અને પોતે કઈ રીતે સાંસ્કૃતિ પરંપરાઓને આગળ ધપાવી શકે તે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

ભારતીય સંસ્કૃતિ અનાદિકાળથી પર્યાવરણ સંરક્ષણની ચિંતા તથા ચિંતન કરતી આવી છે. વૈદિકકાળથી લઈને આજ સુધી ભારતીય સંસ્કૃતિએ પર્યાવરણ વિષયક અનેક ખ્યાલો રજુ કર્યા છે તેમજ ભારતીય સંસ્કૃતિ જડ-ચેતન સમગ્રમાં ઈશ્વરના દર્શન કરે છે - ईशावास्यमिदं सर्वम् । (ઈશોપનિષદ્ ૦૧.૦૧)

પ્રસ્તુત એકમમાં યુવાનોમાં જાગૃતિ તેમજ વૈશ્વિક પર્યાવરણની દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિનો વિકાસ આ દ્વિવિધ બિંદુઓ ઉપર વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

(ક) નીચેનાં વિધાનો વાંચી તે સાચાં છે કે ખોટાં તેની નિશાની કરો.

૧. સંસ્કૃતિનાં સંરક્ષક યુવાનો છે.

૨. 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના ભારતીય સંસ્કૃતિમાં વર્ણવામાં આવી છે.

૩. શ્રીમદ્ભગવદ્ગીતામાં છ પ્રકૃતિનું વર્ણન કરવામાં આવ્યું છે.

૪. યુવાનો માટે શ્રીમદ્ભગવદ્ગીતામાં કર્મયોગનું વર્ણન કરવામાં આવ્યું છે.

૫. 'प्राणो वै वनस्पतिः' ઐતરેય બ્રાહ્મણ ગ્રંથમાં કહેવામાં આવ્યું છે.

(ખ) નીચેનાં પ્રશ્નોનો ઉત્તર આપો.

૧. યુવાનો સંસ્કૃતિનાં રખેવાળ વિષય ઉપર વિસ્તૃત નિબંધ લખો.

૨. વૈદિક સાહિત્યમાં વર્ણિત પર્યાવરણ વિશેનો ખ્યાલ વર્ણવો.

૩. ભારતીય સંસ્કૃતિમાં વર્ણિત 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવનાને વર્ણવો.

## ૬.૫ ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| ૧. વસુધા | ૬. વેદ |
| ૨. નિરામય | ૭. બ્રાહ્મણગ્રંથ |
| ૩. કૂપ | ૮. બલિષ્ઠ |
| ૪. વાપી | ૯. કુટુંબ |
| ૫. અનલ | |

## ૬.૬ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક) નીચેનાં વિધાનો વાંચી તે સાચાં છે કે ખોટાં તેની નિશાની કરો.**

૧. સાચું

૨. સાચું

૩. ખોટું

૪. સાચું

૫. સાચું

## ૬.૭ સંક્ષિપ્ત અક્ષરસૂચિ

| | | |
|---|---|---|
| अ.शा. | - | અભિજ્ઞાનશાકુંતલમ્ |
| यजु | - | યજુર્વેદ |
| ऐ.ब्रा | - | ઐતરેબ્રાહ્મણ |

## ૬.૮ સંદર્ભ સાહિત્ય


૧. અભિજ્ઞાનશાકુંતલમ્ - ચૌખમ્ભા કૃષ્ણદાસ અકાદમી, કે.૩૭/૧૧૮, ગોપાલ મંદિર લેન, પો.ઓ. બોક્સ નં. ૧૧૧૮, વારાણસી - ૨૨૧૦૦૧ (ભારત)

૨. યજુર્વેદ - ચૌખમ્ભા કૃષ્ણદાસ અકાદમી, કે.૩૭/૧૧૮, ગોપાલ મંદિર લેન, પો.ઓ. બોક્સ નં. ૧૧૧૮, વારાણસી - ૨૨૧૦૦૧ (ભારત)

૩. ઐતરેયબ્રાહ્મણ - ચૌખમ્ભા કૃષ્ણદાસ અકાદમી, કે.૩૭/૧૧૮, ગોપાલ મંદિર લેન, પો.ઓ. બોક્સ નં. ૧૧૧૮, વારાણસી - ૨૨૧૦૦૧ (ભારત)

૪. શ્રીમદ્ભગવદ્ગીતા - ગીતાપ્રેસ, ગોરખપુર

૫. ઈશોપનિષદ - ચૌખમ્ભા કૃષ્ણદાસ અકાદમી, કે.૩૭/૧૧૮, ગોપાલ મંદિર લેન, પો.ઓ. બોક્સ નં. ૧૧૧૮, વારાણસી - ૨૨૧૦૦૧ (ભારત)

૬. કઠોપનિષદ - ગીતાપ્રેસ, ગોરખપુર

૭. માલાવિકાગ્નિમિત્રમ્ - ચૌખમ્ભા કૃષ્ણદાસ અકાદમી, કે.૩૭/૧૧૮, ગોપાલ મંદિર લેન, પો.ઓ. બોક્સ નં. ૧૧૧૮, વારાણસી - ૨૨૧૦૦૧ (ભારત)

૮. મનુસ્મૃતિ - મનોજ પોકેટ બુક્સ, ૭૬૧, મેઈન રોડ, બુરાડી, દિલ્લી - ૧૧૦૦૮૪


************

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**